ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/170-179/છ, તા. 26-02-2016–થી મંજૂર

# ઇતિહાસ

## ધોરણ 11

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો, વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર- 382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈપણ ભાગ કોઈપણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

વિષય-સલાહકાર
ડૉ. કે. સી. બારોટ
લેખન-સંપાદન
ડૉ. એમ. જે. પરમાર (કન્વીનર)
ડૉ. જનક ગઢવી
ડૉ. નયના ત્રિવેદી
ડૉ. સંજય આર. સખીયા
શ્રી દેવયાની મજમુદાર
શ્રી ચિરાગ સોલંકી
સમીક્ષા
ડૉ. આઈ. જી. ઓઝા
ડૉ. મકરંદ મહેતા
ડૉ. જી. ટી. સરવૈયા
ડૉ. વિકેશ પંડ્યા
ડૉ. હરપાલ રાણા
ડૉ. શૈલેષકુમાર સોલંકી
ડૉ. કે. એમ. દવે
શ્રી મૂકેશ જોષી
શ્રી રાજેશ પટેલ
ભાષાશુદ્ધી
ડૉ. હિંમત ભાલોડિયા
ચિત્રાંકન
શ્રી ગ્રાફિક્સ
સંયોજન
શ્રી આશિષ એચ. બોરીસાગર
(વિષય-સંયોજક : ગણિત)
નિર્માણ-સંયોજન
શ્રી હરેશ એચ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)
મુદ્રણ-આયોજન
શ્રી હરેશ એચ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 11, ઈતિહાસ** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**ડૉ. નીતિન પેથાણી**

નિયામક
તા.01-03-2016

કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2016
**પ્રકાશક** : નિયામક, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર
**મુદ્રક** :

## મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવાનાં સાધનો | 1 |
| 2. | હડપ્પીય સભ્યતા | 7 |
| 3. | વૈદિકધર્મ અને સંસ્કૃતિ-1 | 17 |
| 4. | વૈદિકધર્મ અને સંસ્કૃતિ-2 | 22 |
| 5. | જૈનધર્મ અને બૌદ્ધધર્મ | 29 |
| 6. | મહાજનપદો | 37 |
| 7. | મૌર્યયુગ | 43 |
| 8. | ઈ.સ. પૂર્વે 300થી ઈ.સ. 300 દરમિયાનનું ભારત | 49 |
| 9. | ગુપ્તકાલીન ભારત | 56 |
| 10. | ગુપ્તયુગ - હર્ષવર્ધનકાલીન સમાજ અને સંસ્કૃતિ | 68 |
| 11. | હર્ષવર્ધન પછીના સમયમાં ભારતીય સમાજ અને સંસ્કૃતિ | 84 |
| 12. | મધ્યયુગીન ભારત | 94 |
| 13. | ભારતનાં રાજપૂત રાજ્યો | 100 |
| 14. | દિલ્હી સલ્તનત | 119 |
| 15. | મુઘલયુગ | 134 |


•

# 1 પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવાનાં સાધનો

ભારત એક ઉપખંડ જેટલું મોટું રાષ્ટ્ર છે, જેને પોતાનો આગવો અને વિસ્તૃત ઇતિહાસ છે. ભારતની ભૌગોલિક પરિસ્થિતિએ તેનો ઇતિહાસ ઘડવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. ઉત્તરમાં હિમાલયની પર્વતમાળાઓ, પશ્ચિમે અરબી સમુદ્ર, દક્ષિણમાં હિંદમહાસાગર અને પૂર્વમાં બંગાળના ઉપસાગરથી ઘેરાયેલું આ રાષ્ટ્ર વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવે છે. મહાસાગર અને પર્વતમાળાઓએ ભારતને સુરક્ષિત રાખ્યું છે, તેમ છતાં પ્રાચીન કાળથી તે વિશ્વ ઇતિહાસથી જુદું રહ્યું નથી. આ દુર્ગમ સીમાઓ ઓળંગીને અનેક વિદેશી પ્રજા અહીંયાં આવી છે, તે જ રીતે અહીંની પ્રજા વિદેશોમાં ગઈ છે.

ભારત ઉત્તર-દક્ષિણ 3214 કિમી જેટલી લંબાઈ અને પૂર્વ-પશ્ચિમ 2933 કિમી જેટલી પહોળાઈ ધરાવે છે. જમીનસીમા લગભગ 9600 કિમી અને સમુદ્રસીમા લગભગ 8000 કિમી જેટલી ધરાવે છે. ભારતનો વિસ્તાર 32.8 લાખ ચોકિમી જેટલો વિશાળ છે. વરસાદ, આબોહવા અને સંસ્કૃતિની દૃષ્ટિએ વિભિન્ન પ્રદેશોમાં એટલો બધો તફાવત જોવા મળે છે કે, ભારત એક વિશાળ રાષ્ટ્ર નહિ પરંતુ અનેક દેશોના બનેલા એક ઉપખંડ જેવો લાગે છે. આ પ્રાદેશિક ભિન્નતા સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ વિવિધતાસભર બની રહી છે. તેમ છતાં મોટે ભાગે તે એક વિશાળ સર્વસામાન્ય સંસ્કૃતિનો ભાગ છે. અનેક પ્રજાતિ અને સંસ્કૃતિઓના સમન્વયમાંથી મહાન ભારતીય સંસ્કૃતિનો જન્મ થયો છે. મોટા ભાગના લોકો હમણાં સુધી એમ માનતા કે ઇતિહાસમાં માત્ર વંશાવલીઓ, યુદ્ધો અને રાજા-મહારાજાઓનાં વિવરણો જ આપેલાં હોય છે, પરંતુ હકીકતમાં તેમ નથી. ઇતિહાસ તેને મળેલ અનેકવિધ સાધન-સામગ્રીનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરી એક લાંબા સમયગાળા સુધીની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરે છે. એટલું જ નહિ, તે ઘટનાઓ કેવી રીતે બનવા પામી તેવો પ્રશ્ન ઉઠાવી તેનો સમાજ પર પડેલ પ્રભાવ સ્પષ્ટ કરે છે. ઘણી વાર નવીન સામગ્રી પ્રાપ્ત થતાં, ઇતિહાસની નવી નવી વ્યાખ્યાઓ કરે છે. તે હકીકત અને કલ્પના વચ્ચેનો ભેદ પણ સ્પષ્ટ કરે છે. ઇતિહાસકાર ઐતિહાસિક આધારોને તપાસી તેની સત્યતાનું આલેખન કરે છે.

### ભારતીય ઇતિહાસ-લેખનની પરંપરા

પશ્ચિમમાં ઐતિહાસિક ઘટનાઓને સમય અનુસાર વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવે છે, પરંતુ તેનો અર્થ એ નથી કે ભારતીયોમાં ઇતિહાસ પ્રત્યે કોઈ રુચિ ન હતી. હકીકતમાં પ્રાચીન ભારતીયોની ઇતિહાસ-લેખનપદ્ધતિ પશ્ચિમી પદ્ધતિ કરતાં અલગ હતી. ભારતમાં સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળીયુગના માધ્યમથી પુરાણોમાં ઇતિહાસ-લેખન થયેલું જોવા મળે છે. તેમાંથી શાસકો અને રાજવંશોની યાદી પણ પ્રાપ્ત થાય છે. તેમની સિદ્ધિઓ અને તેમની સાથે ઘટેલી ઘટનાઓ વિશેની ચર્ચા પણ છે. ઈ.સ.ની બારમી સદીમાં કલ્હણે 'રાજતરંગિણી' નામનો કાશ્મીરનો ઇતિહાસ લખ્યો, જે પ્રાચીન ભારતીયો ઇતિહાસ વિશે અજાણ ન હતા તે વાતની સાબિતી આપે છે. જોકે, આ સિવાય આટલો સ્પષ્ટ કોઈ ઐતિહાસિક ગ્રંથ ભારતમાં જોવા મળતો નથી, તે પણ એક હકીકત છે.

18મી સદીમાં અંગ્રેજોએ ભારત પર પોતાનું રાજ સ્થાપવાની શરૂઆત કરી. તેમણે પ્રાચીન ભારતનો ઇતિહાસ અને ભારતીય સમાજ વિશે જાણવા માટે ભારતના પ્રાચીન ગ્રંથોનો અંગ્રેજી ભાષામાં અનુવાદ કરાવ્યો, એટલું જ નહિ, પ્રાચીન ભારતનો ઇતિહાસ અને સંસ્કૃતિ જાણવા માટે (ઈ.સ. 1784) રૉયલ એશિયાટિક સોસાયટી ઑફ બૅંગાલની સ્થાપના કરવામાં આવી. તેણે 'મનુસ્મૃતિ'નો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. તે દ્વારા જર્મન વિદ્વાન મેક્સમૂલરે ભારતની ઐતિહાસિક માહિતીનું નિરૂપણ કર્યું.

અંગ્રજોએ પ્રાચીન ભારતીય ભાષાઓ જાણવાનો પણ પ્રયત્ન કર્યો. અંગ્રેજ વિદ્વાન જેમ્સ પ્રિન્સેપે અશોકના શિલાલેખની લિપિ ઉકેલી (ઈ.સ. 1827). વિન્સન્ટ આર્થર સ્મિથે 'Early History Of India' લખ્યું, જે પ્રાચીન ભારતને લગતો સૌપ્રથમ આધારભૂત ગ્રંથ હતો. જોકે, આ ગ્રંથ બ્રિટિશ દૃષ્ટિકોણથી લખાયેલો છે. જેમાં બ્રિટિશરોના ગુણગાન ગાવામાં આવ્યા છે. તેણે પ્રાચીન અને મધ્યકાલીન ભારતીય શાસન કરતા બ્રિટિશ શાસનને વધારે ઉપયોગી ગણાવ્યું છે.

અંગ્રેજોએ પોતાના દૃષ્ટિકોણથી ભારતનો ઇતિહાસ લખ્યો, તો ભારતના રાષ્ટ્રવાદીઓએ તેમની સામે રાષ્ટ્રવાદી ઇતિહાસનું લેખન કરવાની જવાબદારી લીધી. તેમણે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વિશ્વ સમક્ષ મૂકવાનો પ્રયત્ન કર્યો. આવા બે મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રવાદી ઇતિહાસકારોમાં ડૉ. આર. જી. ભાંડારકર અને વિ. કે. રાજવડેનો સમાવેશ થાય છે.

સ્વતંત્રતા બાદ ભારતીય ઇતિહાસ-લેખનમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન આવ્યું. ધીમે ધીમે રાજકીય ઇતિહાસને સ્થાને સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઇતિહાસ પર લખાણ વધવા લાગ્યું. એ. એલ. બાશમ 'ધ વન્ડર ધેટ વૉઝ ઇન્ડિયા'ના લેખક અને ડી. ડી. કોસામ્બી 'ઇન્ટ્રોડક્શન ઇન ધ સ્ટડી ઑફ ઇન્ડિયન હિસ્ટરી'ના લેખક આ ક્ષેત્રે સૌથી અગત્યના ગણાય છે.

## ભારતીય ઇતિહાસનું વિષયવસ્તુ

અતીતના સંપૂર્ણ જ્ઞાન માટે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે અને વિદ્યાર્થીઓ પોતાના રાષ્ટ્રના પ્રાચીન સમાજ, ધર્મ, રાજ્ય અને સંસ્કૃતિનાં વિશિષ્ટ તત્ત્વોને આત્મસાત્ કરી શકે તેવી બાબતોનો ભારતીય ઇતિહાસના વિષયવસ્તુનો સમાવેશ કરવામાં આવે છે. છેક પાષાણયુગથી લઈને 20મી સદી સુધીના ભારતની તારીખ-વાર માહિતી અને તેની સાથે સંકળાયેલ કાર્યકારણના સંબંધો ઇતિહાસનું વિષયવસ્તુ બને છે. આધુનિક ઇતિહાસમાં મોટી ઘટનાઓ જ નહિ, નાની ઘટનાઓ પણ ઇતિહાસ બદલવામાં ભૂમિકા ભજવે છે, તે પણ દર્શાવવું એ ઇતિહાસકારનું મૂલ્યવાન સર્જન ગણાય છે. કલા, સ્થાપત્ય, ધર્મ, વર્ણ, જ્ઞાતિ, રાજ્યવ્યવસ્થા, અર્થવ્યવસ્થા, વેપાર-વાણિજ્ય, આચાર-વિચાર અને તેને લગતી વિચારસરણીઓ ઇતિહાસનું વિષયવસ્તુ બન્યાં છે.

આ ઉપક્રમે આપણે પ્રાચીન ભારતના ઇતિહાસનું અધ્યયન કરવાનો પ્રયત્ન કરીશું. ઇતિહાસકારો ઇતિહાસ જાણવાનાં સાધનોને મુખ્યત્વે બે ભાગમાં વહેંચે છે : અલેખિત સાધનો અને લેખિત સાધનો.

**અલેખિત સાધનો :** ઇતિહાસકારો પુરાતત્ત્વીય સાધનોને અલેખિત સાધનો તરીકે ઓળખાવે છે. પ્રાચીન પથ્થરો, ધાતુઓ, માટીનાં વાસણો, મુદ્રાઓ, હાડપિંજરો, નૃવંશશાસ્ત્રીય સાધનો વગેરેને અલેખિત સાધનો કહેવામાં આવે છે. આ પ્રકારનાં સાધનોમાં કોઈપણ પ્રકારની લેખિત સામગ્રી મળતી નથી, પરંતુ દટાયેલાં શહેરો, ગામડાંઓ અને ઉપર જણાવેલ અલેખિત સાધનોમાંથી ઇતિહાસકારો વૈજ્ઞાનિક ઢબે ઇતિહાસનું સર્જન કરે છે. ભારતના ઇતિહાસનો બહુ મોટો ભાગ આવાં અલેખિત સાધનો દ્વારા તૈયાર થયો છે.

પ્રાચીન ભારતના આવા ભૌતિક અવશેષોનો અભ્યાસ પુરાતત્ત્વશાસ્ત્રની મદદથી થાય છે. પુરાતત્ત્વશાસ્ત્રીઓ આવાં પ્રાચીન સ્થળોને શોધી કાઢી તેનું ઉત્ખનન (ખોદકામ) કરે છે. અહીંથી મળેલ અવશેષોને આધારે તેઓ આ સ્થળનો સમય અને વીતેલા યુગના મનુષ્યના જીવન અંગે ધારણાઓ કરી વૈજ્ઞાનિક ઢબે તેમનો ઇતિહાસ સ્પષ્ટ કરે છે. ભારતમાં આ પ્રમાણે પુરાતત્ત્વશાસ્ત્રીઓ દ્વારા અનેક સાંસ્કૃતિક બાબતો શોધી કાઢવામાં આવી છે. 14 લાખ વર્ષ પહેલાંના માનવના પુરાવાથી લઈને હડપ્પીય સમય સુધીના એક મોટા ગાળાનો ઇતિહાસ આલેખે છે. જેમ કે પુરાપાષાણયુગ, મધ્યપાષાણયુગ, નવપાષાણયુગ, તામ્રપાષાણયુગ, તામ્ર-કાંસ્યયુગ અને લોહયુગ.

ઉત્ખનન દરમિયાન મળી આવેલા અવશેષોનો સમય નક્કી કરવા માટે તેઓ કેટલીક વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. તેમાંની સૌથી મહત્ત્વપૂર્ણ પદ્ધતિ છે રેડિયોકાર્બન - 14 (સી - 14) પદ્ધતિ. આ પદ્ધતિ પ્રમાણે કાર્બન-14 એ તમામ પ્રકારના સજીવોમાં રહેલું તત્ત્વ છે. સજીવના મૃત્યુ બાદ કાર્બન-14 ફરીથી વાતાવરણમાં ભળવા લાગે છે અને વાતાવરણમાં તે કેટલી હદે ભળી ચૂક્યો છે તેના પરથી કોઈ પણ સજીવની ઉંમર નક્કી કરવામાં આવે છે.

વનસ્પતિના અવશેષો અને તેની સાથે પરાગવિશ્લેષણની પદ્ધતિનો ઉપયોગ કરી તેની ઉંમર નક્કી કરવામાં આવે છે. ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસથી ખડકો અને ખાણોમાંથી કેટલા જૂના સમયમાં ધાતુઓ મળી આવી હશે તે નક્કી થઈ શકે છે.

**લેખિત સાધનો :** લેખિત સાધનો ચાર પ્રકારનાં છે : (1) ધાર્મિક સાહિત્ય (2) ધર્મેતર સાહિત્ય (3) સિક્કાઓ-શિલાલેખો અને (4) વિદેશી પ્રવાસીઓની પ્રવાસનોંધો.

**(1) ધાર્મિક સાહિત્ય :** ભારતની સંસ્કૃતિ વ્યાપકપણે ધર્મ સાથે સંકળાયેલી જોવા મળે છે. ભારતના ધાર્મિક સાહિત્યમાં સૌથી જૂનું સાહિત્ય ઋગ્વેદ ગણાય છે. જેનો સમય ઈ.સ. પૂર્વ 1500થી ઈ.સ. પૂર્વ 1000 નો માનવામાં આવે છે. ઋગ્વેદ સૌથી પ્રાચીન વેદ છે, જેમાં 1028 સૂક્તો અને 10 મંડલ (પ્રકરણ) આપવામાં આવેલાં છે. ઋગ્વેદ આપણને આર્યોની ધાર્મિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક માહિતી પૂરી પાડે છે. ઋગ્વેદકાલીન ભારતને આપણે વેદકાલીન ભારત પણ કહીએ છીએ.

ઋગ્વેદ સિવાય અન્ય ત્રણ વેદોની રચના થયેલ છે, એટલે કે વેદોની કુલ સંખ્યા ચાર છે. અન્ય વેદોમાં યજુર્વેદ,

સામવેદ, અથર્વવેદનો સમાવેશ થાય છે. આ ત્રણેય વેદો ઋગ્વેદ પછીના સમયગાળામાં રચાયા છે. આ ત્રણેય વેદોમાં મંત્રો, પ્રાર્થનાઓ, અનુષ્ઠાનો અને સાંસારિક બાબતોનો સમાવેશ થાય છે.

પશ્ચાત્ વૈદિક સાહિત્યમાં બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, મહાકાવ્યો, ઉપનિષદો તથા પુરાણો તેમજ જૈન અને બૌદ્ધધર્મના ધાર્મિક ગ્રંથોનો સમાવેશ થાય છે. તેની સાથે ધર્મસૂત્રોનો પણ સમાવેશ થયો છે. આ ઉપરાંત મહાકાવ્યોમાં 'રામાયણ' અને 'મહાભારત' બહુ જ અગત્યનાં છે.

પુરાણો પણ ઐતિહાસિક સામગ્રીથી ભરપૂર છે. જોકે પુરાણોનો રચનાકાળ બહુ સ્પષ્ટ થતો નથી. ભાગવતપુરાણ, મત્સ્યપુરાણ, વિષ્ણુપુરાણ અને ગરુડપુરાણ અગત્યનાં ગણાય છે. ઉપનિષદોની સંખ્યા એકસો કરતાં પણ વધારે છે, તેને 'વેદાંત' કહેવામાં આવે છે. તેમાં તત્કાલીન ભારતની મહત્ત્વપૂર્ણ આધ્યાત્મિક ઉન્નતિનું દર્શન થાય છે. આત્મા અને પરમાત્માને લગતી મહાન તત્ત્વજ્ઞાનની પૂર્ણ ચર્ચાઓનો તેમાં સમાવેશ થાય છે. કઠ, કેન, માંડુક્ય અને મુંડક જેવાં ઉપનિષદો ઐતિહાસિક રીતે મહત્ત્વનાં છે.

ઉત્તરવૈદિક કાળ મોટે ભાગે ઈ.સ. પૂર્વે 600 વર્ષ સુધીનો ગણાય છે. ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં હિન્દુ સાહિત્યનાં ધર્મસૂત્રો અને ગૃ ાસૂત્રોની રચના જોવા મળે છે. તો સાથે સાથે બૌદ્ધ અને જૈનધર્મ સાથે સંકળાયેલ બહુ જ મહત્ત્વપૂર્ણ સાહિત્યની રચના પણ આ સમયે થયેલી જોવા મળે છે.

બૌદ્ધધાર્મિક સાહિત્યમાં 'ત્રિપિટક' સૌથી મહત્ત્વપૂર્ણ ગણાય છે. તેમાં સૂત્તપિટક, વિનયપિટક અને અભિધમ્મપિટકનો સમાવેશ થાય છે. સૂત્તપિટકમાં ગૌત્તમ બુદ્ધના પ્રારંભિક જીવનની ચર્ચા કરવામાં આવી છે, જ્યારે વિનયપિટકમાં બૌદ્ધ સાધુ અને સાધ્વીઓ માટેના નિયમોનો સમાવેશ થાય છે. જ્યારે અભિધમ્મપિટકમાં બૌદ્ધ તત્ત્વજ્ઞાન જોવા મળે છે. આ સિવાય બૌદ્ધસાહિત્યમાં જાતકકથાનું જ્ઞાન બહુ જ અગત્યનું છે.

જૈનધર્મના ધાર્મિક સાહિત્યને 'આગમગ્રંથો' તરીકે ઓળખવામાં આવે છે. આ આગમોમાં 24 જેટલા જૈન તીર્થંકરોની તત્ત્વજ્ઞાનપૂર્ણ ચર્ચા કરવામાં આવી છે. તેનું પ્રથમ સંકલન મૌર્યકાળમાં થયેલું, જ્યારે બીજું સંકલન ઈ.સ.ની છઠ્ઠી સદીમાં ગુજરાતના વલભીમાં થયું હતું.

**(2) ધર્મેતર સાહિત્ય :** ભારતમાં ધર્મેતર સાહિત્યમાં મોટે ભાગે સ્મૃતિગ્રંથો, સંહિતાઓ, નાટકો અને ઇતિહાસ-ગ્રંથોનો સમાવેશ થાય છે. 'મનુસ્મૃતિ' એ અગત્યનું ધર્મેતર સાહિત્ય ગણી શકાય, જે પ્રાચીન ભારતનો પ્રથમ કાયદાગ્રંથ ગણાય છે. કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર' પણ એવો જ એક બીજો મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે, જેમાં મૌર્યકાલીન ભારતીય રાજનૈતિક વ્યવસ્થા, અર્થવ્યવસ્થા અને રાજ્યના સ્વરૂપ વિશેની માહિતી મળે છે. પાણિનિએ રચેલ 'અષ્ટાધ્યાયી' નામનો ગ્રંથ સંસ્કૃત વ્યાકરણનો સૌથી પ્રાચીન અને પ્રથમ મહત્ત્વપૂર્ણ ગ્રંથ ગણાય છે, જેની રચના ઈ.સ. પૂર્વેની છઠ્ઠી-પાંચમી સદીમાં થઈ હોવાનું વિદ્વાનો માને છે. 'દિઘનિકાય', 'અંગુત્તરનિકાય' અને 'મજ્જિમનિકાય' એ મહત્ત્વપૂર્ણ આ બૌદ્ધગ્રંથો છે, જેમાં રાજ્યની સ્થાપનાનો ઇતિહાસ અને તત્કાલિન સામાજિક પરિસ્થિતિનું દર્શન થાય છે.

સાહિત્યિક કૃતિઓમાં સંસ્કૃત નાટકોનો સમાવેશ થાય છે. મહાન સાહિત્યકાર કાલિદાસનાં સંસ્કૃત નાટકો સૌથી પ્રસિદ્ધ છે. તેમના દ્વારા રચિત 'અભિજ્ઞાનશાકુન્તલમ્', 'મેઘદૂતમ્' અને 'ઋતુસંહાર'માંથી ગુપ્તકાલીન ભારતની સામાજિક પરિસ્થિતિ દૃષ્ટિગોચર થાય છે. આ સિવાય મહાકવિ ભાસ અને શુદ્રકનાં નાટકો પણ ઐતિહાસિક રીતે અગ્રગણ્ય કહી શકાય.

ઇતિહાસના ગ્રંથ તરીકે આપણી પાસે બારમી સદીમાં રચાયેલ 'રાજતરંગિણી' મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. તેની રચના કશ્મીરના રાજકવિ કલ્હણે કરી છે. તેમાં કશ્મીરનો ઇતિહાસ આધુનિક ઇતિહાસની અવધારણા પ્રમાણે લખવામાં આવ્યો છે. ઇતિહાસ ક્ષેત્રે આવો શ્રેષ્ઠ ગ્રંથ ભારતમાં પ્રાચીનકાળે જોવા મળતો નથી. જેમાં ઇતિહાસ હોય તેવા અનેક ગ્રંથોમાં 'હર્ષચરિત' અગત્યનો ગ્રંથ ગણાય છે. તેની રચના સમ્રાટ હર્ષના રાજકવિ બાણભટ્ટે કરી છે.

દક્ષિણ ભારતમાં ધર્મેતર સાહિત્યમાં સૌથી શ્રેષ્ઠ સંગમસાહિત્યને ગણાવી શકાય. તેની રચના તમિલ ભાષામાં થઈ છે. તેના રચયિતા અનેક કવિઓ હતા. મદુરાઈમાં આવાં ત્રણ સંગમો (સભા) થયા. તેમાં રચાયેલું સાહિત્ય એટલે સંગમ-સાહિત્ય. આ સાહિત્યમાં રાજાઓ અને શૂરવીરોની પ્રશસ્તિમાં રચવામાં આવેલી લાંબી-ટૂંકી કવિતાઓનો સમાવેશ થાય છે. આ કવિતાઓ રાજદરબારોમાં ગાવામાં આવતી. આ સાહિત્યમાં 'શીલપદિગારમ્' અને 'મણિમેખલાઈ' જેવાં વિખ્યાત

મહાકાવ્યોનો પણ સમાવેશ થાય છે. ઈ.સ. પૂર્વે 300 થી લઈને ઈ.સ. 300 સુધીના સમયગાળાના દક્ષિણ ભારતના રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિવેશને સમજવા માટે સંગમસાહિત્ય સૌથી શ્રેષ્ઠ માધ્યમ છે. સંગમસાહિત્યમાં કરવામાં આવેલાં વર્ણનોનું સમર્થન પુરાતત્ત્વશાસ્ત્રીઓએ તેમજ વિદેશી પ્રવાસીઓએ પણ કર્યું છે.

**(3) સિક્કાઓ અને શિલાલેખો :** સિક્કાઓ ઇતિહાસ જાણવા માટેનું બહુ જ અગત્યનું સાધન ગણાય છે. સિક્કાઓના અભ્યાસને મુદ્રાશાસ્ત્ર (Numismatic) કહેવામાં આવે છે. આ શાસ્ત્ર સિક્કાનો સમય, તેની લિપિ, તેની ધાતુ વગેરે ઉપર અધ્યયન કરી ઇતિહાસ તારવી આપે છે. સિક્કાઓ ઉપર જોવા મળતાં પ્રતીકો અને ચિહ્નોની મદદથી પણ ઇતિહાસ જાણવા મળે છે. ભારતમાં સૌથી જૂના સિક્કા પંચમાર્ક સિક્કાઓ છે. તે ચાંદી અને તાંબાના બનેલા હતા અને તેનો સમયગાળો ઈ.સ. પૂર્વે પાંચમી સદીનો ગણાય છે. આ સિક્કાઓ જુદા જુદા આકારના હતા.



પંચમાર્ક સિક્કો

સિક્કાઓની જેમ જ શીલાઓ અને પથ્થર પર કોતરવામાં આવેલા લેખો ઇતિહાસ જાણવાનાં અગત્યનાં સાધનો છે. કવિઓ દ્વારા રાજાઓની પ્રશસ્તિમાં લખાયેલા લેખોને પ્રશસ્તિઓ કહે છે. ભારતમાં સૌથી જૂના શિલાલેખો અશોકના સમયના છે. અશોકના શિલાલેખો પ્રાકૃત ભાષામાં બ્રાહ્મીલિપિમાં લખાયેલા જોવા મળે છે. સાથે સાથે ઉત્તર-પશ્ચિમ ભારતમાંથી મળી આવેલા શિલાલેખોની લિપિ ખરોષ્ઠી છે. તેમજ અફઘાનિસ્તાનમાંથી મળી આવેલા શિલાલેખો આરામી એટલે કે ગ્રીક લિપિમાં મળી આવ્યાં છે.

અશોકના શિલાલેખોની ભાષા ઉકેલવાનો શ્રેય જેમ્સ પ્રિન્સેપને ફાળે જાય છે. તેમણે (ઈ.સ. 1827) અશોકના શિલાલેખોની બ્રાહ્મીલિપિને ઉકેલી. બ્રાહ્મીલિપિ ડાબેથી જમણે લખાતી. ખરોષ્ઠી લિપિ જમણેથી ડાબે લખાતી. અશોકના શિલાલેખોની સંખ્યા 25 કરતાં પણ વધારે છે. તેમાંથી આપણને તેની વહીવટી, રાજકીય, ધાર્મિક નીતિઓનો ખ્યાલ મળે છે. સાતવાહન રાજવીઓએ પણ શૈલ્યલેખો કોતરાવ્યા હતા, જે નાસિકની આસપાસ મળી આવ્યા છે.

અશોકના શિલાલેખ પછી મળી આવેલા અભિલેખોમાં વ્યક્તિગત અને સરકારી એમ બંને પ્રકારના અભિલેખ મળે છે. કેટલાક અભિલેખો પ્રશસ્તિ તરીકે પ્રાપ્ત થયા છે. તેનું સૌથી મોટું ઉદાહરણ હરિષેણ દ્વારા રચિત સમુદ્રગુપ્તનો પ્રયાગ અભિલેખ છે. આ અભિલેખ અશોક સ્તંભ પર ઉત્કીર્ણ થયેલ છે. આવું બીજું ઉદાહરણ રાજા ભોજનો ગ્વાલિયર પ્રશસ્તિલેખ છે. આ સિવાય કલિંગ રાજા ખારવેલનો હાથીગુફા અભિલેખ, ગૌતમીનો નાસિકગુફા અભિલેખ, બંગાળના રાજા વિજયસેનનો દેવપાડા અભિલેખ અને ચાલુક્ય રાજવી પુલકેશી બીજાનો ઐહોલ અભિલેખ ખૂબ મહત્ત્વના ઐતિહાસિક સ્રોત છે.

તામ્રપત્ર પણ ઇતિહાસ જાણવાનું મહત્ત્વનું સાધન છે. ભૂમિદાનપત્રો તાંબાનાં પતરાં પર લખવામાં આવતાં. વ્યક્તિગત અભિલેખો મોટે ભાગે મંદિરોમાં જોવા મળે છે. તેના પર દર્શાવેલ તવારીખ તે ક્યારે બન્યા હતા; તેની માહિતી આપે છે. તેની સાથે તેમાંથી ભાષાની માહિતી પણ સાંપડે છે. ગુપ્તકાળના અભિલેખો સંસ્કૃતમાં જોવા મળે છે. વિદેશોમાંથી પણ મળી આવેલા અભિલેખોમાંથી ભારતનો ઇતિહાસ જાણી શકાય છે. એશિયા માઇનોર એટલે કે તુર્કીમાં આવેલ બોગઝકોઈ નામના સ્થળેથી ઈ.સ. પૂર્વે 1400નો અભિલેખ મળે છે. જેમાં વૈદિક દેવતાઓની નોંધ કરવામાં આવી છે. પર્સિપોલિસ અને બહિસ્તૂન અભિલેખો દ્વારા ભારત પર થયેલ ઈરાની આક્રમણની માહિતી મળે છે. ઇજિપ્તના તેલ-અલ-અમર્નામાંથી મળેલી માટીની તકતીઓ પર ઈરાન અને ભારતના રાજાઓ જેવા બેબીલોન રાજાઓનાં નામ જોવા મળે છે, જેમની વચ્ચે ખાસ્સું સામ્ય છે.

શિલાલેખો-અભિલેખોમાંથી જે-તે સમયના રાજા, તેનું રાજ્ય, તેની સરહદો અને તેમાં રહેલી વિગતોમાંથી રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક બાબતોનો ઇતિહાસ પ્રાપ્ત થાય છે.

**(4) સ્મારક અને ભવન :** રાજાઓ અને સામાન્ય લોકોનાં રહેઠાણો તથા મંદિરો જેવાં સ્થાપત્યોમાંથી જે-તે કાળની વાસ્તુકલાનો વિકાસ જાણવા મળે છે. ઉત્તર ભારતનાં નાગરશૈલીનાં મંદિરો, દક્ષિણ ભારતનાં દ્રવિડશૈલીનાં મંદિરો અને દખ્ખણના બેસર શૈલીનાં મંદિરો પ્રાચીનકાળની વાસ્તુકલાના અને મંદિર સ્થાપત્યશૈલીના મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો છે. સ્તૂપો, ચૈત્યો, વિહારો અને મંદિરો ભારતની સાથે સાથે દક્ષિણ-પૂર્વ એશિયા અને મધ્ય એશિયાના વિસ્તારો સુધી જોવા મળે છે. જે ભારતીય સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર સ્પષ્ટ કરે છે. ઈ.સ.ની નવમી સદીમાં જાવામાં બંધાયેલ બોરોબુદરનું મંદિર તેનો મહાન પુરાવો છે.



બોરોબુદર મંદિર

### મૂર્તિઓ




ગાંધાર કલાશૈલી

ઇતિહાસ જાણવા માટે મૂર્તિઓ પણ અત્યંત જરૂરી છે. કુષાણ, ગુપ્ત અને ગુપ્તકાળ પછી મોટા પ્રમાણમાં મૂર્તિ-સ્થાપત્ય જોવા મળે છે. કુષાણયુગની મૂર્તિકલામાં વિદેશી પ્રભાવ સ્પષ્ટ દેખાય છે. મૂર્તિકલામાં ગાંધાર કલાશૈલી અને મથુરા કલાશૈલી સર્વશ્રેષ્ઠ છે. સાંચી, અમરાવતી, ભારહૂત અને બોધગયામાં મળેલી મૂર્તિઓમાં કલાનો વિકાસ સ્પષ્ટ દેખાય છે.

### ચિત્રકલા

છેક પાષાણકાળથી ચિત્રકલા ભારતીય ઇતિહાસ જાણવાનું મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. તેનો ઉત્તમ નમૂનો ભીમબેટકા ગુફાચિત્રો છે. ગુપ્તકાળમાં આ કલાનો ઉત્તમ વિકાસ થયો. અજંતાનાં વિશ્વવિખ્યાત ચિત્રોને ચિત્રકલાની ઉન્નતિનું ચરમબિંદુ કહી શકાય. ઇલોરા, બાઘ વગેરે સ્થળેથી પણ ચિત્રકલાના અનેક પુરાવા પ્રાપ્ત થયા છે.



ભીમબેટકા

### વિદેશી મુસાફરોનાં વૃતાંત્ત

પ્રાચીનકાળથી ભારત વિદેશો સાથે સંપર્કમાં રહ્યું છે. અનેક વિદેશીઓ ભારતમાં આવતા રહ્યા છે. તેમણે ભારત વિશે જે કાંઈ લખ્યું છે તે પણ ઇતિહાસ જાણવાનાં મહત્ત્વપૂર્ણ સાધનોમાં સ્થાન પામે છે. પ્રાચીન ભારતમાં ગ્રીસ, રોમ અને ચીનમાંથી યાત્રાળુઓ આવ્યા હતા. કેટલાક રાજદૂતો હતા, તો કેટલાક ધર્મના અભ્યાસ માટે આવેલા, તો કેટલાક વેપાર-વાણિજ્યનો હિસ્સો બનીને આવ્યા હતા. આ બધાએ ભારત વિશે ઘણું બધું લખાણ કર્યું છે. આમ, આપણે સ્થાનિક સાહિત્ય અને વિદેશીઓએ લખેલી પ્રવાસનોંધોને મેળવીને ભારતનો ઇતિહાસ વધુ સ્પષ્ટ રીતે લખી શકીએ છીએ.

ચંદ્રગુપ્ત મૌર્યના શાસનકાળમાં સેલ્યુકસ નિકેટરનો રાજદૂત મેગેસ્થનિસ ભારતમાં આવીને રહ્યો હતો. તેણે ભારત વિશે 'ઇન્ડિકા' નામનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ રચ્યો હતો. જોકે, આ મૂળ ગ્રંથ ઉપલબ્ધ થતો નથી, પરંતુ તેના પછીના ગ્રીક લેખકોએ તેમના ગ્રંથોમાં 'ઇન્ડિકા'નો સંદર્ભ અવાર-નવાર ટાંક્યો છે. ઇન્ડિકામાં ચંદ્રગુપ્ત મૌર્યની શાસનવ્યવસ્થા, ભારતની

સમાજ-વ્યવસ્થા અને વેપાર-વાણિજ્ય જેવી આર્થિક બાબતની મૂલ્યવાન માહિતી પ્રાપ્ત થાય છે.

ઈ.સ.ની પ્રથમ અને બીજી સદીમાં પણ ગ્રીક અને રોમન લોકોએ ઘણાં બધાં ભારતીય વેપારીમથકો અને અગત્યનાં બંદરો વિશે માહિતી આપી છે. તેમણે ભારત અને રોમ વચ્ચે થતા વેપારનો વિસ્તૃત અહેવાલ આપ્યો છે. આવા ગ્રંથોમાં ટોલેમીનું 'નેચરલ જિયોગ્રૉફી' અને પ્લિનીના ગ્રંથો મહત્ત્વના છે. આ સિવાય 'પેરીપ્લસ ઑફ ધી એરીથેનિયન સી' ખૂબ જ મહત્ત્વનો ગ્રંથ પ્રાપ્ત થયો છે, તે કોઈ અજ્ઞાત લેખકે ભારતીય બંદરો વિશે લખેલો છે.

બૌદ્ધધર્મના આકર્ષણથી ચીનના યાત્રીઓ ભારતમાં આવ્યા હતા. આ પ્રવાસીઓમાં ફાહિયાન, યુઅન-શ્વાંગ અને ઇત્સિંગ મુખ્ય હતા. તેમણે ભારતના બૌદ્ધધર્મ, બૌદ્ધતીર્થ, સમ્રાટ હર્ષવર્ધન, નાલંદા વિશ્વવિદ્યાલય અને તત્કાલીન ભારતીય સમાજનું આંખેદેખ્યું અને વિસ્તૃત ચિત્રણ કર્યું છે.


યુઅન-શ્વાંગ

**સ્વાધ્યાય**

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો :**

(1) ઇતિહાસ-લેખન એટલે શું? તે જાણવાનાં સાધનો જણાવો.

(2) ઇતિહાસ-લેખન અંગે અલેખિત સાધનોની માહિતી આપો.

(3) ઇતિહાસકારો સમય કઈ રીતે નક્કી કરે છે તે સ્પષ્ટ કરો.

(4) ભારતીય ઇતિહાસ-લેખનની પરંપરા સમજાવો.

(5) 'વિદેશી મુસાફરોનાં વૃતાંત્તો ભારતનો ઈતિહાસ જાણવાનું મહત્ત્વપૂર્ણ માધ્યમ છે.' - સમજાવો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) વેદો કેટલા અને ક્યા ક્યા ?

(2) મહત્ત્વપૂર્ણ બૌદ્ધગ્રંથોની ચર્ચા કરો.

(3) સંગમસાહિત્ય વિશે ખ્યાલ આપો.

(4) સિક્કાઓ ઇતિહાસ જાણવાનું અગત્યનું સાધન છે - સમજાવો.

(5) ભારતમાં મળી આવેલાં સ્મારકો જણાવો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપોઃ**

(1) અવશેષોનો સમય નક્કી કરવા માટે કઈ પદ્ધતિ અપનાવવામાં આવે છે ?

(A) સી - 8 (B) સી - 9 (C) સી - 11 (D) સી - 14

(2) બૌદ્ધસાહિત્યમાં સૌથી મહત્ત્વપૂર્ણ ગ્રંથો ક્યા છે ?

(A) આગમ (B) વેદ (C) ત્રિપિટક (D) સંગમ

(3) રાજતરંગિણી ગ્રંથના રચયિતા કોણ છે ?

(A) કલ્હણ (B) બિલ્હણ (C) મેરુતુંગ (D) કાલિદાસ

(4) સંગમ સાહિત્યની રચના ક્યાં થઈ હતી ?

(A) કાલીકટ (B) પુલીકટ (C) પાટલીપુત્ર (D) મદુરાઈ

(5) ભારતના ક્યા સિક્કા સૌથી જૂના હોવાનું મનાય છે ?

(A) પંચમાર્ક સિક્કા (B) ગધૈયા સિક્કા (C) કાણિયા સિક્કા (D) આમાંથી એક પણ નહિ.


•

# 2 હડપ્પીય સભ્યતા

**શોધખોળ**

ભારતની પ્રથમ નાગરિકસભ્યતા એવી હડપ્પીય (સિંધુખીણ) સભ્યતા, વિશ્વની પ્રાચીનતમ સભ્યતાઓ જેમકે મેસોપોટામિયા અને ઇજિપ્તની સમકાલીન હતી. વિશ્વ કક્ષાની આ સભ્યતા આપણી સમક્ષ તેનાં મહાન લક્ષણો સાથે (ઈ.સ. 1921) પ્રગટ થઈ. સર જ્હૉન માર્શલ અને કર્નલ મેકેના વડપણ નીચે (ઈ.સ. 1921) દયારામ સાહનીએ પંજાબના મોન્ટગોમરી જિલ્લામાં આવેલ હડપ્પા નામના સ્થળની શોધ કરી. હડપ્પા નામના ગામ પાસેથી આ સ્થળ સૌપ્રથમ શોધાયું હોવાથી પુરાતત્ત્વશાસ્ત્રની પરંપરા અનુસાર સમગ્ર સભ્યતાને હડપ્પીય સભ્યતા નામ આપવામાં આવ્યું છે. આર. ડી. બેનર્જીએ (ઈ.સ. 1922) સિંધના લારખાના જિલ્લામાં આવેલા મોહેં-જો-દડો નામના એક મહત્ત્વપૂર્ણ હડપ્પીય સ્થળની શોધ કરી. આ ક્રમ આખીએ 20મી સદી દરમિયાન ચાલુ રહ્યો. ભારતમાં 1000 જેટલાં હડપ્પીય સ્થળો અત્યાર સુધી શોધી કાઢવામાં આવ્યાં છે. ગુજરાતમાં હડપ્પીય સભ્યતાનાં 100 જેટલાં સ્થળો હોવાની શક્યતા છે.

હડપ્પીય સભ્યતાને આપણે આદ્ય ઇતિહાસકાલીન સભ્યતા કહીએ છીએ, કારણ કે હજી સુધી હડપ્પાની લિપિ આપણે ઉકેલી શક્યા નથી. એટલે હડપ્પીય સભ્યતાના લોકોના જીવનનાં વિભિન્ન પાસાં પર અને અન્ય સભ્યતાઓ સાથે તેનો કેવો સંબંધ હતો તેની જાણકારી આપણને પુરાતત્ત્વીય અવશેષો અને ઉત્ખનનો દ્વારા જ સાંપડે છે.




**હડપ્પીય સભ્યતાનાં સ્થળો - ચિત્ર**

સંસ્કૃતિ અને સભ્યતા એ બંને અલગ શબ્દો છે, સંસ્કૃતિ એટલે કુદરતી પરિબળોનો ઉપયોગ કરીને માનવી જે પ્રકારની જીવનપદ્ધતિ ઊભી કરે છે તે જ્યારે સભ્યતામાં નગર હોવું આવશ્યક છે. એટલે કે, સભ્યતા એ સંસ્કૃતિ કરતાં જીવન- પદ્ધતિની ઉપરની કોટી દર્શાવે છે. સભ્યતા મૂળતઃ Civitas પરથી ઊતરી આવેલો Civilization શબ્દ છે. જેમાં Civitas નો અર્થ શહેર થાય છે, એટલે સભ્યતા ત્યાં જ હોય, જ્યાં શહેરનું અસ્તિત્વ હોય. એક રીતે સભ્યતા કુદરતી પરિબળોની સાથે સાથે માનવનો વિકાસ પણ દર્શાવે છે.

નૂતનપાષાણયુગની ગ્રામીણ સંસ્કૃતિ પછી ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગમાં હડપ્પીય સભ્યતા વિકસી. ઇતિહાસવિદો અને પુરાતત્ત્વશાસ્ત્રીઓ એવું માને છે કે સિંધુ, સરસ્વતી, ઘાઘર-હાકરા જેવી નદીઓનાં ફળદ્રુપ મેદાની ક્ષેત્રોમાં તક્નિકી જ્ઞાનને કારણે અનાજનું ઉત્પાદન ખૂબ વધવા લાગ્યું. પરિણામે તેનું બજાર ઊભું કરવાની પ્રક્રિયામાં બિનકૃષિ ક્ષેત્રો ઊભાં થયાં હોવાં જોઈએ. ધીમે ધીમે આવાં શહેરો ભારતના ઉત્તર-પશ્ચિમી ભાગમાં (ઈ.સ. પૂર્વે 2500ની આસપાસ) ઊભાં થયાં હશે. હડપ્પીય સભ્યતા આ રીતે વિકસતી ગઈ અને છેવટે પૂર્ણતઃ શહેરી અવસ્થામાં ફેરવાઈ ગઈ.

ભારતમાં આ સભ્યતા (ઈ.સ.પૂર્વે 2000 ની આસપાસ) પૂર્ણતઃ વિકસી ગઈ હતી. તે સિવાય પણ ભારતમાં અન્ય તામ્રપાષણ સંસ્કૃતિઓ જોવા મળે છે, જે હડપ્પીય સભ્યતાનાં ક્ષેત્રોની બહાર આવેલી છે.

## ઉદ્‌ભવ અને વિકાસ

ઇતિહાસવિદો હડપ્પીય સભ્યતાના ઉદ્‌ભવને માટે પૂર્વહડપ્પાકાળ જેવા શબ્દો પ્રયોજે છે. જેમાં ખાસ કરીને (ઈ.સ.પૂર્વે 5000 ની આસપાસ) તાંબાની શોધથી કૃષિક્ષેત્રે આવેલ પરિવર્તનો મહત્ત્વપૂર્ણ છે. જેને કારણે નાના કસબાઓ ઊભા થતા ગયા અને પરિપક્વ હડપ્પીય સભ્યતાનું સર્જન થયું. ઇતિહાસકારો પૂર્વહડપ્પાકાળને ઈ.સ.પૂર્વે 3500થી ઈ.સ.પૂર્વે 2400ના સમયમાં ગોઠવે છે. જ્યારે પરિપક્વ હડપ્પીય સભ્યતાના સમયને તેઓ ઈ.સ.પૂર્વે 2350થી 1750ના સમયગાળાથી લઈને જ્યારે 1750 પછીના સમયગાળાને તેઓ ઉત્તર કે પશ્ચાત્ હડપ્પીયકાળ તરીકે ઓળખાવે છે, જેમાં આ સભ્યતા ધીમે ધીમે તેની શહેરીકરણની મુખ્ય વિશેષતાઓને ગુમાવતી જાય છે.

## વિસ્તાર

હડપ્પીય સભ્યતાના ભૌગોલિક વિસ્તારને સમજવો ખૂબ જરૂરી છે, કારણ કે, આ સભ્યતા વિસ્તારની દૃષ્ટિએ વિશ્વની સૌથી મોટી સભ્યતા છે. રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ ઉત્તરપ્રદેશ, પાકિસ્તાન-અફઘાનિસ્તાનના કેટલાક ભાગો અને જમ્મુ કાશ્મીરના કેટલાક પ્રદેશોનો તેમાં સમાવેશ થાય છે. જમ્મુ-કાશ્મીરમાં માંડા, પશ્ચિમ પંજાબના એટલે કે, હાલના પાકિસ્તાનના હડપ્પા; સિંધ-પાકિસ્તાનના મોહેં-જો-દડો અને ચાન્હુદડો; ગુજરાતમાં લોથલ, રંગપુર અને ધોળાવીરા, ભાગાતળાવ (સુરત), રાજસ્થાનમાં કાલીબંગન, હરિયાણામાં બનાવાલી અને રાખીગઢી તો ઉત્તર પ્રદેશમાં આલમગીરપુર અને પશ્ચિમમાં છેક મકરાણ તટ પર આવેલ સુતકાન્જેન્ડોરનો સમાવેશ થાય છે. આ બધાં સ્થળો ભારતનાં ઉત્તર-પશ્ચિમ ભાગમાં ફેલાયેલાં છે, જે નકશામાં સ્પષ્ટ જોવા મળે છે. નકશામાં તેની સાથે નદીઓ પણ દર્શાવવામાં આવી છે.

આ સભ્યતાનાં કેટલાક મહત્ત્વપૂર્ણ સ્થળોની આપણે વિશિષ્ટ ચર્ચા કરવાના છીએ. જેમાં રાવી નદીના કિનારે આવેલ હડપ્પા; સિંધુના કિનારે આવેલ મોહેં-જો-દડો; ગુજરાતમાં ભોગાવો નદીના કિનારે આવેલ લોથલ; રાજસ્થાનમાં ઘગ્ઘર-હાકરા નદી કિનારે આવેલ (જેને લુપ્ત સરસ્વતી નદી પણ કહેવામાં આવે છે.) કાલીબંગન તથા કચ્છમાં મળી આવેલ ધોળાવીરાનો ખાસ ઉલ્લેખ કરવાના છીએ. કારણ કે, આ સ્થળો હડપ્પીય સભ્યતાના મહત્ત્વપૂર્ણ અને અનેક વિશિષ્ટતાઓ ધરાવતાં હતાં. આખીએ સભ્યતામાં વાતાવરણ અને તેમની જીવનપદ્ધતિ એક જ પ્રકારની દેખાય છે. અહીં સમતલ જમીન હતી. તેઓ પાણી માટે ચોમાસાની ઋતુ અને હિમાલયમાંથી નીકળતી નદીઓ પર નિર્ભર હતા. અહીંયાંની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિએ સૌપ્રથમ કૃષિ અને પશુપાલન સાથે સંકળાયેલી અર્થવ્યવસ્થા ઊભી કરી. વધારાના ઉત્પાદનને કારણે ક્રમશઃ તે હડપ્પીય સભ્યતામાં પરિવર્તિત થઈ. શહેરીકરણ સાથે સંકળાયેલાં લક્ષણો જેમકે નગર-આયોજન, ગટરયોજના, વેપાર-વાણિજ્ય, શાસનવ્યવસ્થા, કરવ્યવસ્થા, લિપિ અને શહેરી સાંસ્કૃતિક લક્ષણો આ સભ્યતામાં આપણને દેખાય છે. આ રીતે જોતાં સભ્યતાની તમામ લાક્ષણિકતાઓ હડપ્પીય સભ્યતામાં જોવા મળે છે.

## નગર-આયોજન

હડપ્પીય સભ્યતાનું સૌથી વિશિષ્ટ પાસું તેનું નગર-આયોજન છે. સમગ્ર સભ્યતામાં આ આયોજન એકસમાન છે. નગરો, ગલીઓ, મકાનોનો ઢાંચો, ઈંટો, તેની બનાવટ અને સભ્યતાનાં તમામ સ્થળોમાં એક જ પ્રકારનું આયોજન જોવા મળે છે. તમામ નગરો બે ભાગમાં વિભાજિત થયેલાં છે. નગરના પશ્ચિમ ભાગમાં એક ઊંચા ચબૂતરા પર બનેલ કિલ્લો (Citadel) આવેલો છે. જ્યારે નગરના પૂર્વ ભાગમાં, જેને નીચલું નગર (Lower Town) કહેવામાં આવે છે, ત્યાં લોકોનો વસવાટ નિર્ધારિત થયેલો છે. પશ્ચિમ ભાગનો આ કિલ્લો વિશિષ્ટ રીતે બાંધેલો છે અને તેનો દેખાવ સ્વાભાવિક રીતે શાસકના રહેઠાણ જેવો છે, જેમાં શાસનવ્યવસ્થાનું કાર્ય ચાલતું હશે. અહીં શાસન સાથે સંકળાયેલા લોકોના દરજ્જા પ્રમાણેનાં કાર્યાલયો છે. સાથે-સાથે અનાજ રાખવાના (સંગ્રહ કરવાના) કોઠાર પણ છે. કિલ્લાને ચારે બાજુથી રક્ષણ આપવા તેની કિલ્લેબંધી કરવામાં આવી છે. પૂર્વ તરફ આવેલા નગરના ભાગમાં રહેણાંકનાં મકાનોનો સમાવેશ થાય છે. તેમાં કાટખૂણે કાપતા રસ્તાઓ વિશિષ્ટ રીતે બનાવવામાં આવેલ છે. મુખ્ય માર્ગનું નાના રસ્તાઓ સાથે જોડાણ છે. મોટાભાગનાં મકાનોનો ભઠ્ઠીમાં પકાવેલી ઈંટોનાં બનેલાં છે. કેટલાંક મોટાં ઘરોમાં ત્રણ-ચાર ઓરડાઓ છે. તેની સાથે સાથે આંગણું, કૂવો,

રસોડું, બાથરૂમ અને ચબૂતરાના અવશેષો પણ પ્રાપ્ત થયા છે. આ મકાનોની એક અદ્‌ભુત વિશેષતા એ છે કે, તેના દરવાજા (કે બારણાં) મુખ્ય માર્ગો ઉપર ખૂલવાને બદલે અંદરની શેરીમાં ખૂલે તેવા રહેતા. મકાનોના આકારમાં તફાવત છે. જે આ વાતનો સંકેત આપે છે કે, ધનવાન લોકો મોટા ઘરમાં રહેતા હોવા જોઈએ જ્યારે આમવર્ગના લોકો એક ઓરડાના મકાનમાં રહેતા હોવા જોઈએ. હડપ્પીય સભ્યતાના નગર-આયોજનનું સૌથી મહત્ત્વપૂર્ણ લક્ષણ એટલે તેમની ગટરયોજના, જે તમામ નગરોમાં જોવા મળે છે. બાથરૂમનું ગંદું પાણી બાથરૂમની બહાર બનાવવામાં આવેલ મોરીમાં એકઠું થાય, તે નાની ગટર-લાઇન દ્વારા મેનહોલ સુધી પહોંચે અને ત્યાર બાદ ફરી વખત ગટરમાર્ગે શહેરની બહાર નીકળી જાય તેવી આધુનિક ગટરયોજના જેવી યોજના અહીંયાં જોવા મળે છે. આ મેનહોલને સાફ રાખવાની વ્યવસ્થા પણ હતી. એટલું જ નહિ આ ગટરયોજના પર પથ્થરનાં ઢાંકણાં પણ રાખવામાં આવતાં, જેથી ગંદા પાણીના કોઈ પણ પ્રકારના જીવાણુઓ બહાર ફેલાઈ ન શકે. આનાથી તેઓ સાફસફાઈ વિશે કેટલા જાગૃત હશે તે સહેજે જાણી શકાય છે. આ સિવાય નગરમાં રસ્તાની બંને બાજુએ ચોક્કસ અંતરેથી મળી આવેલા ખાડા અહીંની રાત્રિપ્રકાશવ્યવસ્થાનો અણસાર આપે છે. પૂર્વ અને પશ્ચિમ શહેરને જુદો પાડતો મુખ્ય રાજમાર્ગ લગભગ 40 ફૂટ જેટલો પહોળો છે. માર્ગોની રચના મકાનો સાથે તેવી રીતે ગોઠવવામાં આવી છે કે તે આપોઆપ સાફ થઈ જાય. દરેક ઘરમાં કૂવા અને પાકી ઈંટોનો પ્રયોગ એ આ સભ્યતાની ખાસ વિશેષતા છે. મોહેં-જો-દડોમાં કેટલાંક મકાનો એક માળ અને બે માળનાં પણ જોવા મળ્યાં છે. તેઓ માળ બનાવવા લાકડાના બીમનો ઉપયોગ કરતા. બાથરૂમ એ શહેરી સભ્યતાનું પ્રમુખ લક્ષણ ગણાય છે, જે અહીંયાં ખાસ જોવા મળે છે. અહીંનાં મકાન સગવડતાની દષ્ટિએ ઉત્તમ કોટીનાં ગણાવી શકાય.

**હડપ્પીય નગર-આયોજનના કેટલાક મુખ્ય અવશેષો**

આપણે ઉપર જે ચર્ચા કરી તેવું નગર-આયોજન આ સભ્યતાનાં તમામ નગરોમાં જોવા મળે છે. પરંતુ કેટલાંક વિશિષ્ટ લક્ષણો ધરાવતા અવશેષો આ સભ્યતાનાં કેટલાંક સ્થળોએથી મળી આવ્યાં છે, તેની ખાસ ચર્ચા આપણે કરવી જોઈએ. આવાં સ્થળોમાં નીચેનાં સ્થળોનો સમાવેશ થાય છે.

**મોહેં-જો-દડોમાંથી મળી આવેલ વિશાળ સ્નાનાગાર :**



**મોહેં-જો-દડોમાંથી મળી આવેલ વિશાળ સ્નાનાગાર**

આ સ્નાનાગાર આધુનિક સ્નાનાગારને મળતું આવે છે. તેની ચારે બાજુ ઓરડાઓ બનાવવામાં આવ્યા છે. ઉત્તર અને દક્ષિણ ભાગે ઊતરવા માટે સીડી બનાવવામાં આવી છે. સ્નાનાગારની નીચેની ફર્શપર બીટુમન કોલસાનું પ્લાસ્ટર કરવામાં આવ્યું છે, જેથી પાણી જમીનમાં શોષાઈ જાય નહિ. શુદ્ધ પાણી માટે કૂવાની સગવડ અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા પણ જોવા મળે છે. સ્નાનાગારની આસપાસ ઝરૂખા છે. સ્નાનાગારના પશ્ચિમ ભાગમાં અનાજનો કોઠાર પણ આવેલો છે. એટલું જ નહિ, ઈંટોના ચબૂતરા પણ જોવા મળે છે. આ સ્નાનાગારની એક ખાસ વિશેષતા છે કે, અહીંથી સ્ટીએટાઇટમાંથી (શેલખડી) બનાવવામાં આવેલું માનવનું પૂતળું મળી આવેલ છે. આ પૂતળું કમરના ભાગ સુધીનું જોવા મળે છે, એટલે કે, તેમાં માનવનો ઉપરનો ભાગ જોવા મળે છે. આ મનુષ્યના પૂતળામાં રહેલ મૂર્તિને મૂછો નથી પરંતુ દાઢી છે. તેની શારીરિક લાક્ષણિકતામાં તે ચપટું નાક ધરાવે છે. તેણે સુતરાઉ કાપડનું ડિઝાઇન કરેલું વસ્ત્ર ધારણ કરેલું છે. ઇતિહાસકારોના મતે આ પૂતળું પુરોહિતનું હોવું જોઈએ.

ઇતિહાસકારો એમ માને છે કે, આ વિશાળ સ્નાનાગાર, ધાર્મિક ક્રિયા માટે કરવામાં આવતા સ્નાનનો નિર્દેશ કરે છે એટલે કે, ભારતમાં પવિત્ર સ્નાનનું જે મહત્ત્વ આપણને દેખાય છે, તે લક્ષણ હડપ્પીય સભ્યતામાં પણ જોવા મળે છે.



મોહેં-જો-દડો નગર

**હડપ્પા :** હડપ્પામાંથી વિશિષ્ટ પ્રકારના અનાજના કોઠારો મળી આવ્યા છે. જવના નમૂના પણ પ્રાપ્ત થયા છે. રાવી નદીના કિનારે 12 જેટલા કોઠારો મળી આવ્યા છે. તેને મહાન કોઠારોની ઉપમા આપવામાં આવી છે. ઇતિહાસકારોના મતે હડપ્પા આ સભ્યતાનું મુખ્ય નગર હોવાને કારણે, શાસનકર્તાઓ અહીં રહેતા હોવા જોઈએ. તેઓ અનાજના સ્વરૂપમાં કર વસૂલતા હોવા જોઈએ. જુદાં જુદાં ક્ષેત્રોમાંથી અનાજ નદી માર્ગે હડપ્પા લાવવામાં આવતું હોવું જોઈએ.



હડપ્પા-કોઠાર

**લોથલ :** લોથલનું સ્થાન ખૂબ જ વિશિષ્ટ ગણાય છે. કારણ કે, લોથલ એક વેપારી બંદર અને એક ઔદ્યોગિક નગર હતું. અહીંથી ધક્કો (Dock-Yard) અને જહાજ બનાવવાનો વાડો (Workshop) મળી આવ્યો છે. આ ઉપરાંત વહાણ લાંગરવા માટેનાં લંગર પણ મળી આવ્યાં છે. તેનાથી એ સ્પષ્ટ થાય છે કે, હડપ્પીય સભ્યતાનો આંતરરાષ્ટ્રીય વેપાર લોથલના માધ્યમથી થતો હતો અને લોથલ તે સમયે ભારતનું આંતરરાષ્ટ્રીય બંદર હતું. આ સિવાય લોથલમાં મણકા (Beads - બીડ્સ) બનાવવાની અને તે શારવાની ફૅક્ટરી પણ મળી આવી છે. કપાસનું મોટું કેન્દ્ર અને અકીકનો ઉદ્યોગ પણ અહીં હોવો જોઈએ તેવું ઇતિહાસકારો માને છે.



ધક્કો-લોથલ

**કાલીબંગન :** રાજસ્થાનનું કાલીબંગન હડપ્પીય સભ્યતાની કૃષિક્રાંતિનું મુખ્ય મથક છે. કાલીબંગન પાસેથી તાંબાના વિપુલ જથ્થાની માહિતી મળી છે, એટલે કે કાલીબંગનમાં તાંબાનાં અનેકવિધ પ્રકારનાં ઓજારોનું નિર્માણ થતું હશે. આ ઓજારો કૃષિક્ષેત્રનાં ઉપયોગમાં લેવાતાં હશે. કાલીબંગનમાંથી ખેડેલા ખેતરનો મળી આવેલો પુરાવો તેનું કૃષિક્ષેત્રે આગવું સ્થાન હોવાનું દર્શાવે છે.



ધોળાવીરાનું જળ વ્યવસ્થાપન

**ધોળાવીરા :** કચ્છમાં આવેલું ધોળાવીરા હડપ્પીય સભ્યતામાં ખૂબ જ વિશિષ્ટ સ્થળ ગણાય છે. અહીંથી વરસાદી પાણીના પ્રબંધનની એટલે કે રેઇનવૉટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ મળી આવી છે. વરસાદી પાણીને સીધું જ ઝીલીને નીકો દ્વારા ત્રણ જેટલા વિશાળ હોજમાં એકઠું કરવામાં આવતું. આજથી 4000 વર્ષો પૂર્વે હડપ્પીય સભ્યતાના આ સ્થળે વરસાદી પાણીના પ્રબંધનની આવી અદ્‌ભુત યોજના અમલમાં હોવાનું જોવા મળે છે. તે વિશ્વભરમાં સૌથી પ્રાચીન વૉટર-મૅનેજમેન્ટનો પ્રયોગ

ગણાય છે. આ સિવાય ધોળાવીરામાંથી સ્ટેડિયમ અને સાઇનબોર્ડના અવશેષો પણ પ્રાપ્ત થયા છે, જે તેને વિશિષ્ટ સ્થાન હોવાનું સન્માન આપે છે.

ઉપરનાં સ્થળો સિવાય બીજાં અનેક સ્થળો પણ આવી વિશિષ્ટતા ધરાવે છે. જેમકે, સુત્કાન્જેન્ડોરએ અગત્યનું બંદર હતું. ગુજરાતનું રંગપુર પરિપક્વ હડપ્પીય સભ્યતામાંથી પશ્ચાત્ હડપ્પીય સભ્યતા તરફની ગતિ દર્શાવે છે તો ચાન્હુદડોમાં પથ્થરના મણકા બનાવવાની ફેક્ટરી પ્રાપ્ત થઈ છે. આવી વિશેષતાઓ ઘણાં બધાં સ્થળો ધરાવે છે.

**આર્થિક પરિસ્થિતિ**

હડપ્પીય સભ્યતાની આર્થિક પરિસ્થિતિનું ચિત્રાણ આપણે કૃષિ, ઉદ્યોગ અને વેપાર એમ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખીને કરીશું.



લોથલથી મળેલ મુદ્રાઓ

સૌપ્રથમ આપણે કૃષિની ચર્ચા કરીએ. સિંધુ અને અન્ય નદીઓના ફળદ્રુપ પ્રદેશોમાં આવેલી આ સભ્યતા સૌપ્રથમ કૃષિને કારણે વિકસી. કૃષિને કારણે જ ઉદ્યોગો અને શહેરોનો ઉદય થયો. કૃષિની સાથે સાથે પશુપાલન હડપ્પીય અર્થવ્યવસ્થાનો આધાર હતો. હડપ્પા, મોહેં-જો-દડો, લોથલ અને ધોળાવીરા જેવાં મહત્ત્વપૂર્ણ સ્થાનોમાં અનાજના કોઠારો જોવા મળ્યા છે, તે ઉત્પાદનનો વિકાસ દર્શાવે છે. કાલીબંગનમાં ખેડેલાં ખેતરોના અવશેષો પ્રાપ્ત થયા છે. બનાવાલીમાં માટીના હળના અવશેષો પ્રાપ્ત થયા છે. આ બધી બાબતો કૃષિનો વિકાસ દર્શાવે છે. કૃષિમાં તાંબાનાં ઓજારોનો ઉપયોગ થતો હતો. કૂવા દ્વારા સિંચાઈની યોજનાઓ પણ જોવા મળે છે. મુખ્ય પાકમાં ઘઉં, જવ, તલ, અને કઠોળ મુખ્ય છે, પરંતુ સૌથી અગત્યનો પાક કપાસનો હતો. રાઈ અને શેરડીથી તેઓ પરિચિત હતા. મોહેં-જો-દડોમાં સુતરાઉ કાપડના અવશેષો મળી આવ્યા છે. અનાજનું ઉત્પાદન જેમજેમ વધતું ગયું તેમતેમ તેના બજારની જરૂરિયાત ઊભી થઈ. ખાસ કરીને કપાસના ઉત્પાદનના વિકાસે આ સભ્યતાના વિકાસને આર્થિક દૃષ્ટિએ નવી ઊંચાઈ આપી.

તેઓ માછીમારીથી પરિચિત હતા. કેમકે, અહીંથી માછલી પકડવાના તાંબાના હૂક પણ મળી આવ્યા છે. લોકો માછલી અને પશુઓનું માંસ પણ ખાતા હોવાનું મનાય છે. ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગમાં ફળદ્રુપ જમીન અને યોગ્ય આબોહવાને કારણે કૃષિનો પૂરતો વિકાસ થયાના અવશેષો આપણને પ્રાપ્ત થયા છે.

**શિલ્પ અને ઉદ્યોગ**

હડપ્પીય સભ્યતાના લોકો ઉદ્યોગ અને શિલ્પમાં પથ્થર, તાંબું અને કાંસાનો ઉપયોગ કરતા હતા. લોખંડથી આ પ્રજા સંપૂર્ણ અજાણ હતી. તેઓ સોના-ચાંદીની ચીજવસ્તુઓ બનાવતા. મોતીનાં બાજુબંધ, સોય જેવી ચીજો પણ અહીંથી મોટા પ્રમાણમાં મળી આવી છે. સોના કરતાં ચાંદીનાં શિલ્પો વધુ મોટી માત્રામાં મળી આવ્યાં છે. ચાંદીનાં ઘરેણાં અને થાળીઓ-રકાબીઓ મળી આવ્યાં છે. તાંબાનાં ઓજાર અહીંથી સૌથી મોટી સંખ્યામાં મળ્યાં છે. તેમાં અસ્ત્ર-શસ્ત્રનો સમાવેશ થાય છે. કુહાડી-છરી, આરી, ચપ્પાં, ભાલા અને તીર જેવા શસ્ત્રો તાંબાના મળી આવ્યાં છે. પરંતુ અગત્યની બાબત એ છે કે, તેમાંથી મોટા ભાગનાં કૃષિ સાથે સંકળાયેલાં ઓજારો મળી આવ્યાં છે. જ્યારે બહુ જ ઓછાં શસ્ત્ર-અસ્ત્ર મળી આવ્યાં છે. અર્થાત્ તેઓ એવાં જ સાધનો-ઓજારો બનાવતાં જે તેમની સુરક્ષા માટે જરૂરી હતાં. જોકે તલવાર જેવાં શસ્ત્ર મળતાં નથી એ મહત્ત્વપૂર્ણ છે. પથ્થરનાં હથિયારો પણ મોટા પ્રમાણમાં મળ્યાં છે. પથ્થર અને તાંબુ મેળવીને બનાવેલાં ઓજારો પણ પ્રાપ્ત થયાં છે. રાજસ્થાનના ખેતડીમાંથી તેઓ તાંબું મેળવતા હતા, તેઓ સોના માટે હિમાલયના કેટલાક વિસ્તાર અને દક્ષિણ ભારત પર નિર્ભર હતા. મેસોપોટેમિયા (વર્તમાન ઇરાક)માંથી તેઓ ચાંદી લાવતા. તાંબું અને ટિનનું સંયોજન કરી, તેમાંથી કાંસુ બનાવવાની કલા તેઓ જાણતા હતા. જેની સૌથી સુપ્રસિદ્ધ મૂર્તિ મોહેં-જો-દડોમાંથી મળી આવી છે. તેને કાંસ્ય નૃત્યાંગનાની મૂર્તિ કહેવામાં આવે છે.

નૃત્યમુદ્રામાં ઊભેલી આ નારીની મૂર્તિના હાથ પર અનેક બંગડીઓ પણ જોવા મળે છે. હડપ્પીય સભ્યતાનું આ સૌથી શ્રેષ્ઠ શિલ્પ ગણાય છે.

શિલ્પઉદ્યોગમાં મણકા બનાવવાની કલા તેમજ કીમતી પથ્થર કાપવાની કલાને કારણે રત્નો અને મૂર્તિકલાનો ખાસ્સો વિકાસ થયો હતો. કાર્નેલિયન અને ગોમેદ પ્રકારના કીમતી પથ્થરોમાંથી શિલ્પ બનતાં હતાં, જ્યારે સ્ટીએટાઇટમાંથી મોતી અને મુદ્રાઓ બનતી હતી. લોથલ અને ચાન્હુદડોમાંથી મોતી બનાવવાનાં કારખાનાં પ્રાપ્ત થયા છે. સોના-ચાંદીના મણકા પણ હડપ્પીય સભ્યતાનાં અનેક સ્થળોએથી મળી આવ્યાં છે. આ સિવાય હાથીદાંતનું નકશીકામ, બાજુબંધ, મિનાકારી અને અકીકકામ પણ મોટા પ્રમાણમાં વિકસ્યું હતું. આ બાબત હડપ્પીય સભ્યતામાં શિલ્પકલાનો ઉત્કૃષ્ઠ વિકાસ થયો હોવાનું દર્શાવે છે.

હડપ્પીય સભ્યતાની એક પ્રસિદ્ધ કલાકૃતિમાં મોહેં-જો-દડોમાંથી મળી આવેલ એક દાઢીવાળા પુરુષની પથ્થરની મૂર્તિનો સમાવેશ થાય છે. અર્ધખુલ્લી આંખો ધરાવતી આ મૂર્તિ ધ્યાનમગ્ન મુદ્રામાં બેઠેલા પુરુષની છે. તેના ડાબા ખભા પર ડિઝાઇન કરેલી શાલ જોવા મળે છે, તે પુરોહિતનું ધડ હોય તેમ જણાય છે.



મોહેં-જો-દડોમાંથી મળેલ પુરોહિત શિલ્પ

આ સભ્યતાનાં અનેક સ્થળોમાંથી સ્ત્રીઓ અને પુરુષોની માટીની મૂર્તિઓની સાથે સાથે પશુઓની મૂર્તિઓ પણ પ્રાપ્ત થઈ છે. અહીંથી સ્ત્રીઓની મૂર્તિઓ મોટી સંખ્યામાં મળી આવી છે. તેથી ઇતિહાસકારો એમ માને છે કે, તેઓ માતૃદેવીની પૂજા કરતા હોવા જોઈએ. પક્ષીઓ, વાંદરાં, કૂતરાં, બળદ, પાલતુ પશુઓ, ઘેટાં-બકરાંની અનેક મૂર્તિઓ પણ અહીંથી પ્રાપ્ત થઈ છે. પાકી માટીમાંથી બાળકો માટે બનાવવામાં આવેલી બળદગાડીઓ અને રમકડાં મોટા પ્રમાણમાં મળી આવ્યાં છે. તેથી જ પાશ્ચાત્ય પુરાતત્ત્વવિદ ગોર્ડન ચાઇલ્ડ અહીંની પ્રજાના વાત્સલ્ય પ્રેમની ભરપેટ પ્રસંશા કરે છે.

હડપ્પીય શિલ્પકલામાં માટીકલા સૌથી ઉત્કૃષ્ટ જણાય છે. કુંભારના ચાક પર ચઢાવીને માટીનાં વાસણો બનાવવામાં આવતાં. તેના પર લાલ રંગ કરીને કાળા રંગની સજાવટ કરવામાં આવતી. તે વિવિધ આકારોમાં જોવા મળે છે. તેના પર અલગ અલગ કૃતિઓ દોરવામાં આવી છે, જે ખાસ કરીને ભૌમિતિક પ્રકારની છે. તે સિવાય વૃક્ષનાં પાન, વૃક્ષ, પક્ષી, માછલી અને પશુઓનાં ચિત્રો પણ અહીંથી મળેલ માટીનાં વાસણો પર જોવા મળે છે.

હડપ્પીય સભ્યતાનું એક વિશિષ્ટ લક્ષણ તે અહીંથી મળી આવેલ મુદ્રા. તેમાંની ચતુષ્કોણીય આકારની મુદ્રાઓ શેલખડીમાંથી બનાવવામાં આવતી હતી. તેના પર પશુઓનાં ચિત્રો છે, જોકે, એક પણ મુદ્રા ઉપર ઘોડાનું ચિત્ર મળતું નથી. તેનાથી એ બાબત સાબિત થાય છે કે, હડપ્પીય સભ્યતાના લોકો ઘોડાથી અપરિચિત હતા. હડપ્પાની મુદ્રા પર લિપિ પણ જોવા મળી છે, પરંતુ આ લિપિ હજુ સુધી ઉકેલી શકાય નથી. આ મુદ્રાઓમાં શીંગડાવાળા પુરુષ દેવતાનું ચિત્ર સૌથી પ્રસિદ્ધ ગણવામાં આવે છે. ત્રણ માથાવાળા અને પદ્માસનની મુદ્રામાં બેઠેલા આ દેવતાની આસપાસ હાથી, વાઘ, ગેંડો, ભેંસ જેવાં જાનવરો અંકિત થયેલાં છે. માટે ઘણા ઇતિહાસકારો તેને પશુપતિનું પ્રાચીન સ્વરૂપ માને છે, જોકે, કેટલાંક વિદ્વાનો આમ માનવા તૈયાર નથી.

### વેપાર-વાણિજ્ય અને અન્ય સભ્યતાઓ સાથે સંપર્ક

હડપ્પીય સભ્યતાની નગરીય અર્થવ્યવસ્થાનું સૌથી મોટું પાસું તેમનો આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર ગણાવી શકાય. એમણે એક વિશિષ્ટ વ્યવસ્થાતંત્ર ઊભું કર્યું હતું. નગરના લોકો અનાજ અને અન્ય જરૂરી ચીજવસ્તુઓ માટે આસપાસનાં ગામડાં પર નિર્ભર રહેતા. તેને કારણે ગામડાં અને શહેરો વચ્ચે પરસ્પર આર્થિક સંબંધો વિકસિત થયા. શહેરોમાં રહેતા શિલ્પીઓ પોતાનાં શિલ્પો અને શસ્ત્ર-અસ્ત્રો ગામડાંઓના બજારમાં વેચતાં. આવા વ્યવહારમાંથી વેપારી વર્ગનો ઉદય થયો. હડપ્પીય સભ્યતાનો વેપાર આંતરિક રીતે ખૂબ વિકસ્યો. લોથલ અને તેની આસપાસના વિસ્તારોમાં કપાસ, ચાલ્સેડોની, કાર્નેલિયન અને અકીક તેમજ શેલખડીનું ઉત્પાદન સવિશેષ થતું

હોવાનું મનાય છે. હડપ્પીય સભ્યતાના અનેક વિસ્તારોમાં ઉક્ત ઉત્પાદનોની નિકાસ થતી, તો કાલીબંગનમાંથી તાંબાની ચીજવસ્તુઓની નિકાસ થતી. કર્ણાટકમાંથી સોનું અને સિંધમાંથી કપાસ આવતાં. અફઘાનિસ્તાનના બદક્ષાંમાંથી લાપીઝલાઝુલી (વૈદૂર્યમણિ) જેવા કીમતી પથ્થરોની આયાત થતી. ચાન્હુદડોમાંથી પથ્થરના મણકાની નિકાસ થતી.


ખૂંધવાળા બળદ (સાંઢ)ની મુદ્રા

હડપ્પીય સભ્યતાનો વિદેશો સાથેનો વેપાર લોથલ અને સુતકાન્જેન્ડોર જેવાં મહત્ત્વપૂર્ણ બંદરોના માધ્યમથી મેસોપોટેમિયા અને ઈરાની અખાત સાથે થતો હતો. અહીંયાં હડપ્પીય સભ્યતાની ચીજોની ખૂબ મોટી માંગ રહેતી હતી. કાચો માલ મેળવવા અને તેની સાથે વિનિમય કરવા વેપારીઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા. મેસોપોટેમિયામાં નિકાસ થતી ચીજોમાં કપાસ, મોતી, કીમતી પથ્થરો, અકીકનો સમાવેશ થાય છે. જ્યારે આયાત કરવામાં આવતી ચીજોમાં મોટે ભાગે ટિન અને ચાંદીનો સમાવેશ થતો હતો. છીપ અને શંખ ગુજરાતના દરિયાકિનારેથી મોટી સંખ્યામાં મળી આવતા. ઉત્તમ પ્રકારનું લાકડું જમ્મુ અને તેની આસપાસના વિસ્તારોમાંથી લાવતા. ઈરાની અખાતના ઓમાન, બહેરિન, સુસા, કિશ તથા મેસોપોટેમિયાનાં ઉર જેવાં બંદરો સાથે લોથલનો વેપાર ચાલતો. લોથલમાંથી મેસોપોટેમિયાની મુદ્રાઓ મળી આવી છે, તેથી આ બાબત સ્પષ્ટ થાય છે. સુસા, ઉર અને મેસોપોટેમિયાનાં શહેરોમાંથી બે ડઝન જેટલી હડપ્પીય મુદ્રાઓ મળી આવી છે. હડપ્પીય સભ્યતાનાં માટીનાં વાસણો અને કીમતી પથ્થરો પણ આ વિદેશી સ્થળોએથી મળી આવ્યાં છે, તેથી એ સ્પષ્ટ થાય છે કે, હડપ્પીય સભ્યતાનો આંતરરાષ્ટ્રીય વેપાર ખૂબ ઉત્કૃષ્ટ કોટીનો હતો.

હડપ્પીય સભ્યતાના આંતરરાષ્ટ્રીય વેપારનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ જોઈએ તો મેસોપોટેમિયાથી મળેલો એક શિલાલેખ છે. આ શિલાલેખમાં અક્કડનો રાજા સારાગોન લખે છે (ઈ.સ. પૂર્વે 2300 આસપાસ) કે, મારા વિસ્તારમાં દિલમુન, મેલુહા અને મુગનના અનેક વેપારીઓ વેપાર કરવા માટે આવે છે અને મારા દેશનો વેપાર તેમની સાથે ખૂબ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે. વિદ્વાનોના મતે આ શિલાલેખમાં વપરાયેલ શબ્દ મેલુહા એ હડપ્પીય સભ્યતા માટે વપરાયેલો છે. જ્યારે મુગન, મકરાણ તટ વિસ્તાર માટે તેમજ દિલમુન બહેરિન માટે વપરાયેલો શબ્દ છે. મેસોપોટેમિયાથી હડપ્પીય સભ્યતામાં આવતી ચીજવસ્તુઓમાં તૈયાર કપડાં, ઊન, અત્તર, ચામડાંની ચીજો અને ચાંદીનો સમાવેશ થાય છે.

## સામાજિક પરિસ્થિતિ

આ સભ્યતા માતૃસત્તાત્મક અથવા તો માતૃપ્રધાન સમાજરચના ધરાવતી હોવી જોઈએ, તેવું અવશેષો પરથી લાગે છે. સિંધ અને પંજાબના પ્રદેશોમાંથી માતૃદેવીની મૂર્તિઓ મળી આવી છે, તે આ બાબતને દૃઢ કરે છે. જોકે, હજી સુધી હડપ્પીય લિપિ ઉકેલી શકાઈ નથી, એટલે પૂર્ણપણે તેમની સમાજરચના વિશે કશું કહી શકાતું નથી.


કાંસ્ય-નર્તકી, મોહેં-જો-દડો

હડપ્પીય સભ્યતામાં અનેક વ્યાવસાયિક જૂથો જેમકે, પૂજારી, ખેડૂતો, વેપારીઓ અને કારીગરો જોવા મળ્યાં છે. મકાનો પરથી પણ અલગ અલગ લોકોનો વસવાટ સ્પષ્ટ થાય છે. ખાસ કરીને તાંબાનું કામ કરનાર, મોતીનું કામ કરનાર અને કીમતી પથ્થરોનું કામ કરનાર કારીગરોની સંખ્યા મોટા પ્રમાણમાં જોવા મળી છે. ધનવાનો, કારીગરો અને મજૂરોનાં મકાનો એવા ત્રણ વિભાગ પાડી શકાય તેમ છે.

હડપ્પીય સભ્યતાના લોકો કેવાં કપડાં પહેરતા હશે તે મૂર્તિઓ પરથી જાણી શકાય છે. પુરુષો ધોતી જેવાં કપડાં પહેરતા, ખાસ કરીને સુતરાઉ અને ઊનનાં કપડાંનો તેઓ ઉપયોગ કરતા. મહિલાઓની મૂર્તિઓ પરથી જણાય છે કે, તેઓ પણ ધોતી કે એવા જ કોઈ પ્રકારનાં કપડાં પહેરતી. સુતરાઉ કાપડનો ઉપયોગ વધુ થયો છે. સોય અને તકલી મળી આવ્યાં છે, જે દર્શાવે છે કે, વણવાનું અને કાંતવાનું કાર્ય તેઓ જાણતા હતા.



હડપ્પીય સભ્યતાનાં રમકડાં

મળી આવેલા અવશેષોમાં સ્ત્રીઓ અને પુરુષોના વાળ લાંબા છે. તે જુદી જુદી રીતે બાંધેલા છે. ઘરેણાંના તેઓ શોખીન હતાં. હાર, બાજુબંધ, કાનની વાળી, મણકા, બંગડીઓ અને મોતીનાં આભૂષણો સ્ત્રીઓ અને પુરુષો બંને પહેરતાં. ધનવાન લોકો બહુમૂલ્ય રત્નો અને સોના-ચાંદીનાં ઘરેણાં પહેરતા હોવાનું જણાય છે.

**આધ્યાત્મિક અને ધાર્મિક જીવન**

હડપ્પીય સભ્યતાના લોકો વૃક્ષ અને મૂર્તિપૂજાના ઉપાસક હોય તેવા અવશેષો મળી આવ્યા છે. આ સભ્યતાના અનેક સ્થળોમાંથી માતૃદેવીની મૂર્તિઓ સૌથી મોટા પ્રમાણમાં મળી આવી છે. આ મૂર્તિ ધરતીમાતાની હોય તેમ જણાય છે. પંખા જેવું શીરોવસ્ત્ર તેણે ધારણ કરેલું છે. કેટલીક મૂર્તિઓમાં સ્ત્રીના ખોળામાં બાળક દર્શાવવામાં આવ્યું છે. એક બહુ જ વિશિષ્ટ મૂર્તિમાં મહિલાના ગર્ભમાંથી એક છોડ ઊગીને નીકળતો હોય તેવું દર્શાવવામાં આવ્યું છે, જે સ્પષ્ટતઃ ધરતીમાતાનું હોય તેમ જણાય છે. તેઓ લિંગ અને યોનિપૂજાની ઉપાસના કરતા હોવાનું પણ જણાય છે. આ સાથેનું ચિત્ર એ વાતને સમર્થન આપે છે.



સિંધુખીણથી મળેલ લિંગ-યોનિ પ્રતીક

હડપ્પીય સભ્યતામાંથી અનેક મુદ્રાઓ મળી આવી છે. આ મુદ્રાઓ તેમના ધર્મ વિશે ખાસ્સી માહિતી આપે છે. એક મુદ્રામાં એક પુરુષદેવતા બેઠા છે. તેમના માથા પર શીંગડાવાળો મુગટ છે. તેઓ યોગમુદ્રામાં બેઠા છે. તેમની આસપાસ કેટલાંક પશુઓ જણાય છે. ઇતિહાસકારો તેને પશુઓના દેવતા એટલે કે, ભગવાન પશુપતિ અથવા તો આદિશિવનું સ્વરૂપ જણાવે છે. તો એક અન્ય મુદ્રામાં શીંગડાવાળા દેવતા પણ મળી આવ્યા છે. તેમના વાળ હવામાં ઊડે છે. તેઓ નગ્ન છે અને પીપળાના વૃક્ષની શાખાઓ વચ્ચે ઊભા છે. તેમની સામે એક ઉપાસક ઘૂંટણ પર બેઠો છે. આ બાબત સ્પષ્ટ કરે છે કે, તેઓ પીપળાના વૃક્ષની પૂજા કરતા હશે. ભારતમાં વર્તમાન સમયે પણ આ પ્રથા ખૂબ જ પ્રચલિત છે. સાથે સાથે તેઓ પશુપૂજામાં પણ માનતા હતા.

હડપ્પીય સભ્યતામાં કાલીબંગન અને લોથલ પ્રાદેશિક ધર્મોની માહિતી પૂરી પાડે છે. આ બે સ્થળોએથી અગ્નિવેદીઓ મળી આવી છે. ઇતિહાસકારોના મતે આ અગ્નિવેદીઓ યજ્ઞના કામમાં આવતી હોવી જોઈએ. તેમાંથી રાખ અને પ્રાણીઓનાં હાડકાં પણ મળી આવ્યાં છે, તે હવનકુંડ હોય તેમ જણાય છે. લોથલ અને કાલીબંગનએ હડપ્પીય સભ્યતાનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં જુદા જુદા ધાર્મિક રીત-રિવાજો પ્રચલિત હતાં, તેમ સ્પષ્ટ જણાય છે. લોથલ અને કાલીબંગન સિવાય બીજા કોઈ જગ્યાએથી આવા હવનકુંડ મળ્યા નથી.

હડપ્પીય સભ્યતામાં મૃત્યુ પામનાર મનુષ્યને દાટવાની અને તેનો અગ્નિસંસ્કાર કરવાની – એમ બંને રીતો પ્રચલિત હતી. મૃત્યુ પછીનો ધાર્મિક કર્મકાંડ કોઈપણ સભ્યતા માટે બહુ જ મહત્ત્વપૂર્ણ ઘટક ગણાય છે. તેઓ મૃતકને ઉત્તર-દક્ષિણ દિશામાં સુવડાવીને તેનું માથું ઉત્તરમાં રહે તેવી રીતે દાટતા હતા. તેમની સાથે માટીનાં વાસણો પણ રાખતાં હતાં. કેટલીક કબરોમાં બંગડી, મોતી, તાંબાનાં દર્પણ જેવી ચીજવસ્તુઓ પણ મળી આવી છે. તેનાંથી તેઓ પુનર્જન્મમાં વિશ્વાસ ધરાવતા હોય તેમ લાગે છે. લોથલમાં એક વિશિષ્ટ અવશેષ મળી આવ્યો છે, જેમાં એક કબરમાં એકસાથે બે વ્યક્તિને દફનાવવામાં આવેલી છે. કાલીબંગનમાં પ્રતીકાત્મક રીતે દફનાવવાના પુરાવા પ્રાપ્ત થયા છે. ત્યાંની એક કબરમાંથી વાસણો મળી આવ્યાં છે. પરંતુ કોઈ માનવનું હાડપિંજર મળી આવ્યું નથી, એનો અર્થ એ થયો કે, અહીંયાં પ્રતિકાત્મક રીતે શબને દફનાવી પછી તેનો અગ્નિસંસ્કાર કરવામાં આવતો હશે.

### હડપ્પીય લિપિ

400 ચિ▯ો ધરાવતી હડપ્પીય લિપિ હજી સુધી ઉકેલી શકાય નથી, પરંતુ તે સમયનાં લોકો શિક્ષિત હોવાનું તે સ્પષ્ટ કરે છે. હડપ્પીય સભ્યતાનાં લગભગ તમામ સ્થળોએથી એક જ પ્રકારની મુદ્રાઓ મળી આવી છે. તેની પર કેટલાંક ચિ▯ો અને આકૃતિઓ અંકિત કરવામાં આવી છે. આ લિપિ જમણેથી ડાબી તરફ લખવામાં આવતી હશે તેમ જણાય છે. મોટે ભાગે ચિત્રલિપિ પ્રકારની આ લિપિ હોય તેમ જણાય છે. જોકે તેમની ભાષાની કોઈ જાણકારી મળતી નથી. કેટલાક ભાષાવિજ્ઞાનીઓ એમ માને છે કે, પાકિસ્તાનના બલૂચી લોકો જે બ્રાહુઈ ભાષા બોલે છે, તેવી ભાષા હડપ્પીય સભ્યતાના લોકો બોલતા હશે, પરંતુ વિદ્વાનો તેને પૂર્ણપણે માનતા નથી.

### હડપ્પીય સભ્યતાનું પતન

આ સભ્યતાનો પરિપક્વકાળ આગળ જોયું તેમ ઈ.સ. પૂર્વે 2350થી ઈ.સ. પૂર્વે 1750 નો ગણાય છે. ઈ.સ. પૂર્વે 1750 પછી ધીમે ધીમે આ સભ્યતાનાં ચિ▯ો લુપ્ત થતાં જાય છે. ઉત્કૃષ્ટ નગર-આયોજન, લેખનકલા, એકસમાન તોલમાપની પદ્ધતિ, માટીનાં વાસણોની સમાનતા જેવાં મહત્ત્વપૂર્ણ લક્ષણો હવે લુપ્ત થતાં જાય છે. એમનાં વસ્તીનાં ક્ષેત્રો પણ સંકોચાવા લાગ્યાં છે, કારણ કે, પરિપક્વ હડપ્પીય સભ્યતાના સમયે હડપ્પા 85 હેક્ટર ક્ષેત્રમાં ફેલાયું હતું. તે પછીના સમયમાં માત્ર 3 હેક્ટરમાં જ સંકોચાઈને રહી ગયું હોવાનું ઈતિહાસકારો માને છે. આ સભ્યતાનાં તમામ સ્થળોમાં આવું જ વસ્તીસંકોચન થયું હોવું જોઈએ અને શહેરી વસ્તી ધીમે ધીમે ગ્રામીણ ક્ષેત્રો તરફ રૂપાંતરિત થઈ હોય તેમ બન્યું હોવું જોઈએ. આપણે તેને ઉત્તર હડપ્પાકાળ કહી શકીએ.

કેટલાક વિદ્વાનોના મતે પૂર તેમજ ધરતીકંપ જેવી પ્રાકૃતિક વિપદાઓને કારણે આ સભ્યતાનો નાશ થયો હશે. ભૂકંપને કારણે સિંધુનદીનાં મેદાનો ઊંચાં આવ્યાં હોવાં જોઈએ અને નદીના માર્ગમાં અવરોધ ઊભો થયો હોવો જોઈએ, જેને કારણે મોહેં-જો-દડો જેવું મોટું નગર ડૂબી ગયું હોવું જોઈએ. જોકે, મોહેં-જો-દડોના નાશ અંગે વિદ્વાનોના મતે આ ઉપરાંત પણ વિવિધ મત પ્રવર્તે છે.

### હડપ્પીય સભ્યતાનો વારસો

હડપ્પીય સભ્યતાએ વિશ્વ અને ભારતને શું આપ્યું તેવો વિચાર કરીએ તો એ સ્પષ્ટ થાય છે કે, આ સભ્યતાએ વિશ્વને મહાનતમ કહી શકાય તેવો અમૂલ્ય વારસો આપ્યો છે. જેમકે,

ભારતની આ સભ્યતા વિસ્તારની દૃષ્ટિએ વિશ્વની સૌથી મોટી સભ્યતા ગણાય છે. એટલે કે, ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આજના પશ્ચિમ પંજાબ અને સિંધથી લઈને ઉત્તરે કશ્મીર અને પૂર્વમાં ઉત્તરપ્રદેશના ભાગો સુધી તેનો વિસ્તાર જોવા મળે છે. વિશ્વની કોઈપણ સભ્યતા આટલા વિશાળ પાયા પર જોવા મળતી નથી.

નગરીય સભ્યતા હોવાથી તેનું વિશિષ્ટ શહેરીકરણ થયેલું છે. આ સભ્યતાની નગરરચના અદ્‌ભુત છે. મકાનોમાં પાકી ઈંટોનો પ્રયોગ થયો છે, જે ભારતમાં સર્વપ્રથમ છે. એટલું જ નહિ, આટલી ચોકસાઈપૂર્વકનું નગર-આયોજન વિશ્વની કોઈ સભ્યતામાં જોવા મળતું નથી. ગટરયોજના તો આ સભ્યતાનું ઘરેણું છે. વિશ્વની કોઈ પણ સભ્યતામાં આટલી ઉત્તમ કોટીની ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવી નથી. એટલું જ નહિ, પછીના સમયમાં પણ ભારતમાં આવી સ્પષ્ટ ગટર-વ્યવસ્થાના અવશેષો મળી આવ્યો હોય, તેવું જણાયું નથી.

આ સભ્યતાએ ભારતને વેપાર-વાણિજ્યનો મહાન વારસો આપ્યો છે. મેસોપોટેમિયા સુધી હડપ્પીય સભ્યતા વેપાર-વાણિજ્યથી જોડાયેલ હતી. એકસરખા બાટ અને માપ-પદ્ધતિ પણ પ્રચલિત હતી. વહાણ બાંધવાનો ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય વેપાર એ આ સભ્યતાનો મહત્તમ વારસો ગણી શકાય.

આ સભ્યતાએ તત્કાલીન સમાજજીવનને દર્શાવ્યું છે. તેમાં એ સમયનાં બાળકોની પરિસ્થિતિ ખાસ ઉજાગર થાય છે. વિભિન્ન પ્રકારના રમકડાં-ચેસના અવશેષો, તેમની બુદ્ધિપ્રતિભા એનાં બાળકો પરત્વેનું તેમનું દર્શન છતું કરે છે. સ્ટેડિયમ અને જળ-વ્યવસ્થાના નમૂના આ સભ્યતાની વિશિષ્ટ દેણ છે.

શેલખડીની મુદ્રાઓ આ સભ્યતાનો મહત્ત્વપૂર્ણ વારસો છે. માતૃકાદેવીની મળી આવેલી મૂર્તિઓ તેમની માતૃ-પ્રધાન સમાજવ્યવસ્થાનો નમૂનો પૂરો પાડે છે.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો :**

(1) હડપ્પીય સભ્યતા કઈ રીતે ઉદ્‌ભવ પામી હતી ?

(2) હડપ્પીય સભ્યતાનું નગર-આયોજન સમજાવો.

(3) હડપ્પીય સભ્યતાની આર્થિક સ્થિતિનું ચિત્રણ કરો.

(4) હડપ્પીય સભ્યતાની સમાજવ્યવસ્થાનો ખ્યાલ આપો.

(5) હડપ્પીય સભ્યતાનો ધર્મ સ્પષ્ટ કરો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) મોહેં-જો-દડો અને ધોળાવીરામાં જોવા મળતી વિશેષતા જણાવો.

(2) 'લોથલ હડપ્પીય સભ્યતાનું મહાન આર્થિક કેન્દ્ર હતું.' - સ્પષ્ટ કરો.

(3) હડપ્પીય સભ્યતાનો વેપાર કોની સાથે થતો હતો?

(4) હડપ્પીય સભ્યતાની લિપિ વિશે સમજાવો.

(5) હડપ્પીય મુદ્રાઓ વિશે માહિતી આપો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) હડપ્પીય સભ્યતાની શોધ ક્યારે થઈ હતી ?

(A) ઈ.સ. 1920 (B) ઈ.સ. 1921

(C) ઈ.સ. 1922 (D) ઈ.સ. 1923

(2) ખેડેલા ખેતરના પુરાવા ક્યાંથી મળી આવ્યા છે ?

(A) હડપ્પા (B) મોહેં-જો-દડો

(C) કાલીબંગન (D) લોથલ

(3) હડપ્પીય સભ્યતામાં સ્ટેડિયમના પુરાવા ક્યાંથી મળી આવ્યા છે ?

(A) ધોળાવીરા (B) લોથલ

(C) કાલીબંગન (D) હડપ્પા

(4) હડપ્પીય સભ્યતાના લોકો કઈ ધાતુથી અજાણ હતા ?

(A) સોનું (B) ચાંદી

(C) તાંબું (D) લોખંડ

(5) 'ધોળાવીરા' ભારતના ક્યા રાજ્યમાં આવેલું પુરાતત્ત્વીય સ્થળ છે ?

(A) રાજસ્થાન (B) મહારાષ્ટ્ર

(C) ગુજરાત (D) હરિયાણા

•

| 3 | # વૈદિકધર્મ અને સંસ્કૃતિ-1 |
|---|---|

ભારતમાં હડપ્પીય નગરી સભ્યતા ઈ.સ. પૂર્વે 1750ની આસપાસ પતન તરફ જઈ રહી હતી. ત્યારે આ સભ્યતા ગ્રામીણ સભ્યતામાં રૂપાંતરિત થઈ રહેલી હતી, તેમ જણાય છે. ઈ.સ. પૂર્વે 1500ની આસપાસ ભારતમાં ઇન્ડો આર્ય કે આર્ય તરીકે ઓળખાતા સમૂહનો ભારતમાં પ્રવેશ થયો, જે આર્ય હતા. તેમણે ભારતના ઇતિહાસમાં શું ભાગ ભજવ્યો ? તેમની લાક્ષણિકતાઓ અને અનેકવિધ સંસ્કૃતિની આપણે ચર્ચા કરીએ.

## ઋગ્વેદ અને વૈદિક સાહિત્ય

વેદ એટલે શું? તેવો વિચાર આપણને સ્વાભાવિક રીતે થાય. 'વેદ' શબ્દ વિદ્ ધાતુ ઉપરથી ઊતરી આવ્યો છે, જેનો અર્થ થાય છે જાણવું. વૈદિક યુગમાં ઋગ્વેદ અને તેમાં દર્શાવવામાં આવેલી સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, ધાર્મિક અને આર્થિક બાબતોનો સમાવેશ થાય છે. વૈદિક સાહિત્યમાં બે પ્રકારના ગ્રંથોનો સમાવેશ થાય છે : મંત્ર અને બ્રાહ્મણ. વેદ ચાર છે, પરંતુ આપણા સમયગાળા પ્રમાણે અહીં માત્ર ઋગ્વેદ વિશે આપણે ચર્ચા કરવાના છીએ.

વૈદિક ઇતિહાસ જાણવાનો સૌથી મહત્ત્વપૂર્ણ સ્રોત ઋગ્વેદ છે. તે કુલ 10 પ્રકરણો કે મંડલોમાં વહેંચાયો છે. તેમાં 1028 જેટલાં સૂક્તો આવેલાં છે. પદ્યમાં રચાયેલ આ ગ્રંથમાં વેદકાલીન ભારતની વિભિન્ન પરિસ્થિતિનું ચિત્રણ થયેલું છે. ઋગ્વેદની રચના ઈ.સ. પૂર્વે 1200ની આસપાસ થઈ હોવાનું મનાય છે.

વૈદિક યુગ સાથે સંકળાયેલ આર્યો કોણ હતા? 19મી સદી સુધીમાં આર્યોને એક વંશ અથવા તો જાતિ તરીકે ઓળખવામાં આવતા હતા. પરંતુ 20મી સદીના ઉત્તરાર્ધમાં થયેલાં અનેક સંશોધનોએ તે સાબિત કર્યું કે આર્ય એ કોઈ જાતિ-વિષયક શબ્દ નથી, તે એક ભાષિક પદ છે. એટલે કે, એવો લોકસમૂહ કે જે ઇન્ડો-યુરોપિયન ભાષા બોલતો હોય. તેમાંથી લેટિન અને ગ્રીક ભાષાનો જન્મ થયો. આ બધી ભાષાઓમાં ઘણું સામ્ય જોવા મળે છે, એટલે તેમનો ધ્વનિ અને અર્થ લગભગ સમાન છે.

## આર્યોનું સ્થળાંતર

આર્ય મૂળભૂત રીતે ઈ.સ.પૂર્વે 4000ની આસપાસ દક્ષિણ રશિયાના યુરેશિયા અને સ્ટેપીઝનાં મેદાનોમાં વસતા હતા, તેવાં પુરાતત્ત્વીય પ્રમાણો પ્રાપ્ત થયાં છે. પશુપાલન સાથે સંકળાયેલ આ પ્રજા ઘાસચારાની તંગીને કારણે સ્થળાંતરિત થઈ. તે પછી તે મધ્ય એશિયામાં જુદી જુદી ટોળીઓમાં આવી. ઈ.સ. પૂર્વે 1500ની આસપાસ હિન્દુકુશ પર્વતમાળાના ખૈબર ઘાટના માર્ગેથી તેમણે ભારતમાં પ્રવેશ કર્યો. તેઓ ઘોડા અને ગાય પાળતા. ઘોડા અને ગાય તેમનાં મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક અંગો હતાં. સાથે સાથે માટીનાં વાસણો પણ તેમની એક આગવી ઓળખ હતી. મધ્ય એશિયાથી દક્ષિણ એશિયા તરફ તેમનું સ્થળાંતર માટીનાં વાસણોને કારણે સ્પષ્ટ થયું હતું. આર્યો કોણ હતા? તેના વિશે પ્રચલિત અનેકવિધ વિચારધારાઓમાં લોકમાન્ય તિલક અને સ્વામી દયાનંદ સરસ્વતીની માન્યતા તેમને ઉત્તરધ્રુવ અને તિબેટથી ઊતરી આવ્યા હોવાનું જણાવે છે. મેક્સમૂલર આર્યોનું મૂળ સ્થાન મધ્ય એશિયા હતું, તેમ જણાવે છે.

ભારતમાં આવનાર આ પ્રજા અનેક વર્ષોના સ્થળાંતર બાદ જુદા-જુદા સમૂહોમાં ભારતમાં પ્રવેશી. ભારતમાં અન્ય લોકો સાથે તેમના સંપર્કો પણ થયા. પરિણામે આર્યોની વૈદિક સંસ્કૃત ભાષા સંપૂર્ણ ઉત્તર ભારતની મુખ્ય ભાષા બની, જેનું સૌથી શ્રેષ્ઠ સ્વરૂપ વૈદિક સાહિત્ય છે.



સપ્તસિંધુનો પ્રદેશ

## વૈદિક આર્યો અને તેમનો ભૌગોલિક વિસ્તાર

ઋગ્વેદમાં દર્શાવવામાં આવેલ વૈદિક આર્ય સપ્તસિંધુ નામના પ્રદેશમાં

રહેતો હતો. સપ્તસિંધુનો અર્થ થાય છે સાત નદીઓ ધરાવતું ક્ષેત્ર. આ સાત નદીઓમાં સિંધુ, બિયાસ, જેલમ, રાવી, ચિનાબ, સતલુજ અને સરસ્વતી. તેની સાથે સાથે તેઓ અફઘાનિસ્તાનની કુંભા નદીથી પણ પરિચિત હતા. આ ક્ષેત્રમાં ઋગ્વેદ-કાળના લોકોએ નિવાસ કર્યો. નાનાં-મોટાં યુદ્ધો કર્યાં અને ઘાસચારાની શોધમાં સ્થળાંતર કર્યું. તેઓ ધીરે-ધીરે પૂર્વ તરફ વધતા રહ્યા અને વેદકાળ પૂરો થતાં, એટલે કે ઈ.સ.પૂર્વે 1000ની આસપાસ ઉત્તરપ્રદેશ અને બિહારની આસપાસ પહોંચ્યા.

### વેદકાલીન રીત-રિવાજો

ઋગ્વેદમાં આર્યસમાજનો મૂળભૂત એકમ પરિવાર હતો. તેઓની સમાજરચના પિતૃપ્રધાન હતી. પરંતુ તેમાં સ્ત્રીઓનું સ્થાન મહત્ત્વપૂર્ણ હતું. એક પત્નીવ્રતનો ધર્મ હતો. સ્ત્રીનાં લગ્ન પરિપક્વ ઉંમરે થતાં. પરિવાર એક વિશાળ જનસમૂહનો ભાગ હતો, જેને વીશ અથવા તો વંશ કહેવામાં આવતો. જન સૌથી મોટો સામાજિક એકમ હતો. એક જ વંશના લોકો લોહીના સંબંધોથી જોડાયેલા રહેતા. વર્ણવ્યવસ્થા કે જાતિવ્યવસ્થાનો ઉલ્લેખ મળતો નથી. સમાજ સમતાદર્શી હતો. વ્યવસાય જન્મ પર આધારિત ન હતો. પરિવારમાં રહેતા જુદા-જુદા સદસ્યો જુદો-જુદો વ્યવસાય કરી શકતા. આર્યો ગોરા વર્ણના તથા ઊંચા અને ખડતલ હતા. રાજ્યનું સ્વરૂપ કબીલાઈ પ્રકારનું હતું. ઋગ્વેદકાલીન સમાજમાં રાજાને 'રાજન્ય' કહેવામાં આવતો. મહિલાઓનું સ્થાન સમાજમાં અત્યંત સન્માનજનક હતું. તેઓ રાજકીય કાર્યોમાં પણ ભાગ લેતી. તેમને વિદ્યાભ્યાસ કરવાનો અધિકાર હતો. તેઓ સ્વતંત્રતાપૂર્વક પોતાનો મત આપતી. અપાલા, ઘોષા, લોપામુદ્રા, ગાર્ગી અને મૈત્રી જેવી વિદુષી મહિલાઓએ ઋગ્વેદની ઋચાઓ રચવામાં પણ મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો.

### વેદકાલીન રાજ્યવ્યવસ્થા (રાજકીય સંગઠનો)

વૈદિકયુગમાં કબીલાઈ પ્રકારની રાજવ્યવસ્થા જોવા મળે છે. પશુપાલન સાથે સંકળાયેલ હોવાને કારણે ભટકતી સમાજવ્યવસ્થાની જેમ રાજકીય વ્યવસ્થા પણ હતી. જોકે, ગણ અને વિદથ જેવી પ્રારંભિક રાજકીય વ્યવસ્થા વૈદિક-યુગમાં જોવા મળે છે. આ સિવાય 'સભા' અને 'સમિતિ' જેવી રાજકીય સંસ્થાઓ પણ મુખ્ય હતી. સભામાં મોટે ભાગે (વર્તમાન રાજ્યસભાની માફક) વડીલો બેસતા અને ન્યાય આપવાનું કાર્ય કરતા, જ્યારે સમિતિમાં (વર્તમાન લોકસભાની માફક) સમગ્ર લોકસમુદાયના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો. તેમાં ખાસ કરીને રાજાની ચૂંટણી કરવામાં આવતી. સભા અને સમિતિમાં યુદ્ધનું આયોજન, યુદ્ધમાં મળેલ ચીજોની વહેંચણી, ન્યાય અને ધર્મને લગતાં કાર્યો પર ચર્ચા-વિચારણા થતી. મહિલાઓ પણ આ રાજકીય સંસ્થાઓમાં જોડાતી અને રાજતંત્રમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવતી હતી. રાજાનું પદ વંશપરંપરાગત ન હતું, સમિતિમાં તેની ચૂંટણી થતી. રાજાને 'રાજન્ય' કહેવામાં આવતો. પુરોહિતનું સ્થાન રાજાને સલાહ-સૂચનો આપવાનું હતું. રાજાને રોજ-બરોજનાં કાર્યોમાં મદદ કરવા માટે સેનાની (સેનાપતિ), કુલપ (કુટુંબનો વડો) અને ગ્રામણી (ગામનો મુખી) જેવા આગેવાનો રહેતા. આ બધા વિશે ઋગ્વેદમાંથી આપણને માહિતી મળે છે. રથ બનાવનારનું સામાજિક સ્થાન બહુ મહત્ત્વપૂર્ણ હતું. કારણ કે, યુદ્ધ તેમનું મહત્ત્વપૂર્ણ રાજકીય કાર્ય હતું અને તેમાં રથનો ઉપયોગ થતો. લોકો રાજાને કર સ્વરૂપે ભેટ-સોગાદો આપતા, જેણે ઋગ્વેદમાં 'બલિ' કહેવામાં આવ્યો છે, તે સ્વૈચ્છિક ફાળા જેવો હતો. આમ, પ્રારંભિક કે વેદકાલીન રાજ્ય વ્યવસ્થા અત્યંત સરળ હતી, જેમાં સ્ત્રીઓને સ્થાન હતું અને લોકભાગીદારીનો ખ્યાલ રાજ્યતંત્ર સાથે જોડાયેલો હતો.

### વૈદિકયુગના ભારતની ધાર્મિક અને આધ્યાત્મિક વિધિઓ

ઋગ્વેદમાં વૈદિકયુગના ધાર્મિકજીવન પર ખાસ ચર્ચા કરવામાં આવે છે. સમાજનું સ્વરૂપ જનજાતીય અને પિતૃપ્રધાન હતું. તેને કારણે ઋગ્વેદમાં મોટા પ્રમાણમાં દેવીઓનો ઉલ્લેખ મળતો નથી. તેને બદલે પ્રાકૃતિક કે પ્રકૃતિ સાથે સંકળાયેલા દેવતાઓ જોવા મળે છે. ઋગ્વેદમાં તેમના વિશે ઘણી બધી પ્રાર્થનાઓ જોવા મળે છે. આ દેવતાઓમાં ઈન્દ્ર, વરુણ, મિત્ર, અગ્નિ, વિદ્યુત, નાસત્ય, પુશન, યમ અને સોમનો સમાવેશ થાય છે, તો ઉષા અને અદિતિ જેવી દેવીઓનો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે.

ઈન્દ્ર તેમના મુખ્ય દેવ હતા. તે વરસાદ અને યુદ્ધના દેવ તરીકે પૂજાતા હતા. ઋગ્વેદમાં ઈન્દ્રનો સૌથી વધારે વખત ઉલ્લેખ થયેલો છે. પવન ઈન્દ્રની સાથે સંકળાયેલા દેવ હતા. વરસાદ અને પવન તેમના જીવનનાં મહત્ત્વપૂર્ણ

પાસાં હતાં. તેમના એક અન્ય મહત્ત્વપૂર્ણ દેવ અગ્નિ હતા. અગ્નિને તેઓ ઈશ્વર અને માનવને જોડતી કડી માનતા હતા. એટલા માટે યજ્ઞ તેમની સાથે સંકળાયેલું ખાસ સાંસ્કૃતિક લક્ષણ છે. તેઓ એમ માનતા કે, યજ્ઞ કરવાથી ઈન્દ્ર ખુશ થાય છે અને વરસાદ વરસાવે છે. ઈન્દ્ર સુધી પહોંચવાનું માધ્યમ અગ્નિ છે. વરુણને બ્રહ્માંડના પ્રબંધક માનવામાં આવતા હતા. તેઓ ઋત તરીકે ઓળખાતા. પુશનનામના દેવતા પશુપાલકોના આરાધ્યદેવ હતા. વિચરતા લોકોના જીવનમાં તેમનું અનેરું સ્થાન હતું. સોમરસનું પાન કરવું એ સાંસ્કૃતિક લક્ષણ હતું.

ઋગ્વેદમાં તમામ દેવતાઓનું આવાહન કરવાનાં સૂક્તો આપવામાં આવ્યાં છે. યજ્ઞમાં બલિ, પૂજાવિધિ અને યજ્ઞનું કાર્ય બ્રાહ્મણો દ્વારા કરવામાં આવતું. મોટેભાગે તેઓ પ્રજોત્પત્તિ, પશુધનમાં વૃદ્ધિ અને લાંબા આયુષનું દાન-દક્ષિણા તરીકે ભેટ-સોગાદો આપતા. એક મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, વૈદિક યુગ દરમિયાન મૂર્તિપૂજા અને મંદિરનો અભાવ જણાય છે.

### વેદકાલીન અર્થવ્યવસ્થા

ઋગ્વેદકાલીન આર્ય પશુપાલક હતા. દૂધ, માંસ અને ચામડું મેળવવા તેઓ ગાય, ભેંસ, ઘેટાં-બકરાં અને ઘોડા પાળતા. ગાય અને ઘોડા તેમના માટે સૌથી મહત્ત્વપૂર્ણ પશુઓ હતાં. ગો શબ્દમાંથી અનેક શબ્દોનો ઉદ્ભવ થયો છે. ધનવાન વ્યક્તિને 'ગોમત' કહેવામાં આવતી. પુત્રીને દુહિતા કહેવામાં આવતી. તેનો અર્થ થાય છે, જે ગાયનું દૂધ દોવે છે તે. યુદ્ધ માટે 'ગવેષણા' શબ્દનો પ્રયોગ થતો. જેનો અર્થ થાય છે, ગાયોની શોધ કરવી. મોટાભાગનાં યુદ્ધો પશુઓ માટે જ લડવામાં આવતાં. ગાયને તમામ ઈચ્છાઓ પૂરી કરવાવાળી - 'કામદા' કહેવામાં આવતી. પશુઓની સંખ્યામાં વૃદ્ધિ માટે અનેક પ્રાર્થનાઓ કરવામાં આવી છે. આ બધી બાબતો ઋગ્વેદકાલીન આર્યોનો પશુપાલન સાથે ઘનિષ્ઠ સંબંધ દર્શાવે છે.


વેદકાલીન વાસણો

પશુપાલન સાથે સંકળાયેલ અને ભટકતું જીવન જીવતા આ લોકો માટે કૃષિપ્રધાન અર્થવ્યવસ્થા મુખ્ય જણાય છે. ખેતીનાં પુરાતત્ત્વીય પ્રમાણો ખૂબ ઓછાં જોવા મળે છે. જોકે, થોડા ઘણા સંદર્ભોમાંથી આપણને તેઓ કૃષિ જાણતા હતાં તેની માહિતી મળે છે. તેમના ભોજન સંદર્ભે મળેલા અવશેષો દર્શાવે છે કે, તેઓ જવનો ખોરાકમાં ઉપયોગ કરતા, અને તેની ખેતીથી જાણીતા હતાં.

કૃષિપ્રધાન અર્થવ્યવસ્થાનો મોટેભાગે અભાવ જણાય છે. પશુપાલન તેમનું મુખ્ય કાર્ય દેખાય છે. તેમ છતાં શિકાર, સુથારીકામ, વણાટકામ અને ધાતુઓને ગાળવાનું કામ જેવાં કાર્યોથી તેઓ જાણીતા હતા. તેની અદલા-બદલી કરી એટલે કે વસ્તુ વિનિમય જેવું વેપારી માધ્યમ તેમણે ઊભું કર્યું હશે. તેમ છતાં ગાય વસ્તુવિનિમયમાં સૌથી મહત્ત્વનું સ્થાન ધરાવતી હતી. રાજન્ય, બ્રાહ્મણ-પુરોહિતોને ગાય અને ઘોડાની ભેટ આપતા તેવા ઉલ્લેખો મળે છે. આ ભેટ વિશિષ્ટ અનુષ્ઠાનો દરમિયાન આપવામાં આવતી.

ભારતની ઉત્તર-પશ્ચિમ સરહદ પર આ નવા લોકોનું આગમન એ ભારતીય સંસ્કૃતિમાં ખૂબ મહત્ત્વપૂર્ણ ઘટના ગણાય છે. યુરેશિયાથી આવનાર આ પશુપાલકો (ઈ.સ.પૂર્વે 1500ની આસપાસ) ભારતમાં પ્રવેશ્યા અને સપ્તસિંધુના પ્રદેશમાં ફેલાયા. ક્રમશઃ તેઓ આ પછીના કાળે ગંગા અને યમુના નદીના પ્રદેશો તરફ આગળ વધ્યા. મૂળ ભારતીયો સાથે તેમનો સંપર્ક થયો અને તેમાંથી એક નવી જ સંસ્કૃતિનો ઉદય થયો. તેને આપણે આર્યસંસ્કૃતિ કહીએ છીએ. આર્યસંસ્કૃતિ ભારતની સૌથી મહાન અને વિશાળ સંસ્કૃતિમાં આજ સુધી વિકસતી રહી છે.

### અનુવૈદિક ભારત

ઈ.સ. પૂર્વે 1000 થી ઈ.સ. પૂર્વે 600 સુધીના સમયગાળાને અનુવૈદિક તરીકે અથવા તો ઉત્તર વૈદિક તરીકે ઓળખવામાં આવે છે. આ સમયનો ઈતિહાસ જાણવા માટે આપણી પાસે ઋગ્વેદ સિવાયના અન્ય 3 વેદો એટલે કે,

સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ ઉપલબ્ધ છે. આ સિવાય બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો અને રામાયણ તથા મહાભારત પણ ઉપયોગી સામગ્રી છે.

ઉત્તર વેદકાલીન ભારતમાં ખાસ કરીને કૃષિમાં એક વિશિષ્ટ પ્રકારની ક્રાંતિ જોવા મળે છે, જેની અસર ભારતીય સમાજ જીવનમાં પણ જોઈ શકાય છે. અનુવૈદિક સમાજ વૈદિક સમાજ કરતાં અલગ પ્રકારનો હતો. અનુવૈદિક સમાજ સામાજિક રીતે વર્ણ વ્યવસ્થામાં વહેંચાયેલો હતો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણ આ સમયમાં જોવા મળે છે. પ્રથમ બે વર્ણો બ્રાહ્મણ અને ક્ષત્રિય સામાજિક રીતે વિશિષ્ટ અધિકારો ધરાવતા હતા અને અન્ય બે વર્ગો ઉપર તેમનું નિયંત્રણ રહેલું હતું. વૈશ્ય અને શૂદ્ર ઉત્પાદનકાર્ય સાથે સંકળાયેલા હતા, પરંતુ તેમનો સામાજિક દરજ્જો નિમ્ન કક્ષાનો હતો. આધુનિક ઇતિહાસકારો ભારતમાં લોખંડની શોધથી ઉત્પન્ન થયેલ અર્થવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા (ઈ.સ. પૂર્વે 1000ની આસપાસ) સાથે આ ઘટનાને જોડે છે.

બ્રાહ્મણવર્ણ સાથે ધર્મ, શિક્ષણ અને કર્મકાંડ સંબંધીત હતા. જ્યારે ક્ષત્રિયવર્ણ વહીવટીતંત્ર અને રાજ્યવ્યવસ્થા સાથે સંકળાયેલો હતો. વૈશ્યવર્ણ કૃષિ, વેપાર-વાણિજ્ય અને પશુપાલન સાથે જોડાયેલો હતો, જ્યારે શૂદ્રવર્ણ કારીગરોની શ્રેણીમાં આવતો હતો.

અનુવૈદિક કાળમાં સામાજિક રીતે કુળનું મહત્ત્વ વધ્યું, જે પરિવારનું પ્રાથમિક ઘટક હતું. સમાજ પિતૃસત્તાક હતો. પછીના વેદોમાં પુત્રપ્રાપ્તિ માટેની અનેક પ્રાર્થનાઓ દર્શાવે છે કે, પુરુષનું મહત્ત્વ સમાજમાં વધ્યું હતું. બહુપત્નીત્વપ્રથા અમલમાં આવી હતી. વૈદિક કાળ કરતા અનુવૈદિક કાળમાં સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં પરિવર્તન આવ્યું હતું. પરિવાર સંયુક્ત હતો અને કુટુંબનો વડો તમામ નિર્ણય લેતો હતો.

વિદ્યાર્થી ગુરુ પાસે જઈને શિક્ષણ મેળવતો હતો. વેદ, ઇતિહાસ, પુરાણ અને શારીરિક શિક્ષણનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવામાં આવતું.

અનુવૈદિક કાળમાં જમીનનું મહત્ત્વ વધ્યું, જે આપણને રામાયણ અને મહાભારત જેવા ગ્રંથોમાં સ્પષ્ટ જોવા મળે છે. લોખંડની શોધ થવાને કારણે કૃષિનું મહત્ત્વ વધ્યું. ધીમે ધીમે આર્યો પશ્ચિમથી પૂર્વ તરફ ખસવા લાગ્યા. જે મહાભારતમાં આર્યોના પૂર્વ તરફના સ્થળાંતરણમાં આપણે જોઈ શકીએ છીએ. તો રામાયણમાં આર્યો દક્ષિણ તરફ ખસ્યા હોય તેમ જણાય છે. સભા અને સમિતિનું મહત્ત્વ પણ ઘટવા લાગ્યું. રાજાની ચૂંટણી બંધ થઈ અને રાજા વંશપરંપરાગત થવા લાગ્યા. અથર્વવેદ એ આર્ય અને અનાર્ય સંસ્કૃતિઓનો સમન્વય દર્શાવે છે. શરૂઆતમાં અનાર્યો સાથે આર્યોને સંઘર્ષ થયા, પરંતુ કેટલાક આર્યોની વિધિઓ અનાર્યોએ અપનાવી તો અનાર્યોનાં અનેક સાંસ્કૃતિક મૂલ્યો આર્યોએ પણ સ્વીકાર્યાં. અથર્વવેદમાં અંધવિશ્વાસ, જાદુ, વૈદકશાસ્ત્ર, દવાઓ વગેરેના ઉલ્લેખો સ્પષ્ટ જણાવે છે કે, આર્યોએ અનાર્યોના રીત-રિવાજો કેટલેક અંશે સ્વીકાર્યા હતા.

અનુવૈદિક કાળમાં ઇન્દ્ર, વરુણ જેવા વૈદિક દેવતાઓને સ્થાને ધીમે ધીમે બ્રહ્મા, વિષ્ણુ અને શિવનું મહત્ત્વ વધવા લાગ્યું. યજ્ઞોની પરંપરા અત્યંત વિકસી. શરૂઆતમાં જોવા મળતા નાના ગૃહસ્થ યજ્ઞોને સ્થાને વિશાળ પાયે કર્મકાંડયુક્ત યજ્ઞો થવા લાગ્યા. અશ્વમેધ જેવા વિશિષ્ટ યજ્ઞોની પરંપરા વિકસી, તેની સાથે-સાથે પશુબલિ પ્રથા પણ વધી. કૃષિના વિકાસે બીજા શહેરીકરણને જન્મ આપ્યો અને વેપાર વાણિજ્યનો વિકાસ થયો. ઈ.સ.પૂર્વેની છઠ્ઠી સદીમાં ભારતમાં અનેક શહેરો અસ્તિત્વમાં આવ્યાં. બૌદ્ધસાહિત્યમાં આ શહેરીકરણનો વિશિષ્ટ ચિતાર આપવામાં આવ્યો છે. 16 મહાજનપદો જેને આપણે આદ્યરાજ્યો કહીએ છીએ, તેનો ઉદય થયો. ધીમે ધીમે એકતંત્રી રાજ્યવ્યવસ્થાનો જન્મ થયો. જમીનના મહત્ત્વને કારણે રાજાની જમીન લાલસા વધતી ગઈ. જેણે ભવિષ્યમાં રાજ્યનો ઉદ્ભવ અને વિકાસ કરવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો છે.

વૈદિક ભારત કરતાં અનુવૈદિક ભારત અનેક દૃષ્ટિએ ભિન્ન છે. આર્યોના ભટકતા જીવનનો અંત આવ્યો અને તેમનું સ્થાયીકરણ થયું. અર્થવ્યવસ્થા, સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવ્યાં. વેપાર અને વાણિજ્યનો વિકાસ થયો. લોખંડની શોધને કારણે કૃષિનો અમાપ વિકાસ થતા હસ્ત અને કલાકારીગરીનો પણ વિકાસ થયો. ઉત્તરનાં

કાળા ચળકતાં વાસણોની સંસ્કૃતિ અમલમાં આવી. ઉત્તર ભારતમાં આવાં વાસણો અનેક સ્થળેથી મળી આવ્યાં છે. લોખંડના પુરાવા સાથે આ વાસણોની સંસ્કૃતિ અમલમાં આવતાં અનેક નવાં શહેરો વિકસ્યાં. પરિણામે ઈ.સ.પૂર્વે છઠ્ઠી સદી આવતાં સુધીમાં ભારતમાં બીજું શહેરીકરણ અસ્તિત્વમાં આવ્યું.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો :**

(1) ઋગ્વેદમાં આલેખાયેલ સમાજવ્યવસ્થાનો ચિતાર આપો.

(2) વૈદિક ધર્મ વિશે માહિતી આપો.

(3) વેદકાલીન ભારતની રાજકીય સ્થિતિ સ્પષ્ટ કરો.

(4) વેદકાલીન ભારતની સાંસ્કૃતિક સ્થિતિ વર્ણવો.

(5) અનુવૈદિક ભારતની સામાજિક સ્થિતિ સમજાવો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) ચાર વેદોનાં નામ જણાવો.

(2) લોખંડની શોધ વિશે જણાવી તેનું મહત્ત્વ સમજાવો.

(3) અનુવૈદિક રાજકીય વ્યવસ્થા સ્પષ્ટ કરો.

(4) અનુવૈદિક ભારતમાં સ્ત્રીઓના સ્થાન વિશે ચર્ચા કરો.

(5) અનુવૈદિક ભારતની અર્થવ્યવસ્થાનો ખ્યાલ આપો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) ઋગ્વેદમાં કેટલાં સૂક્તો આવેલાં છે?

(A) 1000 (B) 1015 (C) 1028 (D) 1017

(2) આર્યો ભારતમાં સૌપ્રથમ કયા પ્રદેશમાં રહેતા હતા?

(A) સપ્તસિંધુ (B) પંજાબ (C) ઉત્તરપ્રદેશ (D) બંગાળ

(3) આર્યોનું મૂળ વતન ક્યું હોવાનું મનાય છે?

(A) યુરેશિયા (B) મધ્યએશિયા (C) ઈરાન (D) ભારત

(4) ક્યા વેદમાં આર્ય અને અનાર્ય સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે?

(A) ઋગ્વેદ (B) સામવેદ (C) યજુર્વેદ (D) અથર્વવેદ

(5) ઋગ્વેદમાં દર્શાવેલ સપ્તસિંધુપ્રદેશ વર્તમાન ભારતનો કયો પ્રદેશ હોવાનું સવિશેષ સંભવ છે?

(A) પશ્ચિમ બંગાળ (B) બિહાર (C) પંજાબ (D) આંધ્રપ્રદેશ

•

# 4 વૈદિકધર્મ અને સંસ્કૃતિ-2

દરેક ભારતીયોને પોતાની વૈવિધ્યસભર સંસ્કૃતિ અને વારસાનું ગૌરવ છે. આ સંસ્કૃતિ અને વારસાનો પરિચય આપણને ઐતિહાસિક સાધન-સામગ્રીમાંથી મળે છે, જેમાં વૈદિક સાહિત્યનો પણ સમાવેશ થાય છે. આ વૈદિક સાહિત્યમાં ચાર વેદો ઉપરાંત બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, સૂત્ર સાહિત્ય તેમજ શ્રુતિ, સ્મૃતિ, રામાયણ, મહાભારત અને જૈન તથા બૌદ્ધગ્રંથોનો સમાવેશ થાય છે. આ સાહિત્યને ભારતની સનાતન સંસ્કૃતિના તત્ત્વજ્ઞાનના સ્રોત ગણાવી શકાય.

**બ્રાહ્મણગ્રંથો**

બ્રાહ્મણગ્રંથો વૈદિક સાહિત્યનો એક ભાગ છે. વૈદિક સંહિતા પછી તરત જ બ્રાહ્મણગ્રંથો રચાયા છે. વેદમંત્રોના શબ્દોની વ્યુત્પત્તિ, અર્થઘટન, વિનિયોગ વગેરેનું માર્ગદર્શન બ્રાહ્મણગ્રંથોમાં મળે છે. વૈદિક સાહિત્યમાં ગદ્ય સ્વરૂપે લખાયેલ આ ગ્રંથોમાં વેદસંહિતાની સમજૂતી અને તેના પરની ટીકા (વિવેચન) આપવામાં આવ્યા છે. વિદ્વાનોના મતે દરેક વેદની શાખા માટે એક-એક બ્રાહ્મણ હતુ. તેમાં ઋગ્વેદસંહિતા માટે ઐતરેય બ્રાહ્મણમાં જુદા-જુદા યજ્ઞોનું વિસ્તૃત વર્ણન છે. યજુર્વેદ સંહિતા માટે શતપથ અને તૈતિરીય બ્રાહ્મણ છે. તેમાં શતપથ બ્રાહ્મણ શુક્લ યજુર્વેદ માટે છે. બધા બ્રાહ્મણગ્રંથોમાં તે સૌથી મહત્ત્વનો વિશાળ ગ્રંથ છે. તેમાં પિતૃ, સોમ, રાજસૂય વગેરે યજ્ઞોનું વિસ્તારથી વર્ણન છે. તેમજ પ્રાચીન ભારતના રાજાઓનાં નામ અને ચરિત્રોનાં વર્ણન છે તેથી તેનું ઐતિહાસિક મહત્ત્વ પણ છે. તે યાજ્ઞવલ્ક્ય ઋષિએ લખ્યા હોવાનું માનવામાં આવે છે.

જ્યારે તૈતિરીય બ્રાહ્મણ કૃષ્ણ યજુર્વેદ માટે છે. સામવેદસંહિતા માટે અલગ-અલગ આઠ બ્રાહ્મણગ્રંથોની રચના થઈ છે. તેમજ અથર્વવેદસંહિતા માટે ગોપથ બ્રાહ્મણ છે, જેમાં ગાયત્રી માટે સમજૂતિ આપેલી છે. આમ, બ્રાહ્મણગ્રંથમાં યજ્ઞક્રિયાના વિસ્તૃત વર્ણન સાથે વૈદિક સમયના ભારતીય સમાજના રીતરિવાજ, આધ્યાત્મિકતા તેમજ તાત્ત્વિક વિચારધારા વિશેની માહિતી મળે છે.

**આરણ્યકો**

વૈદિક સાહિત્યમાં સંહિતા અને બ્રાહ્મણગ્રંથો પછી આરણ્યકોની રચના થઈ. આર્યોએ તેમના જીવનના અંતિમ ભાગમાં અરણ્યમાં કરેલા ચિંતન, મનનના ફળ રૂપે રચાયેલા ગ્રંથોને 'આરણ્યકો' કહે છે. તેમાં અરણ્ય (વન, જંગલો)માં રહેનાર-વાનપ્રસ્થી અને મુનિઓ માટે બહુ સરળ યજ્ઞોનું, તેમની જીવનચર્યા તેમજ બ્રહ્મ વગેરેનું ચિંતનાત્મક વિવેચન કરેલ છે. અહીં યજ્ઞના કાંડ સાથે આધ્યાત્મિક સ્વરૂપ વિશે વિવેચન અપાયેલું છે. બ્રહ્મ અને આત્માના તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આ આરણ્યકોમાં અપાયેલો છે. આમ, આધ્યાત્મિક અને તાત્ત્વિક દૃષ્ટિએ તેનું વિશેષ મહત્ત્વ છે. ઋગ્વેદનાં ઐતરીય અને શખાયન આરણ્યક, શુક્લ યજુર્વેદના મધ્યાદિન બૃહદારણ્યક અને કણ્વ બૃહદારણ્યક તેમજ જૈમિનિયોપનિષદ આરણ્યક છે. આ આરણ્યકોમાં ધર્મભાવના પરિપક્વ થયેલી જોઈ શકાય છે.

**ઉપનિષદમાં વર્ણવાયેલ આધ્યાત્મિક અને દાર્શનિક વિચારધારા**

વેદની સામાન્ય પરિભાષા એવી છે કે, વેદ એ એક ગ્રંથ છે, પરંતુ વાસ્તવમાં 'વેદ' જેટલો નાનો શબ્દ છે, તેટલું જ વૈદિક સાહિત્ય અત્યંત વિશાળ છે. સમસ્ત વૈદિક યુગ દરમિયાન ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદની રચના થઈ. વેદ એ કોઈ એક વ્યક્તિએ રચ્યા નથી. સંહિતા, બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો – આ ચારેય મળે ત્યારે એક વેદ બને છે. વૈદિક યુગ દરમિયાન સ્તુતિઓ અને આહુતિઓ દ્વારા દેવોને પ્રસન્ન કરવાની ધાર્મિક વિધિઓ વિકસી હતી. આ સિવાય દેવદેવીઓની માન્યતા અને યજ્ઞથી પર રહેલી તત્ત્વચિંતન અને તત્ત્વદર્શનની પરાકાષ્ટા આપણને શ્રુતિ, સ્મૃતિ, સંહિતા, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદ, ષટ્દર્શન વગેરેમાં વિકસતી જોવા મળે છે.

**ઉપનિષદમાં વર્ણવાયેલ આધ્યાત્મિક વિચારધારા**

ઉપનિષદ એટલે ઉપ + નિષદ. ઉપ એટલે પાસે અથવા સમીપ તથા નિષદ એટલે બેસનારો. આ રીતે ઉપનિષદનો શાબ્દિક અર્થ ''ગુરુ અથવા પરમતત્ત્વનાં ચરણોમાં બેસીને રહસ્યમય કે ગૂઢજ્ઞાન મેળવવું'' - એવો થાય છે. ઉપનિષદ માટે

અમુક વિવેચકો 'સદ્' ધાતુનો 'ગતિ' અને 'નાશ' એમ બંને અર્થ કરે છે. એટલે કે, અજ્ઞાનનો નાશ કરીને પરમતત્ત્વ કે જ્ઞાન તરફ ગતિ કરાવનાર શાસ્ત્ર એટલે ઉપનિષદ - એવો અર્થ પણ થાય છે. વૈદિક સાહિત્યના અંત ભાગમાં ઉપનિષદોની રચના થઈ, આથી તેને વેદાંત કે વેદનો છેડો પણ કહેવામાં આવે છે.

વિદ્વાનોના મતે તેની રચના લાંબા કાળ સુધી થતી રહી. શરૂઆતમાં તે મૌખિક હતા અને પાછળથી તે લિપિબદ્ધ થયા. આ ઉપનિષદોની સંખ્યા લગભગ 108 છે. જેમાનાં મુખ્ય ઉપનિષદો નીચે પ્રમાણે છેઃ

| | | | | | |
|---|---|---|---|---|---|
| • | ઈશોપનિષદ | • | કેનોપનિષદ | • | કઠોપનિષદ |
| • | પ્રશ્નોપનિષદ | • | મૂંડકોપનિષદ | • | માંડ્યુકોપનિષદ |
| • | તૈતરીય ઉપનિષદ | • | ઐતરેય ઉપનિષદ | • | છાંદોગ્ય ઉપનિષદ |
| • | નૃસિંહપૂર્વતાપ ઉપનિષદ | • | બૃહદારણ્યક ઉપનિષદ | | |

બૃહદારણ્યક અને છાંદોગ્ય જેવા પ્રારંભિક ઉપનિષદ ગદ્યમાં લખાયેલા છે અને તે પ્રશ્નોતર સ્વરૂપે છે. જ્યારે કેનોપનિષદની રચના પદ્યમાં થયેલી છે.

ઉપનિષદોમાં અસત્યમાંથી સત્ય તરફ, મૃત્યુમાંથી અમૃત તરફ (અમરત્વ) અને અંધકારમાંથી પ્રકાશ તરફ જવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. દરેક મનુષ્યમાં આત્મા રહેલો છે. તે બ્રહ્મ છે તેજ રીતે સમગ્ર જે કંઈ છે તે બ્રહ્મસ્વરૂપ છે. 'તત્ત્વમસિ', 'સોહં' અને 'બ્રહ્માસ્મિ' જેવા શબ્દોમાં ઉપનિષદના 'બ્રહ્મ'નું તત્ત્વચિંતન જોવા મળે છે. આ સૃષ્ટિમાં જે 'બ્રહ્મ' ને જ જુએ છે, તે સાચો જ્ઞાની છે. તેનામાં બાળક જેવી નિર્દોષતા, સરળતા, નિષ્કપટતા અને સત્યને પામવાની જિજ્ઞાસા હોય છે. દરેક ઉપનિષદો જ્ઞાનપ્રાપ્તિ કે બ્રહ્મની અનુભૂતિ માટે સંસારનો ત્યાગ કરવાની વાત કરતા નથી. તો અમુક ઉપનિષદો જ્ઞાનપ્રાપ્તિ માટે સંસારમાંથી નિવૃતિને જરૂરી માને છે. છતાં દરેક ઉપનિષદો જ્ઞાનપ્રાપ્તિ માટે સદાચાર અને નીતિના આચરણને જરૂરી ગણાવે છે. જેમકે, 'ધર્મનું પાલન કર', 'સ્વાધ્યાયમાં પ્રમાદ (આળસ) ન કર', 'સત્ય બોલ' 'માતા-પિતા અતિથિ તથા આચાર્યને દેવ સમાન ગણ' વગેરે સૂત્રોમાં લગભગ દરેક ઉપનિષદોએ એકસરખો ઉપદેશ આપ્યો છે. ટૂંકમાં, ઉપનિષદનું તત્ત્વજ્ઞાન આત્માને મહત્ત્વ આપે છે, કર્મફળના સિદ્ધાંત પ્રમાણે દરેકને પોતાના કર્મ પ્રમાણે આ જન્મ કે પુર્નજન્મમાં તેનું ફળ મળે છે. મોક્ષપ્રાપ્તિ માટે ઉપનિષદો જણાવે છે કે, શ્રવણ, મનન કે નિદિધ્યાસ દ્વારા મેળવેલ જ્ઞાનથી માનવીને મોક્ષ મળે છે અને માનવી જન્મમરણના ફેરામાંથી મુક્તિ મેળવી શકે છે.

શંકરાચાર્યનો અદ્વૈતવાદ, માધવાચાર્યનો દ્વૈતવાદ અને રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતવાદની મહાન કૃતિઓ ઉપનિષદની વિચારધારાની ફળશ્રુતિ છે. ઉપનિષદોએ બુદ્ધના મધ્યમમાર્ગી અધ્યાત્મના વિચાર માટે પૂર્વભૂમિકા બાંધી હતી. ગાર્ગી, લોપામુદ્રા, મૈત્રેયી, જાંબાલી, ઘોષા, વિશ્વંભરા, અપાલા વગેરે મહિલાઓ ઉપનિષદના આધ્યાત્મિક વિચારોના પરિણામે વિદુષી બની હતી. તત્ત્વચિંતક મેક્સમૂલર નોંધે છે કે, ઉપનિષદો વેદાંતના મૂળમાં રહેલા છે અને લાગે છે કે માનવીનું ચિંતન એમાં પરાકાષ્ઠાએ પહોંચ્યું છે.

## ઉપનિષદમાં વર્ણવાયેલ દાર્શનિક વિચારધારા-ષડ્દર્શન (છ દર્શન)

ભારતીય દાર્શનિક વિચારધારામાં ષડ્દર્શનનું અનેરું મહત્ત્વ છે. ષડ્દર્શન એ ભારતીય આધ્યાત્મિક જીવનશૈલીનું તત્ત્વજ્ઞાન છે. આ દર્શનો માત્ર અમુક પ્રકારની વિચારધારા જ નથી, પરંતુ જીવનપદ્ધતિ છે. જે ધર્મની જેમ જ દરેક ભારતીયના જીવન સાથે જોડાયેલી છે. ધર્મ તો વ્યક્તિની વિચારધારા અને વિશ્વાસનું બાહ્ય સંસ્કૃતિનું આચરણ છે. પરંતુ દર્શન તો સંસ્કૃતિનો આત્મા છે. દર્શન શબ્દની ઉત્પત્તિ 'દૃશ' ધાતુમાંથી થઈ છે, જેનો અર્થ છે જોવું અથવા જેનાથી જોઈ શકાય તે. ઉપનિષદમાં દર્શાવેલ દાર્શનિક વિચારધારાનો જન્મ જીવનની સમસ્યાઓના સમાધાનની શોધની તીવ્ર ઇચ્છા કે ઉત્કંઠામાંથી થયો છે.

**ષડ્દર્શન**

| ક્રમ | દર્શન | રચયિતા | દાર્શનિક વિચારધારા |
|---|---|---|---|
| 1 | સાંખ્ય | મહર્ષિ કપિલ | પ્રકૃતિ અને પુરુષના દ્વૈત દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિ |
| 2 | યોગ | મહર્ષિ પતંજલિ | સત્યને પ્રાપ્ત કરવાના વ્યવહારુ માર્ગો |
| 3 | ન્યાય | મહર્ષિ ગૌતમ | યથાર્થ જ્ઞાનપ્રાપ્તિ માટેના ઉપાય |
| 4 | વૈશેષિક | મહર્ષિ કણાદ | ભૌતિક સૃષ્ટિના સ્વરૂપનો વિસ્તાર |
| 5 | પૂર્વમીમાંસા | મહર્ષિ જૈમિન | કર્મ અને પૂર્નજન્મને લગતા સિદ્ધાંતો |
| 6 | ઉત્તરમીમાંસા | મહર્ષિ બાદરાયણ | જીવ, જગત અને ઈશ્વરમાં બ્રહ્મ સર્વોત્તમ સત્તા |

**સાંખ્યદર્શન**

આચાર્ય કપિલ દ્વારા રચાયેલું આ દર્શન ભારતીય દર્શનોમાં અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ દર્શનને સાંખ્ય દર્શન કહેવા પાછળ બે મત પ્રચલિત છે. એક તો એ કે, આ દર્શનમાં 25 તત્ત્વોની સંખ્યા ગણીને તેની વ્યાખ્યા કરવામાં આવી છે. અને બીજુ સાંખ્ય શબ્દનો એક અર્થ 'ચર્ચા' કે 'વિચારણા' એવો થાય છે. તેથી આ સૃષ્ટિમાં તત્ત્વોનો સમ્યક્ વિચાર આ દર્શન કરતું હોવાથી તેને 'સાંખ્યદર્શન' કહેવાય છે. પુરુષ અને પ્રકૃતિના દ્વૈતથી આ સૃષ્ટિનું સર્જન થયું હોવાનું જણાય છે. ઈશ્વરના અસ્તિત્વનો અસ્વીકાર કરતા આ શાસ્ત્રએ સત્ત્વ, રજસ અને તમસને પ્રકૃતિના ગુણો કહ્યા છે. તે સાંખ્ય જ્ઞાન કે વિવેકને જ મોક્ષનું સાધન કહે છે.

**યોગદર્શન**

'યોગ' એ ભારતીયોની આધ્યાત્મિક માર્ગની સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે. દરેક દર્શનશાસ્ત્રો યોગની પ્રક્રિયાને મોક્ષનું મુખ્ય સાધન ગણાવે છે. યોગદર્શનમાં ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહ્યો છે. મહર્ષિ પતંજલિનું 'યોગસૂત્ર' યોગદર્શન માટેનો પ્રથમ ગ્રંથ છે. સત્યને પામવા માટેના વહેવારું માર્ગ પર આ દર્શન વિચાર કરે છે. તેમાં જીવ, જગત અને ઈશ્વર માટે કોઈ તાત્ત્વિક વિચારધારા નથી. યોગસૂત્રમાં પતંજલિએ તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન (શરણાગતિ) એ ત્રણને યોગનાં સાધન કહ્યાં છે. યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ જેવાં આઠ સાધનો કે જે અષ્ટાંગ-યોગ તરીકે ઓળખાય છે, તેના દ્વારા માનવી ચિત્તવૃત્તિને સ્થિર કરી આત્મપ્રકાશ કે જ્ઞાન મેળવી શકે છે. આ અષ્ટાંગ યોગમાં પ્રથમ પાંચ (યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર) બહિરંગ (શરીર સાથે જોડાયેલાં) સાધનો છે, જ્યારે પછીનાં ત્રણ (ધારણા, ધ્યાન અને સમાધિ) અંતરંગ (મન અને આત્મનું) સાધન છે. અષ્ટાંગયોગનું અંતિમ ચરણ—સમાધિ જે યોગની સર્વોત્કૃષ્ટ અવસ્થા ગણાય છે, જેમાં ધ્યાતા (ધ્યાન કરનાર) અને ધ્યેય એકરૂપ બની જાય છે.

આ યોગની ઉપયોગિતા માત્ર સૈદ્ધાંતિક નથી, તે વ્યાવહારિક પણ છે. જેના દ્વારા માનવી શરીર, હૃદય અને ચિત્તને એકાગ્ર કરી મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

**ન્યાય**

દર્શનશાસ્ત્રોમાં ન્યાયનો અર્થ ઘણો વિશાળ છે. - ''જુદાં-જુદાં પ્રમાણો - આધારો દ્વારા વસ્તુની પરીક્ષા - એટલે ન્યાય-દર્શન''. તેને તર્કશાસ્ત્ર કે પ્રમાણશાસ્ત્ર પણ કહે છે. કારણકે, ન્યાયદર્શનનો મુખ્ય ઉદ્દેશ યથાર્થ જ્ઞાન મેળવવાનો છે. ન્યાય જ્ઞાનને પ્રકાશ રૂપ અને શબ્દને પ્રમાણરૂપ માને છે. આ દર્શન પ્રમાણે આત્મા, શરીર અને મન ઇન્દ્રિયોથી પર છે. અહીં માનવજીવનનું અંતિમ લક્ષ મોક્ષને ગણ્યું છે. અહીં ઈશ્વરના અસ્તિત્વની સાબિતી પણ આપી છે. અન્ય દર્શનની જેમ ન્યાય પણ યથાર્થ જ્ઞાન વડે મોક્ષ કઈ રીતે મળે તે સમજાવે છે.

**વૈશેષિક**

મહર્ષિ કણાદ રચિત 'વૈશેષિક સૂત્ર'માં આ દર્શન માટે વિદ્વાનોના મતે 317 સૂત્રો આપેલાં છે. આ દર્શન ભૌતિક જગતને સત્ય માની તેના સ્વરૂપનો વિસ્તારપૂર્વક વિચાર કરે છે. જુદા-જુદા 7 પદાર્થો દ્વારા આ ભૌતિક અને અભૌતિક સૃષ્ટિનું સર્જન થયેલું છે. ન્યાય અને વૈશેષિક બંને દર્શન સૃષ્ટિ અને ઈશ્વરનો સ્વીકાર કરે છે. ટૂંકમાં, બંને દર્શન મળીને કે તેને જાણીને સંપૂર્ણ દર્શનને જાણી શકાય છે. વૈશેષિકની માન્યતા ન્યાયદર્શન જેવી છે. કદાચ તેથી જ બંને માટે એક 'ન્યાય-વૈશેષિક' નામ અપાયું છે. આ દર્શનના અનુયાયીઓ સંપૂર્ણ સાધુજીવન જીવતા.

## પૂર્વમીમાંસા

મહર્ષિ જૈમિનિરચિત 'જૈમિનિસૂત્ર' આ મીમાંસાદર્શનનો મૂળ ગ્રંથ છે. અહીં કર્મને મહત્ત્વ અપાયું છે. વૈદિક સાહિત્યમાં દર્શાવેલ યજ્ઞવિધિ અને કર્મકાંડ છે, તેની હિમાયત આ દર્શન કરે છે. તેથી જ તેને પૂર્વમીમાંસા કહેવામાં આવે છે. કોઈ પણ કર્મ તેના ફળની ઇચ્છાથી કરીએ તો તેનાથી માનવી પાપ-પુણ્યના બંધનમાં પડે છે. પરંતુ કર્મની ઇચ્છા વગર કરાયેલ કર્મથી મોક્ષ મળે છે. તેથી દરેકે આત્મજ્ઞાન મેળવવા માટે નિષ્કામકર્મ કરવું જોઈએ. અહીં કર્મ અને પુર્નજન્મને લગતા અનેક સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે, તેથી તેને કર્મમીમાંસા પણ કહે છે. તે કર્મકાંડનું દર્શન છે. તેથી તેને વ્યવહારવાદી દર્શન પણ કહે છે. કર્મ અને પુનઃજન્મને લગતો 'શક્તિ' અને 'અપૂર્વ' સિદ્ધાંત પૂર્વમીમાંસાએ આપ્યો છે.

## ઉત્તરમીમાંસા

ઉપનિષદોમાં જે વિચારો છૂટાછવાયા કે વેરવિખેર પડ્યા હતા, તે મહર્ષિ બાદરાયણે સૂત્ર રૂપે રજૂ કર્યા છે, જેને વેદાંતસૂત્રો કે બ્રહ્મસૂત્રો પણ કહેવાય છે. દરેક દર્શનમાં જીવ, જગત અને ઈશ્વર વિશે ચર્ચા કે ચિંતન રહેલું છે. આ મીમાંસામાં જગત અને તેના દરેક વિષયોને સત્ય માનવામાં આવ્યા છે.

મીમાંસાદર્શનને વેદાંતદર્શન પણ કહે છે, જેમાં બ્રહ્મને સર્વોપરી સત્તા ગણી છે. તેમાં બ્રહ્મ અને આત્માની એકતા પણ સમજાવે છે. ઉપનિષદો અને મહર્ષિ બાદરાયણ રચિત બ્રહ્મસૂત્રોનો વિચાર એક જ છે. આમ, વૈદિક સાહિત્યનાં અંતિમ સ્વરૂપો સાથે આ દર્શન સંકળાયેલું છે, તેથી તેને ઉત્તરમીમાંસા કે જ્ઞાનમીમાંસા કહેવામાં આવે છે.

## સૂત્રસાહિત્ય

સૂત્રસાહિત્ય પણ વૈદિક સાહિત્યનો એક ભાગ છે. સ્મૃતિયુગમાં ભારતીય તત્ત્વજ્ઞાન અને દર્શનની છ શાખાઓની રચના સૂત્ર રૂપે થઈ હતી. આ સમયે મુદ્રણકલાનાં સાધનોનો હજુ અભાવ હોવાથી જુદી-જુદી વિદ્યાઓ કંઠસ્થ કરવામાં આવતી, જે એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિને મળતી. કંઠસ્થ કરેલી વિદ્યાનાં વાક્યો લંબાણપૂર્વકનાં હોય તો યાદ રાખવા મુશ્કેલ પડે, તેથી આ યુગમાં સૂત્રના રૂપે યાદ રાખવામાં આવતાં. પરિણામે આ સમયે સૂત્રસાહિત્યની રચનાથી ઓછામાં ઓછા શબ્દોમાં વધારેમાં વધારે વિચારોનો સમાવેશ કરવામાં આવ્યો. આ સૂત્રોમાં મુખ્યત્વે છ વિભાગ હતા : (1) શિક્ષા, (2) છંદ, (3) વ્યાકરણ, (4) નિરુક્ત, (5) કલ્પ, (6) જ્યોતિષ. જેમાં શિક્ષા અને છંદ વેદને વાચા માટે, વ્યાકરણ અને નિરુક્ત વેદને સમજવા માટે અને કલ્પ તથા જ્યોતિષયજ્ઞની વિધિ માટે જરૂરી હતા. આ સૂત્રસાહિત્યમાં શ્રોતસૂત્ર, ગુહ્યસૂત્ર અને ધર્મસૂત્ર મુખ્ય હતા, જ્યારે શુલ્વસૂત્રનો કલ્પસૂત્રમાં સમાવેશ થાય છે. શ્રોતસૂત્રમાં યજ્ઞાદિ કર્મકાંડનું વર્ણન છે. ગુહ્યસૂત્રમાં માનવીના વિવિધ સંસ્કારો અને ધાર્મિક વિધિનું વર્ણન છે. શુલ્વસૂત્રમાં શુલ્વનો અર્થ 'માપવાની દોરી' એવો થાય છે, જેમાં યજ્ઞવેદી બનાવવાની રીત, તેના માપ અને ગણનાનું વર્ણન છે.

આ ઉપરાંત શ્રુતિ અને સ્મૃતિસાહિત્ય તેમજ રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યો આ સમયની સંસ્કૃતિ તેમજ આધ્યાત્મિક અને ધાર્મિક વિચારધારાનો આપણને પરિચય આપે છે.

## જૈન, બૌદ્ધ અને અન્ય નૂતન પ્રવાહોની વિચારધારાઓનું ઉપનિષદોની વિચારધારા સાથેનું અનુસંધાન

### જૈન વિચારધારા :

જૈનધર્મની ઉત્પત્તિ, તેની શાખા, તેના સિદ્ધાંતો, ગ્રંથો, તેનું તત્ત્વજ્ઞાન વગેરે આધ્યાત્મિક પાસાને રજૂ કરે છે. તે વાસ્તવદર્શી વિચારશ્રેણી ધરાવે છે. જૈનદર્શનમાં અનેકાંતવાદનો સિદ્ધાંત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. એ રીતે કોઈ પણ વસ્તુને બધી બાજુથી જોવાની વિચારશ્રેણી જૈનધર્મમાં છે.

હિન્દુધર્મનો કર્મફળનો સિદ્ધાંત જૈનધર્મના સિદ્ધાંતોનાં પાંચ વ્રતો—સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહમાં જોવા મળે છે. તેમજ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ચાર ભાવનાઓમાં સાદાઈ, સંયમ અને ત્યાગ, મૈત્રી, કરુણા તેમજ સાત્ત્વિક ખોરાક વગેરે દ્વારા જીવને બંધનમાંથી મુક્તિનો માર્ગ બતાવવામાં આવ્યો છે. જે ભારતીય દર્શન અને મોક્ષની વિચારસરણી સાથે મળતો આવે છે. જૈનોના અહિંસાવ્રત અને અનેકાંતવાદમાં પણ ભારતીય દાર્શનિક વિચારધારાનું અનુસંધાન મળે છે. કોઈપણની મન, વચન કે કાયાથી હિંસા ન કરવી તેમજ અન્યના મતનો અસ્વીકાર કરીને માનસિક હિંસાને પણ દોષપૂર્ણ ગણાવી છે. વૈદિક ધર્મના કર્મવાદી સિદ્ધાંતની જેમ જૈનધર્મે પુરુષાર્થવાદને પ્રોત્સાહન આપ્યું છે.

જેવી રીતે વૈદિક યોગદર્શનમાં અષ્ટાંગયોગ પર વિશેષ ભાર મુકાયો છે, એ રીતે જ જૈનદર્શનમાં સમ્યક્જ્ઞાન, સમ્યક્ દર્શન ને સમ્યક્ચરિત્ર પર ખૂબ જ ચિંતન થયેલુ છે. જૈનદર્શન વેદની તત્ત્વમસીની ભાવનાને મળતું આવે છે. ઈશ્વરની જેમ

જ જૈનમંદિરોમાં તીર્થંકરોની મૂર્તિઓની સ્થાપના કરી તેનું સંપૂર્ણ વિધિવિધાનપૂર્વક પૂજન કરવામાં આવે છે, જેનું ફળ મોક્ષ પ્રાપ્તિ માનવામાં આવે છે.

**બૌદ્ધ વિચારધારા :**

વેદકાળમાં જ્યારે ધર્મ યજ્ઞપ્રધાન બન્યો એવા સમયે ગૌતમ બુદ્ધે અહિંસાપૂર્ણ ધર્મનો ઉપદેશ આપ્યો. તેમણે સૃષ્ટિના દરેક જીવ માટે પ્રેમ અને કરુણાનો સંદેશ આપ્યો. બૌદ્ધસંઘમાં કોઈ પણ જાતના ભેદભાવ વગર દરેકને પ્રવેશ આપ્યો. ધર્મમંગલને તેઓ સર્વશ્રેષ્ઠ મંગલ ગણતા. અતિશય દેહદમન કે અતિશય ભોગવિલાસને બદલે બંને વિચારધારાથી પર 'મધ્યમમાર્ગી' વિચારશ્રેણીનો બુદ્ધે ઉપદેશ આપ્યો. સમગ્ર સંસાર દુઃખમય છે, તેનું કારણ તૃષ્ણા છે. દુઃખમાંથી મુક્તિ મેળવવા આ તૃષ્ણા કે ઇચ્છાનો ત્યાગ કરવો જોઈએ. સાંસારિક દુઃખમાંથી મુક્તિ માટે અષ્ટાંગી માર્ગ બતાવ્યો કે, જેના દ્વારા નિર્વાણપદ મેળવી શકાય છે. મનુષ્ય પોતાની ઉન્નતિ સાથે પોતાની જાત પર વિજય મેળવી શકે છે, તેઓ ઉપદેશ આપનાર બૌદ્ધ તત્ત્વજ્ઞાનને વૈદિક સાહિત્યના ષડ્‌દર્શન દ્વારા સમાજમાં મોક્ષના ધ્યેય માટેના પુરુષાર્થ સાથે સરખાવી શકાય.

**અન્ય નૂતન પ્રવાહો :**

જૈન અને બૌદ્ધધર્મની સાથે અન્ય આધ્યાત્મિક પ્રવાહમાં ભક્તિમાર્ગનો સમાવેશ કરી શકાય. સ્મૃતિયુગ દરમિયાન હિંદુધર્મમાં સ્પષ્ટ રીતે સંપ્રદાયો ઊભા થતા જોવા મળે છે. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ પેટા સંપ્રદાયો અસ્તિત્વમાં આવતા ગયા. આમાં વૈષ્ણવ અને શૈવસંપ્રદાય વિશેષ પ્રચલિત બન્યા.

વેદધર્મના યજ્ઞો અને ક્રિયાકાંડના સ્થાને જે માર્ગ અપનાવ્યો તે ભક્તિમાર્ગ કહેવાયો. તેમાં પ્રકૃતિનાં તત્ત્વો કે કોઈપણ વ્યક્તિ કે અવતારી શક્તિ તરફ પ્રેમ સાથે આદર ભળતાં ભક્તિનું રૂપ લીધું. વૈષ્ણવસંપ્રદાય ભક્તિને પ્રાધાન્ય આપે છે. ભક્તિ મુક્તિ અપાવી શકે તેવી વિચારધારા આ સમયે શરૂ થઈ. વૈષ્ણવો ભગવાનના ગુણોનું શ્રવણ, સ્મરણ, કીર્તન, વંદન, દાસ્યભાવ, સાખ્યભાવ અને અંત્ય નિવેદનવાળી નવધા-ભક્તિને માને છે. ભાગવતધર્મ એ વેદધર્મ સામેનો વિરોધ ન હતો. કારણ કે, તેઓ ઈશ્વરના અસ્તિત્વનો તો સ્વીકાર કરે જ છે, પરંતુ તેઓને મોક્ષ મેળવવાનો માર્ગ, યજ્ઞાદિ કર્મકાંડ કરતાં ભક્તિમાર્ગ વધારે પસંદ હતો.

વૈષ્ણવસંપ્રદાયની સાથે જ શૈવસંપ્રદાયે પણ પોતાનું સ્વરૂપ નિશ્ચિત કર્યું. ખરેખર શૈવસંપ્રદાય વૈદિકયુગ કરતાં પણ પ્રાચીન છે. કારણ કે, ઋગ્વેદમાં રુદ્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રુદ્રનું સ્વરૂપ વિનાશક કલ્પવામાં આવતું હતું. જ્યારે શિવ કે શંકરના સ્વરૂપને કલ્યાણકારી સ્વરૂપ તરીકે અહીં સ્વીકારાયું છે. પુરાણો, આગમો અને તંત્રો દ્વારા શિવભક્તિ અને શિવમહત્તાનો વિશેષ પ્રચાર થયો. શિવભક્તિ પણ યોગ, ધ્યાન આદિ તત્ત્વો ધરાવે છે. આજે પણ ભારતના બધા જ પ્રાંતોમાં થોડા ઘણા ફેરફાર સાથે શિવની ઉપાસના જોવા મળે છે.

## વૈશ્વિક તત્ત્વજ્ઞાનના વારસામાં ભારતનું પ્રદાન

ભારતીય વૈદિક સાહિત્યમાં જે તત્ત્વજ્ઞાન રહેલું છે, તે માત્ર ભારતીયો માટે જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વના માનવકલ્યાણ માટે શાંતિ અને પ્રગતિનું તત્ત્વજ્ઞાન છે. જેને ટૂંકમાં જોઈએ તો,

- ભારતનું તત્ત્વજ્ઞાન ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ - આમ ચાર વેદમાં સમાયેલું છે. આ વેદ એ ભારતની વિશ્વને આપેલ અણમોલ ભેટ ગણાવી શકાય. પ્રાચીન આર્યપ્રજાના જીવનનો નિચોડ ઋગ્વેદ છે.
- ભારતીય તત્ત્વજ્ઞાને માનવજીવનનાં ચાર લક્ષ રજૂ કર્યાં છે, જેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો સમાવેશ થાય છે. આ ચારેયને સિદ્ધ કરવાની આશ્રમવ્યવસ્થા ચાર આશ્રમો સાથે સંકળાયેલી છે, જેમાં કામ અને અર્થ ગૃહસ્થાશ્રમ સાથે તેમ જ ધર્મ તથા મોક્ષ વાનપ્રસ્થ અને સન્યાસ સાથે સંકળાયેલ છે.
- માનવજીવનનું અંતિમ લક્ષ મોક્ષ કેવી રીતે મેળવી શકાય તેનું અધ્યાત્મજ્ઞાન કે તત્ત્વજ્ઞાન ભારતના ઉપનિષદોમાં જોવા મળે છે. આ ઉપનિષદોને વિશ્વના ચિંતકો (ફિલોસૉફરો)એ પોતાના આદર્શ બનાવ્યા છે.
- સાંખ્ય, ન્યાય, વેદાંત, યોગ, વૈશેષિક અને મીમાંસા જેવા ષડ્‌દર્શનની ભેટ ભારતે જગતને આપી છે.
- વિશ્વનાં બે મહાકાવ્યો – રામાયણ અને મહાભારતની ભેટ પણ ભારત દ્વારા જ જગતને મળી છે.
- મહાભારતના એક અંગ તરીકે ભગવતગીતા છે. તેમાં અધ્યાત્મમાર્ગના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, કર્મફળ કે કર્મ માટેના માર્ગની છણાવટ કરવામાં આવી છે.

● કર્મની પ્રધાનતા ગીતામાં લખાયેલા ''कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन'' શ્લોક પરથી મળે છે. ગીતામાંથી માનવમાત્રને વ્યવહારુ જીવન જીવવાની પ્રેરણા મળે છે.

● પતંજલીના અષ્ટાંગયોગની ભેટ અધ્યાત્મજીવનની વિશ્વને સૌથી મોટી ભેટ ગણાવી શકાય.

● ભારતીય તત્ત્વજ્ઞાનમાં અધ્યાત્મ સમાયેલું છે. ભારતીય પરંપરા જુદા-જુદા ધર્મો અને આધ્યાત્મિકતાની ઉપાસક છે.

● જૈન ધર્મનું અધ્યાત્મ, તેના સિદ્ધાંતોમાંથી મળી રહે છે. આત્મા સાથે જોડાયેલાં કર્મો દૂર કરવા માટે 'આસ્રવ', 'સંવર', 'નિર્જરા' વગેરે તત્ત્વજ્ઞાનની બાબતો વિશ્વને આધ્યાત્મિક વારસા રૂપે મળેલી છે.

● બૌદ્ધધર્મે પણ 'મધ્યમાર્ગી' વિચાર દ્વારા માનવજીવનની ઉન્નતિનો માર્ગ બતાવ્યો છે. સર્વ દુ:ખનું કારણ તૃષ્ણા છે અને તૃષ્ણાના ત્યાગથી મોક્ષ મળે છે. ઇચ્છા જ ન હોય, તો દુ:ખ જ ન હોય. જેને તત્ત્વજ્ઞાનનું પાયાનું જ્ઞાન કહી શકાય, તેવો અણમોલ વારસો ભારતે જ વિશ્વને આપ્યો છે.

આ ઉપરાંત આ અધ્યાત્મમાર્ગના સત્ય અને સમન્વયકારી દૃષ્ટિકોણ સાથે અનેક ગૂઢ રહસ્યોની ભેટ ભારતના તત્ત્વજ્ઞાને વિશ્વને આપી છે.

## વૈદિક અને અનુવૈદિક યુગનો વારસો અને તેનું મહત્ત્વ

### રાજકીય ક્ષેત્રે પ્રદાન :

પ્રાચીન ભારતના લગભગ દરેક દેશની માફક વૈદિક યુગમાં ભારતમાં પણ રાજાનું પદ દૈવી રીતે ઉત્પન્ન થયેલું મનાયું હોવા છતાં, અહીંની રાજાશાહી પ્રથા પ્રજાકલ્યાણના આદર્શવાળી હતી. વૈદિક સમયમાં રાજ્યાભિષેકની વિધિ પ્રજાકીય ઢબની હતી. રાજગાદીએ બેસતાં પહેલાં રાજા માટે શપથ લેવા જરૂરી હતા. રાજા નિરંકુશ ન બને તે માટે તેના પર ધર્મનો અંકુશ મૂકવામાં આવતો. દરેક વર્ગના પ્રતિનિધિઓ રાજકૃત (રાજા બનાવનાર) કહેવાતા. તેમનો રાજા પર અંકુશ રહેતો. તેમના મંત્રીઓ અને સામંતોનો પણ રાજા પર અંકુશ હતો. રાજ્યાભિષેકવિધિ બાદ – આ રાજ્ય રાજાને સોંપાય છે, તેવું સ્વીકારવામાં આવતું. ખેતી માટે, સાર્વત્રિક વિકાસ માટે, પ્રજાના કલ્યાણ માટે, રાજ્યની સમૃદ્ધિ માટે વગેરે શબ્દો વડે રાજાને વિધિપૂર્વક રાજ્ય સોંપવામાં આવતું.

અનુવૈદિક યુગમાં રાજ્યની જગ્યાએ સામ્રાજ્યનો ખ્યાલ વિકસિત બન્યો. રાજાપદ દૃઢ બની જતાં તે રાજાશાહી ઢબની શાસનવ્યવસ્થા બની ગઈ. રાજાઓ માટે સમ્રાટ તેમજ ચક્રવર્તી શબ્દોનો ઉપયોગ થવા લાગ્યો. રાજા કોઈ પણ વ્યક્તિને દંડ દેવા માટે સ્વતંત્ર બન્યો. આ રાજા આપખુદ ન બને તે માટે તેને વારંવાર રાજ્યધર્મની યાદ આપવામાં આવતી. રાજ્યનો વિસ્તાર વધતાં, વહીવટી સરળતા માટે તેના જુદા-જુદા વિભાગો પાડી અધિકારીને તેનો વહીવટ સોંપી દેવાતો. જેમકે 100 ગામડાં માટે 'શતપતિ' નામનો વહીવટી અધિકારી નિયુક્ત કરવામાં આવતો હતો. તેના હાથ નીચે 10 અને 20 ગામડાંના અધિકારીઓ હતા, તે જ રીતે ગામડામાં ગ્રામીણ કે સ્થાનિક કક્ષાનો વહીવટ થતો.

### સામાજિક ક્ષેત્રે પ્રદાન :

વૈદિક સમાજ, જન્મ અને વ્યવસાય બાબતે ઉદાર હતો. તેમની જ્ઞાતિ કે તેમના વર્ણો જન્મજાત નહીં પરંતુ કર્મ અને ગુણને આધારે નક્કી થતાં. અર્થાત્ વૈદિક યુગમાં વર્ણાશ્રમવ્યવસ્થા હતી. સમાજના ચાર વર્ગો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર લોકોને કામના આધારે ફાળવાતા વર્ણ હતા. કાર્યની વહેંચણી અન્વયે સમાજવ્યવસ્થા હતી.

અનુવૈદિક યુગમાં આ વર્ણવ્યવસ્થા વધારે જટિલ બની. યજ્ઞ તેમજ કર્મકાંડની અટપટી વિધિઓએ બ્રાહ્મણોનું વર્ચસ્વ વધાર્યું. બીજીબાજુ પોતાની રાજ્યસત્તા વિસ્તારને કારણે ક્ષત્રિયોનું મહત્ત્વ વધ્યું.

આ સમયે શિક્ષણપ્રણાલીનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાન આપી માનવને પૂર્ણ બનાવવાનો હતો. વૈદિક યુગમાં સ્ત્રીએ પરિવારની સામ્રાજ્ઞી તથા કુળની પાલક ગણાતી હોવાથી સ્ત્રીને પણ વિશેષ અધિકાર હતા. ટૂંકમાં, આ સમયે નારી-સન્માનની અને સ્ત્રી-સ્વાતંત્ર્યની ભાવના જળવાઈ રહી હતી.

**સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન :**

વૈદિક યુગના ધર્મો સાદા, સરળ અને નીતિમય જીવનનો ખ્યાલ આપે છે. સાહિત્યને ક્ષેત્રે વિશ્વની શ્રેષ્ઠ ગણાતી સંસ્કૃત ભાષાએ સાહિત્યના વારસાને સમૃદ્ધ બનાવ્યો. વૈદિક સાહિત્ય વિશ્વસંસ્કૃતિ માટે શ્રેષ્ઠ સાહિત્યિક વારસો છે. દાર્શનિક સિદ્ધાંતો, દાર્શનિક ચિંતન કે સૂત્રસાહિત્યમાં સચવાયેલ વૈદિક સાહિત્યને વિશ્વના બેનમૂન સાહિત્યમાં સ્થાન મળ્યું છે.

અનુવૈદિક યુગમાં બ્રાહ્મણોએ યજ્ઞો તથા કર્મકાંડ દ્વારા ધર્મને વધારે અટપટો કે જટિલ બનાવી દીધો. આ જ સમયે ભાગવત અને શૈવધર્મની શરૂઆત થઈ. વૈદિક યુગમાં આર્ય સંસ્કૃતિ પર અનાર્ય દ્રવિડસંસ્કૃતિની અસર થઈ, પરિણામે આર્ય-સંસ્કૃતિ સમય જતાં અનાર્યસંસ્કૃતિના સંપર્કમાં આવી. બંને વચ્ચેના સંઘર્ષમાંથી સમન્વયયુક્ત સંસ્કૃતિ વિકસી. આર્યેતર દેવો હવે આર્યોના પણ દેવો બની ગયા. બંને જાતિઓના સમન્વયના પરિણામે ગ્રીક, શક, હૂણ વગેરે પ્રજાને અપનાવવાનું, તેમના ધર્મ, રીત-રિવાજ સાહિત્ય કે કલાને પોતાના કરી લેવાનું ભારતીય સંસ્કૃતિ માટે સહેલુ બન્યું.

આમ, ભારતીય સંસ્કૃતિનું ઘડતર અનેક જાતિઓનું સહિયારું ઘડતર બન્યું. તેનો યશ આર્ય-અનાર્ય સંસ્કૃતિના મિલનને આપવો જોઈએ. ભારતીય સંસ્કૃતિની વિવિધતામાં એકતાની વિશેષતા અહીંથી શરૂ થયેલી જોવા મળે છે.

**સ્વાધ્યાય**

**1. નીચે આપેલ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) ઉપનિષદમાં વર્ણવાયેલ આધ્યાત્મિક વિચારધારાનું વિવેચન કરો.

(2) ઉપનિષદમાં વર્ણવાયેલ દાર્શનિક વિચારધારાનો ટૂંકમાં પરિચય આપો.

(3) જૈનવિચારધારાનું ટૂંકમાં વર્ણન કરો.

(4) વૈશ્વિક તત્ત્વજ્ઞાનના વારસામાં ભારતનું પ્રદાન શું છે ?

(5) વૈદિક યુગે ભારતને રાજકીય અને સામાજિક ક્ષેત્રે આપેલ વારસો જણાવો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) મુખ્ય ઉપનિષદોનાં નામ જણાવો.

(2) બ્રાહ્મણગ્રંથોનો ટૂંકમાં પરિચય આપો.

(3) સૂત્રસાહિત્ય એટલે શું?

(4) બૌદ્ધધર્મની વિચારધારા ટૂંકમાં જણાવો.

(5) વૈશેષિક દર્શન વિશે ટૂંકમાં માહિતી આપો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) મુખ્ય ઉપનિષદોની સંખ્યા કેટલી છે?

(A) 18 (B) 11 (C) 108 (D) 6

(2) પદ્ય સ્વરૂપે રચાયેલ ઉપનિષદનું નામ આપો.

(A) બૃહદારણ્યક ઉપનિષદ (B) છાંદોગ્ય ઉપનિષદ (C) કેનોપનિષદ (D) કઠોપનિષદ

(3) ષડ્ દર્શન એટલે શું ?

(A) ષડ્ કરવાનું યંત્ર (B) સાંઈઠદર્શન (C) છળદર્શન (D) છદર્શન

(4) સાંખ્યદર્શનના રચયિતા કોણ ગણાય છે ?

(A) મહર્ષિ પતંજલિ (B) મહર્ષિ ગૌતમ (C) મહર્ષિ કપિલ (D) મહર્ષિ વેદવ્યાસ

(5) અદ્વૈતવાદના પ્રણેતા કોણ ગણાય છે ?

(A) માધવાચાર્ય (B) શંકરાચાર્ય (C) રામાનુજાચાર્ય (D) રામકૃષ્ણાચાર્ય

•

# 5 જૈનધર્મ અને બૌદ્ધધર્મ

ભારત વિશ્વના અનેક મહાન ધર્મોનું જન્મસ્થાન ગણાય છે. ભારતીય સંસ્કૃતિનું સ્વરૂપ આવા અનેક ધર્મો વડે રચાયેલું છે, જેના પરિણામ સ્વરૂપે ભારતીય સંસ્કૃતિ અને ધર્મ બંને એકબીજાના પર્યાય બની ગયા છે. આદિકાળથી ભારતમાં બ્રાહ્મણ પરંપરામાં હિન્દુધર્મ અને તેની શાખાઓનો તથા શ્રમણપરંપરામાં જૈન અને બૌદ્ધધર્મનો વિકાસ થયો છે. વેદકાળના ઉત્તરાર્ધમાં શુદ્ધ વૈદિક વિચારધારાનું સ્થાન યજ્ઞ અને કર્મકાંડે લીધું. હિંદુધર્મમાં જે સમયે કર્મકાંડોને વિશેષ મહત્ત્વ અપાતું હતું, ત્યારે હિંદુધર્મમાં સંગીન સુધારા કરવાના સ્વરૂપે જૈન અને બૌદ્ધધર્મપરંપરાની શરૂઆત થઈ.

## જૈનધર્મ

### મહાવીરસ્વામી પૂર્વેના 23 તીર્થંકરો અને મહાવીરસ્વામી :

તીર્થંકર શબ્દનો અર્થ ''પવિત્ર કરનાર થાય છે.'' જૈનધર્મમાં જેમણે પોતાની અલૌકિક, અદ્‌ભુત શક્તિથી, તેમજ શાસ્ત્ર અને ઉત્તમ ચારિત્ર્ય દ્વારા સંસારરૂપી નદી પાર કરી શકાય તેવો ઘાટ બાંધ્યો તે મહામાનવ, મહાન વિભૂતિ તીર્થંકર ગણાય છે.

જૈન શાસ્ત્રોના મતાનુસાર કુલ 24 તીર્થંકરો થયા છે, જેમાં મહાવીરસ્વામી 24મા તીર્થંકર છે. તે પહેલાનાં 23 તીર્થંકરોના નામ નીચે કોષ્ટકમાં આપ્યાં છે, જેનો ઉલ્લેખ જૈનશાસ્ત્રોમાં કરવામાં આવ્યો છે.

**24 તીર્થંકરો અને તેમનાં (લાંછન)**

| તીર્થંકર | પ્રતીક (લાંછન) | તીર્થંકર | પ્રતીક (લાંછન) | તીર્થંકર | પ્રતીક (લાંછન) |
|---|---|---|---|---|---|
| 1. ઋષભદેવ(આદિનાથ) | - વૃષભ | 9. સુવિધિનાથ | - મગર | 17. કુંથુનાથ | - બકરો |
| 2. અજિતનાથ | - હાથી | 10. શીતલનાથ | - શ્રીવત્સ | 18. અરનાથ | - નન્ધાવર્ત |
| 3. સંભવનાથ | - ઘોડો | 11. શ્રેયાંસનાથ | - ગેંડો | 19. મલ્લિનાથ | - કળશ |
| 4. અભિનન્દન | - વાનર | 12. વાસુપૂજ્ય | - પાડો | 20. મુનિસુવ્રત | - કાચબો |
| 5. સુમિતનાથ | - ક્રૌંચ | 13. વિમલનાથ | - સુવર | 21. નેમિનાથ | - નીલકમલ |
| 6. પદ્મપ્રભુ | - કમળ | 14. અનન્તન | - બાજ | 22. અરિષ્ટનેમિ(નેમિનાથ) | - શંખ |
| 7. સુપાર્શ્વનાથ | - સ્વસ્તિક | 15. ધર્મનાથ | - વ્રજ | 23. પાર્શ્વનાથ | - સર્પ |
| 8. ચન્દ્રપ્રભુ | - ચંદ્ર | 16. શાન્તિનાથ | - હરણ | 24. મહાવીરસ્વામી | - સિંહ |

**મહાવીરસ્વામી :** મહાવીરસ્વામીનો જન્મ ઈ.સ. પૂર્વે 599માં બિહારમાં વૈશાલીના કુંડગ્રામ(ક્ષત્રિયકુંડ) નામના ગામમાં થયો હતો. તેમનું મૂળનામ 'વર્ધમાન' હતું. તેમના પિતા ક્ષત્રિય જાતિના નેતા હતા. તેમની માતા–ત્રિશલાદેવી, વૈશાલીનગરીનાં રાજકુમારી હતાં. જૈનશાસ્ત્રો અનુસાર માતાના સંતોષ ખાતર તેમણે, યોગ્ય ઉંમરે યશોદા નામની રાજકુમારી સાથે ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો. તેમને પ્રિયદર્શના નામે એક પુત્રી પણ હતી.



મહાવીર સ્વામી

30 વર્ષની ઉંમરે તેમણે પોતાના ભાઈ નંદવર્ધનની રજા લઈ સંસારત્યાગ કર્યો. 12 વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા અને દેહદમન દ્વારા તેમણે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યારબાદ તેરમા વર્ષે ઋજુપાલિકા નદીને કિનારે તેમને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું. તેઓ સુખદુઃખનાં બંધનોથી મુક્ત થયા અને 'નિગ્રંથ' કહેવાયા. તેમણે તપ દરમિયાન દેહદમન દ્વારા ઇન્દ્રિયો પર વિજય મેળવ્યો હતો, તેથી તેઓ ઇન્દ્રિયોને જીતનાર 'જિન' કહેવાયા. જિન શબ્દ પરથી મહાવીરસ્વામીના અનુયાયીઓ 'જૈન' કહેવાયા. કૈવલ્યજ્ઞાનનો અનુભવ કર્યા પછી મહાવીરસ્વામીએ ત્રીસ વર્ષ સુધી વૈશાલી, વિદેહ અને મગધના (વર્તમાન સમયના બંગાળ) લોકોને, સમગુણો ખીલવવાનો ધર્મસંદેશ આપ્યો. 72 વર્ષની વયે ઈ.સ. પૂર્વે 527માં મગધની રાજધાની રાજગૃહી નજીક આવેલ પાવાપુરીમાં તેઓ નિર્વાણ પામ્યા.

## જૈનધર્મનો ઉદ્‌ભવ અને વિકાસ

મહાવીરસ્વામીએ 42 વર્ષની વયે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું. પોતાના ઉપદેશથી તેમણે અનેક સાધુ-સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓને પોતાનાં અનુયાયીઓ બનાવ્યાં હતાં. જૈનધર્મની માન્યતા પ્રમાણે, જૈનધર્મની સ્થાપના આદિકાળથી થઈ હતી. મહાવીરસ્વામી પહેલાં ત્રેવીસમા તીર્થંકર–પાર્શ્વનાથે ઈ.સ. પૂર્વે 700ની આસપાસ જૈનધર્મની વિચારસરણીનો ઉપદેશ લોકોને આપ્યો હતો. તે જોતાં મહાવીરસ્વામીને પાર્શ્વનાથના અનુયાયી ગણાવી શકાય.

મહાવીરસ્વામીએ પોતાનો ઉપદેશ લોકો સરળતાથી સમજી શકે તેવી લોકભાષા–અર્ધમાગધીમાં આપ્યો. તેથી લોકો સહજ રીતે આ ધર્મને સ્વીકારી શક્યા. મહાવીર સ્વામીના નિર્વાણ પછી લગભગ 200 વર્ષ બાદ જૈનપરંપરાના અનુયાયીઓ દ્વારા જૈનધર્મનો ફેલાવો ઝડપી બન્યો. પ્રાચીન સમયમાં જૈનધર્મ કલિંગ (વર્તમાન ઓરિસ્સા) દેશમાં પ્રસર્યો હોય તેમ જણાય છે. ચીની યાત્રાળુ યુઅન–શ્વાંગે કલિંગ દેશને જૈનધર્મનું મુખ્ય ઉદ્‌ભવસ્થાન કહ્યું છે. એ જ રીતે બિહારમાં નન્દવંશના આશ્રયે જૈનધર્મ ફેલાયો. ચંદ્રગુપ્ત મૌર્ય અને સમ્રાટ સંકૃતિએ જૈનધર્મ અપનાવ્યો હોવાનું જાણવા મળે છે.

ચંદ્રગુપ્તના શાસનકાળના અંતભાગમાં મગધમાં દુષ્કાળ પડતાં, ગણધર ભદ્રબાહુ તેમના અનુયાયીઓ સાથે દક્ષિણમાં ગયા. મગધમાં રહેલા અનુયાયીઓએ ગણધર સ્થૂલિભદ્રની નેતાગીરી નીચે મહાવીરસ્વામીના ઉપદેશને વ્યવસ્થિત રીતે ગ્રંથસ્થ કરવા તેમજ જૈનગ્રંથોની પુનઃરચના માટે મગધના પાટનગર પાટલીપુત્રમાં પ્રથમ જૈનસભા બોલાવી.

આ સમયે દક્ષિણ ભારતમાં ગયેલા અનુયાયીઓ મગધ પાછા ફરતાં, બન્ને તરફની કેટલીક સૈદ્ધાંતિક બાબતો વિશે મતભેદ ઊભા થતાં શ્વેતાંબર અને દિગંબર એવા બે જૈનસંપ્રદાય ઊભા થયા. શ્વેતાંબર એટલે શ્વેત વસ્ત્રોના હિમાયતી સાધુઓના અનુયાયી લોકો. આ જૈનો મૂર્તિપૂજાના હિમાયતી હતા. દિગંબર (દિક્ = દિશા પરથી અપભ્રંશ શબ્દ દિગ) એટલે દિશારૂપી વસ્ત્ર ધારણ કરનાર, (જૈનસાધુઓએ વસ્ત્ર ધારણ કરવાં ન જોઈએ તેવો મત ધરાવનાર) જૈન અનુયાયીઓ દિગંબર કહેવાયા. જૈનધર્મમાં ઉપર્યુક્ત બે સંપ્રદાય–પંથ ઉદ્‌ભવ્યા હોવા છતાં, ભારતમાં જૈનધર્મનો ફેલાવો સારો એવો થયેલો જણાય છે.

ઓરિસ્સામાં આવેલ કટક પાસેના ઉદયગિરિમાંથી ચૌલવંશના રાજા ખારવેલના ઈ.સ. પૂર્વે બીજી સદીના હાથીગુફાના શિલાલેખ પરથી જાણવા મળે છે કે, આ રાજાઓએ જૈનધર્મનું અનુસરણ કર્યું હતું. ઈસુની શરૂઆતની સદીમાં, ઉત્તર ભારતમાં મથુરામાંથી મળી આવેલ શિલાલેખ પરથી જણાઈ આવે છે કે, મથુરા લાંબા સમય સુધી જૈનધર્મનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું.

દક્ષિણ ભારતના મૈસુરમાં (ઈસુની પહેલી સદી) શ્રવણબેલગોડા ખાતે, તેમજ ગંગ, કદંબ, ચાલુક્ય અને રાષ્ટ્રકૂટ વંશના રાજાઓએ પોતાના રાજ્યોમાં (ઈસુની પાંચમીથી બારમી સદી) જૈનધર્મનો પ્રસાર કરવા દીધો. તેથી અહીં પણ જૈનધર્મનો સારો એવો ફેલાવો થયો હતો. એજ રીતે મહારાષ્ટ્ર અને રાજસ્થાન(મારવાડ)ની સાથે ભારતના અન્ય કેટલાક પ્રદેશોમાં પણ જૈનધર્મનો પ્રચાર-પ્રસાર થયો હતો.

## જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતો

જૈનધર્મમાં આત્માને મોક્ષપ્રાપ્તિ કઈ રીતે પ્રાપ્ત થાય તે વિચાર કેન્દ્રસ્થાને છે. જૈનદર્શનમાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ કે જે **સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન** અને **સમ્યક્‌ચરિત્ર** જેવાં ત્રણ રત્નોને નામે પ્રસિદ્ધ છે. તેના આચરણથી પૂર્વનાં બધાં કર્મોમાંથી મુક્તિ મળે છે તથા પાપનું ફળ પુર્નજન્મ વખતે મળે છે. જૈનધર્મે મોક્ષ મેળવવાના માર્ગ તરીકે આ ત્રણ રત્નો (સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌આચરણ)નો માર્ગ સૂચવ્યો છે, જે ત્રિરત્નસિદ્ધાંત તરીકે જાણીતો છે.

| પાંચ વ્રતો | પાંચ સમિતિ | ત્રણ ગુપ્તિઓ | ચાર ભાવના |
|---|---|---|---|
| અહિંસા | ઈર્યાસમિતિ | મનોગુપ્તિ | મૈત્રી |
| સત્ય | ભાષાસમિતિ | વાક્‌ગુપ્તિ | પ્રમાદ |
| અસ્તેય | એષણાસમિતિ | કાયગુપ્તિ | કરુણા |
| બ્રહ્મચર્ય | આદાનનિક્ષેપણ સમિતિ | | મધ્યસ્થ |
| અપરિગ્રહ | પરિષ્ઠાયનસમિતિ | | |

સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચરિત્ર માટે માનવે આ પ્રમાણેનાં પાંચ વ્રતો, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓ અને ચાર ભાવનાઓનું પાલન કરવું જોઈએ.

## જૈનધર્મમાં તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક બાબતો

જૈનધર્મ પૃથ્વી પરનાં દરેક તત્ત્વોને જીવ અને સજીવ એવા વિભાગમાં વહેંચે છે. દરેક જીવ પોતાના પૂણ્યના આધારે દેવ, મનુષ્ય કે પ્રાણી બને છે. જીવની બદ્ધજીવ, મુક્તજીવ અને નિત્ય સિદ્ધજીવ એ ત્રણ કક્ષા કહી છે. કર્મ આત્મા માટે બંધન રૂપ છે. આવા કર્મમાં મુક્તિ માટે નવું કર્મ કરવુ નહિ અને ઉત્પન્ન થયેલ કર્મના તપ વડે ક્ષય કરવો.

### આધ્યાત્મિક બાબતો :

જૈનધર્મમાં તપશ્ચર્યા અને વૈરાગી જીવનનું ઘણું મહત્ત્વ છે. ક્ષમા, મૃદુતા, નિષ્કપટતા, ઉદારતા, તપ, ઇન્દ્રિયનિગ્રહ, સત્ય, પવિત્રતા, અકિંચિતતા તેમજ પ્રતિક્રમણ અને સામાયિકની ક્રિયામાં આધ્યાત્મિક બાબતો સમાયેલી છે. પ્રતિક્રમણ દ્વારા શુભ તરફ પ્રયાણ કરવું તેમજ સામાયિક દ્વારા એક જગ્યાએ બેસી આત્મચિંતન, સ્તુતિ, વંદન કરવા. મહિનામાં પાંચવાર પોસહ કે પોષધવ્રત કરી ઇચ્છાઓનો ત્યાગ કરવો. નિશ્ચિત કરેલા દિવસોએ શેત્રુંજય, ગિરનાર, ચંપાપુરી, પાવાપુરી, સમેતશિખર જેવાં સ્થળોની યાત્રા કરવાનાં વિશેષ મહત્ત્વનો જૈનદર્શનમાં ઉલ્લેખ કરેલ છે.

જૈનોની પ્રાર્થનામાં નવકારમંત્રનું ઉચ્ચારણ, દેરાસર કે પૂજાસ્થળની જગ્યાનાં પવિત્ર ચિહ્નો, તેમજ જૈનોના પર્વધિરાજ ગણાતા પજુષણ (પર્યુષણ) જેવાં પર્વો અને મિચ્છામિદુક્કડમ (મિ ક્ષમામી દુષ્કૃત્યમ્) જેવાં વાક્યોમાં જૈનધર્મની આધ્યાત્મિકતાનો પરિચય થાય છે.

## જૈન ધર્મગ્રંથો અને મૂર્તિઓ

### જૈન ધર્મગ્રંથો :

જૈન ધર્મગ્રંથોમાં આધ્યાત્મિક ભાવનાઓ, ધાર્મિક કથાઓ, શિલ્પશાસ્ત્ર અને તીર્થંકરના સ્તોત્રો મુખ્ય છે. તે ઉપરાંત વિજ્ઞાન શાસ્ત્ર, કાવ્યો, વાર્તાઓ, નાટકો તેમજ લેખો અને સાંસારિક વિષયના ગ્રંથો દ્વારા પણ જૈનધર્મને પ્રોત્સાહન મળેલું છે. ભારતની જુદી-જુદી આર્ય તેમજ આર્યેતર દ્રાવિડિયન ભાષાઓ અને ઉપભાષાઓમાં જૈનસાહિત્ય લખાયું છે.

### જૈન મૂર્તિઓ :

જૈન ધર્મસ્થાનોમાં અનેક દેવીઓ, તીર્થંકરોની મૂર્તિઓ હોય છે. જેમાંથી અંબિકા, ચક્રેશ્વરી, જ્વાલિની અથવા જ્વાલામાલિની, પદ્માવતી, ચામુંડા, મહાદેવી, ભારતી અથવા સરસ્વતી મુખ્ય દેવીઓ છે.

જૈનધર્મનાં દેવસ્થાનોમાં તીર્થંકરોની મૂર્તિ સાથે તેમની સાથે રહેલ યક્ષ, શાસનદેવી અને લાંછન પરથી તીર્થંકરની મૂર્તિઓની ઓળખ થાય છે.

પ્રાણીઓનાં લાંછન, જૈનધર્મમાં રહેલ જીવમાત્ર તરફના અહિંસાભાવનાં સૂચક છે.

## ભારતીય સંસ્કૃતિને જૈનધર્મ તરફથી પ્રાપ્ત થયેલ વિશિષ્ટ પ્રદાન

### સાહિત્ય ક્ષેત્રે :

મહાવીરસ્વામી અને તેમની પહેલાનાં તીર્થંકરોએ મૌખિક ઉપદેશ જ કર્યો હતો, પરંતુ તેમના ગણધરોએ - મુખ્ય શિષ્યોએ મહાવીરસ્વામીના ઉપદેશને ગ્રંથસ્થ કરીને કાળજીપૂર્વક સાચવી રાખેલ છે. જૈનધર્મનું પ્રાચીન સાહિત્ય 14 પર્વ અને 12 અંગમાં વહેંચાયેલું છે, જેમાં સાધુ-સાધ્વીઓ અને જૈન અનુયાયીઓને લગતા નિયમો કે આદર્શોનો સમાવેશ થાય છે. અંગ અને દશવૈતાલિક સૂત્રની રચના પ્રાકૃત અથવા અર્ધમાગધી ભાષામાં થયેલ છે. ઈસુની સાતમી અને આઠમી સદીમાં આ ગ્રંથો વિશેની ટીકાઓ (વિવેચન) તેમજ અન્ય જૈનદર્શનશાસ્ત્રો સંસ્કૃત ભાષામાં લખવા શરૂ થયા હતા. ગુણાઢ્યરચિત 'બૃહત્કથા' જૈનસૂરિ જિનસેન રચિત 'હરિવંશપુરાણ', સંઘદાસગણિ રચિત 'વાસુદેવહિંડી' નામના ગ્રંથો ઘણા પ્રસિદ્ધ છે, તેમજ 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ પામેલા ગુજરાતના હેમચંદ્રાચાર્ય દ્વારા પ્રાકૃત ભાષામાં રચાયેલ 'સિદ્ધહેમશબ્દાનુંશાસન' નામનો વ્યાકરણગ્રંથ તથા વ્યાકરણના નિયમોને સમજાવતું 'દ્વયાશ્રય' નામનું મહાકાવ્ય પ્રસિદ્ધ છે. ગુજરાતના વાઘેલાવંશના રાજમંત્રી વસ્તુપાલ-તેજપાલ સમર્થ સાહિત્યકાર હતા. કવિ સોમેશ્વર રચિત 'કીર્તિકૌમુદી' નામનું મહાકાવ્ય ઘણું પ્રસિદ્ધ છે.

જૈનસાધુઓ દ્વારા પ્રાચીન ગ્રંથની નકલ કરેલી હસ્તપ્રતો ગુજરાતના પાટણ શહેરમાં સચવાયેલી છે. જૈનલેખકોએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષા સાથે કન્નડ, તમિલ, તેલુગુ, ગુજરાતી, રાજસ્થાની વગેરે ભાષાઓમાં પોતાની રચના કરી પ્રાદેશિક ભાષાઓના વિકાસમાં બહુ મોટું પ્રદાન આપ્યું છે.

તામિલ ભાષાના પ્રસિદ્ધ ગ્રંથ 'કુરલ' ના કેટલાક ભાગની રચના જૈનો દ્વારા થઈ છે. ભાષાની દૃષ્ટિએ પ્રાચીન જૈનસાહિત્યની પ્રાકૃત ભાષા અને અપભ્રંશ ભાષા, આધુનિક ભારતીય ભાષાઓ અને પ્રાચીન સંસ્કૃત ભાષાને જોડતી કડી સમાન ગણાય છે.

**સામાજિક ક્ષેત્રે :**

ભારતીય સમાજ અને સંસ્કૃતિને જૈન વિચારધારાએ બહુ મોટું પ્રદાન આપ્યું છે. જૈનસાધુઓનું દેહદમન, કઠોર સંયમ અને તપસ્યામય જીવન તેમજ વિશેષરૂપે અહિંસાનું પાલન ભારતીયોને નૈતિક અને નિષ્ઠાવાન જીવન પસાર કરવા માટે બળવાન પ્રેરણા આપે છે. ગાંધીજીના મતે "અહિંસા તત્ત્વના સૌથી વધુ મહાન પ્રચારક મહાવીરસ્વામી જ હતા." આ અહિંસાનો સિદ્ધાંત ગાંધીજીનો જીવનમંત્ર બન્યો હતો. પ્રાણીમાત્ર પ્રત્યે મન, વચન અને કર્મથી અહિંસાના આચરણ પર જૈનધર્મ ભાર મૂકે છે. જ્ઞાતિ, જાતિ, ભાષા કે પ્રદેશ તેમજ સ્ત્રી-પુરુષના ભેદભાવ વગર દરેકને જૈનસમાજમાં ઊંચું સ્થાન અને દરજ્જો જૈનધર્મે આપ્યા. સ્ત્રીઓને પણ દીક્ષા લેવાનો, સાધ્વીજીવન જીવવાનો, કલ્યાણમાર્ગ અને મોક્ષપ્રાપ્તિનો અધિકાર આપી મહાવીરસ્વામી સમાજસુધારક બન્યા હતા.

**કલા ક્ષેત્રે :**

જૈનદેરાસરોમાં રહેલી તીર્થંકરોની પ્રતિમાઓ દ્વારા પ્રાચીન અને મધ્યકાળના શિલ્પીઓની શિલ્પકલાનો પરિચય થાય છે. મધ્યભારતમાં આવેલા ખજૂરાહો ખાતે પાર્શ્વનાથ, શક્તિનાથ અને આદિનાથ નામનાં મંદિરો આવેલાં છે, જેમાં અનેક હિન્દી દેવી-દેવતાઓની મૂર્તિમાં હિન્દુઓ અને જૈન મતોની સહિષ્ણુતા જોવા મળે છે, જૈનોના આદિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ કે મહાવીરસ્વામી જેવાં તિર્થંકરોની અસંખ્ય મૂર્તિઓ, તેમનાં લાંછનો, ધર્મસ્થાનની દીવાલો, છત, સ્તંભ પ્રવેશદ્વાર પર યક્ષો, યક્ષિણી, વાહકો, નર્તકોની શિલ્પકૃતિઓ વગેરે શિલ્પકલાના ઉત્તમ નમૂના છે. દક્ષિણનાં મૈસુરમાં ચંદ્રગિરિ પહાડ પર આવેલી ઊંચી અને ભવ્ય ગોતમેશ્વર (બાહુબલિ)ની મૂર્તિ મધ્યકાલીન જૈન શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો ગણાય છે.

સ્થાપત્યકલામાં ઓરિસ્સાના પૂરી જિલ્લામાં રાજા ખારવેલે ઉદયગિરિ અને ખંડગિરિ પર્વતમાં કોતરાવેલી 35 ગુફા મળે છે, જેમાં રાણીગુફા અને ગણેશગુફા સૌથી વધારે આકર્ષક છે.

પશ્ચિમ ભારતમાં ઇલોરામાં આવેલી જૈનગુફાઓમાં ઇન્દ્રસભા નામની બે માળની ગુફા પ્રસિદ્ધ છે. મધ્યકાળમાં ગુજરાતમાં પાલીતાણા (શેત્રુંજય) અને ગિરનાર પર્વતો ઉપર આવેલાં જૈનમંદિરો, કુંભારિયાનાં દેરાસરો તેમજ આબુ પર્વત પર આવેલા દેલવાડાનાં અને રાણકપુરનાં જૈનદેરાસરો શિલ્પ અને સ્થાપત્યોના ઉત્તમ નમૂના ગણાવી શકાય.

ખાસ કરીને આબુ પર્વત પરનાં દેલવાડાનાં દહેરાં કે જે ગુજરાતના જૈનમંત્રી વિમલશાહે બંધાવેલ. વિમલવસહી અને વસ્તુપાળે બંધાવેલ લુણવસહીના મંદિરોનાં શિખરો ખજૂરાહોના મંદિરના શિખર જેવાં છે. આરસપહાણથી બનેલી તેની છતો અને સ્તંભો ઉપરનું બારીક અને મનોહર શિલ્પકામ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ સ્થાપત્યકલા અજોડ અને યાદગાર વારસા તરીકે ભારતીય સંસ્કૃતિને મળેલી અણમોલ ભેટ છે.

શિલ્પકલા અને સ્થાપત્યકલાની જેમ ચિત્રકલાનો પરિચય જૈનદેરાસરોની છતો અને દીવાલો, રાજમહેલો, જૈન દેરાસરો કે જૈન શ્રેષ્ઠિઓનાં નિવાસસ્થાનોની દીવાલો કે છતો પર દોરેલાં ચિત્રો પરથી મળે છે. ધાર્મિક વિધિ માટે ઉપયોગમાં લેવાતા કપડા પર તેમજ તેમના હસ્તલિખિત પુસ્તકોના હાંસિયા પર રંગબેરંગી ચિત્રો અને વલ્લરિયો-વેલબુટ્ટાઓ બનાવેલા જોવા મળે છે. તે પૂર્વ મધ્યકાલીન ભારતીય લઘુચિત્રકલાની સમૃદ્ધિ પ્રદર્શિત કરે છે.

## બૌદ્ધધર્મ

**ગૌતમ બુદ્ધનું જીવન :**



ગૌતમ બુદ્ધ

ગૌતમ બુદ્ધનો જન્મ ઈ.સ. પૂર્વે 566માં નેપાળના કપિલવસ્તુ નગર પાસે લુમ્બિનીવનમાં થયો. તેમનું જન્મનું નામ સિદ્ધાર્થ અને ગોત્રનામ ગૌતમ હતું. તેમના પિતા શુદ્ધોધન શાક્ય નામની ક્ષત્રિય જાતિના વડા હતા. તેમની માતા માયાદેવી, દેવધવાનાં રાજકુમારી હતાં. તેમનું બાળપણ અને યુવાની ખૂબ જ લાડકોડ અને સમૃદ્ધિમાં પસાર થયાં હતાં. 16 વર્ષની ઉંમરે તેમનાં લગ્ન યશોધરા નામની રાજકુમારી સાથે થયાં હતાં. તેમના પુત્રનું નામ રાહુલ હતું. જ્યારે તેમણે એક રોગી, એક વૃદ્ધ માણસ, એક શબ અને એક સાધુને જોયા ત્યારથી દુઃખ, જરા—વૃદ્ધાવસ્થા અને મૃત્યુ માનવ માટે બંધનરૂપ લાગ્યાં. આમાંથી સાધુજીવન જ મુક્તિ અપાવી શકે તેવું તેમણે અનુભવ્યું, ત્યારથી માનવજાતિને આ બંધનમાંથી મુક્તિ અપાવવા માટે તેમણે સંસારનો ત્યાગ કર્યો. ઇતિહાસમાં આ બનાવ 'મહાભિનિષ્ક્રમણ' તરીકે જાણીતો

છે. ત્યાર બાદ ગૌતમે આશરે 6 વર્ષ સુધી ગુરુઓ, યતિઓ અને તપસ્વીઓના આદેશ પ્રમાણે કઠોર તપ કર્યું, છતાં તેમને માનવજાતની મુક્તિ માટે સાચો સંદેશ મળ્યો નહિ, ત્યારે બોધગયામાં પીપળાના વૃક્ષ નીચે આસન લગાવી ને બેસી ગયા અને પ્રતિજ્ઞા કરી કે ભલે મારો દેહ નાશ પામે કે, ન રહે, હવે હું આ આસન પરથી ત્યાં સુધી ઊઠીશ નહીં જ્યાં સુધી મને સાચું અને પૂર્ણ જ્ઞાન-બોધ પ્રાપ્ત નહિ થાય. છેવટે એક સમયે વૈશાખી પૂર્ણિમાએ બોધિવૃક્ષની છાયામાં તેમને પ્રકાશ પ્રાપ્ત થયો અને તેઓ બુદ્ધ બની ગયા. ગોત્રનામ ગૌતમ હોવાથી તેઓ ગૌતમ બુદ્ધ કહેવાયા. બૌદ્ધસાહિત્યમાં તેમને તથાગત અને શાસ્તા શબ્દોથી પણ સંબોધિત કરવામાં આવે છે. બૌદ્ધધર્મનો પ્રચાર અને પ્રસાર કરતાં કરતાં 80 વર્ષની ઉંમરે ઈ.સ. પૂર્વે 486માં મલ્લગણ રાજ્યના પાટનગર કુશિનગરમાં તેઓ નિર્વાણ પામ્યા.

### ધમ્મ (ધર્મ)

બુદ્ધે બુદ્ધત્વ મેળવ્યા પછી પોતાને પ્રાપ્ત થયેલ જ્ઞાન, સત્યની શિક્ષા લોકો સુધી પહોંચાડવા જે માર્ગ કે પથ બતાવ્યો તે ધમ્મ. ધમ્મ એ આધ્યાત્મિક જીવનશૈલી છે. બુદ્ધે સ્વયં કહ્યું છે કે, જે વ્યક્તિના આધ્યાત્મિક વિકાસમાં ફાયદાકારક છે તે ધમ્મ છે, જેમકે, શીલ, સમાધિ, દાન, પ્રજ્ઞા વગેરે.

### બૌદ્ધધર્મનાં સિદ્ધાંતો

બુદ્ધે સૌપ્રથમ પોતાનો ઉપદેશ પાંચ સાધુઓને આપ્યો, જે બૌદ્ધધર્મમાં ધર્મચક્ર પ્રવર્તનમંત્ર તરીકે ઓળખાય છે. બુદ્ધે સંસારનાં દુઃખોમાંથી મુક્તિ મેળવવા બહુ જ સરળ અને સાદો ઉપદેશ આપ્યો. તેમના મતે ચાર આર્યસત્ય છે તેનું પાલન કરીને જ મનુષ્ય નિર્વાણનો માર્ગ અપનાવી શકે છે. બુદ્ધે સમજાવેલાં ચાર આર્યસત્ય બૌદ્ધધર્મના સિદ્ધાંત તરીકે જાણીતાં છે. (1) સંસાર દુઃખમય છે. (2) દુઃખનું કારણ તૃષ્ણા છે. (3) દુઃખનો નાશ તૃષ્ણાનો ત્યાગ છે. (4) અષ્ટાંગિક માર્ગ અપનાવવાથી તૃષ્ણાનો ત્યાગ થાય છે.

અષ્ટાંગિક માર્ગ એટલે સમ્યક્દૃષ્ટિ, સમ્યક્સંકલ્પ, સમ્યક્વાણી, સમ્યક્કર્મ, સમ્યક્આજીવિકા, સમ્યક્વ્યાયામ, સમ્યક્સ્મૃતિ, સમ્યક્સમાધિ. ચતુર વૈદ્યની જેમ તેમણે દુઃખી લોકોને દુઃખ દૂર કરવાનો માર્ગ બતાવ્યો. સત્ય અને અહિંસાના આચરણ સાથે એકાગ્રતા, કુશળતા અને સતર્કતા દ્વારા તે માર્ગ પર ચાલતાં શીખવું. આ અષ્ટાંગિક માર્ગ એ મધ્યમમાર્ગ પણ કહેવાય છે. કારણ કે, અત્યંત ભોગ-વિલાસ અને સંપૂર્ણ ત્યાગ વચ્ચેનો માર્ગ છે. મનુષ્ય પોતાના કર્મથી જ સંસારનાં દુઃખોથી મુક્તિ અથવા નિર્વાણ પદ મેળવી શકે છે.

### બૌદ્ધસંઘ

અહીં સંઘ એટલે ધાર્મિક દૃષ્ટિએ આધ્યાત્મિક સમાજ. પોતે ન હોય ત્યારે પણ પોતાના અનુયાયીઓમાં સદાકાળ એકતા રહે તેવા આશયથી બુદ્ધે બૌદ્ધસંઘની સ્થાપના કરી હતી. આ સંઘમાં પંદર વર્ષથી નીચેની ઉંમરનાં માતા-પિતાની અનુમતિ ન હોય તેવા તથા દાસ, સિપાહી, ઋણી, અપરાધી અને રોગીને આ પ્રવેશ અપાતો નહિ. સંઘમાં દીક્ષિત થયેલ વ્યક્તિ સંઘના નિયમનું પાલન કરે અને તપ કરે તેના આધારે તે ઉપાસક, શ્રમણ કે ભિક્ષુ કહેવાતી. બૌદ્ધ સંઘ ચાર વિભાગનો બનેલો હતો : (1) ભિખ્ખુઓ, (2) ભિખ્ખુણીઓ, (3) ગૃહસ્થો, (4) સ્ત્રીઓ - સંઘના આ ચારેય વર્ગો વચ્ચે એકસૂત્રતા અને આદરભાવ હતા. સંઘમાં ભિખ્ખુઓની સંખ્યા વધતા સંઘ માટેના બુદ્ધે નિયમો બનાવ્યા હતા, તે 'વિનયપટક' ભાગમાં એકત્રિત કરવામાં આવ્યા હતા. બૌદ્ધધર્મની શરણાગતિ માટેની પ્રસિદ્ધ ત્રણ બાબતોમાં ''બુદ્ધંશરણં ગચ્છામિ, ધમ્મંશરણં ગચ્છામિ, સંઘશરણં ગચ્છામિ'' કહેવાયું છે. અર્થાત્, પ્રથમ બુદ્ધના પછી ધર્મના શરણે જઈને આખરે સંઘના શરણે જવાનું કહેવાયુ છે, એ દૃષ્ટિએ સંઘ મહત્ત્વનો હતો વ્યક્તિ નહિ. સંઘની સંપત્તિ સામૂહિક હતી. સંઘની બેઠક અને ચર્ચામાં વિધિવત્ પ્રસ્તાવ દ્વારા બહુમતીથી નિર્ણય લેવાતા. વાસ્તવમાં બૌદ્ધધર્મસંઘમાં વર્તમાન લોકશાહી સમાજની ભાવના જોવા મળે છે.

### બૌદ્ધ અનુયાયીઓ - સંઘનું સંગઠન અને ઇતિહાસ

બુદ્ધના સમયમાં જ તેના અનુયાયીઓમાં કેટલાક મતભેદ હતા, પરંતુ બુદ્ધના પ્રભાવશાળી વ્યક્તિત્વને લીધે તે બહુ સ્પષ્ટ દેખાતા ન હતા. પરંતુ બુદ્ધના નિર્વાણ બાદ આ વિરોધ સબળ બન્યો અને સ્થવિરવાદીઓ અને મહાસાંસારિકો જે બે વર્ગો અસ્તિત્વમાં આવ્યા. બુદ્ધના નિર્વાણ પછી આ વિરોધના નિવારણ માટે બૌદ્ધસંઘ ધર્મપરિષદ (સંગીતી) રાજગૃહ ખાતે મળી. તેમાં બુદ્ધના ઉપદેશ તથા આદર્શને મૌખિક રીતે સંકલિત કર્યા, પરંતુ સંઘમાં રહેલ મતભેદનું નિવારણ થયું નહિ. ત્યારબાદ લગભગ 100 વર્ષે બીજી પરિષદ (સંગીતી) વૈશાલીમાં મળી. તેમાં આ ધર્મના અનુયાયીઓ માટે બૌદ્ધધર્મના નીતિ-

નિયમો હળવા બનાવ્યા. ખૂબ વિવાદ વધ્યો. ત્યારબાદ અશોકના સમયમાં પાટલીપુત્રમાં ત્રીજી ધર્મપરિષદ મળી. આ ત્રણે પરિષદમાં અન્ય કાર્યો થયાં, પરંતુ મતભેદ દૂર થયા નહિ. ચોથી પરિષદ (સંગીતી) સમ્રાટ કનિષ્કના સમયમાં કાશ્મીરમાં મળી. તેના અધ્યક્ષ પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન વાસુમિત્ર અને ઉપપ્રમુખ મહાકવિ અશ્વઘોષ હતા. આ (સંગીતી) પરિષદ પણ બૌદ્ધ અનુયાયીઓ વચ્ચેના મતભેદ દૂર કરી શકી નહિ. પરિણામે બૌદ્ધધર્મ હીનયાન અને મહાયાન એ બે પંથમાં વહેંચાઈ ગયો. હીનયાન એટલે લઘુમત અથવા (હીન = નાનું, યાન = વાહન) અને મહાયાન મોટો બહુમત (મહા = મોટુ યાન = વાહન) ગણાય છે. હીનયાન પંથના અનુયાયીઓ બૌદ્ધ 'ત્રિપિટક' સિવાયના ધર્મગ્રંથને મહત્ત્વ આપતા નથી, જ્યારે મહાયાન બુદ્ધ અને તે પછીના સાહિત્યને પણ મહત્ત્વ આપે છે. હીનયાનપંથીઓ માને છે કે, નિર્વાણની પ્રાપ્તિ માટે કોઈ અલૌકિક શક્તિની સહાયની જરૂર નથી. તેમના મતે બુદ્ધનાં દૃષ્ટાંતો અને ઉપદેશ પૂર્ણતાનો આદર્શ રજૂ કરે છે, તેથી તેમના માટે પૂજ્યભાવ રાખવો જોઈએ.

મહાયાનપંથીઓ પ્રગતિવાદી અને વિશાળ દૃષ્ટિ ધરાવે છે. તેઓ બૌદ્ધધર્મના પ્રચાર માટે બુદ્ધનાં મંદિરો, મૂર્તિઓ, મૂર્તિની પૂજા, પ્રસાદ, આરતી, ગીત, સંગીત, નૃત્ય વગેરેને અપનાવે છે.

સમ્રાટ અશોકના જીવનકાળ પછી મહાયાન વધુ પ્રચલિત બન્યો. સમ્રાટ કનિષ્કે તેને ટેકો આપ્યો. તેણે તિબેટ, સિક્કિમ, ચીન, જાપાન, બ્રહ્મદેશ, સિયામ વગેરે સ્થળે મોકલેલ ભિખ્ખુઓ મહાયાનપંથી હતા.

આમ, હીનયાન અને મહાયાન જેવા બે પંથમાં સંઘ વહેંચાઈ ગયો. સમગ્ર સંઘને અને સાધુ-સાધ્વીઓને નિયંત્રિત કરે તેવી કોઈ મધ્યસ્થ સંસ્થા રહી નહિ. તેમનામાં અનાચાર વધ્યો. સાથે જ બૌદ્ધધર્મમાં તાંત્રિકતા અને અન્ય દૂષણો દાખલ થયાં, તેથી લોકોની નજરમાં તે માન જાળવી શક્યો નહિ. સમ્રાટ અશોક અને કનિષ્ક પછી છેક ઈસુની સાતમી સદીમાં સમ્રાટ હર્ષ સિવાય કોઈ રાજવીઓએ આ ધર્મને રાજયાશ્રમ આપ્યો નહિ.

### બૌદ્ધધર્મનો પ્રસાર

બૌદ્ધધર્મ શરૂઆતથી જ દાર્શનિક વાદવિવાદથી પર હતો. તેમાં ધર્મનાં ગૂઢ રહસ્યોની વાતો કે ભારે તત્ત્વજ્ઞાનની સમજ ન હતી. આ ધર્મ સાદો અને સરળ હતો. તેમાં કોઈ ખર્ચાળ ક્રિયાકાંડ ન હતા. તેનો ઉપદેશ પણ સાદી અને સરળ પાલી ભાષામાં હતો. અહીં વર્ણવ્યવસ્થા કે જાતિ કે લિંગભેદના ઝઘડા ન હતા. તેમ જ બુદ્ધના સત્ય, નમ્રતા, સાધુતા, સંયમ અને કરુણામય વ્યક્તિત્વને કારણે લોકો બૌદ્ધધર્મ તરફ આકર્ષાયા હતા. સાથે જ બૌદ્ધધર્મના સુસંગઠિત પ્રચારવ્યવસ્થાના કારણે બુદ્ધના જીવનકાળ દરમિયાન જ બૌદ્ધધર્મ ઝડપથી ફેલાવા લાગ્યો. મગધ, કૌશમ્બીના રાજાઓ અનેક ગણરાજાઓ, અનેક ગણરાજ્યો અને તેની પ્રજાએ બૌદ્ધધર્મને અપનાવ્યો. પ્રસિદ્ધ મૌર્ય સમ્રાટ અશોકે ઈ.સ. પૂર્વે ત્રીજી સદીમાં બૌદ્ધધર્મ અપનાવ્યો. આ ઘટના ઈતિહાસમાં યુગપ્રવર્તક ઘટના ગણાય છે. અશોકે આ ધર્મને મધ્ય એશિયા, પશ્ચિમ એશિયા અને શ્રીલંકામાં ફેલાવ્યો. પરિણામે બૌદ્ધધર્મ વિશ્વધર્મ બન્યો. બૌદ્ધધર્મને રાજ્યાશ્રય આપી બર્મા, તિબેટ, ચીન, જાપાન, સિયામ, મલાયા વગેરે દેશોમાં બૌદ્ધ સાધુઓ મોકલી બૌદ્ધધર્મના સિદ્ધાંતો અને સદવર્તનના નિયમોનો પ્રચાર કર્યો.

સંઘનાં સાધુ-સાધ્વીઓ ગુફા કે વિહારમાં રહીને જ્ઞાન ઉપાસના કરતા. મગધમાં તો બૌદ્ધ સાધુ સંઘના એટલા બધા વિહારો સ્થપાયા કે આ પ્રદેશનું નામ જ વિહાર (અપભ્રંશ - બિહાર) પડી ગયું. આમ, બૌદ્ધધર્મની સાદગી, સરળતા અને બૌદ્ધ સંઘના સાધુ-સાધ્વીઓએ બૌદ્ધધર્મને પ્રાંતીય ધર્મમાંથી વિશ્વધર્મ બનાવવામાં મોટું યોગદાન આપ્યું છે.

### બૌદ્ધ શિલ્પકલા

બૌદ્ધધર્મના સ્તંભો, સ્તૂપોની દીવાલ ઉપરનાં કોતરકામ તથા મૂર્તિઓ આ સમયની શિલ્પકલાનો પરિચય આપે છે. આ સમયના મોટાભાગના સ્તંભો મૌર્યસમ્રાટ અશોકની પ્રેરણાથી બનાવવામાં આવ્યા છે. અશોકનાં સર્વ સ્મારકોમાં તેણે ઊભા કરેલા સ્તંભો ખૂબ જ આકર્ષક છે. આમાંના કેટલાક સ્તંભો તો 50 ફૂટ જેટલા ઊંચા અને 50 ટન વજનના છે, તેના પર કોતરાયેલા શિલાલેખો માટે તે ઉપયોગી છે. એટલું જ નહિ, સ્થાપત્યના ઉત્તમ નમૂનારૂપે પણ તેનું ઘણું જ મહત્ત્વ છે. એક જ પથ્થરમાંથી આ સ્તંભો કોતરી કાઢેલા છે. સ્તંભ પરનું પૉલિશ હજી પણ એટલું જ ચમકે છે, જેટલું અશોકના સમયમાં ચમકતું હશે. સ્તંભના ઉપરના ભાગે મૂકવામાં આવતા પથ્થરમાં પણ ઊંધા કમળ અને સ્તંભના મથાળે સિંહ તથા નીચે હાથી, ઘોડા કે બળદની આકૃતિઓ કોતરવામાં આવતી. ઈરાની શિલ્પકલાના સંપર્કના કારણે આ સમયના સ્થાપત્યમાં પ્રાણીની આકૃતિઓ જોવા મળતી હોવાનું કેટલાક વિદ્વાનો માને છે.

સારનાથ પાસેના અશોકના સ્તંભ ઉપર એકબીજાની પીઠને અડીને ઊભેલા ચાર સિંહની આકૃતિ છે. તેમાં આવેલ ધર્મચક્રને ભારતના રાષ્ટ્રધ્વજમાં સ્થાન અપાયું છે, જેને બૌદ્ધ શિલ્પકલાનો ઉત્તમ નમૂનો ગણાવામાં આવે છે. કલાવિવેચકોએ તેને



અશોકનો સારનાથ સ્તંભાલેખ

સંસારની સૌથી સુંદર પ્રતિમાઓમાંની એક પ્રતિમા ગણી છે. સારનાથના સ્તંભ માટે વિન્સેન્ટ સ્મિથ કહે છે - ''કોઈપણ દેશમાં પ્રાચીન પશુમૂર્તિનું આવુ સ્વરૂપ મળવું કઠિન છે. જે કલાની સુંદર કૃતિ જેવું શ્રેષ્ઠ છે.'' - આ બાબતને તે સમયની શિલ્પ-સ્થાપત્યવિદ્યાની સિદ્ધિ ગણાવી શકાય.

ચૈત્યોના સ્તંભો, સ્તૂપોની વાડ અને દરવાજા પરના તોરણમાં બૌદ્ધ શિલ્પકલા જોવા મળે છે, જેમાં બુદ્ધની જાતકકથાના અને બુદ્ધના જીવનના પ્રસંગો, યક્ષ, કિન્નરોનાં શિલ્પો, મૂર્તિઓનાં અંગ-ઉપાંગો અને ભાવ સાથે કંડારાયેલાં જોવા મળે છે.

આ સમયે ગાંધાર તક્ષશિલાના પ્રદેશોના ગ્રીક શિલ્પકલાના સંપર્કના કારણે બુદ્ધની તથા બોધિસત્ત્વો (બુદ્ધનાં પૂર્વાવતારો)ની મૂર્તિઓ ગ્રીકનાં દેવી-દેવતા જેવી ઘડાવા લાગી ગ્રીક શિલ્પશૈલીની શરૂઆત ભારતમાં સૌપ્રથમ ગાંધારપ્રદેશમાં થઈ હોવાથી તે ગાંધારશૈલીનાં નામે ઓળખાઈ.

ગાંધારશૈલીમાં માનવપ્રતિમાનાં અંગ-ઉપાંગોનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે, જેમાં દેહની સ્નાયુબદ્ધતા તેમજ માનવઆકૃતિનાં કપડાની સુંદર ગડીઓ કોતરવામાં આવી છે. કેટલીક મૂર્તિઓમાં તેણે ધારણ કરાવેલ અર્ધપારદર્શક વસ્ત્રોમાંથી જુદાં-જુદાં અંગો આરપાર દેખાતાં દર્શાવવામાં આવ્યાં છે. ગાંધારશૈલીની મૂર્તિઓનાં કોતરકામમાં કે ઘડતરમાં ભલે ગ્રીકનું અનુકરણ હોય પરંતુ મૂર્તિઓના ચહેરા અને વિવિધ અંગોના ભાવ ભારતીય કલાની આધ્યાત્મિક બાબતને રજૂ કરે છે.



ગાંધારશૈલીનું બૌદ્ધશિલ્પ

મથુરામાંથી મળેલી મૂર્તિઓ શુદ્ધ ભારતીય શૈલીમાં છે, જેમાં મૂર્તિના ભાવદર્શનને મહત્ત્વ અપાયું છે. જ્યારે ગાંધારશૈલીમાં મૂર્તિનાં અંગોપાંગ તથા શારીરિક સૌંદર્યને મહત્ત્વ અપાયું છે. આ મૂર્તિશિલ્પો પૂર્વ અને પશ્ચિમની કલાના મૂળભૂત તફાવતને સ્પષ્ટ કરતાં હોય તેવું લાગે છે.

સારનાથની બુદ્ધપ્રતિમા તેની સુંદરતા, મનોભાવ અને આધ્યાત્મિક સૌંદર્યની ભારતીય શિલ્પશૈલીના વિશિષ્ટ લક્ષણોને પ્રદર્શિત કરે છે. તે જ રીતે, નાલંદા પાસેથી મળી આવેલી બુદ્ધની આશરે 2.5 મીટર જેટલી ઊંચી તામ્રમૂર્તિ તથા બિહારના ભાગલપુર જિલ્લાના સુલતાનગંજ પાસેથી મળી આવેલી આશરે 2.5 મીટર ઊંચી અને એક ટન વજનની બુદ્ધની કાંસાની મૂર્તિ ગુપ્ત-સમયમાં ધાતુને ઢાળીને બનાવેલી શિલ્પકલાનો પરિચય કરાવે છે. આ મૂર્તિઓ દ્વારા તે સમયની શિલ્પકલા, રસાયણવિદ્યા અને ધાતુવિદ્યાનો પરિચય મળી શકે છે.

**બૌદ્ધસાહિત્ય :**

ગૌતમબુદ્ધના નિર્વાણ પછી તેમના ઉપદેશને વ્યવસ્થિત રૂપ આપવા રાજગૃહમાં ભરાયેલી પ્રથમ ધર્મપરિષદમાં 'ત્રિપિટક'ની રચના થઈ. બુદ્ધનું પ્રાચીનતમ સાહિત્ય પ્રસિદ્ધ સંહિતા ત્રિપિટકમાં સંકલિત છે, જે પાલી ભાષામાં લખાયેલું છે. બુદ્ધના મૃત્યુ પછી તરત જ મળેલી પ્રથમ ધર્મપરિષદમાં તેની રચના કરવામાં આવી. તેમાં બુદ્ધનાં પ્રવચનોનો સાર છે.

ત્રીજી બૌદ્ધ ધર્મપરિષદના સમયે '(સુત) સુત્તપિટક' અને 'વિનયપિટક'ની સાથે 'અભિધમ્મપિટક'ના ભાગની રચના કરવામાં આવી. '(સુત્ર) સુત્તપિટક'માં પાંચ વિભાગ છે, જેને નિકાય તરીકે ઓળખવામાં આવે છે.

'અભિધમ્મપિટક' નિકાયનો એક ભાગ છે, જેમાં બૌદ્ધધર્મનાં સિદ્ધાંતો સાથે નીતિવિષયક બાબતોનો ઉલ્લેખ કરાયો છે. બૌદ્ધ સાધુ-સાધ્વીઓ દ્વારા 'થેરીગાથા' નામનાં કાવ્યોની રચના થઈ છે. આ કાવ્યો ઉર્મિકાવ્યો તરીકે પ્રસિદ્ધ છે.

'ત્રિપિટક' ઉપરાંત અન્ય પાલીગ્રંથોની રચના બૌદ્ધ ભિક્ષુઓએ કરી છે, જેમાં મિલિન્દપાન્હો અને જાતકકથાઓ મુખ્ય છે. તેમના લેખક વિશે માહિતી નથી. પરંતુ કેટલાક વિદ્વાનોના મતે તેની રચના ઉત્તર-પશ્ચિમ ભારતમાં થઈ હશે. ગ્રીક સમ્રાટ મિનેન્ડર (ઈ.સ. પૂર્વે પહેલી સદીમાં) જ મિલિન્દ કહેવાય છે. તેમાં મિનેન્ડર અને નાગસેનાનો સંવાદ છે, તેથી આ ગ્રંથ મિલિન્દપાન્હો (પ્રશ્નો) કહેવાય છે. આ ગ્રંથમાં બૌદ્ધદર્શનના જટિલ પ્રશ્નોનો ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો છે.

કુષાણ સમ્રાટ કનિષ્કના દરબારમાં વસુમિત્ર, નાગાર્જુન, અશ્વઘોષ જેવાં પંડિતરત્નોની ભેટ બૌદ્ધધર્મે આપી છે. બૌદ્ધસાહિત્યમાં બીજા અનેક ગ્રંથોનો સમાવેશ થાય છે. જેમાં 'દીપવંશ' અને 'મહાવંશ' નામના ગ્રંથો શ્રીલંકામાંથી પ્રાપ્ત થયા છે. તેમાં બુદ્ધના જીવનપ્રસંગો ઉપરાંત તે સમયની કેટલીક અન્ય માહિતી આલેખાયેલ છે. મહાકવિ અશ્વઘોષે લખેલ બુદ્ધના જીવન વિષેનું મહાકાવ્ય 'બુદ્ધચરિત' ઘણું જ જાણીતું છે. તિબ્બત ભાષામાં બૌદ્ધગ્રંથની 'કઝાર' અને 'તંઝર' નામની બે સંહિતા પ્રસિદ્ધ છે. ચીની યાત્રાળુઓના ભારતપ્રવાસના અહેવાલ બૌદ્ધધર્મ, બૌદ્ધ તત્ત્વજ્ઞાન અને તે સમયમાં ભારતમાં બૌદ્ધધર્મની સ્થિતિ વિશે માહિતી પૂરી પાડે છે. આમ, બૌદ્ધસાહિત્ય આપણા મહાન સાહિત્યિક વારસાનો એક અમૂલ્ય ભાગ છે.

## બૌદ્ધસાહિત્યમાં વર્ણિત ભારત

આ સમયના લોકો ગામડાંઓ, શહેરો અને નગરોમાં રહેતા. વર્ણાશ્રમવ્યવસ્થા પ્રચલિત હતી, તેનો બૌદ્ધગ્રંથોમાં ઉલ્લેખ મળે છે. સ્ત્રીઓનું સ્થાન કુટુંબ અને સમાજમાં નીચું જોવા મળે છે, છતાં સ્ત્રીઓને હજુ વિદ્યા-આરાધના કરવાની મનાઈ ન હતી. કેટલાક જૈન અને બૌદ્ધગ્રંથોમાં આજીવન બ્રહ્મચારિણી વિદ્વાન સ્ત્રીઓના ઘણા ઉલ્લેખો જોવા મળે છે. સંગીત, નૃત્ય, ચિત્ર, કલાઓમાં સ્ત્રીઓ કુશળ હતી. બૌદ્ધધર્મે અને જૈનધર્મે બ્રાહ્મણધર્મ કરતા સ્ત્રીઓને વધારે માનભર્યું સ્થાન આપ્યું હતું એ નોંધનીય છે. તે જ રીતે વારાંગનાનું ઘણું માનભર્યું સ્થાન હતું. વૈશાલીની ગણિકા આમ્રપાલી તેનું જ્વલંત ઉદાહરણ છે. આ સમયે વિવિધ ઉત્સવોની ઉજવણીની જેમ જ મલ્લયુદ્ધો અને આખલાનાં યુદ્ધો થતાં. બૌદ્ધધર્મ અને જૈનધર્મના કારણે સમાજમાંથી માંસાહારનું મહત્ત્વ ઘટતું જતું હતું. સામાન્ય રીતે આ સમયનું લોકજીવન અને સમાજજીવન સુખી, સરળ અને વૈવિધ્યતાથી ભરપૂર હતું.

આ સમયે ખેતી સાથે લુહારીકામ, સુથારીકામ, વણાટકામ, કારીગરી, ચામડાનો ઉદ્યોગ, પથ્થર તથા હાથીદાંતની કારીગરી જેવા ઉદ્યોગ હતા. ઉદ્યોગ કરનારના આધારે શેરીઓનાં નામ હતાં. દા.ત., રંગારાની શેરી, વૈશ્યો - વેપારીની શેરી. વણકરોના નામનો ઉલ્લેખ જાતકકથાઓમાં મળે છે. આ સમયે ભારતના જુદા-જુદા પ્રદેશો સાથે તેમજ પરદેશ સાથે જળમાર્ગે અને જમીનમાર્ગે વેપાર ચાલતો. વેપારીઓ અને સાર્થવાહો (વણજારા)ના સંઘો પણ રચાયા હતા. વેપારમાં વસ્તુ-વિનિમયની જગ્યાએ તાંબા અને કાંસાના સિક્કાની શરૂઆત આ સમયે થઈ હોવાનું જણાય છે.

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો :**

(1) મહાવીરસ્વામીનો પરિચય આપો.

(2) જૈનધર્મએ આપેલ સામાજિક અને સાહિત્યિક પ્રદાનનું વિસ્તૃત વર્ણન કરો.

(3) જૈનધર્મનો ત્રિરત્નનો સિદ્ધાંત જણાવો.

(4) બૌદ્ધ શિલ્પકલા વિશે ટૂંકમાં માહિતી આપો.

(5) બૌદ્ધધર્મે સાહિત્યના ક્ષેત્રમાં શું પ્રદાન આપ્યું છે ?

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) જૈનધર્મનાં પાંચ વ્રતો, પાંચ સમિતિઓ, ત્રણ ગુપ્તિઓ અને ચારભાવના વિશે ટૂંકમાં લખો.

(2) જૈનધર્મની આધ્યાત્મિક બાબતો જણાવો.

(3) 'મહાવીરસ્વામી સમાજસુધારક હતા'. ચર્ચા કરો.

(4) 'ધમ્મ' એટલે શું ?

(5) બૌદ્ધધર્મની શરણાગતિ માટેની પ્રસિદ્ધ ત્રણ બાબતો કઈ છે ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) દક્ષિણ ભારતમાં જૈનધર્મના પ્રવક્તા કોણ હતા ?

(A) ભદ્રાબાહુ (B) સ્થૂલિભદ્ર (C) નાગાર્જૂન (D) અશ્વઘોષ

(2) જૈનશાસ્ત્રોના મતાનુસાર કુલ કેટલાં તીર્થંકર થયાં ?

(A) 42 (B) 23 (C) 24 (D) 18

(3) મહાવીર સ્વામીએ કઈ ભાષામાં લોકોને ઉપદેશ આપ્યો ?

(A) ગુજરાતી (B) અર્ધમાગધી (C) પાલિ (D) સંસ્કૃત

(4) ગૌતમબુદ્ધના ગોત્રનું નામ શું હતું ?

(A) સિદ્ધાર્થ (B) ગૌતમ (C) કૃણાલ (D) વર્ધમાન

(5) 'ત્રિપિટક' કઈ ભાષામાં લખાયેલું છે ?

(A) અર્ધમાગધી (B) તમિલ (C) પાલિ (D) મલયાલમ

•

# 6 મહાજનપદો

બૌદ્ધધર્મ અને જૈનગ્રંથો તેમજ પુરાણો અને બીજા સંસ્કૃતસાહિત્યમાંથી મળતી માહિતી પ્રમાણે ઈ.સ. પૂર્વે.ની 7મી સદીના અંત ભાગમાં ઉત્તર ભારતમાં એક પણ સર્વસત્તાધીશ સત્તા ન હતી. સમગ્ર ઉત્તર ભારત નાનાં-મોટાં અનેક રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું. આ રાજ્યો મહાજનપદ અથવા ગણરાજ્યો તરીકે પણ ઓળખાતાં. પાલિ ગ્રંથ 'અંગુત્તરનિકાય' તેમનાં નામો નીચે પ્રમાણે જણાવે છે :

**16 મહાજનપદ**

| ક્રમ | મહાજનપદનું નામ | રાજધાની | વર્તમાન નામ |
|---|---|---|---|
| 1 | અંગ | ચંપા (માલિની) | પૂર્વ બિહાર |
| 2 | મગધ | ગિરિવ્રજ / રાજગૃહ | દક્ષિણ બિહાર |
| 3 | કાશી | વારાણસી | કાશી (બનારસ) - ઉત્તરપ્રદેશ |
| 4 | કોશલ | શ્રાવસ્તી અયોધ્યા કુશાવતી | અવધ (ઉત્તરપ્રદેશ) |
| 5 | વજ્જિ | મિથિલા | ઉત્તર બિહાર |
| 6 | મલ્લ | કુશિનારા-પાવા | ગોરખપુર જિલ્લો |
| 7 | ચેદિ-ચેતી | શુક્તિમતી (શક્તિ) | યમુના અને નર્મદા નદી વચ્ચેનો પ્રદેશ |
| 8 | વત્સ | કૌશામ્બી | અલ્હાબાદ પ્રદેશ |
| 9 | કુરુ | ઈન્દ્રપ્રસ્થ | થાણેશ્વર, દિલ્લી અને મિરત જિલ્લો |
| 10 | પાંચાલ | અહિછત્ર / કામ્પિલ્ય | બંદાઉ, બરેલી અને ફારુખાબાદ જિલ્લો |
| 11 | મત્સ્ય | વિરાટનગર | જયપુર જિલ્લો (રાજસ્થાન) |
| 12 | સૂરસેન | મથુરા | મથુરા નગર અને જિલ્લો |
| 13 | અસ્મક | પૈઠણ | ગોદાવરી નદીના કિનારે |
| 14 | અવંતિ | માહિષ્મતી, ઉજ્જયિની | માળવાનો પ્રદેશ |
| 15 | ગાંધાર | તક્ષશિલા | પેશાવર અને રાવળપિંડી જિલ્લો |
| 16 | કામ્બોજ | લાજપુર (હાટક) | નૈઋત્ય કાશ્મીર પ્રદેશ |

આ ઉપરાંત અન્ય બૌદ્ધગ્રંથોમાં નીચેનાં કેટલાંક રાજ્યોનો ઉલ્લેખ મળે છે, જેમાં કલિંગ, સૌવીર અને વિદેહનો સમાવેશ થાય છે. એ જ રીતે જૈનગ્રંથ, ''ભગવતી'' માં થોડાંક વધારાનાં રાજ્યોનો ઉલ્લેખ જોવા મળે છે. જેમાં માલવ કોચ્ચ (કચ્છ), પાઢ્ય (બંગાળમાં પુંડ્ર), લાઘા (બંગાળમાં રાધા) અને મોલી (મલ્લ)નો સમાવેશ થાય છે.

ઉપરના રાજ્યોમાં અમુક રાજ્યો પ્રજાસત્તાક ગણરાજ્યો હતાં અને બાકીનાં રાજ્યોમાં લોકશાહી શાસનવ્યવસ્થા હતી.

## સ્વતંત્ર અને સાર્વભૌમ રાજ્યોનો સમુદાય

બૌદ્ધગ્રંથોમાં જુદી-જુદી જાતિઓનાં ગણરાજ્યોનો ઉલ્લેખ છે. તેમાં વૈશાલીના લિચ્છવીઓ, કપિલવસ્તુના શાક્યો, પાવા અને કુશીનગરના મલ્લો, પીપલીવનના મોરિય, સુમસુમારના ગિરિના મગ્ગ અને મિથિલાના વિદેહો ખાસ નોંધપાત્ર છે. પાણિનિ તેમનાં 'અષ્ટાધ્યાયી'માં આ પ્રજાસત્તાક (સ્વતંત્ર અને સાર્વભૌમ) રાજ્યોનો 'ગણ અથવા સંઘ' તરીકે ઉલ્લેખ કરે છે. જેમાં કેટલાંક મહત્ત્વનાં સ્વતંત્ર અને સાર્વભૌમ રાજ્યો નીચે પ્રમાણે હતાંઃ

### વૈશાલી (લિચ્છવીઓ) :

આ સમયે લિચ્છવીઓનું ગણરાજ્ય ઘણું બળવાન હતું. 9 મલ્લ ગણરાજ્યો અને કાશી - કૌશલ્યનાં 18 ગણરાજ્યોએ લિચ્છવીના સરદાર ચેતકના નેજા નીચે ગણરાજ્યોનો બળવાન સંઘ રચ્યો હતો. વૈશાલી લિચ્છવીઓનું પાટનગર હતું. તેની જાહોજલાલી સમૃદ્ધ હતી. તેમાં અનેક મહાલયો, આરામગૃહો, કમળથી ભરપુર જળાશયો, વિહારો, ચૈત્યો અને મહેલો હતા. અહીંની જ એક નૃત્યાંગના 'આમ્રપાલી''એ તેનું આમ્રવન બુદ્ધના ચરણે ધર્યું હતું. વૈશાલીના રાજ્યતંત્રમાં 7707 રાજાઓ (નેતાઓ) તેટલા જ ઉપરાજાઓ (ઉપનેતાઓ), સેનાપતિ, ખજાનચીઓ હતા. એનો અર્થ એ કરી શકાય કે, અહીં બધા જ નાગરિકોને રાજ્યશાસનમાં અધિકાર હતો. સરકારનું રોજબરોજનું સંચાલન કરવા આઠ કે નવ સભ્યોની કારોબારી હતી. 9 સભ્યોની કારોબારી પરદેશનીતિ સંભાળતી હતી. અને આઠ સભ્યોની કારોબારી ન્યાયનું કાર્ય કરતી. લિચ્છવીની પ્રજાની એકતા અને શિસ્ત પ્રસંશનીય હતા. તેમની મહાનતા તેમના ચારિત્રમાં હતી.

### કપિલવસ્તુ (શાક્યો) :

શાક્યોએ તો દુનિયાને ભગવાન બુદ્ધ જેવી વિભૂતિ આપી છે. ડૉ. રાધાકુમુદ મુખરજીના ઉલ્લેખ પ્રમાણે આ ગણરાજ્યમાં 80 હજાર કુટુંબો અથવા પાંચ લાખની વસ્તી હતી. અહીંનું તંત્ર પણ પ્રજાતંત્ર હતું. તેમની સંથાગાર (ધારાસભા)માં 500 સભ્યો હતા. તેના પ્રમુખને રાજા કહેતા. ત્રણ વાર વાંચન થયા પછી કોઈપણ કાયદો પસાર કરવામાં આવતો. અગત્યના પ્રશ્નોમાં 'શલાકા' (મતદાન માટે વપરાતી વિવિધ રંગની સળી) દ્વારા મત લેવાતો. અમુક પ્રશ્નો ચર્ચા કરવા નાની સમિતિને સોંપતા. શાક્યોને તેમના સંસ્કારીપણા અને ઉચ્ચ કુળનું ભારે ગૌરવ હતું. કેટલીક બૌદ્ધકથા દ્વારા શાક્યોમાં સમાનતાના ખ્યાલો હોવાનું પણ જાણવા મળે છે.

### પાવા અને કુશીનારા (મલ્લો) :

મલ્લોની એક શાખા પાવામાં અને બીજી શાખા કુશીનારામાં હતી. પાવામાં મહાવીર જૈન અને કુશીનારામાં ગૌતમ-બુદ્ધ નિર્વાણ પામ્યા હતા. મલ્લ રાજ્ય પ્રજાસત્તાક સંઘરાજ્ય હતું, અને તેના બધા જ સભ્યો 'રાજા' કહેવાતા. પાવામાં મલ્લોએ ત્યાંની પાર્લામેન્ટનું નવું મકાન 'ઉબ્ભિટક' નામે બનાવ્યું હતું. અહીંના વહીવટી અમલદારોને 'પુરીશ' કહેતા, જે આજના પોલીસ સાથે મળતા આવે છે. આ રાજ્યે બૌદ્ધધર્મને ભિખ્ખુ આનંદ અને અનિરુદ્ધ જેવા શિક્ષકો આપ્યા હતા.

આ ઉપરાંત અન્ય ગણરાજ્યોમાં રામગ્રામ, કોલિયો તથા પીપલીવનના મોરીયોનો સ્વતંત્ર અને સાર્વભૌમ રાજ્ય તરીકે ઉલ્લેખ કરી શકાય. આ બધાં ગણરાજ્યોની રચના, વ્યવસ્થા અને શાસનતંત્ર મહદ્અંશે લિચ્છવીઓ અને મલ્લો તથા શાક્યોના તંત્રને મળતાં આવતાં હતાં.

## મગધના સામ્રાજ્યનો ઉદય અને વિકાસ

ઈ.સ. પૂર્વે. 7 મી સદીના ઉત્તરભારતનાં 16 મહાજનપદોમાં ચાર (કોશલ, વત્સ, અવંતી, મગધ) રાજ્યો શક્તિશાળી અને મુખ્ય હતાં. તેમની વચ્ચે સર્વોપરિતા માટે હરીફાઈ ચાલતી હતી. મગધનો નાનકડા રાજ્યમાંથી એક મહારાજ્યમાં વિકાસ એ બૌદ્ધકાલીન ભારતના ઇતિહાસની એક નોંધપાત્ર ઘટના ગણાવી શકાય.

### મગધના સામ્રાજ્યના ઉદયનાં કારણો :

મગધ એક મહારાજ્ય બન્યું, તેની પાછળનાં અનેક કારણો જવાબદાર હતાં. ઈ.સ.પૂર્વે. 7 મી સદીમાં ઉત્તરભારતમાં એક પણ એકચક્રી સત્તા ન હતી. કોશલના રાજા પ્રસેનજિતની બહેન કોશલદેવીનાં લગ્ન મગધના રાજા બિંબિસાર સાથે થયાં હતાં.

બિંબિસારનો વધ કરીને મગધની ગાદીએ આવેલા અજાતશત્રુએ કાશી મેળવવા માટે પ્રસેનજિત સાથે યુદ્ધ કર્યું. તેમાં પ્રસેનજિતની હાર થઈ. ત્યારબાદ પ્રસેનજિતના પ્રધાનની મદદથી વિદુદભે તેની સામે બળવો કરી કોશલ રાજ્યની ગાદી પચાવી પાડી. વત્સવંશના રાજવીઓ સાથે લગ્નસંબંધો બાંધીને મગધના રાજા દર્શકે તેનો વિરોધ શાંત કર્યો હોવાનું જણાય છે.

આ સમયે ભારતમાં સામ્રાજ્ય સ્થાપવાની અનુકૂળતા જેટલી મગધમાં હતી, તેટલી કોઈ અન્ય રાજ્યમાં ન હતી. ગંગા, શોણ, ગંડકી, ગોગ્રા વગેરે નદીઓના પ્રદેશોનો ઉપયોગ બચાવના કુદરતી સ્થળ તરીકે થયો. યુદ્ધના સમયે જળવ્યવહારનો ઉપયોગ થવા લાગ્યો. મગધની દક્ષિણે લોખંડના ખનીજનો વિસ્તાર હતો, જે વેપાર માટે ખૂબ અનુકૂળ હતો. શરૂઆતથી મગધ અને પૂર્વના દેશો વૈદિક સંસ્કૃતિથી અલિપ્ત રહ્યા હતા. તેથી અહીં આર્યો જેને ધિક્કારતા હતા તેવા અબ્રાહ્મણો અને વ્રત્યોનું જોર વધ્યું હતું. એક બાજુથી અબ્રાહ્મણો અને વ્રત્યો વૈદિક સંસ્કૃતિના રાજકીય પાસાને ધક્કો આપી રહ્યા હતા, ત્યારે બીજી બાજુ બૌદ્ધ અને જૈનો તેના ધાર્મિક માળખાને છિન્ન-ભિન્ન કરી રહ્યા હતા. એ રીતે કહીએ તો આ સમયે ખરેખર એક નવા યુગની શરૂઆત થઈ હતી.

ટૂંકમાં, ઈ.સ.પૂર્વે.ની 7 મી સદીનાં ચાર મુખ્ય રાજ્યોમાંથી બે રાજ્યો અવંતી અને વત્સ સર્વોપરિતાની હરીફાઈમાંથી દૂર થયા હતા. તો ઈ.સ.પૂર્વે. 6 ઠ્ઠી સદીમાં સર્વોપરિતાની હરીફાઈમાં મગધ અને કોશલ બે રાજ્યો રહ્યાં હતાં. તેમાં કોશલના રાજા પ્રસેનજિતની મગધના રાજા અજાતશત્રુ સામે હાર થઈ, તેથી કેટલાક વિદ્વાનો મગધની મહાસત્તાનો યશ અજાતશત્રુને આપે છે.

## મગધ સામ્રાજ્યનો વિસ્તાર (ઈ.સ. પૂર્વે. 603 થી ઈ.સ. પૂર્વે. 323)

બૌદ્ધ ધર્મગ્રંથો મગધના રાજાઓને હર્યક અને શિશુનાગ તથા નંદવંશને બે વંશોમાં વહેંચી નાખે છે. જેમાં હર્યકવંશમાં બિંબિસાર અને અજાતશત્રુ નામના બે મહાન રાજાઓ થયા. તેમના સમયમાં મગધનો સારો એવો વિકાસ થયો હતો.

### બિંબિસાર :

15 વર્ષની યુવાન વયે મગધની ગાદીએ આવેલા બિંબિસારે પોતાની આજુબાજુનાં રાજ્યોમાં શરૂઆતથી જ સામ્રાજ્યનો વિસ્તાર કરવા માંડ્યો હતો. જુદાં-જુદાં રાજ્યો સાથે તેણે લગ્નસંબંધો બાંધ્યા. પોતાના રાજ્યનું પાટનગર ગિરિવ્રજને બનાવ્યું. તેણે અંગ દેશ કબજે કરી પોતાના પુત્ર અજાતશત્રુને ત્યાંના નિયામક તરીકે મોકલ્યો. તેના સામ્રાજ્યમાં 80 હજાર ગામડાં હતાં. તેના સામ્રાજ્યનો વહીવટ 'મહાપાત્રો', 'સબ્બાથકો' તથા 'ગ્રામીકો' કરતા.

### અજાતશત્રુ :

મગધને મહારાજ્ય બનાવવામાં બિંબિસારના પુત્ર અજાતશત્રુનો ફાળો ઘણો મોટો છે. કોશલરાજા પ્રસેનજિતને તેની પાસે હાર કબૂલ કરવી પડી હતી. લિચ્છવીઓની નેતાગિરિ નીચેના મજ્જિઓના સંયુક્ત ગણસંઘમાં ફાટફૂટ પડાવી તેણે આ ગણરાજ્યોને કચડી નાખ્યાં હતાં.

અજાતશત્રુ પછી મગધની ગાદીએ આવેલા તેના પુત્ર ઉદયને ગિરિવ્રજમાંથી પાટલીપુત્ર (કુસુમપુરી)માં પોતાની રાજધાની ફેરવી હતી. ઉદયન પછી મુંડ અને મુંડ પછી નાગદશકે મગધની ગાદી સંભાળી હતી.

## શિશુનાગ અને તેના વંશજો

બૌદ્ધગ્રંથોના જણાવ્યા પ્રમાણે ઉદયન, મુંડ અને નાગદશક ત્રણે પોતપોતાના પિતાનો ઘાત કરીને ગાદીએ આવ્યા હતા. એટલે પ્રજાએ કંટાળીને હવે નાગદશકના અમાત્ય શિશુનાગને ગાદી આપી. આમ, મગધની ગાદી પર શિશુનાગવંશ શરૂ થયો. શિશુનાગ પછી કાલાશોક અને તેના દસ પુત્રોએ સતત 21 વર્ષ સુધી રાજ્ય કર્યું તેમ બૌદ્ધગ્રંથો જણાવે છે. એક ગ્રીક લેખકના જણાવ્યા અનુસાર કાકવર્ણિનની રાણીના પ્રિયતમે ખંજર ભોંકી તેનું ખૂન કરી ગાદી પચાવી પાડીને મગધમાં નંદવંશની સ્થાપના કરી.

### નંદવંશ :

કેટલાક વિદ્વાનોના મતે નંદવંશની સ્થાપના મહાપદ્માનંદે કરી હતી. તે એક સફળ સેનાની અને શક્તિશાળી રાજા હતો. તેણે કૌશમ્બી, કોશલ અને અવંતી સાથે યુદ્ધ કરીને વિજય મેળવ્યો હતો. કલિંગના રાજા ખારવેલના હાથીગુફા શિલાલેખ

ઉપરથી જાણવા મળે છે કે, તેણે કલિંગ ઉપર પણ વિજય મેળવ્યો હતો. ગ્રીક લેખકો નંદરાજાઓની સત્તા અને સમૃદ્ધિના ઘણાં વખાણ કરે છે. તેના સમયમાં મગધનું મહારાજ્ય સત્તા અને સમૃદ્ધિની પરાકાષ્ટાએ પહોંચ્યું હતું. નંદવંશના છેલ્લા રાજા ધનાનંદને ઉથલાવી ચંદ્રગુપ્ત મૌર્યે મગધમાં મૌર્યવંશની સ્થાપના કરી (ઈ.સ.પૂર્વે. 323).

## ઈરાની અને મેસિડોનિયા (ગ્રીસ)નાં ભારત પરનાં આક્રમણો અને તેનાં પરિણામો

ઈ.સ.પૂર્વે. 6ઠ્ઠી સદીમાં ઈરાનીઓનું અને ઈ.સ.પૂ. 4થી સદીમાં ગ્રીકોનું આક્રમણ ભારત પર થયું. તેનાં કારણો જોઈએ તો, આ સમયે અહીં કોઈ શક્તિશાળી રાજા ન હતા. નાનાં રાજ્યો અંદર-અંદર લડીને નિર્બળ થઈ ગયાં હતાં. અનુવૈદિક સમયથી હિંદનાં રાજ્યો અને સંસ્કૃતિનું કેન્દ્ર પૂર્વ હિંદ તરફ ખસવા માંડ્યું હતું. સમગ્ર ઉત્તર હિંદમાં એક પણ સત્તા સર્વોપરી ન હતી. બધાં રાજ્યોમાં એક સંઘ બનાવીને વિદેશીઓનો પ્રતિકાર કરવાની ભાવના હજી ખીલી ન હતી.

ટૂંકમાં, આ સમયે પંજાબના સરહદી વિસ્તાર અને વાયવ્ય સરહદના પ્રદેશો રાજકીય અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતા નહિ હોય. આર્યોની પ્રવૃત્તિ જ્યારે મધ્યપ્રદેશ અને પૂર્વના દેશો તરફ કેન્દ્રિત થઈ, ત્યારે ભારતની વાયવ્ય સરહદ પહેલાં ઈરાનીઓ અને પછી મેસેડોનિયાના સિકંદરના (પરદેશીઓના) આક્રમણનો ભોગ બની હતી.

## ભારત પરનાં ઈરાની આક્રમણો

બહુ પ્રાચીન સમયથી ભારત અને ઈરાન વચ્ચે સાંસ્કૃતિક સંબંધ હતો. ભાષાઓ, ધર્મવિધિ અને બીજી અનેક બાબતોમાં ઈરાની આર્યો અને ભારતીય આર્યો વચ્ચે સંપર્ક હતો. પરંતુ ભારતીય આર્યો જેમ-જેમ પૂર્વ તરફ આગળ વધતા ગયા તેમ-તેમ આ સંબંધોમાં ઓટ આવતી ગઈ. ઈ.સ. પૂર્વે 6ઠ્ઠી સદીમાં સમ્રાટ સાયરસની પ્રદેશ લાલસાએ ભારત પર આક્રમણ કરવાનું શરૂ કર્યું. ગ્રીક ઇતિહાસકારક હેરોડોટ્સના જણાવ્યા પ્રમાણે એકેમેનિયન (હખમનિષ્ય) વંશના સમ્રાટ દરાયસે ભારતની વાયવ્ય સરહદે આવેલો ગાંધાર (વર્તમાન અફઘાનિસ્તાન) પ્રદેશ જીતી લીધો હતો. સાયરસ પછી તેના પુત્ર કેમ્બેસીસના સમયમાં ભારત પર ઈરાની આક્રમણ થયું ન હતું. પરંતુ કેમ્બેસીસ પછી દરાયસ 1 લાએ ભારતની સરહદ પર ઈરાની સૈનિકો મોકલ્યા. હેરોડોટસ જણાવે છે કે, દરાયસે (ઈ.સ. પૂર્વે. 517) સ્કોપલેક્સ નામના પોતાના વહાણવટીને સિંધુનદીના પ્રવાહોની શોધખોળ માટે વહાણોનો કાફલો લઈને મોકલ્યો હતો. દરાયસના સામ્રાજ્યમાં 20 પ્રાંત પૈકીમાં ભારતનો પશ્ચિમી વિસ્તારનો એક પ્રાન્ત પણ હતો. તેની સમૃદ્ધિ એટલી બધી હતી કે દર વર્ષે અહીંથી 360 'ટેલેન્ટ' સોનાની રજ ખંડણી તરીકે મોકલવામાં આવતી. આ દરાયસના સામ્રાજ્યની કુલ આવકના ત્રીજા ભાગ જેટલી આવક આ રીતે ભારતમાંથી જ થતી.

દરાયસના પુત્ર ઝર્કસીસના સમયમાં હિન્દુસ્તાનના આ ભાગ પર ઈરાનીઓનો અંકુશ વધારે દૃઢ બન્યો હશે. કારણકે, હેરોડોટ્સ જણાવે છે તેમ, ઝર્કસીસે ગ્રીક નગરરાજ્યોને કચડી નાખવા માટે તેનાં સૈન્યમાં હિંદીઓ અને ગાંધારોની ટુકડી પણ બનાવી હતી. એ રીતે યુરોપમાં થર્મોપોલીના ઘાટ પાસે ઈરાન તરફથી પહેલી વાર હિંદનું સૈન્ય લડ્યું હતું.

હિંદ પરનો ઈરાનનો આ અંકુશ ક્યાં સુધી ચાલ્યો તે નક્કી કરવું મુશ્કેલ છે. છતાં (ઈ.સ. પૂર્વે 330 સુધી) હિંદના આ વાયવ્ય સરહદ પરના પ્રદેશો પર એક યા બીજા પ્રકારે ઈરાની આધિપત્ય હશે તેમ માની શકાય. કારણકે, સિકંદર સામે ઈરાની સમ્રાટ દરાયસ ત્રીજો હાર્યો અને સિકંદરનો ભારત તરફ આવવાનો માર્ગ ખુલ્લો થયો.

### ભારત પર ઈરાની આક્રમણોનાં પરિણામો (અસરો) :

ઈરાની આક્રમણની રાજકીય દૃષ્ટિએ બહુ લાંબી અસર થઈ ન હતી. આ આક્રમણની વેપાર અને સંસ્કૃતિની દૃષ્ટિએ મહત્ત્વની અસર થઈ હતી. સ્કાયલેક્સ નામના નાવિકે દરાયસ પહેલાના સમયમાં સિંધુ અને તેની શાખાઓનો માર્ગ શોધ્યો. તેનાથી બંન્ને રાષ્ટ્ર વચ્ચે વેપારી સંબંધો બંધાયા હશે. ઈરાનના આર્યો અને હિંદના આર્યોના સંપર્કની પુનઃશરૂઆત આ આક્રમણથી થઈ હતી. વેપારી સંબંધના પુરાવા તરીકે હિંદના ઘણા ભાગોમાંથી ઈરાનના સોનાના સિક્કા 'દરિક' અને ચાંદીના 'સિગલોઈ' મળી આવ્યા છે.

એ જ રીતે, ભારતના વાયવ્ય પ્રાંતમાં ખરોષ્ઠી લિપિ (જમણી તરફથી લખાતી)ની શરૂઆત થઈ, તે પણ ઈરાનીઓની આરામ લિપિને આભારી છે. તેમ કેટલાક વિદ્વાનો માને છે. કેટલાક વિદ્વાનો મૌર્યકાલીન શિલ્પ અને સ્થાપત્યમાં તથા ખડક અને સ્તંભો પર આજ્ઞાપત્ર કોતરાવવાની અશોકની પ્રણાલિકા પર પણ ઈરાનીઓની અસર નિહાળે છે.

## મેસેડોનિયા (ગ્રીસ)નાં ભારત પરનાં આક્રમણો અને તેનાં પરિણામો

### આક્રમણો :

મેસોડોનિયાના રાજા ફિલીપનો પુત્ર સિકંદર માત્ર વીસ વર્ષની ઉંમરે ગાદીએ આવ્યો. તે નાનપણથી જ વિશ્વવિજેતા બનાવાની ઇચ્છા ધરાવતો હતો. તેણે ભારત પર કરેલાં આક્રમણો ભારતના ઇતિહાસમાં મેસેડોનિયાનાં આક્રમણો તરીકે ઓળખાય છે. અરબેલાના યુદ્ધમાં ઈરાનના દરાયસ ત્રીજાને હરાવી સિકંદરે હિંદ પરના આક્રમણની તૈયારી કરી. આખરે તેણે ભારત તરફ જવાના માર્ગે લશ્કર માટે કિલ્લાઓ બંધાવ્યા. આવા એક કિલ્લા 'નાસિયા'થી તેણે તક્ષશિલાના રાજા તથા સિંધુની પશ્ચિમે આવેલા રાજાઓને પોતાનામાં ભળી જવા આમંત્રણ આપ્યું. તક્ષશિલાનાં રાજાએ પોતાના પુત્ર આંભિકુમારને મોકલીને સિકંદરને હિંદ પર ચઢાઈ કરે તો મદદ આપવાનું વચન આપ્યું. તેવી જ રીતે, સરહદના બીજા એક રાજા શશીગુપ્તે પણ સિકંદરને મદદ કરી. આમ, ભારતભૂમિના ઇતિહાસમાં નોંધાયેલા આ બંને સૌપ્રથમ દેશદ્રોહીઓ કહી શકાય.

સિકંદરે હિંદ પર લડાઈ માટે પોતાના લશ્કરના બે વિભાગ પાડ્યા. પહેલા વિભાગમાં હફેઈસ્ટન (Haphaestion) અને પડીકાસ (Perdiccas) ની સરદારી હેઠળ આંભિકુમારના માર્ગદર્શન પ્રમાણે કાબુલ નદીના માર્ગે પેશાવર તરફ કૂચ કરી. પરંતુ રસ્તામાં આષ્ટકોના રાજાએ તેનો બહાદુરીપૂર્વક સામનો કર્યો અને અંતે તે મરાયો પછી ગ્રીક લશ્કર આગળ વધી શક્યું.

બીજા સૈન્યની સરદારી ખુદ સિકંદરે લીધી. તે કાબુલ નદીની ઉત્તરે થઈને કુનર, પંજકૌર અને સ્વાતમાં પ્રવેશ્યું. વ્યાકરણશાસ્ત્રી પાણિનિ જેને અશ્વાયન અને પૂર્વયશ્વકાયન જાતિઓ કહે છે એ જાતિઓએ તેમનો બહાદુરીપૂર્વક સામનો કર્યો. તેમના કિલ્લાઓ તોડવા જતાં એક કિલ્લામાં ખુદ સિકંદરને ઘા વાગ્યો અને તેની કિંમત આખા કિલ્લાની પ્રજાને ચૂકવવી પડી. સિકંદરે સમસ્ત કિલ્લાની પ્રજાને કાપી નાખી. સિકંદરના આ હિચકારા કૃત્યની ગ્રીસ ઇતિહાસકારોએ પણ આકરી નિંદા કરી છે.

તે પછી સિકંદરે અશ્વકાયોનો સૌથી મજબૂત ગણાતો આરસોનનો કિલ્લો સર કર્યો. ગ્રીક ઇતિહાસકારો સિકંદરની આ જીતને તેની સૌથી મહાન લશ્કરી સિદ્ધિ ગણે છે.

ત્યારબાદ સિંધુકિનારે પોતાના બીજા લશ્કરને મળી, સિંધુ પાર કરીને સિકંદર તક્ષશિલા પહોંચ્યો (ઈ.સ. પૂર્વે. 324). ત્યાં આંભિકુમારે તેનું ભવ્ય સ્વાગત કર્યું. તક્ષશિલામાં તેણે ભવ્ય દરબાર ભર્યો અને આજુબાજુના રાજાઓની ખંડણી સ્વીકારી. પરંતુ જેલમ અને ચિનાબ વચ્ચેના પ્રદેશમાં રઘુવંશી રાજા પર્વતકે (પુરૂ જેને ગ્રીકો પોરસ કહે છે.) શરણાગતિ સ્વીકારી નહિ. તેણે સિકંદરને કહેવરાવ્યું "આપણે મળીશું તો ખરા, પણ રણમેદાનમાં."

સિકંદરના સૈન્યનો પુરૂ અને તેના સૈન્યએ વીરતાપૂર્વક સામનો કર્યો. અંતે પુરૂ ઘાયલ થઈને પકડાયો, છતાં તેનું ગૌરવ તો સલામત જ રહ્યું. કારણકે, સિકંદરે તેની કદર કરી તેનું રાજ્ય પાછું આપ્યું, એટલું જ નહિ, તેના રાજ્યમાં 15 પ્રજાસત્તાક રાજ્યોનો પ્રદેશ પણ આપ્યો.

સિકંદર મગધના રાજા નંદને હરાવવા ઇચ્છતો હતો, પરંતુ તેના સૈનિકો વર્ષોથી ગ્રીસની બહાર તેની સાથે ભટકતા હતા. તેઓ પોતાના ઘરે પાછા ફરવા આતુર હતા. કદાચ એમ પણ હોય કે, મગધના નંદોની સત્તા અને સમૃદ્ધિ તેમજ લશ્કરી બળ વિશે તેમણે સાંભળ્યું હોય, તેથી આગળ વધવા તૈયાર ન હોય. સાથે જ ભારતની સરહદ પરનાં આક્રમણો સમયે જ તેમને ભારતની પ્રજાની બહાદુરી અને વફાદારીનો પરિચય થયો હતો. તેથી તેઓ હવે હતાશ થયા હતા. ગ્રીક લેખકોનાં લખાણમાંથી તેમના આ ડરની જાણ થાય છે. સિકંદરે પોતાના સૈન્યને સમજાવવાનો પ્રયત્ન કર્યો તે વ્યર્થ ગયો. આખરે બિયાસનદીના કાંઠે પથ્થરની બાર વેદીઓ બનાવી ગ્રીક દેવતાઓને બલિદાન આપી, ભારે હૃદયે સિકંદર હિંદમાંથી પાછો ફર્યો.

### પરિણામો :

સિકંદરની ચડાઈએ ભારતીયોની આંતરિક નબળાઈઓ ખુલ્લી પાડી. નાના રાજ્યોને કોઈપણ વ્યવસ્થિત આક્રમણનો સામનો કરવા માટે બળવાન સામ્રાજ્ય હોવું જરૂરી છે તે સમજાયું. સિકંદરની ચડાઈ વખતે વિજેતા બનવા માટે જંગલિયતનું પ્રદર્શન જોવા મળ્યું, તેની સાથે ભારતની પ્રજાના ખમીર તથા સ્વાતંત્ર્યપ્રિયતાની ભાવનાનાં દર્શન પણ થયાં. આ આક્રમણનો ભારતીય પ્રજાએ પ્રાણવાન અને બળવાન પ્રતિકાર કર્યો હતો અને ગુલામી સ્વીકારવાના બદલે હજારોની સંખ્યામાં સ્વાધીનતા

માટે પોતાનું બલિદાન આપ્યું હતું. વિજયકૂચની દૃષ્ટિએ સિકંદરની આ આક્રમણની કોઈ ખાસ અસર થઈ નહિ. કદાચ તેથી જ ભારતીય લેખકોએ તેની ખાસ નોંધ રાખવાની દરકાર કરી નહિ.

છતાં સાંસ્કૃતિક દૃષ્ટિએ જોઈએ તો સિકંદરનાં સૈન્યોએ જે માર્ગે પ્રયાણ કર્યું, તે માર્ગો પાછળથી ભારત અને પશ્ચિમી દુનિયા વચ્ચેના સંપર્કના, વ્યવહારના માર્ગો બન્યા. હિંદની ઐતિહાસિક સાધન-સામગ્રીમાં સારો એવો ઉમેરો થયો. હિંદના ઈતિહાસને કાળગણનાનો આધાર મળ્યો. ભારતની સરહદે સ્થાપેલા થાણા (વસાહતો) દ્વારા પશ્ચિમની દુનિયાને ભારતના ધર્મ અને તત્ત્વજ્ઞાનનો પરિચય થયો. ભારતીય શિલ્પ, સ્થાપત્ય, સિક્કાઓ, ગાંધારશૈલી, મૂર્તિવિધાન તેમજ ખગોળવિદ્યા પર ગ્રીક સંસ્કૃતિની અસર થઈ. ટૂંકમાં, ભારત સાથેના ગ્રીક સંપર્કની શરૂઆત કરવા માટે સિકંદરને ભારતીય ઇતિહાસમાં ખાસ મહત્ત્વ આપી શકાય. ભારત પરના ઈરાની અને મેસિડોનિયાના આક્રમણ સામે ભારતીયોએ ભીરુતાને બદલે પ્રાણવાન અને સબળ પ્રતિકાર કરવાની શક્તિ દાખવીને બલિદાનો આપ્યાં હતાં. જ્યારે કેટલાક (આંભિકુમાર તથા શશીગુપ્ત જેવા) દેશદ્રોહીઓએ પોતાની અયોગ્યતા અને નિર્બળતા પણ છતી કરી હતી.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) મગધ સામ્રાજ્યના ઉદયનાં કારણો જણાવો.

(2) મગધ સામ્રાજ્યના વિસ્તારમાં કયા કયા રાજવંશોએ શું ફાળો આપ્યો, તે ટૂંકમાં જણાવો.

(3) ભારત પરના ઈરાની આક્રમણની ભારત પર થયેલ અસર જણાવો.

(4) 'સિકંદરને ભારત પર આક્રમણ કરવામાં સફળતા મળી.' - કારણ જણાવો.

(5) સિકંદરના ભારત પરના આક્રમણનાં પરિણામોની ચર્ચા કરો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) 'મહાજનપદ' એટલે શું? ભારતમાં કુલ કેટલાં મહાજનપદ હતાં ?

(2) કોઈપણ પાંચ મહાજનપદનાં વર્તમાન નામ જણાવો.

(3) 'લિચ્છવીઓની પ્રજાની એકતા અને શિસ્ત પ્રસંશનીય હતી.' - સમજાવો.

(4) કપિલવસ્તુ-શાક્યોના વિશે ટૂંકમાં માહિતી આપો.

(5) મલ્લ રાજ્ય શા માટે પ્રજાસત્તાક સંઘરાજ્ય ગણાતું ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) કયા પાલિગ્રંથમાં ગણરાજ્યોનાં નામોની યાદી આપેલી છે ?

(A) નિકાય (B) ત્રિપિટક (C) અંગુતર નિકાય (D) અભિધમ્મપિટક

(2) કઈ નૃત્યાંગનાએ પોતાનું આમ્રવન બુદ્ધના શરણે ધર્યું હતું ?

(A) હિમાની (B) આમ્રપાલી (C) ગણિકા (D) સારિકા

(3) મહાવીરસ્વામીના નિર્વાણસ્થાનનું નામ શું છે ?

(A) કપિલવસ્તુ (B) પાવાપુરી (C) કુશીનગર (D) વૈશાલી

(4) ગૌતમબુદ્ધ નિર્વાણ પામ્યા તે સ્થાન કયું છે?

(A) કુશીનગર (B) પાંચાલ (C) ગાંધાર (D) અવંતી


(5) સિકંદરને ભારત પર ચડાઈ કરવા માટે મદદ કરનાર ભારતીય કોણ હતો?

(A) આંભિકુમાર (B) આદિકુમાર (C) અનાવિલકુમાર (D) અજાતશત્રુ

•

| 7 | # મૌર્યયુગ |
|---|---|

ભારતના ઇતિહાસમાં મૌર્ય સામ્રાજ્યની સ્થાપનાને મહાન ઘટના ગણવામાં આવે છે. ચંદ્રગુપ્ત મૌર્ય દ્વારા આ સામ્રાજ્ય સ્થપાયું (ઈ.સ. પૂર્વે 321). મૌર્યકાલીન ઇતિહાસ જાણવાનાં અનેક સાધનો આપણને પ્રાપ્ત થયાં છે, જેમાં સૌથી મહત્ત્વપૂર્ણ અશોકના 44 જેટલા અભિલેખો છે. આ અભિલેખોની ભાષા પાલિ છે. અશોકના શૈલલેખ ભારતમાં લેખન-સામગ્રીના સૌથી જૂના અવશેષો ગણાય છે. એ સમયના સિક્કાઓ પણ મળી આવ્યા છે, જે પંચમાર્ક સિક્કાઓ પછીની અવસ્થા દર્શાવે છે. ચંદ્રગુપ્ત મૌર્યનો બનાવેલ મહેલ અને તેના અવશેષો તેમજ મૂર્તિઓ પણ આ કાળનો ઇતિહાસ આપણી સમક્ષ મૂકી આપે છે.



અશોકનો શૈલલેખ - જૂનાગઢ

મૌર્યયુગીન ઇતિહાસ જાણવા માટેનાં અન્ય મહત્ત્વપૂર્ણ સાધનોમાં કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' અને મેગેસ્થનિસ દ્વારા રચિત 'ઇન્ડિકા'ને ગણવામાં આવે છે. અર્થશાસ્ત્ર એ મૌર્યશાસન પર લખાયેલ મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. જેમાં શાસનના સિદ્ધાંતો, રાજ્યનું સ્વરૂપ, શાષક અને અધિકારીઓનાં કર્તવ્યો, નાગરિકોની ફરજ અને વિદેશો સાથેના સંબંધો જેવી જટિલ બાબતોને પણ સમજાવવામાં આવી છે. ચંદ્રગુપ્ત મૌર્યના રાજ દરબારમાં ગ્રીક રાજદૂત મેગેસ્થનિસ આવ્યો હતો. તેણે 'ઇન્ડિકા' નામનો એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથમાં મૌર્યોના નગર વહીવટીતંત્રની મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં આવી છે. તેણે પાટલીપુત્રના વહીવટીતંત્રનો આબેહૂબ ચિતાર આપ્યો છે, સાથે સાથે ભારતીય વર્ણવ્યવસ્થા વિશે પણ તેણે કેટલીક નોંધ કરી છે. શ્રીલંકાના દીપવંશ અને મહાવંશો જેવા બૌદ્ધગ્રંથોમાંથી પણ મૌર્ય સામ્રાજ્યનો ઇતિહાસ સાંપડે છે, તો વિશાખદત્ત જેવા મહાન નાટ્યકારે રચેલ નાટક 'મુદ્રારાક્ષસ' પણ મૌર્ય સામ્રાજ્યના ઇતિહાસ પર પ્રકાશ પાથરે છે.

### કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર'

'અર્થશાસ્ત્ર'ની રચના ચંદ્રગુપ્ત મૌર્યના ગુરુ કૌટિલ્ય, જેને 'ચાણક્ય' તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમણે કરી હતી. અર્થશાસ્ત્ર એ મૌર્યકાલીન રાજ્યનું સ્વરૂપ, તેના સિદ્ધાંતો, રાજાના કર્તવ્ય વગેરે પર પ્રકાશ પાડતો મહાનગ્રંથ છે. ચાણક્યએ ચંદ્રગુપ્ત અને બિંદુસારના માર્ગદર્શક તરીકે રહ્યા હતા. તેમણે રાજ્યના સપ્તાંગસિદ્ધાંતની રચના કરી હતી. કર-વ્યવસ્થા અને રાજકીય સ્વરૂપ પર તેમણે પોતાના વિચારો આ ગ્રંથમાં મહત્ત્વપૂર્ણ રીતે આલેખ્યા છે. જોકે આ ગ્રંથ કોઈ એક જ સમયે લખાયો હોય તેમ જણાતુ નથી. કારણ કે , અર્થશાસ્ત્રમાં સમ્રાટ અશોકના સમયના અધિકારીઓનો પણ ઉલ્લેખ જોવા મળે છે. એ દર્શાવે છે કે, અર્થશાસ્ત્રના લખાણમાં પાછળથી કેટલોક ઉમેરો કરવામાં આવ્યો હતો. તેમ છતાં પ્રાચીન ભારતીય રાજ્ય વ્યવસ્થા જાણવા માટે કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર' સૌથી મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક સામગ્રી છે

### મૌર્યયુગના ઉદયપૂર્વેની રાજકીય પરિસ્થિતિ

આપણે આગળના પ્રકરણમાં મગધના રાજ્યનો ઉદય, ઈરાની આક્રમણ અને મેસેડોનિયોના (ગ્રીસ) સિકંદરના આક્રમણની ચર્ચા કરી ગયા છીએ. સિકંદરના આક્રમણની સૌથી મોટી અસર એ થઈ કે, કૌટિલ્ય અને ચંદ્રગુપ્ત મૌર્યને પંજાબમાં થોડી ઘણી સફળતા મળી અને તેમની શક્તિમાં વધારો થયો. તેમણે એક સેના ઊભી કરી (ઈ.સ. પૂર્વે 321) નંદવંશના છેલ્લા શાસક ધનાનંદને હરાવી મૌર્ય સામ્રાજ્યની સ્થાપના કરી. ચંદ્રગુપ્તને ધનાનંદની વિશાળ સેના પ્રાપ્ત થવાથી ખૂબ ઝડપથી મૌર્ય સામ્રાજ્યનો તેણે વિકાસ કર્યો.


### ચંદ્રગુપ્ત મૌર્ય ( ઈ.સ. પૂર્વે 321 થી ઈ.સ. પૂર્વે 297)

મૌર્યસામ્રાજ્યની સ્થાપના (ઈ.સ. પૂર્વે 321) ચંદ્રગુપ્ત મૌર્યએ કરીને (ઈ.સ.પૂર્વે 297 સુધી) રાજ્ય કર્યું. આ સમય દરમિયાન તેણે ઉત્તર-પશ્ચિમ ભારતથી લઈને સંપૂર્ણ ઉત્તર-ભારત અને ગુજરાત સુધીના મહાન વિજયો પ્રાપ્ત કર્યા. ચંદ્રગુપ્ત મૌર્યનું

યુદ્ધ (ઈ.સ. પૂર્વે 305) ગ્રીક રાજવી સેલ્યુકસ નીકેતર સાથે થયું હતું. જેમાં સંભવતઃ ચંદ્રગુપ્ત વિજયી થયો હતો. આ યુદ્ધ બાદ બંને વચ્ચે સંધી થઈ હતી અને સેલ્યુકસની પુત્રી હેલનના વિવાહ ચંદ્રગુપ્ત મૌર્ય સાથે કરવામાં આવ્યાં હતાં. આ યુદ્ધને પરિણામે ચંદ્રગુપ્તનું શાસન મધ્યએશિયા સુધી પહોંચ્યું હતું. સેલ્યુકસનો રાજદૂત મૅગેસ્થનિસ ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં આવ્યો હતો. આમ, ચંદ્રગુપ્તના સમયથી ભારતમાં વિદેશી સત્તાઓ સાથે સંબંધની એક નવીન પરંપરા શરૂ થઈ. તે અવસાન પામ્યા ત્યારે તેમના પુત્ર બિન્દુસારને એક મહાન સામ્રાજ્ય વારસામાં મળ્યું. જૈનપરંપરા મુજબ ચંદ્રગુપ્તે બિન્દુસારને રાજ્ય સોંપી જૈનમુનિ ભદ્રબાહુ સાથે દક્ષિણ ભારત જઈ (ચંદ્ર ટેકરી શ્રવણ બેલગોડા) કાયાકલેશ કર્યો.

## બિન્દુસાર ( ઈ.સ. પૂર્વે 297 થી ઈ.સ. પૂર્વે 273)

ચંદ્રગુપ્ત બાદ તેના જેવો જ તેમનો પ્રતાપી પુત્ર બિન્દુસાર ગાદી પર આવ્યો. હકીકતમાં ચંદ્રગુપ્ત મૌર્યના વિજયમાં તેણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જોકે, બિન્દુસાર વિશે ચંદ્રગુપ્ત અને અશોક જેટલી મોટા પ્રમાણમાં માહિતી સાંપડતી નથી. તેણે પણ ગ્રીક અને અન્ય તત્કાલીન વૈશ્વિક સત્તાઓ સાથે સાંસ્કૃતિક આદાન-પ્રદાનને મહત્ત્વ આપ્યું હતું. તેના સમયમાં મૌર્ય સામ્રાજ્યમાં પાંચ પ્રાંતની પાંચ રાજધાની પ્રવર્તતી હતી. અશોક ઉજ્જૈની પ્રાંતનો વડો હતો, જ્યારે તેનો મોટો પુત્ર તક્ષશિલા પ્રાંતનો વડો હતો. બિન્દુસારના સમયમાં તક્ષશિલામાં બળવો થયાના પુરાવા પ્રાપ્ત થયા છે. બિન્દુસાર આજીવક સંપ્રદાયમાં વિશ્વાસ ધરાવતો હતો. મૌર્યસામ્રાજ્યની સીમાઓ મધ્યએશિયાથી દક્ષિણ ભારત સુધી વિસ્તરી ચૂકી હતી.


અશોકનો સામ્રાજ્ય વિસ્તાર

## સમ્રાટ અશોક (ઈ.સ. પૂર્વે 273 થી ઈ.સ. પૂર્વે 232)

બિન્દુસારના ઉત્તરાધિકારી તરીકે અશોકે શ્રેષ્ઠ શાસનતંત્ર ઊભું કર્યું. બૌદ્ધપરંપરા અનુસાર અશોકે પોતાના 99 ભાઈઓની હત્યા કરીને ગાદી પ્રાપ્ત કરી હતી. જોકે, ઇતિહાસકારો આ બાબતને માનતા નથી. અશોકના જીવનનું એક માત્ર મહત્ત્વપૂર્ણ યુદ્ધ (ઈ.સ. પૂર્વે 261) કલિંગ સાથે થયું હતું. આ યુદ્ધમાં હજારોની સંખ્યામાં લોકો માર્યા ગયા, એટલા જ લોકો યુદ્ધ કેદી બનાવવામાં આવ્યા હતા. આ રક્તપાતને કારણે અશોકનું હૃદયપરિવર્તન થયું અને તેણે યુદ્ધ દ્વારા રાજ્યવિસ્તારની નીતિનો ત્યાગ કર્યો. તેણે યુદ્ધ બદલે ધર્મ દ્વારા વિજયનો માર્ગ અપનાવ્યો. સંપૂર્ણ જીવનબૌદ્ધ ધર્મના સિદ્ધાંતના પ્રચાર અને પ્રસાર માટે વ્યતિત કર્યું. અશોક બાદ તેના ઉત્તરાધિકારીઓ વિશાળ સામ્રાજ્યને સાચવી રાખવામાં અસફળ રહ્યા અને મૌર્યવંશના છેલ્લા રાજા બૃહદ્રથની હત્યા (ઈ.સ. પૂર્વે 185) કરી, તેના સેનાપતિ પુષ્યમિત્ર શુંગે સામ્રાજ્યનો નાશ કર્યો. આ રીતે ભારતનું એક મહાન સામ્રાજ્યનું પતન થયું.

## સમ્રાટ અશોક અને બૌદ્ધધર્મ


સમ્રાટ અશોક

ભારતના ઇતિહાસમાં અશોક મહાનતમ શાસકોની કોટીમાં અગ્રક્રમે આવે છે. તેની રાજકીય નીતિઓની તુલનાએ તેની ધાર્મિક નીતિ વિશિષ્ટ અને ઉપકારક હતી. મોટા ભાગના ઇતિહાસકારોના મતે અશોકે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો હતો અને ધમ્મ દ્વારા બૌદ્ધધર્મના સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. જોકે, અશોકનો ધર્મ એ માનવધર્મ હતો. તે આદર્શ સામાજિક વ્યવહાર અથવા તો આચારસંહિતા સાથે સંકળાયેલો હતો. તે આવો આદર્શ સમાજ સ્થાપી પ્રજાને તે માર્ગ પર ચાલવા અનુરોધ કરતો હતો. બૌદ્ધ ધર્મનો અનુયાયી હોવા છતાં તેણે તમામ ધર્મોને સમાન મહત્ત્વ આપ્યું હતું. એટલે તે માનવધર્મનો પ્રચારક હતો, તેમ કહી શકાય.

અશોકના શૈલલેખો પૈકી કેટલાકમાં ધમ્મની લાક્ષણિકતાઓ જોવા મળે છે. તેના શૈલલેખમાં કરુણા, દાન, સચ્ચાઈ, પવિત્રતા, સદ્‌વિચાર અને સારા વ્યવહારની વાતો લખાયેલી છે. ત્રીજા, ચોથા અને બારમા અભિલેખોમાં તેણે જણાવ્યું કે, લોકોએ માતા-

પિતા, વડીલો, બ્રાહ્મણો અને શ્રમણોનું સન્માન કરવું જોઈએ.

રાજ્યના લોકો ધર્માનુસાર જીવન જીવે અને આચરણ કરે તે માટે ધર્મમહાપાત્ર નામના અધિકારીઓની નિમણૂક કરી હતી. તેણે જણાવ્યું છે કે, રાજા પ્રિયદર્શી તમામ સંપ્રદાયનું સન્માન કરે છે. લોકોને બૌદ્ધધર્મના આદર્શો અપનાવવાની વાત કરી છે. અન્ય શૈલલેખોમાં પ્રજાને અનુરોધ કરવામાં આવેલ છે. તેણે કહ્યું છે કે, પ્રજા ક્રોધ, ઈર્ષા, હિંસા, અત્યાચાર જેવા દૂષણોથી દૂર રહે. સમાજ કે સામાજિક સંમેલનો કે મેળાવડાઓ બંધ કરવા જોઈએ, તેમજ પશુઓની હત્યા પણ બંધ કરવી જોઈએ. તેણે તેનાં શાહી રસોડામાં થતી પશુ હિંસા લગભગ બંધ કરાવી હતી.

પ્રજાકલ્યાણ કાર્ય માટે તેણે જણાવ્યું છે કે, રાજ્ય સારા માર્ગો, ચિકિત્સાલયો, કૂવા અને નાગરિકો માટે ધર્મશાળાઓનું નિર્માણ કરાવશે.


સાંચીનો સ્તૂપ

અશોકનું સામ્રાજ્ય ખૂબ વિશાળ હતું. તેમાં અનેકવિધ, સાંસ્કૃતિક, સામાજિક અને ધાર્મિક માન્યતાવાળા લોકસમૂહો એકસાથે રહેતા હતા.

તેમનામાં જો મતભેદો ઊભા થાય, તો સામ્રાજ્યમાં રાજકીય ખેંચ પેદા થાય. આ પ્રકારના સંઘર્ષોના સમાધાન માટે તેની સમક્ષ બે માર્ગો હતા : (1) સૈનિકસંખ્યામાં વધારો કરવો, જેને માટે કરમાં વૃદ્ધિ કરવી. જોકે, કરવૃદ્ધિને કારણે લોકોના વિરોધનો સામનો કરવો પડે તેમ હતો (2) જુદા જુદા સાંસ્કૃતિક અને સામાજિક સમૂહના લોકો વચ્ચે પરસ્પર એક્તા અને સમભાવના ઊભી કરી એક શાંતિપૂર્ણ સમાજની સ્થાપના કરવી. અશોકે આ બીજો વિકલ્પ સ્વીકાર્યો. ભારતવર્ષના ઇતિહાસમાં યુદ્ધ અને આક્રમણના સ્થાને સદ્ભાવ સદ્ભાવ અને શાંતિની આવી મહાન નીતિનો તે પ્રથમ પુરસ્કર્તા હતો.

**મૌર્ય શાસનવ્યવસ્થા**

મૌર્યોએ વહીવટીતંત્રની એક શ્રેષ્ઠ પદ્ધતિ સ્થાપિત કરી. તેમના વહીવટીતંત્રનો વિચાર આપણને અર્થશાસ્ત્રમાંથી સાંપડે છે. વહીવટીતંત્રમાં રાજાની ભૂમિકા સૌથી મહત્ત્વપૂર્ણ હતી. શાસન સંબંધી સહાયતા માટે એક મંત્રી પરિષદની સ્થાપના કરવામાં આવી હતી. કરવ્યવસ્થા, કાયદો, ન્યાય, યુદ્ધ અને વિદેશી બાબતોમાં અંતિમ નિર્ણય રાજાનો રહેતો. રાજા કુશળતાપૂર્વક પ્રશાસનના અધિકારીઓ વિશે માહિતી મેળવતો. મૌર્યોનું ગુપ્તચર તંત્ર અનન્ય પ્રકારનું હતું. રાજા શિલાલેખોના માધ્યમથી પ્રજાને શાસનતંત્રની માહિતી આપતા અશોકના શિલાલેખમાં કહેવાયું છે કે, કોઈ પણ વ્યક્તિ, જરૂર હોય ત્યારે રાજાને મળી શકે છે. પ્રજા રાજાના બાળક સમાન છે અને રાજા તમામના સુખની કામના કરે છે.

મંત્રીપરિષદમાં અનેક મંત્રીઓ કાર્ય કરતા હતા, તેમને અમાત્ય, મહામાત્ર અને અધ્યક્ષ તરીકે ઓળખવામાં આવતા. મૌર્યોના વહીવટીતંત્રમાં 27 જેટલાં વિભિન્ન ખાતાંઓ અને તેનાં મંત્રીઓ કે અધ્યક્ષની સૂચિ મળે છે. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર આ પ્રકારની સૂચિ આપે છે. જેમકે, કૃષિવિભાગને સીતા કહેવામાં આવતું અને તેના વડાને સીતાધ્યક્ષ કહેવામાં આવતા. આ સિવાય વિદેશમંત્રાલય, ખાણવિભાગ, વેપારવિભાગ અને સૈનિકવિભાગ સૌથી મહત્ત્વપૂર્ણ હતાં. કર્મચારીઓમાં કે અધિકારીઓમાં સમાહર્તાનું પદ ખૂબ જ અગત્યનું હતું. આધુનિક સમયમાં ભારતમાં કલેક્ટરનું જે કાર્ય છે, તેવું કાર્ય મૌર્ય કાળમાં સમાહર્તાને સોંપવામાં આવ્યું હતું. તે મહેસૂલ ઉઘરાવવાનું કાર્ય કરતા અને કાયદો અને વ્યવસ્થાનું પાલન પણ કરાવતો. જિલ્લાના વહીવટીતંત્રના વડા તરીકે તે સ્થાન શોભાવતો. તેના હાથ નીચે સમગ્ર જિલ્લાનું વહીવટીતંત્ર કાર્ય કરતું.

મૌર્ય સામ્રાજ્યમાં સેનાનું બહુ જ મોટું પ્રદાન હતું એક ગ્રીક લેખક જસ્ટીનના મત અનુસાર ચંદ્રગુપ્ત મૌર્યની સેનામાં છ લાખ જેટલું પાયદળ, 30,000 અશ્વસેના, 9000 હાથીઓની સેના અને 8000 રથસેનાનો સમાવેશ થતો હતો. જોકે આ સંખ્યા થોડી અતિશયોક્તિ પૂર્ણ છે. પરંતુ એ બાબત સ્પષ્ટ છે કે, મૌર્યો પાસે એક વિશાળ સેના હતી. મેંગેસ્થનિસે સેનાની જુદી જુદી

શાખાઓનાં કાર્યોની માહિતી આપી છે. કિલ્લાની સુરક્ષા કરતા અંતપાલ નામના સેનાધ્યક્ષની વાત પણ તેણે કરી છે.

મૅગેસ્થનિસે પાટલીપુત્રના વ્યવસ્થાતંત્રની મહત્ત્વપૂર્ણ માહિતી આપી છે. તેનાં મતે પાંચ-પાંચ સભ્યોની છ સમિતિઓ પાટલીપુત્રનું વહીવટીતંત્ર સંભાળતી હતી. આધુનિક સમયમાં જેને આપણે પાસપોર્ટ કહીએ છીએ, તેવું એક વિભાગ મૌર્યોના સમયમાં મુદ્રા નામે ઓળખાતો હતો. એક સમિતિ આયાત અને નિકાસ પર લેવાતા કરની માહિતી રાખતી, જ્યારે અન્ય એક જન્મ-મરણનો આંકડો તપાસતી. આમ આધુનિક વહીવટીતંત્રનાં અનેક લક્ષણો આપણને મૌર્ય વહીવટીતંત્રમાં જોવા મળે છે.

મૌર્યોની ન્યાયવ્યવસ્થા પણ અત્યંત મહત્ત્વપૂર્ણ હતી. રાજા સર્વોચ્ચ ન્યાયાધીશ હતો. મૌર્યોની ન્યાયવ્યવસ્થા છેક ગ્રામ તબક્કા સુધી પહોંચી હતી. દીવાની અને ફોજદારી એમ બંને પ્રકારની અદાલતો જોવા મળે છે. ગામડામાં પંચાયત ન્યાયનું કાર્ય કરતી. ધર્મસ્થિય અને કંટકશોધન નામની બે કોર્ટો મૌર્યસામ્રાજ્યમાં જોવા મળે છે. જે ક્રમશઃ દીવાની અને ફોજદારી અદાલતો હતી. મગધની રાજધાની પાટલીપુત્ર સિવાય મૌર્યસામ્રાજ્યને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યું હતું. ઉત્તર-પશ્ચિમ ભારતની રાજધાની તક્ષશિલા હતી. સુવર્ણગિરિ દક્ષિણ ભારતની રાજધાની હતી. પૂર્વભારતની રાજધાની તોસાલી હતી અને ઉજ્જૈયની પશ્ચિમ ભારતની રાજધાની હતી. આ ચારે ચાર વિભાગો પર મોટાભાગે રાજકુમારોને નીમવામાં આવતા. જે 'કુમાર' તરીકે ઓળખવામાં આવતા. કુમાર વિભાગના વડા તરીકે કાર્ય કરી ભવિષ્યમાં સંપૂર્ણ શાસનતંત્ર સંભાળવા લાયક બને તેવો રાજાનો આશય રહેતો. કેન્દ્રનું વહીવટીતંત્ર રાજા પોતે જ સંભાળતો. ચંદ્રગુપ્ત મૌર્યથી લઈને અશોકના સમયનું શાસનતંત્ર લગભગ એક સમાન જણાય છે.

## મૌર્યકાલીન અર્થવ્યવસ્થા

અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર ખેતી હતો. મૌર્ય વહીવટીતંત્રે બિનઉપજાઉ ભૂમિને ઉપયોગમાં લાવવા વ્યવસ્થિત પ્રયત્નો કર્યા. તેમણે નવાં સ્થળોની શોધ પણ કરી, ખેતીમાં કામ કરવા માટે વિશાળ જનસંખ્યા ધરાવતાં ક્ષેત્રોમાંથી લોકોને નવાં ગામડાઓમાં વસાવવાનું કાર્ય કર્યું. રાજા તમામ જમીનનો માલિક હતો. સીતાધ્યક્ષ સમગ્ર કૃષિતંત્રનો વડો હતો. જોકે ખેડૂતો પોતે પણ પોતાની જમીનનાં માલિક હતા. મૌર્યો સિંચાઈના મહત્ત્વને સમજ્યા હતા. જૂનાગઢમાં ચંદ્રગુપ્ત મૌર્યએ સુદર્શન તળાવની રચના કરાવી હતી. સિંચાઈ ભૂમિવાળા ખેડૂતો પાસેથી વધારે કર લેવામાં આવતો.

મૌર્યસામ્રાજ્યના સમયમાં વેપાર-વાણિજ્યનો ખાસ્સો વિકાસ થયો હતો. વારાણસી, મથુરા, ગાંધાર, ઉજ્જૈન, બંગાળ અને ગુજરાત વેપાર-વાણિજ્યના ઉત્તમ કોટીનાં સ્થળો હતાં. ધાતુનું ઉત્પાદન ખૂબ જ અગત્યની આર્થિક પ્રવૃત્તિ હતી. જમીનમાર્ગો અને જળમાર્ગો દ્વારા વેપારનું સંચાલન કરવામાં આવતું હતું. પાટલીપુત્ર અનેક વેપારિક માર્ગો દ્વારા સમગ્ર ભારત સાથે જોડાયેલું રહેતું, એટલું જ નહિ, બંગાળથી લઈને તક્ષશિલા અને તક્ષશિલાથી મધ્યએશિયાનાં બજારો સાથે પણ જોડાયેલું રહેતું. પશ્ચિમ બંગાળમાં આવેલું તામ્રલિપ્તિ અને પશ્ચિમ ભારતના ગુજરાતમાં આવેલું ભરૂચ આંતરરાષ્ટ્રીય બંદરો હતાં. ચંદ્રગુપ્ત મૌર્યએ તામ્રલિપ્તિ થઈને તક્ષશિલા અને તક્ષશિલાથી મધ્યએશિયા તરફ જતો એક વિશિષ્ટ માર્ગ બનાવ્યો હતો, જે પાછળથી શેરશાહે અને તેના બાદ 19 મી સદીમાં ડેલહાઉસીએ ફરીથી નિર્મિત કરાવ્યો હતો, તે જે આગળ જતાં Grand Trunck Road તરીકે ઓળખાયો.

વેપારનું મહત્ત્વપૂર્ણ પાસું શિલ્પકલાનો વિકાસ હતો. વેપારીઓ અને કારીગરો સંગઠિત રીતે શ્રેણી કે ગિલ્ડ બનાવી કાર્ય કરતા. લોખંડના ઉત્પાદન પર એકાધિકાર રાખ્યો હતો. કારણ કે, લોખંડ એ ખેતી, વેપાર અને સેના માટે સૌથી મહત્ત્વપૂર્ણ ધાતુ હતી. લોહાધ્યક્ષ નામનો ઉચ્ચ અધિકારી તેની પર નજર રાખતો હતો.

## મૌર્યકાલીન સમાજ

બૌદ્ધ અને જૈનધર્મની સ્થાપના બાદ ધર્મ અને સમાજ ક્ષેત્રે થોડાં ઘણાં પરિવર્તનો આવ્યાં હતાં, પરંતુ તેમ છતાં મૌર્યકાલીન સમાજમાં વર્ણવ્યવસ્થા એટલી જ મજબૂત હતી. જોકે, વેપાર-વાણિજ્યના વિકાસને કારણે વૈશ્યો અને શૂદ્રોના સામાજિક સ્તરમાં સુધારો થયો હતો. શૂદ્રો હવે કૃષિ અને શિલ્પ સાથે સંકળાયાં હતાં.

## મૌર્ય કલા, સ્થાપત્ય અને અભિલેખો

પ્રાચીન ભારતીય શિલ્પ અને કલાના ક્ષેત્રે મૌર્યસામ્રાજ્યનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે. મૅગેસ્થનિસે પાટલીપુત્રમાં ચંદ્રગુપ્ત

મૌર્ય એક ભવ્ય મહેલમાં રહેતો હતો તેવી વાત કરી છે. જોકે, આ મહેલ કાષ્ઠનો હોવાને કારણે મોટી સંખ્યામાં અવશેષો મળતા નથી. આ કાળમાં પથ્થરની મૂર્તિઓ બનાવવાની કલા ખૂબ વિકાસ પામી હતી, જેના ઉત્તમ નમૂના રામપૂર્વા, લૌરિયાનંદનગઢ અને સારનાથના અશોકસ્તંભોમાં પ્રાપ્ત થાય છે. આપણુ રાષ્ટ્રીય ચિ� જે ચાર સિંહની આકૃતિવાળું છે, તે બનારસ પાસે આવેલ સારનાથના અશોકસ્તંભમાંથી લેવામાં આવ્યું છે. આ બધા સ્તંભ ગોળાકાર અને એક જ પથ્થરમાંથી બનાવવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશમાં મિરઝાપુર પાસે આવેલ ચુનાર નામના ગામમાંથી મળી આવેલ રેતીના પથ્થરમાંથી આવા સ્તંભો બનાવવામાં આવતા અને ત્યારબાદ સમગ્ર ભારતભરમાં તેનું સ્થાપન કરવામાં આવતું. જે મૌર્યોની ઉત્કૃષ્ટ સંચાર વ્યવસ્થાનું ઉદાહરણ છે. આપણને પહાડોમાંથી મૌર્યકાલીન ગુફાઓ પ્રાપ્ત થઈ છે. એમાં સૌથી મહત્ત્વની ગુફાઓ બિહારના ગયા પાસે આવેલ બારાબરની ટેકરીઓમાં પ્રાપ્ત થઈ છે. આ ગુફાઓમાં લોમેશ ઋષિની ગુફા શ્રેષ્ઠ છે. આ સમયની પથ્થર અને માટીની મૂર્તિઓ પણ મળી આવી છે. જેના પર પૉલિશ કરવામાં આવી છે. આવી મૂર્તિઓ દિદારગંજમાંથી મળી આવેલ યક્ષ અને યક્ષિણીઓની મૂર્તિઓ મહત્ત્વપૂર્ણ છે.

### મૌર્યસામ્રાજ્યનું પતન

મૌર્યો પાસે એક વિશાળ સેના અને મહત્ત્વપૂર્ણ શાસનતંત્ર હતું, જેણે ભારતના મોટાભાગના વિસ્તારોમાં શાસન કર્યું, પરંતુ સમ્રાટ અશોકના મૃત્યુ બાદ મૌર્યવંશ પતન તરફ આગળ વધ્યો. અશોકના મૃત્યુ બાદ સામ્રાજ્ય બે ભાગમાં વહેંચાઈ ગયું. પૂર્વ સામ્રાજ્ય રાજા દશરથના વડપણ હેઠળ જ્યારે પશ્ચિમી સામ્રાજ્ય રાજા સંપ્રતિને આધીન હતું. આપણને સ્વાભાવિક વિચાર થાય કે આટલા મહાન સામ્રાજ્યનું પતન આટલું ઝડપથી કેવી રીતે થયું?

કેટલાક ઇતિહાસકારો અશોકને મૌર્યસામ્રાજ્યના પતન માટે જવાબદાર માને છે. અશોકે બૌદ્ધધર્મના પ્રભાવમાં આવી શાંતિપ્રિય નીતિ અપનાવી સેનાને દુર્બળ બનાવી હતી. તો સાથે સાથે બૌદ્ધધર્મના ઝુકાવને કારણે બ્રાહ્મણો મૌર્યસામ્રાજ્યના વિરોધી બન્યા. કારણકે, અશોકે પશુબલી પર પ્રતિબંધ મૂક્યો હતો. જેનાથી બ્રાહ્મણોના ધાર્મિક કર્મકાંડો પર પ્રભાવ પડવાથી તેમની આર્થિક સ્થિતિ વણસી હતી. પુષ્યમિત્ર શુંગ જે મૌર્યશાસક બૃહદ્રથનો બ્રાહ્મણ સેનાપતિ હતો, તેણે આ અંતિમ મૌર્યશાસકની હત્યા કરી શુંગવંશની સ્થાપના કરી. કેટલાક ઇતિહાસકારો મૌર્યવંશના પતન માટે દુર્બળ ઉત્તરાધિકારી રાજાઓને દોષ આપે છે.

કેટલાક ઇતિહાસકારો મૌર્ય અર્થવ્યવસ્થાને મૌર્યસામ્રાજ્યના પતનનું કારણ ગણાવે છે. મૌર્યોએ વેપાર-વાણિજ્ય પર એકાધિકાર સ્થાપી દીધો હતો, એટલુ જ નહિ, પરંતુ મૌર્યકાલીન સિક્કાઓ પણ સામાન્ય પ્રકારના જણાય છે. પ્રશાસન અને ધાર્મિક કાર્યોમાં નાણાંનો વ્યય થવાથી અર્થવ્યવસ્થા તૂટી પડી હશે. આટલા વિસ્તૃત સામ્રાજ્યમાં કેન્દ્રીય તંત્ર વંશપરંપરાગત રીતે ચાલતું હતું. અશોકની પછી આવેલા તેના ઉત્તરાધિકારીઓ પ્રાંતો અને કેન્દ્ર વચ્ચે સંતુલન બનાવી રાખવામાં અસફળ રહ્યા.

આપણે ઉપર જોયું તેમ, અનેક કારણો મૌર્યસામ્રાજ્યના પતન માટે આપવામાં આવ્યાં છે. તેમ છતાં મૌર્ય સામ્રાજ્ય એ પ્રથમ એવું મહાન સામ્રાજ્ય હતું જેણે ભારતના ઇતિહાસને એક નવીન દિશા આપી. તેમની પાસે ઉચ્ચ કક્ષાનું વહીવટીતંત્ર અને વિશાળ સેના હતી. જેની સહાયથી તેમને ભારતના મોટાભાગ પર લગભગ 150 વર્ષ સુધી શાસન કર્યું ને દસ રાજાઓએ સાર્વભૌમ સત્તાનો ઉપયોગ કર્યો. સમ્રાટ અશોક ભારતના ઇતિહાસમાં તેની શાંતિપ્રિય નીતિને કારણે સૌથી મહાન શાસક ગણાયો. ચંદ્રગુપ્ત મૌર્ય, બિન્દુસાર અને અશોકના સમયમાં કલા અને અર્થવ્યવસ્થાનો ઉત્તમ કોટીનો વિકાસ થયો. મૌર્યોએ ભારતને એક મહાન સામ્રાજ્યની ભેટ આપી.

### વિદેશો સાથેના સંપર્કો

ચંદ્રગુપ્ત મૌર્યના સમયથી જ ભારતનો વિદેશો સાથે સંપર્ક શરૂ થયો. ચંદ્રગુપ્તે ગ્રીકો સાથે રાજકીય અને સાંસ્કૃતિક સંબંધોની સ્થાપના કરી. સેલ્યુકસ નીકેતરની સાથે તેનું યુદ્ધ થયું. ત્યારબાદ આ ગ્રીક શાસકની પુત્રી હેલન સાથે ચંદ્રગુપ્ત મૌર્યના વિવાહ થયા. આમ, વિદેશીનીતિનો પ્રારંભ ચંદ્રગુપ્તના લગ્નસંબંધથી શરૂ થયો. મૅગેસ્થનિસ તેના દરબારમાં રહેલો ગ્રીક એલચી હતો. બિન્દુસાર અને અશોકના સમયમાં પણ વિદેશો સાથેના સંપર્કો ચાલુ રહ્યા. ગ્રીકો બિન્દુસારને અમિત્રઘાત કહેતા, સિરાયાના શાસક સાથે બિન્દુસારને ઘનિષ્ઠ રાજકીય સંપર્કો હતા. અશોકના સમયમાં ગ્રીક, ઇજિપ્ત અને શ્રીલંકા સાથે ભારતના વિશિષ્ટ રાજકીય સાંસ્કૃતિક સંપર્કો ઊભા થયા હતા.

## મૌર્યયુગનો વારસો

ભારતના ઇતિહાસમાં મૌર્યસામ્રાજ્ય એ સૌથી પ્રથમ અને મહાન સામ્રાજ્ય હતું. વિસ્તારની દૃષ્ટિએ ભારતના ઇતિહાસમાં તેનું સ્થાન અદ્વિતીય છે. મૌર્યસામ્રાજ્યે જેટલો સામ્રાજ્ય વિસ્તાર કર્યો હતો, તેટલો સામ્રાજ્ય વિસ્તાર ભારતમાં ત્યારપછી છેક અંગ્રેજો સુધી કોઈપણ સત્તાએ કર્યો ન હતો. મૌર્યસામ્રાજ્યની સીમા દક્ષિણે કર્ણાટકથી લઈને મધ્યએશિયા સુધી પહોંચતી હતી, જે પ્રાચીન ભારતના સામ્રાજ્યમાં અજોડ કહી શકાય.

મૌર્યસામ્રાજ્યે ભારતને પ્રથમ વખત વિશિષ્ટ રાજ્યવ્યવસ્થાની ભેટ આપી. મૌર્ય વહીવટીતંત્ર એ પ્રાચીનકાળનું જ નહિ સમગ્ર ભારતીય ઇતિહાસનું મહત્ત્વપૂર્ણ વહીવટીતંત્ર ગણાય છે. મૌર્ય વહીવટીતંત્ર ધર્મનિરપેક્ષ અને આધુનિક પ્રકારનું હતું. તેનું કરમાળખું પણ વિશિષ્ટ હતું. રાજા, અધિકારીઓ, પ્રાંત અને ગામ સુધી વિસ્તરેલું વહીવટીતંત્ર સુદીર્ઘ હતું. તમામની ફરજો નિયત થયેલી હતી. અશોકે શાંતિપ્રિય નીતિ માટે ધર્મમહામાત્ર નામના નવા અધિકારીઓની નિમણૂક કરી. ટૂંકમાં, મૌર્ય વહીવટીતંત્ર પ્રજા કલ્યાણનાં કાર્યો સાથે સંકળાયેલ હતું.

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) મૌર્યસામ્રાજ્યની સ્થાપના પૂર્વેની પરિસ્થિતિ સ્પષ્ટ કરો.

(2) ચંદ્રગુપ્ત મૌર્યની સિદ્ધિઓ દર્શાવો.

(3) બૌદ્ધધર્મના વિકાસમાં સમ્રાટ અશોકનો ફાળો વર્ણવો.

(4) મૌર્યકાલીન વહીવટીતંત્ર વિશે સમજૂતી આપો.

(5) મૌર્યકાલીન કલા વિશે માહિતી આપો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) અશોકના શિલાલેખોમાંથી કયો સંદેશો મળે છે?

(2) બિન્દુસાર વિશે ટૂંકમાં લખો.

(3) કૌટિલ્યના અર્થશાસ્ત્ર વિશે જણાવો.

(4) ઇન્ડિકા વિશે ખ્યાલ આપો.

(5) મૌર્યસામ્રાજ્યના વિદેશો સાથેના સંબંધો સ્પષ્ટ કરો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) અશોકના શિલાલેખો કઈ લિપિમાં જોવા મળે છે?

(A) બ્રાહ્મી (B) ખરોષ્ઠી (C) આરામી (D) ઉપર્યુક્ત ત્રણેય

(2) અશોકનું હૃદયપરિવર્તન કયા યુદ્ધથી થયું ?

(A) જૂનાગઢ (B) કર્ણાટક (C) ઉજ્જૈન (D) કલિંગ

(3) 'અર્થશાસ્ત્ર'ના રચયિતા કોણ છે?

(A) ચાણક્ય (B) કાલિદાસ (C) અશોક (D) ચંદ્રગુપ્ત

(4) મૅગેસ્થનિસ ક્યા દેશના રાજદૂત હતા?

(A) સિરિયા (B) ઈરાન (C) ઇરાક (D) ગ્રીસ

(5) ચંદ્રગુપ્ત મૌર્ય સાથે પરણાવેલી ગ્રીકકન્યા હેલન કોની પુત્રી હતી?

(A) મૅગેસ્થનિસ (B) સેલ્યુક્સ (C) એલેક્ઝાન્ડર (D) ફિલિપ

•

# 8 ઈ.સ. પૂર્વે 300થી ઈ.સ. 300 દરમિયાનનું ભારત

આપણે મૌર્યસામ્રાજ્ય વિશે આગળના પ્રકરણમાં અભ્યાસ કર્યો. અફઘાનિસ્તાનથી લઈને ભારતના મોટાભાગ સુધી ફેલાયલું તે મહાન સામ્રાજ્ય હતું. ઈ.સ. પૂર્વે 185ની આસપાસ આ મહાન સામ્રાજ્યનું પતન થયું. ત્યારપછીનાં 200 વર્ષોના ઈતિહાસમાં ઘણી મહત્ત્વપૂર્ણ ઊથલ-પાથલ જોવા મળી. આ સમયમાં સાંસ્કૃતિક બાબતોમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો આવ્યાં હતાં. ઘણાં રાજકીય પરિવર્તનો થયાં. ભારતના ઘણા બધા ભાગોમાં મૌર્યસામ્રાજયના પતન પછી નાનાં-મોટાં રાજ્યોની સ્થાપના થઈ. આ બાબતો વિશે આપણે આ પ્રકરણમાં અધ્યયન કરીશું.

## સાહિત્ય

મૌર્યકાળ અને ગુપ્તકાળ વચ્ચેના 500 વર્ષના ગાળા દરમિયાન ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાંમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળે છે. આ સમયના સાહિત્યમાં સંસ્કૃત ભાષાનું સ્વરૂપ બદલાતું રહ્યું છે. ઉપનિષદ, બ્રાહ્મણ ગ્રંથો અને મહાભારતમાં સંસ્કૃત ભાષાએ સાહિત્યિક સ્વરૂપ પ્રાપ્ત કર્યું હતું. પતંજલિના સમયમાં શિષ્ટ સંસ્કૃત ભાષા બોલાતી હતી. આ સિવાય સામાન્ય લોકો પ્રાકૃત ભાષા બોલતા. દક્ષિણમાં તમિલ ભાષા બોલાતી. તેમાં અનેક સાહિત્યકૃતિઓ રચાઈ.

આ કાળે પાંડવો અને કૌરવો વચ્ચે થયેલ યુદ્ધ વિશે રચાયેલ મૂળ ગ્રંથ 'જયસંહિતા' નો 'ભારત' નામના મહાકાવ્યમાં વિસ્તાર થયો અને ક્રમશઃ ગુપ્તકાળ આવતા સુધીમાં તો તે 'મહાભારત' ગ્રંથમાં પરિવર્તન પામ્યો. ઈ.સ.ની આરંભિક સદીઓમાં કૃષ્ણ અને 'ભગવત ગીતા'નો મહિમા થયો હોય તેમ જણાય છે. 'રામાયણ'ની રચના 'મહાભારત' કરતાં મોડી થઈ. શરૂઆતનું 'રામાયણ' શુદ્ધ સંસ્કૃતમાં રચાયું. રામચંદ્રના દૈવી સ્વરૂપનું ગાન અને મહિમા આ સમયથી શરૂ થયાં.

આ સમયના સાહિત્યમાં પુરાણોનું પુનઃ સંસ્કરણ થયું. ધાર્મિક, સામાજિક, રાજકીય નિયમો, કાયદાઓ અને રિવાજો વગેરે પર સ્મૃતિસાહિત્યનું સર્જન આ કાળમાં થયું. સ્મૃતિગ્રંથોમાં મનુસ્મૃતિ પછી 'વિષ્ણુસ્મૃતિ', 'નારદસ્મૃતિ' અને 'યાજ્ઞલ્કયસ્મૃતિ'ની રચના ઈ.સ.ની આરંભિક સદીઓમાં થઈ છે.

સંસ્કૃતમાં લલિતસાહિત્ય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ કાવ્યોની રચના જોવા મળે છે. આ કાળમાં મહાકાવ્યો અને રૂપકનું સર્જન થયું. અશ્વઘોષે સંસ્કૃત સાહિત્યમાં મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું. જેમાં તેમણે 'શારીપુત્ર' પ્રકરણ નામનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ આપ્યો છે. 'બુદ્ધચરિતમ્' અને 'સૌદરનંદન' નામના અન્ય બે ગ્રંથો પણ તેમના મહત્ત્વપૂર્ણ પ્રદાન તરીકે ઓળખાય છે. આ સમયના સંસ્કૃત કવિઓમાં ભાસ સૌથી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમનું 'સ્વપ્નવાસવદત્તમ્' ખૂબ જ પ્રસિદ્ધ છે. જે ઈ.સ.ની બીજી, ત્રીજી સદીમાં રચાયું છે. મહાભારતના કથાનક પરથી તેમના અનેક નાટકો આ સમયે રચાયા. 'ચારુદત્ત' અને 'પ્રતિજ્ઞાયૌગંધરાયણ' તેમની વિશિષ્ટ સાહિત્ય કૃતિ હતી. 'જાતકમાલા' આર્યસુર દ્વારા રચાઈ હતી, જે ત્રિપિટકની જાતકકથાઓમાંથી સંસ્કૃતમાં રચાઈ. પાણિનિના 'અષ્ટાધ્યાયી' પર પતંજલિએ મહાભાષ્ય જેવું મહાન કાર્ય કર્યું હતું. તો ભરતમુનિએ 'નાટયશાસ્ત્ર'ની રચના કરી હતી . આયુર્વેદ સાથે સંકળાયેલ ગ્રંથોમાં 'ચરકસંહિતા' અને 'સુશ્રુત-સંહિતા' સૌથી મહાન ગ્રંથો છે. પાલિભાષામાં 'ત્રિપિટક' ગ્રંથો પરથી અટ્ઠકથાઓની રચના થયેલી છે. પાલીભાષામાં 'મિલિન્દપાન્હો' મહત્ત્વપૂર્ણ છે.

## સમાજ

હિંદસમાજ વર્ણ અને આશ્રમની વ્યવસ્થા પર અવલંબિત હતો. એટલું જ નહિ તે ચુસ્ત દેખાય છે. મિશ્ર જાતિઓનું પ્રમાણ આ કાળમાં વધતું જાય છે. શ્રીમંતો બહુપત્નીત્વની પ્રથામાં માનતા. લગ્ન માટે કન્યાની વય ધીમે ધીમે ઓછી થતી ગઈ. વિદેશી પ્રજાઓનો સંપર્ક વધતો ગયો તેમ વિદેશીઓ ભારતીય સંસ્કૃતિ અપનાવતા ગયા. તેને કારણે વર્ણવ્યવસ્થા પર દબાણ વધ્યું. પરંતુ ક્રમશઃ તેઓ ક્ષત્રિય વંશમાં ગોઠવાતા ગયા. તે સમયે આઠ પ્રકારનાં લગ્નો જોવા મળે છે. લગ્ન વર્ણ પ્રમાણે જ થતા સ્ત્રીને લગ્ન ભંગ કરવાની મનાઈ હતી, એટલું જ નહિ વિધવાવિવાહની છૂટ પણ ન હતી.

## ભારતની રાજકીય પરિસ્થિતિ

મૌર્યસામ્રાજયના પતન બાદ ઉત્તર ભારતમાં પ્રાદેશિક રાજ્યોનો ઉદય થયો. આ સમયે મધ્યએશિયા અને ચીનના પશ્ચિમ ભાગમાંથી અનેક આક્રમણો પણ થયાં. તેમાં ખાસ કરીને ભારતીયગ્રીકો, શક, પહ્‌લવ અને કુષાણ મુખ્ય હતા. આમ, ઉત્તર અને

ઉત્તર-પશ્ચિમ ભારતમાં મધ્યએશિયા સાથેના સાંસ્કૃતિક સંબંધો આ સમય દરમિયાન વધ્યા. ઉત્તર ભારતમાં નીચે મુજબના શાસકો કે વંશો જોવા મળે છે.

### શુંગવંશ

અંતિમ મૌર્ય શાસક બૃહદ્રથની હત્યા કરી પુષ્યમિત્ર શુંગે શુંગવંશની સ્થાપના કરી. (ઈ.સ. પૂર્વે 185) તેણે મગધની આસપાસ પોતાનું સામ્રાજ્ય ઊભું કર્યું. આ સમયે ઇન્ડોગ્રીક એટલે કે ભારતીય ગ્રીકો જેમને ભારતીય સાહિત્યમાં યવનો' કહેવામાં આવ્યાં છે, તેમણે ઉત્તર પશ્ચિમ ભારત તરફ પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરવાનું શરૂ કર્યું. પુષ્યમિત્ર શુંગને પણ આવા જ એક ઇન્ડોગ્રીક રાજા દમેત્રીઅશ સાથે યુદ્ધ થયું હતું. જોકે, તેનાં પરિણામની માહિતી મળતી નથી. પુષ્યમિત્ર શુંગ બાદ તેનો પુત્ર અગ્નિમિત્ર ગાદી પર આવ્યો હતો. તે ખૂબ શક્તિશાળી હતો. પુષ્યમિત્ર બ્રાહ્મણ હતો અને બૌદ્ધધર્મનો વિરોધી હતો. તેણે બે અશ્વમેધ યજ્ઞ કર્યા. ઈ.સ.પૂર્વે પ્રથમ સૈકાના ઉત્તરાર્ધમાં અંતિમ શુંગશાસકના મંત્રી વાસુદેવ કણ્વે કણ્વવંશની સ્થાપના કરી.

### ઇન્ડોગ્રીક (યુનાની અથવા બેક્ટ્રિયન ગ્રીક)

સિકંદરના મૃત્યુ બાદ તેની સાથે આવેલા ઘણા બધા ગ્રીક લોકો બેક્ટ્રિયા એટલે કે હિન્દુકુશ પર્વતની ઉત્તર પશ્ચિમે આવેલ પ્રદેશ પર શાસન કરવા લાગ્યા અને વસવા લાગ્યા. તેઓ લાંબા સમય સુધી બેક્ટ્રિયામાં રહેવાને કારણે બેક્ટ્રિયન ગ્રીક કહેવાય છે.

આ ઇન્ડોગ્રીક શાસકોમાં મિનેન્ડર મહત્ત્વપૂર્ણ શાસક થઈ ગયો. તેણે સંપૂર્ણ અફઘાનિસ્તાન અને સિંધુનદીનો પૂર્વનો મોટા ભાગનો વિસ્તાર પણ જીતી લીધો હતો. તેણે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો હતો. એટલું જ નહિ આ સમયે ભારતના મહાન બૌદ્ધલેખક નાગસેન સાથે તેણે વ્યાપક પરિચય થયો હતો. મિનેન્ડર અને બૌદ્ધસાધુ નાગસેન વચ્ચે થયેલા સંવાદો પર એક બહુ જ પ્રસિદ્ધ બૌદ્ધ-ગ્રંથ લખાયો છે. જેનું નામ 'મિલીન્દપાન્હો' છે. તેનો અર્થ થાય છે કે મિલીન્દના પ્રશ્નો. આમ, અશોક બાદ એક વિદેશી કુળના રાજવીએ બૌદ્ધ ધર્મને પોતાના જીવનમાં ખૂબ મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું. તેનું શાસન આ સમયગાળા (ઈ.સ. પૂર્વે 155થી ઈ.સ. પૂર્વે 130) દરમિયાન ચાલતું રહ્યું.

### શકવંશ

શક શબ્દ સીથિયન લોકો માટે વપરાય છે. જે મધ્ય એશિયામાં રહેતા હતા. સીથિયા કે શઈસ્તાનથી તેઓ ઈ.સ. પૂર્વેની પ્રથમ સદીમાં ઉત્તર પશ્ચિમ ભારતના તક્ષશિલાની આસપાસના દેશોમાં વસવા લાગ્યા. ધીમે ધીમે તેઓ પંજાબ અને પછી ક્રમશઃ માળવા, મથુરા અને ગુજરાત સુધી પણ ફેલાયા. શક શાસકોમાં રુદ્રદામન સૌથી નોંધપાત્ર શાસક હતો. સમગ્ર પશ્ચિમ ભારતમાં તેનું રાજ્ય ફેલાયેલું હતું. અશોકના ગિરનારના શિલાલેખની નીચે જ તેનો શિલાલેખ મળી આવ્યો છે, જે સંસ્કૃત ભાષામાં લખાયેલો છે. ગુજરાતમાં શકોએ લગભગ 400 વર્ષ સુધી શાસન કર્યું.

### પહ્લવો

પાર્થિયાથી આવેલા લોકો ભારતમાં પાર્થિયન કે પહ્લવો તરીકે ઓળખાય છે. તેઓ સીથિયાની બાજુમાં વસતા હતાં એટલે તેમની સંસ્કૃતિ શક પ્રજાની સંસ્કૃતિ સાથે મહત્તમ મળતી આવે છે. તેથી તેમને સંયુક્ત પણે શક-પહ્લવ તરીકે પણ ઓળખવામાં આવતા હતાં. પેશાવર પાસે તખ્ત-એ-બાહી શિલાલેખમાં તેમના વિશે માહિતી પ્રાપ્ત થાય છે. આ વંશમાં એક મહત્ત્વપૂર્ણ રાજા ગોન્ડોફર્નિસ થઈ ગયો. તેના સમયમાં વિખ્યાત ખ્રિસ્તી સંત થોમસ ભારત આવ્યા.

### કનિષ્ક અને કુષાણવંશ

કુષાણ મૂળભૂત રીતે મૉંગોલિયાના રહેવાસી હતા. તે યુહે-ચી વંશનો હતો. તેણે શક અને પહ્લવોને હરાવીને એક વિશાળ સામ્રાજ્યનું સર્જન કર્યું. તેમનો પ્રથમ રાજવી ભારતમાં કેઝુલા કેડફીસ હતો. તેના પછી તેનો પુત્ર વિમકડફીસ ગાદીએ આવ્યો. પરંતુ આ વંશનો જ નહિ, સમગ્ર ભારતમાં અગ્રીમ હરોળમાં બેસી શકે તેવો મહાન શાસક કનિષ્ક તેના પછી ગાદી પર આવ્યો. (ઈ.સ. 78). તેણે છેક મધ્ય એશિયાથી લઈને ભારતના ઉત્તરપ્રદેશના વારાણસી અને શ્રાવસ્તી સુધીના વિસ્તારોને જીતી લઈને વિશાળ સામ્રાજ્યનું સ્થાપન કર્યું. કાશ્મીર અને ચીન સુધી પણ તેણે યુદ્ધો કર્યાં. તેણે ઉત્તર ભારત અને મધ્ય એશિયાને જોડીને એક સમન્વય સંસ્કૃતિને તથા મહાન વેપારવાણિજ્યને જન્મ આપ્યો.

કનિષ્કની રાજધાની પુરુષપુર (હાલનું પેશાવર) હતી. તે સમ્રાટ અશોક અને મિનેન્ડરની જેમ બૌદ્ધધર્મનો મહાન ચાહક અને સંરક્ષક હતો. તેણે કુંડલવન (આજના જમ્મુ-કાશ્મીરના શ્રીનગર પાસે આવેલ હરવાન નામનું સ્થળ)માં ચોથી બૌદ્ધસંગીતીનું

આયોજન કર્યું. તેમાં ભારતભરમાંથી વિશાળ સંખ્યામાં બૌદ્ધ વિદ્વાનો જોડાયા. આ સંમેલનમાં બૌદ્ધધર્મ મહાયાન અને હીનયાન જેવા બે પંથમાં વહેંચાયો. કનિષ્ક કલા અને સ્થાપત્યનો પણ સંરક્ષક હતો. તેણે ગાંધાર અને મથુરા શૈલીને રાજ્યાશ્રય આપ્યો. પુરુષપુરમાં તેણે એક વિશાળ બૌદ્ધ સ્તૂપ બંધાવ્યો. આ મહાન રાજા પછી કુષાણવંશમાં કોઈ શકિતશાળી રાજવીના અભાવને પરિણામે તેનું પતન થયું.

### કુષાણોનું રાજતંત્ર

કુષાણોનું સામ્રાજ્ય પ્રાંતોમાં વહેંચાયેલું હતું. પ્રાંતોને ક્ષત્રપી કહેવામાં આવતા અને તેનો વડો ક્ષત્રપ હતો. કુષાણોના સિક્કાઓ પરથી રાજા અને તેના રાજતંત્રની માહિતી મળે છે. કુષાણ રાજાઓ દેવપુત્ર અને મહારાજાધિરાજ જેવી વિશિષ્ટ ઉપાધિઓ ધારણ કરતા. તેઓ રાજાના દૈવી અધિકારના સિદ્ધાંતમાં માનતા હતા.

### કુષાણોની વિશિષ્ટ સિદ્ધિઓ

કુષાણોએ ભારતીય સમાજજીવનના તેમજ સાંસ્કૃતિક જીવનનાં તમામ ક્ષેત્રોમાં પોતાનું ખાસ યોગદાન આપ્યુ છે. મધ્ય એશિયાથી ઉત્તર ભારત સુધીનો વિશાળ સામ્રાજ્ય વિસ્તાર હોવાને કારણે આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપારમાં અપાર વૃધ્ધિ થઇ. તે સમયના વૈશ્વિક વેપારના ઉત્તર માર્ગો જેમકે સિલ્કરૂટ (રેશમમાર્ગ) અને ભારતના તામ્રલિપ્તિથી લઈને મધ્ય એશિયા તરફ જતા માર્ગો ઉપર કુષાણોનો અંકુશ હતો. વિકસિત વેપાર-વાણિજ્યને કારણે ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગમાં અનેક નવાં શહેરોનો જન્મ થયો. વેપારનું પાસુ કુષાણ રાજાઓના હાથમાં હતું અને તેને કારણે તેમના સામ્રાજયમાં સોના-ચાંદીની ભરમાર રહેતી.

કનિષ્ક સાહિત્ય અને વિજ્ઞાન એમ બંને શાસ્ત્રોનો પુરસ્કર્તા હતો. તેના સમયમાં આયુર્વેદવિજ્ઞાનના પિતા ગણાતા ચરકે ચિકિત્સાવિજ્ઞાન પર વિશિષ્ટ ગ્રંથ 'ચરક સંહિતા'ની રચના કરી. પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન અશ્વઘોષે 'બુદ્ધચરિતમ્' લખીને બુદ્ધના જીવન પર મહત્ત્વપૂર્ણ પ્રકાશ પાડ્યો. આ બંને વિદ્વાનો કનિષ્કની રાજસભામાં બિરાજતા. કુષાણોએ વિશ્વભરમાં પ્રખ્યાત બંને ગાંધારકલા શૈલી અને મથુરાકલા શૈલીના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું. આ બંને કલાશૈલીઓમાં બુદ્ધની તથા બૌદ્ધિસત્ત્વોની અનેક મૂર્તિઓ મળી આવે છે.

### કુષાણો અને મધ્યએશિયા

કુષાણોના શાસન દરમિયાન ભારત અને મધ્યએશિયા વચ્ચે રાજકીય અને સાંસ્કૃતિક સંપર્કો ગાઢ બન્યા. તેમની વચ્ચે ખાસ્સું આદાન-પ્રદાન થયું. મધ્યએશિયામાં અનેક લોકોએ બૌદ્ધધર્મ અંગીકાર કર્યો. મધ્ય એશિયા સાથેના સંપર્કને કારણે ભારતમાં સિક્કા પાડવાની નવી પદ્ધતિઓ વિકસી. પહેલાના અણઘડ સિક્કાઓની જગ્યાએ હવે શાસકોના ચિત્રવાળા, સમયનું નિર્દેશન કરતા અને ધાતુઓનું શુદ્ધ માપ ધરાવતા સિક્કા ચલણમાં આવ્યા. પછીના ભારતે આ સિક્કાનું અનુકરણ કર્યું. મધ્યએશિયાના ગ્રીકોએ ભારતીયોને ખગોળનું જ્ઞાન આપ્યું. પ્રાચીન ભારતીય ખગોળગ્રંથોમાંથી ગ્રીક ખગોળશાસ્ત્રીઓના ઉલ્લેખો પણ મળે છે. ભવિષ્યકથન કરવાની કલા પણ ગ્રીકો પાસેથી જ ભારતીયોને સાંપડી. ગ્રીક સાથેના સંપર્કને લીધે ભારત અને ગ્રીક એમ બંને શૈલીની મિશ્રિત ગાંધારકલાશૈલીનો જન્મ થયો. જેણે ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં મહાન યોગદાન આપ્યું છે.

### કલિંગ

મૌર્યસામ્રાજ્યના ઇતિહાસમાં આપણે જોયું કે, અશોકે કલિંગનું યુદ્ધ કર્યું. અશોક પછી કલિંગમાં ચેદિવંશનો એક શક્તિશાળી રાજા ખારવેલ થઈ ગયો. તેની સિદ્ધિઓ આપણને ઓરિસ્સામાં ભૂવનેશ્વર પાસે આવેલી ઉદયગિરિની ટેકરીઓમાં હાથીગુફાના અભિલેખમાં જોવા મળે છે. આ અભિલેખમાં ખારવેલને મગધ પર વિજય મળ્યો હતો તેવું લખાણ છે. ઈ.સ. પૂર્વેના પ્રથમ સૈકામાં થયેલા ખારવેલે ઘણા યુદ્ધોમાં વિજય મેળવી એક વિશાળ રાજ્યની સ્થાપના કરી. આ જૈનધર્મી રાજાએ કલિંગમાં નહેરોની વિશાળ યોજના પણ વિકસાવી.

### સાતવાહન

ઈ.સ. પૂર્વે પ્રથમ સદીની મધ્યમાં સાતવાહનવંશ ભારતના રાજકારણમાં મહત્ત્વપૂર્ણ હતો. તેનાં શાસકોમાં સૌથી પ્રસિદ્ધ શાસક ગૌતમીપુત્ર સાતકર્ણી થઈ ગયો, જેણે શક રાજા નાહપાણને હરાવી સાતવાહન રાજ્યનો વિસ્તાર છેક નર્મદા નદી સુધી કર્યો હતો. મોટે ભાગે તેનું રાજ્ય ગોદાવરીથી કૃષ્ણા નદી વચ્ચે વિસ્તરેલું હતું. તેની રાજધાની મહારાષ્ટ્રના ઔરંગાબાદ પાસે આવેલ

પ્રતિષ્ઠાણ (આજનું પૈઠણ)માં હતી. સાતવાહન રાજાઓનો ઇતિહાસ મત્સ્યપુરાણમાં જોવા મળે છે. તેઓ સાગરના સ્વામી તરીકે ઓળખાતા. તેમના સિક્કાઓમાં વહાણનું ચિ[illegible] જોવા મળે છે. ત્રીજી સદીના ઉત્તરાર્ધમાં સાતવાહન સામ્રાજ્યનું પતન થયું.

સાતવાહન રાજ્યનું વહીવટીતંત્ર અહાર એટલે કે જિલ્લાઓમાં વિભાજિત હતું. અમાત્ય રાજાનો મુખ્યમંત્રી હતો. જમીન મહેસૂલ રોકડ અને અનાજના સ્વરૂપમાં લેવામાં આવતું. તેમણે સૌપ્રથમ બૌદ્ધો અને બ્રાહ્મણોને ધર્મના વિકાસ માટે જમીનો દાનમાં આપવાની પરંપરા શરૂ કરી. તેઓ બ્રાહ્મણો હતા અને વર્ણ વ્યવસ્થામાં ચુસ્તપણે માનતા.

**વેપાર-વાણિજ્ય**

મૌર્યસામ્રાજ્યના પતન પછી ખાસ કરીને કુષાણોના સમયમાં ભારતમાં વેપાર-વાણિજ્યમાં ખાસ્સી પ્રગતિ થઈ. આ સમયે ભારતના બે મુખ્ય માર્ગો ઉત્તરાપથ અને દક્ષિણાપથ તરીકે ઓળખાતા. એક ગ્રીક દરિયાઈ સાહસિક હિપ્પાલસે મોસમની શોધ કરી હતી. તેને કારણે વ્યાપક પ્રમાણમાં દરિયાઈ મુસાફરી શરૂ થઈ આ સમયે ભારતના મહત્ત્વપૂર્ણ બંદરોમાં ભૃગુકચ્છ (ભરૂચ), સોપારા, કલ્યાણ અને મુજીરીસનો સમાવેશ થાય છે. હિપ્પાલસે આ બંદરની મુલાકાત લીધી હતી. આ બંદરોનો વેપાર રોમ સુધી ચાલતો હતો. દક્ષિણ પૂર્વે એશિયા સાથે પણ દરિયાઈ વેપાર થતો હતો. બંગાળનું તામ્રલિપ્તિ અને તામિલનાડુનું અરિકામેડુ પૂર્વ તરફના મુખ્ય બંદરો હતાં.

રોમન સામ્રાજ્યના વિકાસને કારણે રોમ અને ભારત વચ્ચે મોટા પ્રમાણમાં વેપાર થતો, તે જમીનમાર્ગે અને દરિયાઈ માર્ગે એમ બંને પ્રકારે થતો. ઈ.સ.ની પ્રથમ સદીમાં એક અજ્ઞાત લેખકે લખેલ પુસ્તક 'પેરીપ્લસ ઑફ ધ એરિથ્રિયન સી' માં ભારત અને રોમ વચ્ચે ચાલતા વેપારનું મહત્ત્વપૂર્ણ વર્ણન કર્યું છે. ભારતમાંથી મરી-મસાલા, હાથીદાંતની વસ્તુઓ, રત્નો, મલમલ અને ઉત્તમ કાપડની નિકાસ થતી. મરીને તેઓ યવનપ્રિયા કહેતા. દક્ષિણ ભારતનો રોમ સાથે મસાલાનો વેપાર ખૂબ વિકસ્યો હતો. હીરા-માણેક, નિલમ, પન્ના, મોતી અને ચંદન વગેરે પણ ભારતમાંથી રોમમાં નિકાસ થતાં હતાં.

રોમમાંથી ભારતમાં ખાસ કરીને સોનું અને ચાંદી આવતાં હતાં. દક્ષિણ ભારતમાં મોટા પ્રમાણમાં સોનાના રોમન સિક્કાઓ મળી આવ્યા છે. રોમના લેખકો પણ લખે છે કે, રોમનું સોનું ભારતમાં ઢસડાઈ જાય છે. રોમમાંથી દ્રાક્ષનો ઉત્તમ પ્રકારનો દારૂ ભારતમાં આવતો. અરિકામેડુમાંથી રોમન દારૂનાં વાસણો અને રોમનલિપિનાં લખાણોવાળી ચીજો પણ મળી આવી છે. ટિન, કાચ અને પરવાળા પણ રોમમાંથી ભારતમાં આયાત થતા.

આ વેપારવાણિજ્યનો વિકાસ ઉત્તમ કોટીનો થવાથી ભારતમાં હસ્તઉદ્યોગો ઘણા વિકસ્યા હતા. 'મિલીન્દપાન્હો'માં આવા 750 જેટલા હસ્તઉદ્યોગોનો ઉલ્લેખ થયો છે, જેમાંથી 60 જેટલા શિલ્પઉદ્યોગો હતાં. ઉજ્જૈનમાં માળાઓ બનાવવામાં આવતી, મથુરા અને બંગાળમાં સુતરાઉ અને રેશમી કાપડનો ઉદ્યોગ ખૂબ વિકસ્યો હતો. એટલું જ નહિ, દક્ષિણ ભારતમાં વસ્ત્રોને રંગવાનો ઉદ્યોગ પણ વિકસ્યો હતો. આ કારીગરો નાણાકીય રીતે પણ ખૂબ સુખી હતા.

વેપારીઓના સમુદાયને શ્રેણી અને તેનાં અધ્યક્ષને શ્રેષ્ઠી કહેવામાં આવતા, વણઝાર દ્વારા થતા વેપારને સાર્થ કહેવામાં આવતા. તેઓ આંતરરાષ્ટ્રીય વેપાર કરતા. સાર્થવાહક કે સાર્થક તેમના સંગઠનનો વડો હતો. હસ્તકલાકારોના સમૂહને સંઘ કહેવામાં આવતો અને તેના વડાને જ્યેષ્ઠ તરીકે ઓળખવામાં આવતો. વણકર, અનાજના વેપારી, વાંસના વેપારી, તેલના વેપારી અને કુંભારોના સંગઠનો અસ્તિત્વમાં આવ્યાં હતાં. તેઓ પોતાના પ્રમુખની ચૂંટણી કરતા તેમજ વસ્તુની ગુણવત્તા નક્કી કરતા. શ્રેણીઓ બેંકોની  જેમ કામ કરતી, તે વ્યાજ વટાવ કે ધીર-ધારનો વ્યવસાય પણ કરતી.

**કલા અને સ્થાપત્ય**

મૌર્યોત્તરકાળમાં કલા અને સ્થાપત્યનો મહત્ત્વપૂર્ણ વિકાસ નોંધાયો છે. સ્તૂપો, મૂર્તિઓ અને ગુફાઓમાં મહત્ત્વપૂર્ણ સ્થાપત્ય જોવા મળે છે. ગ્રીક અને ભારતીય કલાશૈલીનો સમન્વય પણ આ સમયમાં થયો. કલા અને સ્થાપત્યને આપણે નીચે પ્રમાણે તપાસીએ.

**સ્તૂપ**

ભગવાન બુદ્ધ અથવા બૌદ્ધ સાધુઓના અવશેષો મૂકી તેના પર એક વિશાળ અર્ધગોળાકાર ગુંબજ તૈયાર કરી તેની સાથે એક ખંડનું નિર્માણ કરવામાં આવતું. આવા સ્થાપત્યને સ્તૂપ કહેવામાં આવે છે. તેનો અર્ધો ભાગ દક્ષિણ તરફના માર્ગ સાથે ઘેરાયેલો હોય

સાથે સાથે તેની ફરતે શરૂઆતમાં લાકડાની અને પછીથી પથ્થરની રેલિંગ (વાડ-દીવાલ) બાંધવામાં આવતી. સૌપ્રથમ સ્તૂપનું નિર્માણ સમ્રાટ અશોકે કરાવ્યું હતું. અશોકે મધ્યપ્રદેશમાં સાંચી અને ભારહૂત સ્તૂપોનું નિર્માણ કરાવ્યું. સ્તૂપનિર્માણની આ પરંપરા અમરાવતી અને નાગાર્જુનકોંડા (આંધ્રપ્રદેશ) સુધી ફેલાઈ હતી.

સાંચી અને ભારહૂતના સ્તૂપ ઈ.સ.ની બીજી સદીમાં ઉત્તમ રીતે બનાવવામાં આવ્યા હતા. મૌર્યોતરકાળમાં સાંચીમાં અશોકના સ્તૂપની સાથે બીજા બે સ્તૂપો પણ નિર્મિત થયા. સ્તૂપ ઉપર જાતકકથાઓ અને અન્ય બૌદ્ધકથાઓ ચિત્રિત કરવામાં આવતી હતી.

### શિલ્પસ્થાપત્ય

સ્તૂપો સિવાય આ સમયે શિલ્પસ્થાપત્યનો ખાસ્સો વિકાસ થયો. આ શિલ્પસ્થાપત્ય ખડકોને કોતરીને ગુફા જેવા બનાવીને તેમાં મંદિરો, ભવન અને વિહારો બનાવવામાં આવતાં. બહુ મહત્ત્વપૂર્ણ શિલ્પસ્થાપત્યો મહારાષ્ટ્રમાં જોવા મળે છે. સાતવાહન રાજાઓના સમયમાં પૂણે અને નાસિક નજીક આવા વિશિષ્ટ શિલ્પસ્થાપત્ય જોવા મળે છે. બૌદ્ધ સાધુઓના નિવાસ એટલે કે વિહાર અને પૂજા સ્થાન એટલે કે ચૈત્યના નિર્માણ મોટી સંખ્યામાં કરવામાં આવે છે.

### મૂર્તિકલા

કનિષ્કના સમયમાં બૌદ્ધધર્મનો પ્રચાર અને પ્રસાર ખૂબ મોટા પ્રમાણમાં થયો. ઈ.સ.ની પહેલી સદીમાં બૌદ્ધધર્મ હીનયાન અને મહાયાન એવા બે ભાગોમાં વિભાજિત થઈ ગયો. મહાયાન સંપ્રદાયે બુદ્ધને ઈશ્વરનું સ્વરૂપ આપી તેમની મૂર્તિપૂજા અને અર્ચના શરૂ કરી પરિણામે બુદ્ધની મૂર્તિઓનું સર્જન ખૂબ મોટા પ્રમાણમાં થવા લાગ્યું. તેમાંથી મૂર્તિકલાની વિવિધ શૈલીઓનો જન્મ થયો. ભારતીય મૂર્તિકલાની ત્રણ મુખ્ય શૈલીઓ વિકસિત થઈ : (1) મથુરા (2) ગાંધાર અને (3) અમરાવતી.

### મથુરા

મથુરાશૈલીએ ભારતીય મૂર્તિકલામાં મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. સૌપ્રથમ ગૌતમબુદ્ધની પ્રતિમા આ જ શૈલીમાં તૈયાર થઈ. મથુરાકલાશૈલીના કારીગરો મથુરાની આસપાસના લાલ પથ્થરોનો ઉપયોગ કરતા. તેના પર કાળા ટપકા ઉપજાવી આ મૂર્તિઓ ઘડવામાં આવતી. પૂજા માટે વિશેષ મૂર્તિઓ ઘડતા. મથુરા શૈલીમાં જૈન મૂર્તિઓ પણ મળી આવી છે અને બ્રાહ્મણ મૂર્તિઓ પણ મોટા પ્રમાણમાં તૈયાર થઈ હતી. કુષાણોના સમયમાં બૌદ્ધ મૂર્તિઓ ઉપરાંત વિષ્ણુ, કુબેર અને કાર્તિકેય દેવતાઓની મૂર્તિઓનું નિર્માણ થયું હતું.

### ગાંધાર

ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલા ગાંધારમાં મૌર્ય, ગ્રીક, શુંગ અને કુષાણ એમ તમામ શાસનતંત્રોની અને સંસ્કૃતિઓની અસર થઈ હતી. આ વિસ્તારમાં ગ્રીક, રોમન, ઇન્ડો-ગ્રીક, ગ્રીક-બૌદ્ધ જેવી ભારત અને યુરોપ મિશ્રિત કલાશૈલીનો જન્મ થયો હતો. આ કલા શૈલી પર ગ્રીકો-રોમન અને ભારતીય પ્રભાવ વિશેષ હતો. જોકે, તેનું વિષયવસ્તુ તો બૌદ્ધધર્મ જ હતો, પરંતુ તેની કલાશૈલી ગ્રીક તેમજ ભારતીય કલાની મિશ્રણ હતી. ગ્રીક, શક અને કુષાણો એમ તમામ ગાંધારશૈલીના રક્ષક હતાં.

આ કલાશૈલીમાં બુદ્ધ અને બૌધીસત્ત્વની મૂર્તિઓનું નિર્માણ થયું હતું. તેમાં ભૂરા, વાદળી રંગના પથ્થરોનો ઉપયોગ થયો છે. ગાંધાર કલાશૈલીની મુખ્ય ખાસિયત એ છે કે, બુદ્ધની મૂર્તિઓમાં ભાવની જગ્યાએ શરીરનું ચિત્રણ ખાસ થયું છે. તેમાં ગૌતમ બુદ્ધ વાકડિયા વાળ સાથેના માંસલદેહ ધરાવતા દર્શાવવામાં આવ્યા છે, એટલે કે ગ્રીકો મૂર્તિકલામાં ભાવને સ્થાને દેહનું ચિત્રણ ખાસ કરતા.

### અમરાવતી

કૃષ્ણા અને ગોદાવરી નદીઓના ખીણવિસ્તારમાં અમરાવતી કલાશૈલી વિકસી હતી. શરૂઆતમાં સાતવાહન અને પછી ઇક્ષ્વાકુવંશના રાજવીઓએ તેને પુરસ્કૃત કરી. (ઈ.સ. પૂર્વે 150 થી ઈ.સ.300) તેમાં પણ ગૌતમબુદ્ધના જીવન સાથે સંકળાયેલ બાબતો વિષયવસ્તુ તરીકે જોવા મળે છે. આ કલાશૈલીમાં થાંભલા અને વરંડા પણ વિશિષ્ટ રીતે તૈયાર કરવામાં આવ્યા છે. તેની એક અન્ય વિશેષતામાં આભૂષણોની કોતરણી ગણાવી શકાય. બુદ્ધ અને હાથીની મૂર્તિ આ કલાશૈલીની ઉત્કૃષ્ઠ રચના છે. સફેદ આરસપહાણ અને મણકાઓનો પણ તેમાં ઉપયોગ થયો છે. પ્રકૃતિ કરતાં વધારે મહત્ત્વ તેમાં માનવઆકૃતિઓને આપવામાં આવ્યું છે.

## દક્ષિણ ભારતનો ઈતિહાસ

આપણે ઉત્તર ભારતના ઈતિહાસ વિશે ખાસ્સી ચર્ચા કરી. કલા અને સ્થાપત્યની ચર્ચા વખતે દખ્ખણ કે દક્ષિણ ભારતનો અવાર-નવાર ઉલ્લેખ પણ થયો, પરંતુ આપણે દક્ષિણ ભારતનો પ્રાચીનતમ ઈતિહાસ પણ તપાસવો જોઈએ. ભારતના ઈતિહાસમાં દક્ષિણ ભારતનું વિશિષ્ટ મહત્ત્વ રહ્યું છે, એ દૃષ્ટિએ પણ તેનો વિગતે અભ્યાસ કરવો જોઈએ.

દક્ષિણ ભારતમાં એક વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિ જોવા મળે છે, જેને મહાપાષાણ સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે. આ સંસ્કૃતિનો સમય ઈ.સ. પૂર્વે 1200થી ઈ.સ. પૂર્વે 300 સુધીનો ગણાય છે. દક્ષિણ ભારતની આ મહાપાષાણસંસ્કૃતિ યુરોપની મહાપાષાણસંસ્કૃતિ સાથે ગજબનું સામ્ય ધરાવે છે. આ સંસ્કૃતિમાં મૃતાત્માને દફન કરવાની વિશિષ્ટ રીત હતી. કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય પછી તેને દફન કરવામાં આવતો. આ દફનના સ્થળની ઉપર ગુંબજવાળું સ્થાપત્ય તૈયાર કરવામાં આવતું. એની આસપાસ વિશાળ શિલાઓ રાખવામાં આવતી. આવી કબરો રહેણાક સ્થળોએથી દૂર બનાવવામાં આવતી. તેની સાથે સાથે કાળા અને લાલ માટીના વાસણો પણ આ સંસ્કૃતિના મળી આવ્યાં છે. આ મહાપાષાણ સંસ્કૃતિની સાથે લોખંડના અવશેષો પણ પ્રાપ્ત થયા છે. આ સંસ્કૃતિનો વ્યાપ દક્ષિણ ભારતમાં મહારાષ્ટ્રના નાગપુરથી લઈને તમિલનાડુ અને કેરલના છેવાડાના ભાગ સુધી જોવા મળ્યો છે. આવાં અગત્યનાં સ્થળોમાં બ્રહ્મગિરિ, માસ્કી, આદિચલ્લીનૂર, નાગપુર વગેરેનો સમાવેશ થાય છે.

મહાપાષાણકાળની કબરોમાંથી તીર, કટાર, તલવાર, ત્રિશુલ, કોદાળી, કુહાડી, કોશ જેવા લોખંડનાં હથિયારો મળી આવ્યાં છે, સાથે સાથે ઘઉં અને ચોખાના જેવા અવશેષો મળી આવ્યા છે. આથી એમ કહી શકાય કે, તેઓ કૃષિ પણ જાણતા હતાં અને શિકારની પ્રવૃત્તિઓ કરતા હતાં.

### સંગમયુગ

દક્ષિણ ભારતના ઈતિહાસમાં મહાપાષાણ સંસ્કૃતિ બાદ સૌથી મહત્ત્વનો સમય એટલે સંગમયુગ. સંગમ શબ્દનો અર્થ કવિઓનું સંગઠન અથવા તો સંઘ એવો થાય છે. એટલે કે, સંગમયુગ એ સાહિત્ય સાથે સંકળાયેલ બાબત છે. તેમાં દક્ષિણ ભારતના (ઈ.સ. પૂર્વે 300 થી ઈ.સ. 300) ઈતિહાસનો કાવ્યમય સંગ્રહ છે. સંગમસાહિત્યમાં તમિલ ભાષામાં અનેક કાવ્યકૃતિઓની રચના થઈ હતી. મદુરાઈના પાંડ્ય રાજવીઓના આશ્રયે આવા કુલ 3 સંગમ યોજવામાં આવ્યાં હતાં. તેમાં લોકકવિઓએ પ્રેમ અને યુદ્ધ જેવા વિષય ઉપર કવિતાઓનું સર્જન કર્યું હતું. પછીથી આ કવિતાઓ 8 સંગ્રહમાં સંગૃહીત કરવામાં આવી, જેને 'ઇત્તોતોગઈ' તરીકે ઓળખવામાં આવે છે. સંગમસાહિત્યમાંથી આપણને તત્કાલીન દક્ષિણ ભારતના સમાજનું ચિત્રણ જોવા મળે છે. સાથે સાથે દક્ષિણ ભારતની સંસ્કૃતિ અને આર્યસંસ્કૃતિનો સમન્વય પણ જોવા મળે છે.

તમિલપ્રદેશ તિરુપતિની ટેકરીઓથી લઈને કન્યાકુમારી સુધી ફેલાયેલો છે. અહીંયાં કબીલાઈ પ્રકારનો સમાજ જોવા મળતો હતો. તેમાં આગેવાનનું પદ વંશ-પરંપરાગત હતું. સંગમયુગ દરમિયાન તમિલપ્રદેશ પર શાસન કરનાર મુખ્ય કબીલાઈ સરદારોમાં ચોલ, ચેર અને પાંડ્યનો સમાવેશ થાય છે. ચોલની રાજધાની ઉરૈયુર હતી, જ્યારે ચેરની બંજી અને પાંડ્યની રાજધાની મદુરાઈ હતી. આ ત્રણેય રાજ્યો વચ્ચે વારંવાર યુદ્ધો થતાં. પરિણામે સંગમસાહિત્યમાં આ રાજવીઓનાં યુદ્ધો અને તેમાં તેમની વીરતાની કવિતાઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે.

સંગમસાહિત્યમાં તમિલપ્રદેશને પાંચ ટિનાઈ કે આર્થિક વિસ્તારોમાં વહેંચાયેલો દર્શાવવામાં આવ્યો છે. જેમાં કુરિન્જી (પહાડનો પ્રદેશ), મલાઈ (પાણી વગરનો પ્રદેશ), મુલઈ (ઘાસચારાવાળો પ્રદેશ), મસદમ (ભેજવાળો પ્રદેશ) તથા નીતલ (સમુદ્રતટનો વિસ્તાર) હતાં. અહીંયાં નાગરિકો શિકાર અને ખેતી સાથે સંકળાયેલા હતા. વિસ્તારો પ્રમાણે તેમના મુદ્રણની પદ્ધતિઓ જુદી જુદી હતી. મસદમ વિસ્તારના નાગરિકો ખેતીવાડી કરતા તો નીતલ વિસ્તારના નાગરિકો મીઠું પકવતા અને માછલી પકડવાનો વ્યવસાય કરતા.

ઉત્તર ભારતની જેમ સ્પષ્ટ વર્ણવ્યવસ્થા આ સમયે અહીંયાં જોવા મળતી નથી. લોકો પોતાના વ્યવસાયને આધારે ઓળખાતા. જોકે, ધનિકો ઈંટોના બનેલા પાકા મકાનમાં રહેતા. સમાજમાં સૌથી ઊંચું સ્થાન યોદ્ધાઓનું હતું. યુદ્ધમાં શહીદ થનાર યોદ્ધાઓનું સમ્માન કરવા પાળિયા સ્થાપિત કરવામાં આવતા. જેને તમિલમાં 'નચુકલ' કે 'વિશકલ' તરીકે ઓળખવામાં આવતા. આ પાળિયાની પૂજા પણ કરવામાં આવતી. સંગમકાલીન સ્ત્રીઓ શિક્ષિત હતી. સંગમસાહિત્યમાં અનેક મહિલાઓએ કવિતાઓ રચી છે. એટલે કે, વૈદિક સાહિત્યની જેમ સંગમસાહિત્યમાં પણ મહિલાઓનું સ્થાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. તેઓ ખેતી, પશુપાલન અને અન્ય કામગીરી સાથે પણ સંકળાયેલી રહેતી. સતીપ્રથાને તમિલમાં 'તિપાયદલ' કહેવામાં આવતી, એટલે કે ઉત્તર ભારતની જેમ દક્ષિણમાં પણ સતીનો રિવાજ હતો. વિધવાઓની સ્થિતિ દયનીય હતી.

કૃષિનું ઉત્પાદન મુખ્ય બાબત હતી. વેપાર-વાણિજ્યમાં સાટાપદ્ધતિ જોવા મળે છે. રાજાઓ તળાવ અને બંધો બંધાવતાં. સુતરાઉ અને રેશમી કાપડનું વણાટકામ તથા મીઠાનું ઉત્પાદન તેમની મુખ્ય પ્રવૃત્તિઓ હતી. સંગમયુગની સૌથી વિશિષ્ટ બાબત એ દક્ષિણ ભારત અને રોમન સામ્રાજ્ય વચ્ચેનો વેપાર હતી. સંગમસાહિત્યમાં અનેક શિલ્પીઓ અને સ્થાપત્યકારોની ચર્ચા જોવા મળે છે. વેંગી અને મુઝીરીસ તથા અરીકામેડુ, ઉરૈયુર, કાવેરીપટ્ટનમ (પુહાર), તિરુચેરાપલ્લી જેવા મહત્ત્વપૂર્ણ ઉદ્યોગ-ધંધાનાં કેન્દ્રો હતાં. સંગમસાહિત્યમાં રોમમાંથી સોના-ચાંદી ભરીને વાહનો આવતાં તેમજ અહીંથી મોટી માત્રામાં મરી-મસાલા લઈ જતા તેવાં વર્ણનો અવાર-નવાર આવે છે. દક્ષિણ ભારત હાથીદાંતના વેપારનું ઉત્તમ કેન્દ્ર હતું. સંગમકાળની એક વિશિષ્ટ બાબત એ આર્ય અને દક્ષિણ ભારતીય પરંપરાઓ શાંતિપૂર્ણ રીતે એકબીજાના સંપર્કમાં આવ્યાં. દક્ષિણ ભારતમાં પણ હવે ઈન્દ્ર અને વિષ્ણુ અને પછીથી જૈન અને બુદ્ધની પૂજા થવા લાગી. શિવ અને કાર્તિકેય તેમના અગત્યના દેવતા હતા. સંગમસાહિત્યમાં પ્રેમ, યુદ્ધ, સામાજિક આચરણ, કલા અને વેપાર-વાણિજ્ય એમ દક્ષિણના સમાજજીવનનાં તમામ પાસાંઓનું સટીક ચિત્રણ થયેલું છે. રાજકીય સંઘર્ષ, સામાજિક વિષમતા અને આર્થિક સમૃદ્ધિનું મહત્ત્વપૂર્ણ રેખાચિત્ર સંગમસાહિત્યમાં જોવા મળે છે. દક્ષિણ ભારતીય સમાજના (ઈ.સ. પૂર્વે 300 થી ઈ.સ. 300 સુધીના) 600 વર્ષના ઇતિહાસને સંગમસાહિત્ય આપણી સમક્ષ સુપેરે મૂકે છે.

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) સંગમસાહિત્ય વિશે તમારા વિચારો સ્પષ્ટ કરો.

(2) સંગમસાહિત્યમાં જોવા મળતા સમાજ વિશે ચર્ચા કરો.

(3) મૌર્યસામ્રાજ્યના પતન બાદની રાજકીય પરિસ્થિતિનું ચિત્રણ કરો.

(4) ભારતના વિશ્વનાં અન્ય રાષ્ટ્રો સાથેના સંબંધોનો ખ્યાલ આપો.

(5) ગાંધાર કલાશૈલી વિશે સમજાવો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) મહાપાષાણ સંસ્કૃતિ એટલે શું તેની સ્પષ્ટતા કરો.

(2) ભારતનો રોમ સાથેનો વેપાર-વાણિજ્ય સમજાવો.

(3) મથુરાકલાશૈલી વિશે જણાવો.

(4) કનિષ્કની સિદ્ધિઓ દર્શાવો.

(5) મૌર્યસામ્રાજ્ય પછી ભારતીય સમાજની લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) મૌર્યસામ્રાજ્ય બાદ કયા વંશની સત્તા સ્થપાઈ હતી?

(A) શુંગ (B) કણ્વ (C) ગુપ્ત (D) વાકાટક

(2) સંગમસાહિત્યની ભાષા કઈ હતી?

(A) તમિલ (B) તેલુગુ (C) મલયાલમ (D) કન્નડ

(3) કયા સ્થળેથી રોમ સાથેના ભારતીય વેપારના પુરાવા પ્રાપ્ત થયા છે?

(A) અયોધ્યા (B) કલિંગ (C) અરીકામેડું (D) ઉજ્જૈન

(4) 'મિલીન્દપાન્હો' ગ્રંથ કયા રાજા સાથે સંકળાયેલ છે?

(A) કનિષ્ક (B) રુદ્રદામા (C) સમુદ્રગુપ્ત (D) મિનેન્ડર

(5) કૌરવ-પાંડવ યુદ્ધ વર્ણવતા ગ્રંથ 'મહાભારત'નું મૂળ નામ શું હતું?


(A) બૃહદસંહિતા (B) ગ્રહસંહિતા (C) યુદ્ધસંહિતા (D) જયસંહિતા

•


# 9 ગુપ્તકાલીન ભારત

અભિલેખો પ્રમાણે ગુપ્તવંશનો પ્રથમ રાજા શ્રીગુપ્ત હતો. તેના પછી તેનો પુત્ર ઘટોત્કચ ગાદીએ આવ્યો હતો. આ બંને રાજાઓએ વિશાળ રાજબિરુદ ધારણ કર્યાં ન હતાં, પરંતુ તેમના પછી આવેલ ચંદ્રગુપ્ત પ્રથમે (ઈ.સ. 319) મહારાજાધિરાજનું બિરુદ ધારણ કરી ગુપ્ત સામ્રાજ્યનો પાયો નાખ્યો. મગધમાં પોતાની સત્તા સ્થાપ્યા બાદ લિચ્છવી ક્ષત્રિય કન્યા કુમારદેવી સાથે લગ્નસંબંધ બાંધી પોતાની પૂર્વીય સીમા મજબૂત બનાવી.

ચંદ્રગુપ્ત પ્રથમે ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળના કેટલાક ભાગો જીતીને ગુપ્ત સામ્રાજ્યનો વિકાસ કર્યો હતો. ચંદ્રગુપ્ત પ્રથમે ગુપ્ત સંવત શરૂ કર્યો (ઈ.સ. 319 - 20). આમ, ગુપ્તયુગના પ્રથમ મહત્ત્વપૂર્ણ રાજવી બનવાનો શ્રેય ચંદ્રગુપ્ત પ્રથમને ફાળે જાય છે.




ગુપ્ત સામ્રાજ્યનો વિસ્તાર



અલ્હાબાદ અભિલેખ

## સમુદ્રગુપ્ત (ઈ.સ. 330 થી ઈ.સ. 376)

સમુદ્રગુપ્તનો ઇતિહાસ આપણને અલ્હાબાદના અશોકસ્તંભ પરના પછીથી લખાયેલ પ્રયાગ પ્રશસ્તિથી જાણીતા અભિલેખમાંથી મળે છે. આ અભિલેખ તેના એક અગ્રીમ અધિકારી અને રાજકવિ હરિષેણ દ્વારા રચિત 33 વાક્યોનો બનેલો છે. (ચિત્ર - સમુદ્રગુપ્તની પ્રયાગ - અલ્હાબાદ - પ્રશસ્તિ).

## સમુદ્રગુપ્તના વિજયો અને ગુપ્ત સત્તાનું વિસ્તરણ

સમુદ્રગુપ્ત એક સફળ સેનાપતિ હતો. યુદ્ધો થકી કરેલા વિજયોને આર્યાવર્તના અથવા ઉત્તરાપથ (ઉ.ભારતની) અને દક્ષિણાપથનાં (દ.ભારતના) વિજયો તરીકે ઓળખવામાં આવે છે. તેણે ભારતના જુદા-જુદા પ્રદેશમાં કરેલાં યુદ્ધોની નોંધ આ પ્રમાણે છે.

## આર્યાવર્ત (ઉત્તરાપથ)નાં યુદ્ધો

સમુદ્રગુપ્તના આ વિજયો વિશે કવિ હરિષેણ રચિત સ્તંભલેખ-પ્રયાગ પ્રશસ્તિમાં વિસ્તૃત માહિતી મળે છે. તનાં જણાવ્યા અનુસાર સમુદ્રગુપ્તે આર્યાવર્તના ત્રણ મહત્ત્વના રાજાઓનો પરાભવ કર્યો. તેણે અચ્યુત, નાગસેન અને કુલજ નામના રાજાઓ ઉપર યુદ્ધ કરી તેમને જીતી લીધા. અહિચ્છત્ર, ગ્વાલિયર અને કોટાના પ્રદેશમાં આવેલા રાજાઓને તેણે નમાવ્યા. ગંગાખીણ અને તેની આસપાસના પ્રદેશોમાં રહેલી તમામ સત્તાઓને તેણે હરાવી ગુપ્ત સામ્રાજ્યનો પ્રસાર કર્યો.

## (દક્ષિણાપથ)નાં યુદ્ધો

સમુદ્રગુપ્તે દક્ષિણાપથના 12 રાજાઓને હરાવ્યા હતા, તેનો ઉલ્લેખ અલ્હાબાદ - પ્રયાગ પ્રશસ્તિમાં છે. તેણે પ્રથમ રાજાઓને જીતી ત્યારબાદ તેમને મુક્ત કરી, તેમની પાસેથી ખંડણી ગ્રહણ કરી. આમ, તેણે પોતાનું આધિપત્ય સામંતશાહી પદ્ધતિથી સ્થાપ્યું હોવું જોઈએ.

### અન્ય વિજયો

સમુદ્રગુપ્તના અન્ય વિજયોમાં બંગાળ, કામરૂપ, નેપાળ, માલવ, યૌધેય, મદ્ર અને આભિરો સાથેના યુદ્ધોનો સમાવેશ થાય છે. આ રાજાઓને હરાવીને તમામની પાસેથી તેણે ખંડણી સ્વીકારી. ઘણા બધા રાજાઓએ તેમની પુત્રીનાં લગ્ન સમુદ્રગુપ્ત સાથે કર્યાં. આવી જ રીતે ઉત્તરકાલીન કુષાણો કેટલાક શક નાયકો, વાયવ્યના વિદેશી શાસકો તથા સિંહલદેશ (શ્રીલંકા) સહિતના અનેક ટાપુ રાજ્યના શાસકોએ સમુદ્રગુપ્તનું આધિપત્ય સ્વીકાર્યું.

આમ, સમુદ્રગુપ્તે મહત્ત્વપૂર્ણ વિજયો દ્વારા નવા જ સ્થપાયેલા ગુપ્ત રાજ્યને એક વિશાળ સામ્રાજ્યમાં પરિવર્તિત કરવાનું સાહસ કર્યું. અત્યંત ઝડપથી તેણે આસપાસના વિસ્તારો કબ્જે કરી ગુપ્ત સામ્રાજ્યની સરહદો વધારી, દૂર-દૂરના શાસકોએ તેનું આધિપત્ય સ્વીકાર્યું હતું, એટલા માટે સમુદ્રગુપ્તને 'ભારતનો નેપોલિયન' કહેવામાં આવે છે.

### ચંદ્રગુપ્ત દ્વિતીય (વિક્રમાદિત્ય) (ઈ.સ. 380થી ઈ.સ. 412)

ગુપ્ત અભિલેખો અનુસાર ચંદ્રગુપ્ત દ્વિતીય સમુદ્રગુપ્તના ઉત્તરાધિકારી તરીકે ગાદી પર આવ્યો. કેટલાક સાહિત્યિક સ્ત્રોતોમાં તેમજ સિક્કાઓમાં એક અન્ય રાજા રામગુપ્તનો ઉલ્લેખ થયો છે. મહાન સંસ્કૃત નાટ્યકાર વિશાખદત્તના નાટક—દેવી ચંદ્રગુપ્તમાં ચંદ્રગુપ્ત બીજાએ રામગુપ્તની હત્યા કરી હતી અને ગાદી પર બેઠો હોવાનો ઉલ્લેખ સ્પષ્ટ મળે છે. ઇતિહાસકારોના મત મુજબ ચંદ્રગુપ્ત બીજાનો મોટો ભાઈ રામગુપ્ત ગાદી પર બેઠો અને શક રાજા સામે હાર્યો હતો. રાજ્ય બચાવવા પોતાની રાણી ધ્રુવસ્વામીની તે શકોને હવાલે કરવા તૈયાર થયો. આ બાબત ગુપ્ત રાજ્ય માટે અપમાન સમાન હતી. ગુપ્તોનું ગૌરવ આ ઘટનાથી ખરડાયું હતું. આ સંજોગોમાં ચંદ્રગુપ્ત બીજાએ ધ્રુવસ્વામીની દેવીને બચાવવા શક રાજા સામે લડવાનો નિર્ણય લીધો. તેણે ધ્રુવસ્વામીનીના વેશમાં શકછાવણીમાં જઈ શક રાજાની હત્યા કરી અને વિજય પ્રાપ્ત કર્યો. ત્યારપછી મંત્રીમંડળની ઇચ્છાનુસાર પોતાના ભાઈ રામગુપ્તની હત્યા કરીને ભાભી ધ્રુવસ્વામીની સાથે લગ્ન કર્યાં. આમ, ગુપ્ત રાજ્યનું ગૌરવ પાછું મેળવી તે ગાદી પર બેઠો. 'કાવ્યમીમાંસા' અને 'હર્ષચરિતમ્'માં પણ આ ઘટનાનો ઉલ્લેખ છે. રામગુપ્તના કેટલાક સિક્કાઓ મળી આવતા સમ્રાટ સમુદ્રગુપ્ત અને સમ્રાટ ચંદ્રગુપ્ત દ્વિતીય વચ્ચેનો પાંચ વર્ષનો શાસનકાળ રામગુપ્તનો હોવાનું માની શકાય.


મેહરોલી લોહસ્તંભ - દિલ્હી

સંકટમાં મુકાયેલ ગુપ્ત સામ્રાજ્યને ઉગારીને વિશાળ સત્તા બનાવવાનું શ્રેય ચંદ્રગુપ્ત બીજાને જાય છે. તેણે નાગવંશીઓ સાથે લગ્ન-સંબંધો બાંધ્યા. રાજકુંવરી કુબેરનાગા સાથે તેણે લગ્ન કર્યાં હતાં. આ કુબેરનાગાથી થયેલ પુત્રી પ્રભાવતીને વાકાટક રાજા રુદ્રસેન બીજા સાથે પરણાવવામાં આવી હતી. તેણે ગુજરાતના શક રાજા રુદ્રસેન ત્રીજાને હરાવી શક રાજ્યને ગુપ્ત સામ્રાજ્યમાં જોડી દીધું. પશ્ચિમ ભારતમાં શક - ક્ષત્રપ રાજ્યોનો અંત આણી શકારી બિરુદ પ્રાપ્ત કર્યું. ગુજરાત, સૌરાષ્ટ્ર અને પશ્ચિમ માળવાના વિશાળ પ્રદેશ આ વિજયથી ગુપ્ત સામ્રાજ્યમાં ભળ્યા હતા. આ વિજયની યાદમાં તેણે 'સિંહવિક્રમ' ઉપાધિ ધારણ કરી હતી. સાંચી પાસે આવેલ ઉદયગિરિ ગુફામાં બે અભિલેખોમાં તેના લશ્કરી વિજયોનો ઉલ્લેખ છે. એક અભિલેખમાં તેને સમગ્ર પૃથ્વી જીતવાનો અભિલાષી પણ કહેવામાં આવ્યો છે.

ચંદ્રગુપ્તના બંગાળ વિજયનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ બધા ઉલ્લેખોને આધારે કહી શકાય કે, ચંદ્રગુપ્ત દ્વિતીય; ગુપ્ત સામ્રાજ્યનો સૌથી મહાન વિજેતા હતો. તેણે સામ્રાજ્યની સીમાઓ પશ્ચિમના સૌરાષ્ટ્રથી લઈને વાયવ્ય હિંદ અને પૂર્વ હિંદમાં બંગાળ સુધી વિસ્તારી હતી.

ચંદ્રગુપ્ત દ્વિતીયના સમયમાં ચીની પ્રવાસી ફા-હિયાન ભારતની મુલાકાતે આવ્યો હતો. તેણે ચંદ્રગુપ્ત દ્વિતીયના શાસનતંત્ર વિશે અને તે સમયના ભારત વિશે મહત્ત્વપૂર્ણ માહિતી લખી છે, તે અગત્યની ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે. સાથે-સાથે ચંદ્રગુપ્ત દ્વિતીય સાહિત્ય અને કલાનો પુરસ્કર્તા હતો. કાલિદાસ તેના રાજદરબારની મહાન શોભા અને અણમોલ રત્ન સમાન હતા.

## કુમારગુપ્ત પ્રથમ (ઈ.સ. 412થી ઈ.સ. 455)

ચંદ્રગુપ્ત દ્વિતીયનો ઉત્તરાધિકારી; તેનો પુત્ર કુમારગુપ્ત હતો. તેના વિશેની માહિતી ભિલસા અભિલેખમાંથી મળી રહે છે. આ અભિલેખ પ્રમાણે ચાર સમુદ્ર પાર તેની કીર્તિ પ્રસરી હતી. મંદસોરમાં પણ તેનો શિલાલેખ મળી આવ્યો છે. જેમાં તેને આખી પૃથ્વી ઉપર શાસન કરતો રાજવી કહ્યો છે. દામોદરપુર તામ્રપત્રમાં તે 'મહારાજાધિરાજ' તરીકે ઓળખાય છે. ભારતના મધ્ય અને પશ્ચિમ ભાગોમાંથી તેના અભિલેખો અને સિક્કાઓ મોટા પ્રમાણમાં મળી આવ્યા છે. મગધ, બંગાળ અને ગુજરાત તેના શાસનનાં મુખ્ય કેન્દ્રો હતાં. ચંદ્રગુપ્ત બીજાએ વારસામાં આપેલ સામ્રાજ્યને તેણે સાચવી રાખ્યું, જોકે, તેના શાસનના છેલ્લા સમયે ભારતમાં વિદેશી આક્રમણો થવાની શરૂઆત થઈ. આ હૂણ આક્રમણોનો પણ તેના પુત્રે સફળતાપૂર્વક મુકાબલો કર્યો. તેના પિતાએ અન્ય રાજ્યો સાથે બાંધેલા સંબંધોને તેણે જાળવી રાખ્યા.

## સ્કંદગુપ્ત (ઈ.સ. 455થી ઈ.સ. 467)

કુમારગુપ્ત બાદ ગુપ્તસામ્રાજ્યનો ઉત્તરાધિકારી અને છેલ્લો શક્તિશાળી રાજા સ્કંદગુપ્ત હતો. તેના સમયમાં ભારતમાં વાયવ્ય સરહદે હૂણોનો ભય ઊભો થયો. જોકે, સ્કંદગુપ્તે હૂણોને હરાવ્યા. જૂનાગઢમાંથી તેનો શૈલ્યલેખ મળી આવ્યો છે. એટલે કે પિતાએ વારસામાં આપેલ સામ્રાજ્ય તેણે અકબંધ રાખ્યું. એટલું જ નહિ, જૂનાગઢના શૈલલેખથી તે સાબિત થાય છે કે તે પ્રજાપાલક રાજવી હતો.

## સ્કંદગુપ્ત પછીના ગુપ્ત શાસકો

સ્કંદગુપ્તના સમય સુધી ગુપ્તસામ્રાજ્ય વ્યવસ્થિત રીતે ચાલ્યુ હોવાના પુરાવા સાંપડે છે. જોકે, ત્યારબાદ ગુપ્ત સામ્રાજ્ય કેટલાક ભાગોમાં વિભાજિત થવા પામ્યું હશે. સ્કંદગુપ્તના અનુગામી રાજાઓમાં બુદ્ધગુપ્ત, વેનગુપ્ત, ભાનુગુપ્ત, નરસિંહગુપ્ત, બાલાદિત્ય, કુમારગુપ્ત બીજો અને અંતે વિષ્ણુગુપ્તનો સમાવેશ થાય છે.

સ્કંદગુપ્ત પછીના શાસકો અગાઉના શક્તિશાળી શાસકો જેવા શાસનકર્તા ન હોવાને કારણે (ઈ.સ. 550 સુધીમાં) ભારતમાં ગુપ્તસામ્રાજ્યનું પતન થયું.

## ગુપ્તસામ્રાજ્યના પતનનાં કારણો

### હૂણોનું આક્રમણ

કુમારગુપ્ત પ્રથમના સમયમાં જ વાયવ્ય સરહદો પર હૂણોના આક્રમણનો ભય ઊભો થયો. હૂણ ખૂબ શક્તિશાળી અને યુદ્ધપ્રિય જાતિ હતી. તેણે ભારત પર ભયંકર હલ્લો કર્યો. જોકે, કુમારગુપ્તે તેમને મારી હટાવ્યા. પરંતુ ઈ.સ.ની પાંચમી સદીના અંત ભાગમાં શક્તિશાળી યોદ્ધા અને હૂણોના નેતા તોરમાણે પશ્ચિમ ભારત અને મધ્ય ભારતનાં ભાગ સુધી યુદ્ધો કરી ગુપ્ત સામ્રાજ્યને મોટો ફટકો માર્યો. તેના પુત્ર મિહરકુલે માળવામાં અને આસપાસના ક્ષેત્રોમાં સત્તા જમાવી. હૂણોના આક્રમણને કારણે ગુપ્તસામ્રાજ્ય માત્ર ઉત્તર ભારતના અને પૂર્વ ભારતના વિસ્તારો પૂરતું મર્યાદિત થઈ ગયું. ગુજરાત અને દખ્ખણ સાથેની તેનાં સબંધોની રેખા તૂટી જવાથી તેને રાજકીય અને આર્થિક ફટકો પડ્યો અને થોડાક સમયમાં આ મહાન સામ્રાજ્યનું પતન થયું.

### ગુપ્ત વહીવટીતંત્રની નિર્બળતા

ગુપ્તોનું વહીવટીતંત્ર મૌર્યસામ્રાજ્ય જેવું વિશિષ્ટ કે આધુનિક પ્રકારનું ન હતું, એટલું જ નહિ, તેમના રાજાઓની નીતિ પણ અવ્યવસ્થિત હતી. તેઓ જીતેલા વિસ્તારોમાં કડક અને અસરકારક વહીવટી નીતિ દાખલ કરવાને બદલે તે વિસ્તાર સ્થાનિક રાજા કે નાયકોને માત્ર ખંડણી સ્વીકારીને પરત આપી દેતા. પરિણામે નિર્બળ ગુપ્ત રાજવીના સમયમાં આવા સ્થાનિક રાજાઓ ફરીથી પુનઃસ્થાપિત થવા કે સ્વતંત્ર થવા પ્રયત્ન કરતા. આવા નબળા ગુપ્તસમ્રાટોને કારણે ભારતમાં ઘણી બધી પ્રાદેશિક સત્તાઓનો જન્મ થયો અને પછીથી તેઓ સ્વતંત્ર પણ થયા. ગુપ્ત વહીવટીતંત્રમાં મૌર્ય શાસનતંત્ર જેવી વિશિષ્ટ કર પ્રણાલીનો પણ અભાવ હતો, તેને બદલે તેઓ સામંતવાદી પ્રણાલીથી શાસન ચલાવતા.

## ગુપ્તોનું વહીવટીતંત્ર

### રાજા

વહીવટીતંત્રના કેન્દ્રમાં રાજા હતા. તે 'ચક્રવર્તી', 'મહારાજાધિરાજ', 'વિક્રમાદિત્ય', 'પરમભટ્ટાર્ક', 'પરમેશ્વર' તેમજ 'પરમભાગવત' જેવાં મહાન બિરુદો ધારણ કરતા. ગુપ્તસામ્રાજ્યમાં રાજાના દૈવી અધિકારોને સ્થાન મળેલું છે. અલ્હાબાદ પ્રશસ્તિમાંથી તેમના વહીવટ વિશે માહિતી મળે છે.

રાજા શાંતિ અને યુદ્ધના સમયમાં રાજ્યની નીતિ નક્કી કરતો. આક્રમણ સમયે સૈન્યનું સંચાલન કરતો. પ્રજાના રક્ષણની જવાબદારી પોતાને માથે લેતો. બ્રાહ્મણો અને શ્રવણોને રક્ષણ આપતો. વિદ્વાનો અને કલાકારોને સહાય કરતો. તે સર્વોચ્ચ ન્યાયાધીશ હતો અને હિન્દુધર્મના નીતિ-નિયમોનુસાર પ્રજાને ન્યાય આપતો. કેન્દ્ર અને પ્રાંતના તમામ ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓની નિમણૂક પોતે કરતો. આધિપત્ય સ્વીકારનાર રાજ્યના વહીવટમાં તે દખલગીરી કરતો નહિ. વિદેશી બાબતો પણ તેના વડપણ હેઠળ આવતી.

### મંત્રીપરિષદ અને અધિકારીઓ

રાજાને મદદ કરવા માટે એક મંત્રીપરિષદ રહેતી. જેમની સાથે મંત્રણા કરી રાજા વહીવટીતંત્ર ચલાવતો. મોટે ભાગે મંત્રીપદ વારસાગત હતું. મુખ્ય ન્યાયાધીશ મહાદંડનાયક તરીકે ઓળખાતા. પ્રાંતમાં ન્યાય આપવાનું કાર્ય, ઉપરીક અને જિલ્લામાં વિષયપતિને સોંપવામાં આવતું. ગામમાં મુખી સામાન્ય કિસ્સાઓમાં ન્યાય આપતા. ચીની પ્રવાસી ફાહિયાનના મત પ્રમાણે ગુપ્તસામ્રાજ્યમાં મૃત્યુંદડની સજાનો અભાવ હતો.

રાજમહેલના રક્ષકોના વડાને મહાપ્રતિહાર કહેવામાં આવતા. રાજ્યમાં થતા સમારોહો અને રાજમહેલના કાર્યક્રમોની વ્યવસ્થા સ્થપતિલપાલ નામનો અધિકારી કરતો. 'દૂતક' ગુપ્તચર તંત્ર સાથે સંકળાયેલ અધિકારી હતો.

### લશ્કર

આપણે આગળ જોયું તેમ, રાજા સર્વોચ્ચ લશ્કરી વડો હતો. તે વિશાળ સૈન્ય રાખતો. ગુપ્ત સામ્રાજ્યમાં યુદ્ધમંત્રીને 'સંધિવિગ્રહક' કહેવામાં આવતો. તેના હાથ નીચે 'મહાબલાધિકૃત' નામના લશ્કરી વડાનો ઉલ્લેખ મળે છે. હાથીઓની સેનાના વડાને પીલુપતિ, અશ્વદળના વડાને અશ્વપતિ અને પાયદળના વડાને નરપતિ કહેવામાં આવતા. લશ્કરને રોકડમાં પગાર આપવામાં આવતો. એક વિશિષ્ટ અધિકારી રણભાંડાગારીક નામનો જોવા મળે છે, તે શસ્ત્રનિર્માણ કરી લશ્કરને પૂરાં પાડવાની કાર્યવાહી સંભાળતો.

### મહેસૂલી તંત્ર

રાજ્યની આવકનો મુખ્ય સ્ત્રોત જમીન મહેસૂલ હતું. ગોપાશ્રમિન અને અક્ષપટલાધિકૃત મહેસૂલી તંત્રના સર્વોચ્ચ વડા હતા. તેઓ મહેસૂલ નક્કી કરવાનું અને તેનો હિસાબ રાખવાનું કામ કરતા. દસ્તાવેજ તૈયાર કરી અને તેને દફતરે રાખનાર અધિકારીને પુસ્તપાલ કહેવામાં આવતા. તે જમીનનું સર્વેક્ષણ અને માપ કરાવતો. રાજ્યનું સમગ્રતંત્ર મહેસૂલી તંત્રની સુચારુ નીતિને આભારી હોવાથી રાજા પોતે પણ મહેસૂલના વહીવટીતંત્રમાં ખૂબ જ કાળજી લેતા.

કામાંદકના 'નીતિસાર' અને 'નારદસ્મૃતિ'માં જણાવ્યા પ્રમાણે ગુપ્તસામ્રાજ્યમાં મહેસૂલનો દર આવકનો છઠ્ઠો ભાગ હતો. આ સિવાય વેપારીઓએ વાણિજ્ય કર જેને 'શુલ્ક' કહેવામાં આવતો. 'વિષ્ટિ' (વેઠ) અને 'બલી' જેવા અન્ય પ્રકારના કર રૂપે લેવાનો રાજાને અધિકાર હતો. રાજકુળની જમીન અને જંગલમાંથી મળતી આવક રાજાની પોતાની ગણાતી. એટલું જ નહિ, ફાળા ખાણોમાંથી મળતા ખનીજ તત્ત્વો પર અને રત્નો ઉપર રાજાનો અધિકાર રહેતો. મીઠાના ઉત્પાદન ઉપર રાજા કર લેતા.

## ગુપ્તકાલીન અર્થવ્યવસ્થા

### કૃષિ

ગુપ્તોના અભિલેખોમાં જમીનના વિવિધ પ્રકારોનો ઉલ્લેખ છે. જેમકે, ખેડાતી જમીનને ક્ષેત્ર કહેવાતી તો પડતર જમીન અપ્રહત તરીકે ઓળખતી. અભિલેખો પરથી જણાય છે કે, રાજાનું એ કર્તવ્ય છે કે, પડતર જમીનને ખેડવાયોગ્ય બનાવે. જમીનનું વર્ગીકરણ તેની ફળદ્રુપતા અને ઉપયોગિતાના આધારે કરવામાં આવતું. જમીન માપણી માટે નિવર્તન, કુલ્યવાપ અને

દ્રોણવાપ જેવા શબ્દો વપરાતા. ઘઉં, જવ, ડાંગર, કઠોળ, શાકભાજી, કપાસ અને શેરડી જેવા મુખ્ય પાકો હતા. તેઓ મકાઈ, બટેટા કે ટામેટા જેવા પાકોથી અજાણ હતા.

ગુપ્તસામ્રાજ્યમાં સિંચાઈને મહત્ત્વ આપવામાં આવ્યું. સૌરાષ્ટ્રના સુદર્શન તળાવનું સ્કંદગુપ્તના સમયમાં ફરીથી સમારકામ કરાવવામાં આવ્યું. કૂવામાંથી પાણી ખેંચવાની પદ્ધતિ પણ પ્રચલિત હતી. ઘડા અને સાંકળને ચક્રગતિમાં રાખીને ઘડા સતત ભરાતા રહે અને બહાર ખેતરમાં બનાવેલા પાકા થાળામાં ખાલી થતા રહે તેવી વૈજ્ઞાનિક ગોઠવણી કરવામાં આવતી. આ યંત્રને ઘટ્ટીયંત્ર કે અરઘટ્ટ તરીકે ઓળખવામાં આવતું. ઘટ્ટીયંત્રની મદદથી ખેતરમાં થતી સિંચાઈની પદ્ધતિનું મહત્ત્વપૂર્ણ વર્ણન બાણભટ્ટના 'હર્ષચરિત'માં પણ જોવા મળે છે. શેરડી જેવા પાકનું ઉત્પાદન ઘટ્ટીયંત્રની મદદથી કરવામાં આવતું. બંગાળમાં જળાશયોમાં વરસાદના પાણીનો સંગ્રહ કરવામાં આવતો. આમ, સિંચાઈની વિવિધ પધ્ધતિઓ અસ્તિત્વમાં આવતી, તેમ છતાં ખેતી મુખ્યત્વે વરસાદ પર આધારિત હતી. વિજ્ઞાન અને ટેક્નોલૉજીની મદદથી બહુ વિશાળ પાયા પર સિંચાઈ યોજના દેખાતી નથી.

ગુપ્તકાળના અભિલેખોમાં વિભિન્ન ધર્મસંસ્થાઓને જમીન ભેટ આપવામાં આવતી હતી, જેને ધર્મદેય કહેવામાં આવતી તેના ઉલ્લેખો ખાસ્સા મળે છે. અધિકારીઓને પણ પુરસ્કાર રૂપે જમીન ભેટ આપવામાં આવતી. આવો જમીન મેળવનાર ઉચ્ચ વર્ગ પણ ઊભો થયો. જેને ઉચ્ચ સામાજિક દરજ્જો પણ મળતો. શાસકો પાસેથી આવી રીતે જમીન મેળવનાર અને મોટા જમીનદારોની તુલનાએ સામાન્ય ખેડૂતોની સ્થિતિ ખરાબ હતી. ભૂમિદાનની પ્રથાને કારણે ખેડૂતોનો સામાજિક દરજ્જો નિમ્નકક્ષાનો બન્યો. ગુલામી પ્રથા પણ ખેતીમાં જોવા મળે છે. તેમનું આર્થિક શોષણ પણ થતું. વાત્સાયનના 'કામસૂત્ર' માં બલીકો (જમીનદારો)ની યાતનાઓનો ભોગ બનનાર દાસ-દાસીઓનું હૃદયદ્રાવક વર્ણન જોવા મળે છે. અનેક વિસ્તારોમાં નાના-નાના રાજ્યોનો ઉદય થવાને કારણે ખેડૂતો પણ આવાં રાજ્યોમાં વહેંચાયા. આવાં નાનાં રાજ્યોએ ખેડૂત પર કરવેરા નાખ્યા અને વેઠપ્રથા પણ ઊભી કરી. આમ, આધુનિક ટેક્નોલૉજીયુક્ત કૃષિનો અભાવ જોવા મળે છે, તેમ છતાં કપાસ અને શેરડી જેવા પાકોથી ભારતની કૃષિમાં ઉન્નત પરિસ્થિતિ ઊભી થઈ હતી.

### વેપાર અને હુન્નર-ઉદ્યોગો

ગુપ્તકાળમાં હુન્નરઉદ્યોગ અને વેપાર-વાણિજ્યનો વિકાસ અસાધારણ હતો. હુન્નર-ઉદ્યોગોમાં અનેક ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. ખાસ કરીને માટીનાં વાસણો, ધાતુનાં ઓજારો, સોના-ચાંદીનાં આભૂષણો, હાથી-દાંતની વસ્તુઓ, સુતરાઉ અને રેશમી કાપડ મોટા પ્રમાણમાં ઉત્પાદિત થતી હતી. મોજશોખની ઘણી ચીજો બહારથી આવતી હતી. શ્રુમા અને પટ્ટવસ્ત્ર જેવી ઉત્તમ રેશમી કાપડની જાતો આ સમયમાં જોવા મળે છે. 'અમરકોષ' અને 'બૃહદ્‌સંહિતા' તથા મંદસૌરના અભિલેખમાં આવી અનેક ચીજોની યાદી જોવા મળે છે.

ગુપ્તકાલીન ભારતમાં તક્ષશિલા, અહિક્ષત્ર, મથુરા, પાટલીપુત્ર, કોશામ્બી, ભરૂચ જેવાં હુન્નરઉદ્યોગ અને વેપાર વાણિજ્યનાં અગત્યનાં કેન્દ્રો હતાં. ગુપ્તકાળમાં વેપારવાણિજ્ય સંગીન હતો. તેના પુરાવા તરીકે તેમના સોનાના સિક્કાને ટાંકી શકાય તેમ છે. આ સિવાય ગુપ્ત રાજાઓએ તાંબા, ચાંદી અને સિસાના સિક્કાઓ પડાવ્યા હતા. તે વેપારવાણિજ્યમાં વપરાતા. ગુપ્ત વહીવટીતંત્રમાં અને સાર્થવાહ વહીવટીતંત્રમાં પણ તે મોખરાનું સ્થાન ધરાવતા હતા. પાટલીપુત્ર અને ઉજ્જૈની પણ રાજધાનીનાં શહેરો હોવા ઉપરાંત વેપાર વાણિજ્યના મહત્ત્વનાં કેન્દ્રો હતાં.

વેપારીઓ અને કારીગરોનાં પોતાના સંગઠનો હતાં. તેને શ્રેણિ કહેવામાં આવતી. શ્રેણિના સભ્યો માટે સંઘના નીતિ-નિયમો પાળવા અનિવાર્ય હતા. શ્રેણિને ઘણીવાર મહાજન તરીકે ઓળખવામાં આવતી. ધર્મશાસ્ત્રોમાં કારીગરોની જુદી-જુદી શ્રેણિઓની ચર્ચા કરવામાં આવી છે. જોકે તેમનો સામાજિક દરજ્જો બ્રાહ્મણ, ક્ષત્રિણ, વૈશ્ય કરતાં નિમ્ન કોટીનો ગણવામાં આવતો હતો.

### ગુપ્તકાલીન સમાજ

હિન્દુ વર્ણવ્યવસ્થાની સાથે-સાથે જ્ઞાતિ વ્યવસ્થા પણ ગુપ્તકાળમાં બહુ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ આદર્શ સમાજવ્યવસ્થાની જાળવણી રાજાએ કરવાની હતી. બ્રાહ્મણોનું સ્થાન વધુ મહત્ત્વનું બન્યું. આ સમયમાં ધર્મસૂત્રોમાં નવી

જાતિઓનો ઉદ્ભવ અને મિશ્રજાતિઓની સંખ્યા ખાસ્સી જોવા મળે છે. વિદેશી યોદ્ધાઓને અર્ધક્ષત્રિય કે પતિત ક્ષત્રિય કહેવામાં આવતા. ગુપ્તકાળમાં અનેક નવી જ્ઞાતિઓ જોવા મળે છે. ધીમે ધીમે એ જ્ઞાતિઓએ વર્ણનું સ્વરૂપ લીધું.

બ્રાહ્મણો વર્ણવ્યવસ્થામાં સર્વોચ્ચ સ્થાને હતા તેઓ સંસ્કૃત વિદ્યા અને પુરોહિતનાં કાર્યો સાથે સંકળાયેલા હતા. રાજસત્તાની ખૂબ નિકટ હતા. વિદ્વાન બ્રાહ્મણોને ખૂબ પ્રોત્સાહન મળતું.

સમાજમાં મહિલાઓનું સ્થાન ઠીક-ઠીક હતું. એ સમયે વાકાટક રાણી પ્રભાવતીગુપ્ત જેવી શક્તિશાળી સ્ત્રીઓની માહિતી મળતી હોવા છતાં મોટાભાગની સ્ત્રીઓ તેમના અધિકારોથી વંચિત હતી. તેઓ આદર્શ માતા અને આદર્શ પત્ની તરીકે જીવે તે અપેક્ષિત હતું. સ્ત્રીઓ ધીમે-ધીમે શિક્ષણ અને શાસનવ્યવસ્થાથી દૂર થતી જતી હતી.

ગુપ્ત સમાજજીવનમાં નગરો અને ગામમાં રહેતા લોકો વચ્ચે ઘણો તફાવત જોવા મળે છે. કામસૂત્રમાં નગરમાં રહેતા નાગરિકોના જીવન પર ખાસ્સું લખાણ પ્રાપ્ત થાય છે. શહેરી સમૃદ્ધિને કારણે નગરવાસીઓ મોજશોખભર્યું જીવન જીવતાં જ્યારે ગ્રામીણ પ્રજા શિક્ષણ અને ટેક્નોલૉજીથી દૂર રહેતી હોવાને કારણે સામાન્ય પ્રકારનું જીવન જીવતી.

## ગુપ્તકાલીન સાહિત્ય

સાહિત્યનાં ક્ષેત્રે ગુપ્તકાળ સુવર્ણકાળ હતો. બહુ મોટા પ્રમાણમાં ધાર્મિક અને ધર્મેતર સાહિત્ય આ કાળમાં રચાયું છે. રામાયણ, મહાભારત, પુરાણો વગેરે હિન્દુધર્મના મહત્ત્વપૂર્ણ ગ્રંથો ગુપ્તકાળમાં જ પૂર્ણ થયા. એટલું જ નહીં, વિષ્ણુના અવતાર તરીકે રામ અને કૃષ્ણનું મહત્ત્વપૂર્ણ સ્થાન ગુપ્તકાળમાં જોવા મળે છે. પુરાણોનું સર્જન ખાસ કરીને આ કાળમાં થયું. પુરાણોમાં દેવીદેવતાઓની કથાઓ, કર્મકાંડો, વ્રતો, પૂજા પદ્ધતિઓ, તીર્થયાત્રાઓ જેવી હિન્દુધર્મ સાથે સંકળાયેલી બાબતોનું વિવરણ જોવા મળે છે. વિષ્ણુપુરાણ, વાયુપુરાણ, મત્સ્યપુરાણ, ગરુડપુરાણ વગેરે વિષ્ણુ સાથે સંકળાયેલા પુરાણની રચના આ કાળમાં થઈ તો શિવ સાથે સંકળાયેલ પુરાણોમાં અગત્યના શિવપુરાણની રચના ગુપ્તકાળમાં થઈ. ભગવાન વિષ્ણુના જુદા-જુદા અવતારો પર રચાયેલ પુરાણો પણ ગુપ્તકાળમાં જ લખાયા, જેમાં વામનપુરાણ, વરાહપુરાણ અને નૃસિંહપુરાણનો સમાવેશ થાય છે. સામાન્ય લોકો માટે પુરાણો બહુ જ મહત્ત્વપૂર્ણ હતાં.

ગુપ્તકાળમાં હિન્દુ કાયદાવિષયક પુસ્તકો જેને સ્મૃતિ કહેવામાં આવે છે, તેનું લખાણ પણ આપણને મળી આવે છે. ખાસ કરીને આવી સ્મૃતિઓમાં નારદસ્મૃતિ ખાસ ઉલ્લેખનીય છે. આ ગ્રંથોમાં સામાજિક અને આર્થિક નિયમો અને તેના પેટા નિયમો પણ જોવા મળે છે. સ્ત્રીઓના આર્થિક અધિકારો વિશે પણ તેમાં ચર્ચા થયેલી છે.

સાહત્યિનાં ક્ષેત્રે ગુપ્તકાળ ભારતના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. સંસ્કૃત ભાષામાં મહત્ત્વપૂર્ણ સાહિત્ય રચનાઓ આ કાળમાં થઈ. સંસ્કૃતસાહિત્યના મહાનતમ કવિ કાલિદાસ પાંચમી સદીમાં ચંદ્રગુપ્ત દ્વિતીયના દરબારની શોભા હતાં. ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં તેમનું સાહિત્ય જાણીતું છે. વિશ્વની અનેક ભાષાઓમાં તેમના સાહિત્યના અનુવાદો થયા છે. તેમની પ્રમુખ રચનાઓમાં 'મેઘદૂત્તમ', 'અભિજ્ઞાન-શાકુન્તલ', 'રઘુવંશ', 'કુમારસંભવમ' તેમજ 'ઋતુસંહાર'નો સમાવેશ થાય છે. તેમની રચનાઓમાં સંસ્કૃતભાષાનો ઉચ્ચત્તમ પ્રયોગ જોવા મળે છે.

કાલિદાસ સિવાય અન્ય મહત્ત્વપૂર્ણ સંસ્કૃત સાહિત્યકાર શૂદ્રક અને વિશાખદત્ત હતા. તેમણે અનુક્રમે 'મૃચ્છકટિકમ્' તથા 'મુદ્રારાક્ષસ'ની રચના કરી, જે ખૂબ જ પ્રખ્યાત થઈ હતી.

## ગુપ્તકાલીન કલા

ગુપ્તકાલીન કલા મોટેભાગે હિન્દુ અને બૌદ્ધધર્મ આધારિત દેખાય છે. ખાસ કરીને બૌદ્ધ ધર્મે ગુપ્તકાલીન કલાને ખૂબ જ પ્રભાવિત કરી છે. મથુરા, સારનાથ, અજંતા અને ઇલોરા ગુપ્તકાલીન કલાના વિશ્વવિખ્યાત સ્થળો છે. અજંતાની ગુફાઓ તેમાં સર્વશ્રેષ્ઠ છે મહાત્મા બુદ્ધ અને તેમની સાથે સંકળાયેલ જાતકકથાઓનું વર્ણન કરતાં ચિત્રો અજંતાની ગુફામાં જોવા મળે છે. 1500 વર્ષ કરતાં પણ વધારે જૂનાં આ ચિત્રોના રંગો આજે પણ એવાને એવા જ રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રો (U.N) એ અજંતાની ગુફાઓને વર્લ્ડ હેરિટેજ તરીકે જાહેર કરી છે.

મંદિરનિર્માણની મહત્ત્વપૂર્ણ શરૂઆત પણ ગુપ્તકાળમાં જ થઈ. ઉત્તર ભારતમાં મંદિર સ્થાપત્યકલાને નાગરશૈલી તરીકે ઓળખવામાં આવે છે. નાગરશૈલીનાં બે સુવિખ્યાત મંદિરો સર્વપ્રથમ ઉત્તર પ્રદેશના કાનપુરના ભિતર ગામમાં અને ઝાંસીમાં દેવગઢ ખાતે મળી આવ્યાં છે. આ બંને મંદિરો ક્રમશઃ ઈંટ અને પથ્થર દ્વારા બનેલાં છે, જેના કેન્દ્રમાં ભગવાન વિષ્ણુ છે.



ગુપ્તકાલીન સિક્કાઓ

ગુપ્તકાલીન મુદ્રા અને સિક્કાઓ કલાના મહત્ત્વપૂર્ણ પુરાવા છે. તેના પર ગુપ્તસમ્રાટોનું વર્ણન અને ચિત્રણ જોવા મળે છે. સમુદ્રગુપ્તના વીણા વગાડતા સોનાનાં સિક્કા ગુપ્તકાળમાં સંગીતનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે. ગુપ્તરાજાઓએ અશ્વમેધ યજ્ઞની મુદ્રાઓ પણ પ્રચલિત કરી હતી. ખાસ કરીને વિષ્ણુ અને ભગવાન શંકરની પૂજા ઉપાસના સાથે સંકળાયેલ મુદ્રાઓ અને સ્થાપત્યો મોટા પ્રમાણમાં મળી આવ્યાં છે.

## ગુપ્તકાલીન ધર્મ

ગુપ્ત રાજાઓએ ભગવાન વિષ્ણુ સાથે સંકળાયેલા ભાગવત સંપ્રદાયને આશ્રય આપ્યો હતો. તેઓ પોતાને પરમ ભાગવત કહેતા હતાં. પરંતુ અન્ય તમામ ધર્મો પ્રત્યે તેમણે સહિષ્ણુનીતિ અપનાવી હતી. ગુપ્તકાળમાં ભારતની યાત્રાએ આવેલ ફાહિયાને સ્પષ્ટ જણાયું છે કે ગુપ્તોના સમયમાં બૌદ્ધધર્મની મહત્ત્વપૂર્ણ પ્રગતિ થઈ. ભાગવત પંથ વિષ્ણુ અને તેના અવતારોની પૂજા પર આધારિત હતો, જેમાં ભક્તિનો મહિમા જોવા મળે છે. ભગવદગીતા તેનું સર્વશ્રેષ્ઠ પ્રદાન છે. સાથેસાથે વિષ્ણુના દસ અવતારોના ગુણો લોકપ્રિય બનાવવા આ સમયે પુરાણોની રચના થઈ, તો મંદિરોમાં ભગવાનની મૂર્તિઓ પણ સ્થાપિત કરવામાં આવી.



કૈલાસ મંદિર - ઈલોરાની ગુફા



અજંતાની ગુફા

દક્ષિણ ભારતમાં પણ શૈવ અને વૈષ્ણવ સંતોએ આ બંને ધર્મને લોકપ્રિય બનાવ્યા. તેમનો હેતુ પણ ભક્તિનાં સિદ્ધાંતો ઉજાગર કરવાનો હતો. આ સમયમાં તાંત્રિક વિદ્યાનો ઉદય પણ આપણને જોવા મળે છે. નેપાળ, આસામ, બંગાળ, ઓરિસ્સા અને મધ્યભારતમાં તેમજ દખ્ખણ ભારતમાં આ પ્રકારનાં પુરાવા પ્રાપ્ત થયા છે. બ્રાહ્મણોએ જનજાતીય દેવતાઓ - દેવીઓ અને તેમના કર્મકાંડોને પણ સ્વીકારી લીધા હતા. આ રીતે તંત્રવાદનો ઉદય બ્રાહ્મણ અને જનજાતિ પ્રજાનો મિશ્રણ હતો. તંત્રવિદ્યામાં સ્ત્રીને શક્તિનું કેન્દ્ર દર્શાવવામાં આવે છે. તંત્રના સિદ્ધાંતનો તમામ ધર્મો પર મહત્ત્વપૂર્ણ પ્રભાવ પડ્યો. શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ અને જૈન ધર્મોમાં તંત્ર સિધ્ધાંતોને પરિણામે શક્તિપૂજાનો પ્રારંભ થયો.



બોધિસત્ત્વ - અજંતા

## વિજ્ઞાન અને ટેક્નોલૉજી

સાહિત્ય અને કલાની જેમ ગુપ્તકાળમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ખાસ્સો વિકાસ થયો હતો. ખાસ કરીને ખગોળ વિજ્ઞાનનો મહત્ત્વપૂર્ણ વિકાસ જોવા મળે છે. પાંચમી સદીમાં એક મહાન ખગોળ વિજ્ઞાની અને ગણિતજ્ઞ આર્યભટ્ટ થઈ ગયા. જેમણે ભારતના ખગોળ વિજ્ઞાન પર આધારિત સર્વશ્રેષ્ઠ ગ્રંથ 'આર્યભટ્ટીયમ્'ની રચના કરી હતી. તેમણે સૌપ્રથમ વખત સાબિત કર્યું હતુ કે, પૃથ્વી પોતાની ધરી પર ફરે છે, તે સૂર્યની આસપાસ ઘુમે છે, જેને કારણે સૂર્યગ્રહણ થાય છે.

એટલું જ નહિ તેમણે શૂન્યની શોધ કરી હતી અને દશાંશપદ્ધતિનો પ્રથમ વખત પ્રયોગ કર્યો હતો. આમ, ગણિત અને ખગોળના ક્ષેત્રે વિશ્વભરમાં તેમનું મહાન પ્રદાન રહ્યું છે. વરાહમિહિર પણ આ કાળે થયેલ મહાન ખગોળવિજ્ઞાની હતા. તેમને ખગોળની વિભિન્ન પદ્ધતિઓ પર આધારિત 'પંચસિદ્ધાંતિકા' નામનો મહાગ્રંથ રચ્યો હતો. તેમના જેવા જ એક ગણિતજ્ઞ જેમણે 'બ્રહ્મસ્ફૂટ'નો સિદ્ધાંત આપ્યો હતો. તે બ્રહ્મગુપ્ત પણ આ જ કાળમાં થઈ ગયા.


પદ્મપાણિ - અજંતા

ગુપ્તકાળમાં ધાતુ સાથે સંકળાયેલ નવીન  ટેક્નોલૉજીનો વિકાસ થયો. આ ટેક્નોલૉજી આપણને ભગવાન બુદ્ધની તાંબાની મૂર્તિઓમાં જોવા મળે છે. મેહેરોલી સ્થિત લોહસ્તંભ પણ ગુપ્તકાલીન ધાતુ ટેક્નોલૉજીનો વિકાસ દર્શાવે છે. 1500 વર્ષ જૂના આ સ્તંભને હજી સુધી કાટ લાગ્યો નથી. રંગો બનાવવાની ટેક્નિક પણ ગુપ્તકાળમાં ખૂબ વિકસી હતી અને પાકા રંગોનો પ્રયોગ આપણને અજંતાની ગુફાઓમાં થયેલો જોવા મળે છે.

### ગુપ્તસામ્રાજ્ય પછીનું ભારત

ઈ.સ.ની છઠ્ઠીમાં ગુપ્તસામ્રાજ્યનું પતન થવાથી ભારતમાં નાનાં-નાનાં રાજ્યોનો ઉદય થયો. ગુપ્ત આધિપત્યો નીચે રહેલા કેટલાક વંશોએ પણ પોતાને સ્વતંત્ર ઘોષિત કરી નવીન રાજ્યો ઊભા કર્યા. મોખરીઓ, મગધના ઉત્તરકાલીન ગુપ્તો, પુષ્યભૂતિઓ, વર્મનો, મૈત્રકો અને ગૌડ વગેરેએ પોતાનાં નવાં જ રાજ્યો ઊભાં કર્યાં. આ પ્રકરણમાં આપણે તેમના ઇતિહાસને સમજવાનો પ્રયત્ન કરીએ, ખાસ કરીને હર્ષવર્ધન જેને પ્રાચીન ભારતનાં છેલ્લા હિન્દુ રાજવી કહેવામાં આવે છે, તેના વિષે અગત્યની માહિતી મેળવીશું.

### પ્રાદેશિક સત્તાઓ

ભારતનાં ઇતિહાસમાં કોઈ એક શક્તિશાળી સત્તાના અભાવમાં વિવિધ પ્રદેશોમાં અનેક પ્રાદેશિક સત્તાનો ઉદય હંમેશાં થતો રહ્યો છે. ભારત એક ઉપખંડ જેટલું મોટું રાષ્ટ્ર છે. તેથી તેનાં પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસમાં આ પ્રકારનું વાતાવરણ અવાર-નવાર જોવા મળે છે. ગુપ્તસામ્રાજ્ય પણ એક શક્તિશાળી સત્તા હોવાથી તેણે ભારતના મોટાભાગ પર પોતાનું રાજ્ય કર્યું. પરંતુ તેનાં પતન બાદ બહુ જ ઝડપથી અનેક પ્રાદેશિક સત્તાઓ સત્તાસ્થાને આવી, તેનો સંક્ષિપ્ત ઉલ્લેખ આપણે કરીશું.

### યશોવર્મન (મંદસોર)

કુમારગુપ્તના શાસનમાં પશ્ચિમ માળવાના સામંત બંધુવર્મન મંદસોર પર શાસન કરતો. મંદસોરના એક શિલાલેખમાં યશોવર્મન નામના એક પ્રતાપી રાજાનો નિર્દેશ છે. ઈ.સ. 528માં તે સત્તા પર આવ્યો. ઈ.સ. 543 સુધી તેણે રાજ કર્યું હતું. મંદસોરના અભિલેખમાં તેને મહાન વિજેતા તરીકે આલેખવામાં આવ્યો છે. તેણે હૂણોને પણ પરાજય આપ્યો હતો.

### મૌખરિ

ઈ.સ.ની પાંચમી સદીના અંતમાં ક્નોજના મૌખરિઓએ સત્તા મેળવી. મૌખરિઓ પતંજલિની રચનાઓમાં પણ દેખાય છે. ગયામાં યજ્ઞવર્મન ઈ.સ. 554ની આસપાસ સત્તા પર આવ્યો તેવો ઉલ્લેખ છે.

યજ્ઞવર્મન, શાર્દુલવર્મન અને અનંતવર્મન એ પ્રારંભિક મૌખરિ રાજાઓ છે. જેમણે મોટેભાગે સામંત બિરુદ ધારણ કર્યું છે. તે દર્શાવે છે કે, તેઓ ગુપ્તરાજાઓના ખંડિયા રાજાઓ અથવા તો સામંતો હતા. અસિરગઢના તામ્રપત્રમાંથી ક્નોજના ઇશાનવર્મન અને સર્વવર્મનનો સમાવેશ થાય છે. ઇશાનવર્મને સ્વતંત્ર રાજ્ય શરૂ કર્યું હતું. આ મૌખરિ રાજાઓએ ઉત્તરકાલીન ગુપ્તવંશના દામોદર ગુપ્તને હરાવ્યો. મૌખરિવંશનો છેલ્લો રાજા ગ્રહવર્મન હતો. તેણે થાનેશ્વરના પ્રભાકરવર્મનની પુત્રી અને રાજા હર્ષની બહેન રાજેશ્રી સાથે લગ્ન કર્યાં. માળવાના રાજા દેવગુપ્તે ક્નોજ પર આક્રમણ કરી ગ્રહવર્મનની હત્યા કરી. પરિણામે મૌખરિ શાસનનો અંત આવ્યો. અર્વાચીન ઉત્તર પ્રદેશ અને મગધ પર તેમણે શાસન ચલાવ્યું હતું.

## વલભીનો ઉદય

ગુજરાતમાં ગુપ્તસામ્રાજ્યનું આધિપત્ય ઈ.સ. 467 સુધી રહ્યું. ત્યારપછી થોડા જ સમયમાં મૈત્રકકુળના સેનાપતિ ભટ્ટાર્કે ગુજરાતમાં પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપી. તેણે પોતાની રાજધાની વલભીમાં સ્થળાંતરિત કરી તેનો વિકાસ કર્યો. ભટ્ટાર્ક શિવભક્ત હતો. તેના અનુગામી ધરસેન પહેલાએ તેના પૂર્વજની જેમ સત્તાવાર રાજપદવી ધારણ કહી નહોતી. તેઓ મૈત્રકો તરીકે ઓળખાતા. આ વંશના ત્રીજા રાજા દ્રોણસિંહે મહારાજાધિરાજ પદવી ધારણ કરી (ઈ.સ. 500), શક્તિશાળી રાજ્યપરંપરાનો પ્રારંભ કર્યો. મૈત્રક વંશનો ઇતિહાસ જાણવાનાં મહત્ત્વપૂર્ણ સાધનોમાં અનેક ભૂમિદાન મળી આવ્યાં છે. મૈત્રક રાજાઓએ લગભગ આઠમી સદીની શરૂઆત સુધી સમગ્ર ગુજરાતમાં સત્તા ધરાવી હતી.

## રાજપૂતાનાના ગુર્જર

ગુપ્તસામ્રાજ્યના પતન બાદ દક્ષિણ રાજસ્થાનમાં ગુર્જર રાજવંશ સ્થપાયો. આ ગુર્જરો હૂણોની સાથે વિદેશથી આવેલા હોવાનું કેટલાક ઇતિહાસકારો માને છે. તેઓ હિમાચલથી વિંધ્ય સુધીના પ્રદેશમાં ખાસ કરીને (રાજસ્થાન) વસ્યા હતા. પંજાબ, રાજસ્થાન અને ગુજરાત એમ ત્રણેય રાજ્યોમાં તેમણે વસવાટ કર્યો. છઠ્ઠી સદીમાં દક્ષિણ રાજસ્થાનમાં તેમણે પોતાનું રાજ્ય સ્થાપ્યું. તેમના નામ પરથી દક્ષિણ રાજસ્થાન ગુર્જર દેશ તરીકે ઓળખાયું. રાજસ્થાનમાં હરિચંદ્રએ ગુર્જર રાજ્યનો પાયો નાખ્યો. તેનાં સંતાન પ્રતિહાર તરીકે ઓળખાયાં, એ પરથી ઇતિહાસકારો માને છે કે, હરિશ્ચંદ્ર અને તેના પૂર્વજો કોઈ રાજ્યના પ્રતિહાર તરીકે કામ કરતા હશે અને ગુપ્તસામ્રાજ્યના પતન બાદ રાજકીય અવ્યવસ્થાનો લાભ લઈ મારવાડમાં પોતાનું શાસન સ્થાપ્યુ હશે.

તેના વંશજોએ દક્ષિણ ગુજરાત સુધી રાજ્યવિસ્તાર કર્યો હતો. યુઆન-શ્વાંગે ગુર્જર દેશની મુલાકાત (ઈ.સ. 641) લીધી. તેનું પાટનગર ભિલ્લમાલ કે શ્રીમાલ હતું તેમ તેણે જણાવ્યું છે. વર્તમાનમાં આ સ્થળ ભિલ્લમાલ તરીકે ઓળખાય છે. સિંધના આરબ ઝુનેદે ગુર્જર દેશ પર હુમલો (ઈ.સ. 726) કરી તેમને હરાવ્યા. પરિણામે રાજસ્થાનના ગુર્જર રાજ્યની સત્તા અસ્ત પામી.

## દક્ષિણ ગુજરાતના નાંદિપુરી

દક્ષિણ ગુજરાતમાં આવેલ નાંદિપુરી (નાંદોદ)માં સામંત દદ્દે અલગ રાજ્યની સ્થાપના કરી. તેઓ ગુર્જર હતા. મોટે ભાગે આ દદ્દ હરિશ્ચંદ્રનો મોટો પુત્ર હતો, તેમ ઇતિહાસકારો જણાવે છે, એટલે કે, ગુજરાતનાં નાંદિપુરી એ ગુર્જર રાજવંશનો જ એક ભાગ હતો. તેમણે અંકલેશ્વર અને સંખેડાની આસપાસના વિસ્તારમાં શાસન કર્યું. હર્ષ અને વલભીના ધ્રુવસેન વચ્ચે થયેલા યુદ્ધ સમયે દદ્દ વલભીના પક્ષે રહ્યા. તેના પુત્ર જયભટ્ટ અને તેના બાદ દદ્દ ત્રીજાએ રાજ્યવિસ્તાર કર્યો. દદ્દ ત્રીજાએ વલભીના મૈત્રકો પાસેથી ભરૂચ પ્રદેશ જીતી લઈ સામ્રાજ્યવિસ્તાર કર્યો. તેણે નાંદિપુરને બદલે પોતાની રાજધાની ભરૂચમાં રાખી. આ વંશનો છેલ્લો રાજા  જયભટ્ટ ચોથો હતો. રાષ્ટ્રકૂટ રાજા દંતિદુર્ગે પોતાની સત્તા વિસ્તારતાં આ ગુર્જર રાજ્યનો અંત આવ્યો.

ઉત્તર અને વાયવ્ય બંગાળમાં ગૌડ રાજા શશાંક શક્તિશાળી રાજા હતો.

આસામમાં કામરૂપ અને દેવક જેવા બે રાજ્યો જોવા મળે છે. ઓરિસ્સામાં ઈ.સ.ની છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં બે સ્વતંત્ર રાજ્યોનો ઉદ્દભવ થયો. જેમાં બાલાસોરથી પુરીનું માન રાજ્ય અને કોંગોડાનું શૈલોદ્ભવ રાજ્ય તે ચિલ્કા સરોવરથી ગઝમ જિલ્લાના મહેન્દ્રગિરિ પર્વત સુધી વિસ્તરેલું હતું. જોકે, શશાંક અને કનોજના હર્ષવર્ધનના ઉદયને કારણે તેને મોટો ફટકો પડ્યો હતો.

## થાણેશ્વર અને કનોજના પુષ્યભૂતિઓ

પુષ્યભૂતિ કુળે શરૂઆતમાં થાણેશ્વર (હરિયાણા) અને પછીથી કનોજ (ઉત્તર પ્રદેશ) માં શાસન કર્યું.  તેમનો ઇતિહાસ જાણવા માટે બાણભટ્ટ રચિત 'હર્ષચરિતમ્' અને વિખ્યાત ચીની યાત્રી યુઆન-શ્વાંગનાં લખાણો ખૂબ જ મહત્ત્વનાં છે. સાથે-સાથે કેટલાક અભિલેખો અને સિક્કાઓમાંથી પણ આ વંશની માહિતી આપણને મળે છે. 'હર્ષચરિત'માં દર્શાવ્યા પ્રમાણે રાજા

પુષ્યભૂતિએ થાણેશ્વરમાં પુષ્યભૂતિવંશનો પાયો નાખ્યો. વાંસખેડા અને મધુબન અભિલેખોમાં આ વંશના પાંચ રાજાઓનો ઉલ્લેખ મળે છે. તે પ્રમાણે શરૂઆતના ત્રણ રાજા સર્વસત્તાધીશ સમ્રાટો ન હતા. ચોથા રાજા પ્રભાકરવર્ધને મહારાજાધિરાજની ઉપાધિ મેળવી. તે સ્વતંત્ર સમ્રાટ હતો તેમ સ્પષ્ટ કરે છે. તેણે પોતાની પુત્રી રાજેશ્રીનું લગ્ન મૌખરિ રાજા ગ્રહવર્મન સાથે કરાવ્યું.

થાણેશ્વર પર હૂણોના આક્રમણનો ભય ઉભો થયો. પ્રભાકરવર્ધને પોતાના પુત્ર રાજ્યવર્ધનને હૂણો વિરુદ્ધ લડવા મોકલ્યો. પરંતુ તેઓ (પ્રભાકરવર્ધન) અચાનક બિમાર પડતાં રાજ્યવર્ધને પાછા ફરવું પડ્યું હતું. થોડા સમયમાં પ્રભાકરવર્ધન અવસાન પામ્યા. આજ સમયે માળવાના રાજાએ ગ્રહવર્મનને મારીને રાજેશ્રીનું અપહરણ કર્યું. શશાંકે માળવાના રાજાને મદદ કરી પરિણામે થાણેશ્વર અને કનોજ પર ખતરો ઊભો થયો. જોકે, રાજ્યવર્ધને માળવાને હરાવ્યું પરંતુ ગૌંડ રાજા શશાંકે દગાથી તેની હત્યા કરી નાખી. આમ, એકસાથે થાણેશ્વર અને કનોજ રાજા વગરના રાજ્ય થયા. આવા સમયે રાજ્યવર્ધનના નાના ભાઈ હર્ષવર્ધન પર આ બન્ને રાજ્યો સંભાળવાની અને પોતાની બહેનને બચાવવાની તથા પોતાના ભાઈની હત્યાનો બદલો લેવાની ખૂબ મોટી જવાબદારી આવી પડી.

## સમ્રાટ હર્ષવર્ધન (ઈ.સ. 606થી ઈ.સ. 647)

હર્ષે અત્યંત પ્રતિકૂળ સંજોગોમાં થાણેશ્વરની ગાદી પર રાજ્યારોહણ કર્યું. તેની સામે વિકટ જવાબદારીઓ મોં ફાડીને ઊભી હતી. એક તરફ શશાંકનો ભય હતો અને બીજી તરફ પોતાની બહેન રાજેશ્રીનું અપહરણ થયું હતું. કનોજની ગાદી ખાલી હતી. આવા સંજોગોમાં તેણે ગૌડ તરફ કૂચ કરી સાથે-સાથે પોતાની બહેનને શોધવાની કામગીરી પણ શરૂ કરી. જંગલમાંથી પોતાની બહેન રાજેશ્રીને બચાવીને તે કનોજ પાછો ફર્યો. રાજેશ્રીને નાનો પુત્ર હોવાને કારણે હર્ષે કનોજમાંથી જ કનોજ અને થાણેશ્વર એમ બંનેનું શાસન શરૂ કર્યું.

ગાદી પર આવ્યા બાદ હર્ષે વલભીના મૈત્રકો, ગુર્જરો, દખ્ખણના ચાલુક્યો અને પૂર્વમાં મગધ અને ગૌડરાજ્યો સાથે યુદ્ધો કર્યાં. ગુજરાતના વલભીના મૈત્રકો ઘણા શક્તિશાળી હતા. વલભીના રાજા ધ્રુવસેન બીજા (બાલાદિત્ય) સામે હર્ષનું યુદ્ધ થયું, પરંતુ યુદ્ધ બાદ રાજા ધ્રુવસેન સાથે પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં અને વલભી સાથેની શત્રુતાનો અંત આણ્યો.

ચાલુક્ય રાજા પુલકેશી બીજાના સામંત તરીકે દક્ષિણ ગુજરાતના રાજાઓ રહેતા હતા, તેથી સ્વાભાવિક રીતે જ તેમની સાથેનું યુદ્ધ ભવિષ્યમાં ચાલુક્ય સામેના યુદ્ધમાં પરિવર્તિત થવાનું હતું. ઐહોલ અભિલેખમાં પુલકેશી બીજાની પ્રશસ્તિ લખાયેલ છે. તેમાં પુલકેશીએ હર્ષને યુદ્ધમાં હાર આપી હતી તેવો ઉલ્લેખ કર્યો છે. એટલે કે, હર્ષે ઉત્તર ભારતમાં વિજયો મેળવ્યાં હતાં, પરંતુ ચાલુક્ય પુલકેશી બીજાને તે હરાવી શક્યો ન હતો. હર્ષે મગધ જીતી લીધું હતું. કામરૂપ (આસામ)ના રાજા ભાસ્કરવર્મન સાથે તેની મિત્રતા હતી. તેની સાથે રહીને તેણે બંગાળ અને પૂર્વ ભારતમાં કેટલાંક યુદ્ધો કર્યાં હતાં.

હર્ષે ચીન સાથે રાજદ્વારી સંબંધો બાંધ્યા. તેના સમકાલીન સમ્રાટ તી-આંગે હર્ષના દરબારમાં ત્રણ દૂતમંડળો મોકલ્યા હતાં. સામે પક્ષે હર્ષે પણ (ઈ.સ. 641) એક દૂતમંડળ મોકલાવ્યું. હર્ષે 41 વર્ષ રાજ કર્યું અને (ઈ.સ. 647માં) તે અવસાન પામ્યો.

સમ્રાટ હર્ષ પ્રજાવત્સલ રાજવી હતો. તેનું વહીવટી માળખું મોટેભાગે ગુપ્ત સામ્રાજ્યના વહીવટીતંત્ર જેવું જ હતું. યુઆન-શ્વાંગ લખે છે કે, રાજા આખા રાજ્યમાં પ્રવાસ કરતા અને સર્વોચ્ચ સત્તા ભોગવતા. મધુબન તામ્રપત્રમાં ઉપરીક (પ્રાંતના ગવર્નર), સેનાપતિ, દૂતક જેવા અધિકારીઓના ઉલ્લેખો મળે છે. જોકે, હર્ષવર્ધનનો સમય ભારતમાં સામંતશાહીનો શરૂઆતનો સમય હતો એટલે અધિકારીઓને રોકડમાં પગાર ચુકવવાને બદલે જમીનો આપવાની નીતિ શરૂ થઈ ચૂકી હતી. કાયદો અને વ્યવસ્થા ગુપ્તકાળની તુલનાએ ઘણાં શિથિલ હતાં. વાંસખેડા, નાલંદા અને સોનેપત અભિલેખોમાં હર્ષ શિવભક્ત હતો, તેવું આલેખન થયું છે. જોકે પછીથી તે બૌદ્ધ ધર્મી થયો. કનોજમાં એક વિશાળ સંગતિ કે સભા બોલાવી. યુઆન-શ્વાંગ આ મહાસભામાં હાજર હતા. મહાયાન પંથનો તેણે પ્રચાર-પસાર કર્યો. આ સભામાં 18 રાજાઓ અને 3000 સાધુઓએ હાજરી આપી. હર્ષ દર પાંચ વર્ષે પ્રયાગમાં પાંચ વાર્ષિક વિતરણ-સમારંભ યોજતો. જેમાં તે મોટા પ્રમાણમાં દાન-દક્ષિણા આપતો, વિદ્વાનો અને કલાકારોને પ્રોત્સાહન આપતો અને નાલંદા વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગામડાં દાનમાં આપતો. હર્ષે નાલંદા વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા 10,000થી પણ વધારે વિદ્યાર્થીઓના નિભાવ માટે 100 ગામડાં દાનમાં આપ્યાં હતાં.

## સાંસ્કૃતિક પરિસ્થિતિ

ગુપ્ત સામ્રાજ્યના પતનબાદ આપણે જોયું અનેક નવી પ્રાદેશિક સત્તાઓ ભારતમાં અસ્તિત્વમાં આવી, જેણે નવા જ રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રો ઊભાં કર્યાં. ગુજરાત, બંગાળ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક અને તમિલનાડુમાં નવીન સાંસ્કૃતિક પરિસ્થિતિઓનો જન્મ થયો. જેણે ભારતની વર્તમાન કલા, સાહિત્ય અને ભાષાનો પાયો નાખ્યો છે. આ સમયે બંગાળી, ઊડીયા, મરાઠી, અસમીયા જેવી નવી ભાષાઓનો ઉદ્‌ભવ થયો. આ ભાષાના સાહિત્યએ સંસ્કૃતસાહિત્યનો એકાધિકાર સમાપ્ત કર્યો. નવા ક્ષેત્રીય રાજાઓએ તેમના વિસ્તારના સાહિત્ય, કલા તથા ભાષાને ખૂબ સંરક્ષણ આપ્યું. ચોલ શાસકો તેમાં નોંધપાત્ર છે. તમિલમાં આ કાળે કંદબે રામાયણની રચના કરી તો કર્ણાટકમાં પમ્પાએ કન્નડસાહિત્યમાં મહત્તમ રચનાઓ કરી. આંધ્રમાં પણ મહાભારતના તેલુગુ અનુવાદો થયા.

જોકે, સંસ્કૃત ભાષામાં પણ વિદ્વાનોએ કેટલીક રચનાઓ કરી હતી, જેમાં 'કથાસરીત્સાગર', 'રાજતરંગિણી' અને 'ગીતગોવિંદમ્' મહત્ત્વપૂર્ણ હતાં.


નટરાજમૂર્તિ

આ સમયમાં મંદિરનિર્માણની મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિઓ થયેલી જોવા મળે છે. ભવ્ય મંદિરો આ સમયની ઓળખ છે. નાગર, દ્રવિડ અને બેસર એમ ત્રણ મંદિરશૈલીઓનો વિકાસ આ સમયમાં જોવા મળે છે. નાગરશૈલીમાં વિશિષ્ટ શિખરો જોવા મળતાં. ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તર ભારત અને ઓરિસ્સામાં નાગરશૈલી વધારે પ્રચલિત હતી. આ શૈલીના શ્રેષ્ઠ મંદિરોમાં કોર્ણાકનું સૂર્યમંદિર અને ભુવનેશ્વરના લિંગરાજ મંદિરનો સમાવેશ થાય છે. દક્ષિણ ભારતની મંદિર સ્થાપત્યકલાને દ્રવિડશૈલી કહેવામાં આવે છે. જે ચોલશાસનમાં સર્વોચ્ચ શિખરે હતી. આ શૈલીમાં ગર્ભગૃહ, વિમાન, મંડપ અને ગોપુરમ્ વિશિષ્ટ રીતે જોવા મળે છે. આ શૈલીના શ્રેષ્ઠ મંદિરોમાં ચોલ રાજા રાજરાજાએ તાંજાવુરમાં બનાવેલ બૃહદેશ્વર મંદિરનો સમાવેશ થાય છે. ચાલુક્ય શાસકોએ બેસરશૈલીનાં મંદિરો બનાવ્યા હતાં. પટ્ટકલમાં આવાં મંદિરો જોવા મળે છે. મહત્તમ મૂર્તિઓનું નિર્માણ પણ આ સમયે થયું હતું. જેમાં ચોલ કલાકારોએ બનાવેલી તાંબાની નટરાજની મૂર્તિ વિશ્વવિખ્યાત છે. આ મૂર્તિમાં ભગવાન શિવને નૃત્ય કરતા દર્શાવવામાં આવ્યા છે.

## ભારતના દક્ષિણ-પૂર્વ એશિયા સાથેનાં સંબંધો

પ્રાચીનકાળથી જ ભારત વિશ્વની અનેક સંસ્કૃતિઓ સાથે સંકળાયેલું રહ્યું છે. ઈ.સ. પૂર્વે પાંચમી સદીથી દક્ષિણ પૂર્વ એશિયા સાથેના સંબંધો શરૂ થયા હોય તેમ જણાય છે. જાતકકથાઓ અને બીજા બૌદ્ધસાહિત્યમાં ભારતીયો સુવર્ણદ્વીપની યાત્રાએ જતા તેવો ઉલ્લેખ મળે છે. આધુનિક જાવા એ પ્રાચીનકાળે સુવર્ણદ્વીપ તરીકે ઓળખાતું. પુરાતત્ત્વીય અવશેષો દ્વારા પણ થાઈલેન્ડ, વિયેટનામ અને ઈન્ડોનેશિયામાં ભારતીય ચીજવસ્તુઓ પ્રાપ્ત થઈ છે. તે દર્શાવે છે કે, ઈ.સ. પૂર્વે પહેલી સદી સુધીમાં ભારતીયો દક્ષિણ પૂર્વી એશિયામાં પથરાયા. એટલું જ નહીં, કંબોડીમાં એક ભારતીય બ્રાહ્મણ, જેનું નામ કૌડિન્ય હતું. તેણે પ્રથમ વખત રાજ્યની સ્થાપના કરી, ઈ.સ.ની પાંચમી સદીમાં ભારતીયોએ દક્ષિણ પૂર્વ એશિયામાં અનેકવિધ વેપારિક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ કરી, તેના અનેક પુરાવા પ્રાપ્ત થયા છે. દક્ષિણ પૂર્વ એશિયામાં ઈ.સ.ની આઠમી સદી બાદ ભારતીય નામવાળા ઘણા બધા શાસકો રાજ્ય કરતા હતા.

ભારતનો સંબંધ દક્ષિણ-પૂર્વ એશિયા સાથે વેપારના માધ્યમથી વધારે જોડાયેલો હતો. ઇલાયચી, ચંદનનાં લાકડાં અને લવીંગ આદિની દક્ષિણ-પૂર્વ એશિયામાં મોટા પ્રમાણમાં થતા વેપારમાં ભારતીયોની બોલબાલા હતી. ભારતીયો ધીમે-ધીમે ત્યાં વસવાટ પણ કરવા લાગ્યા અને એ રીતે દક્ષિણ-પૂર્વ એશિયામાં ભારતીય સંસ્કૃતિનો વિકાસ થયો. ભારતીયોએ તેની સ્થાનિક સંસ્કૃતિને સહેજ પણ ઈજા પહોંચાડી ન હતી. મોટી સંખ્યામાં બ્રાહ્મણો અને બૌદ્ધો દક્ષિણ પૂર્વ એશિયામાં વસ્યા હતા, એ રીતે હિન્દુ અને બૌદ્ધધર્મ દક્ષિણ-પૂર્વ એશિયામાં પ્રસર્યો.

ઈ.સ.ની આઠમી સદીમાં અહીંયા શૈલેન્દ્રવંશની સ્થાપના થઈ, જેણે જાવા, સુમાત્રા અને અન્ય દક્ષિણ-પૂર્વીય સ્થળો પર પોતાનું શાસન સ્થાપ્યું. તેમની પાસે વિશિષ્ટ નૌકાદળ હતું. તેમણે ચીન, ભારત અને પશ્ચિમના દેશો સાથે ચાલતો વેપાર

પોતાના હાથમાં લઈ લીધો. શૈલેન્દ્ર શાસક બૌદ્ધધર્મમાં વિશ્વાસ ધરાવતા હતા. આ વંશના એક રાજાએ નવમી સદીમાં નાલંદામાં એક બૌદ્ધમઠનું નિર્માણ કરાવ્યું. ચોલશાસક રાજરાજા પ્રથમે પણ બૌદ્ધમઠનું નિર્માણ તમિલ રાજ્યમાં કરાવ્યું. શૈલેન્દ્રવંશના શાસકોએ જાવામાં વિશ્વવિખ્યાત બોરોબુદરના બૌદ્ધમંદિરનું નિર્માણ કરાવ્યું.

દક્ષિણ પૂર્વ એશિયામાં હિન્દુ દેવી-દેવતાઓ પણ ખૂબ પ્રચલિત હતાં. તેઓ ભગવાન શિવ અને ભગવાન વિષ્ણુની આરાધના કરતા, જેમનાં અનેક મંદિરો અહીંયાં જોવા મળે છે. તેનો સર્વશ્રેષ્ઠ નમૂનો ભગવાન વિષ્ણુનું અંગકોરવાટનું મંદિર છે. કંબોડીયાના શાસક સૂર્યવર્મન બીજાએ ઈ.સ.ની બારમી સદીમાં બંધાવ્યું હતું. વિશાળ ગોપુરમ્ ધરાવતા આ મંદિરની ભીંતો પર રામાયણ અને મહાભારતની કથા સાથે સંકળાયેલ શિલ્પો જોવા મળે છે. એટલું જ નહીં, આ મંદિરની આસપાસ ખાઈઓ ખોદીને તેમાં પાણી ભરવામાં આવતું અને એ દૃષ્ટિએ એ અદ્દભૂત સ્થાપત્ય દેખાતું.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) ગુપ્તોનો ઉદય કયાં કારણોથી થયો?

(2) સમુદ્રગુપ્તના વિજયોનું વર્ણન કરો.

(3) 'ચંદ્રગુપ્ત દ્વિતીય ગુપ્તવંશનો શ્રેષ્ઠ રાજવી હતો.' - ચર્ચા કરો.

(4) ગુપ્તકાલીન કલા વિશે માહિતી આપો.

(5) ગુપ્તકાલીન વહીવટીતંત્ર વિશે જણાવો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) અલ્હાબાદ અભિલેખ વિશે માહિતી આપો.

(2) ગુપ્તોના સિક્કાઓ વિશે ખ્યાલ આપો.

(3) ગુપ્તકાલીન અર્થવ્યવસ્થાનો ચિતાર આપો.

(4) ગુપ્તકાલીન સાહિત્ય વિશે નોંધ તૈયાર કરો.

(5) ફાહિયાન વિશે માહિતી આપો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) ક્યા વર્ષને ગુપ્ત સવંત કહેવામાં આવે છે?

(A) ઈ.સ. 317 (B) ઈ.સ. 318 (C) ઈ.સ. 319 (D) ઈ.સ.320

(2) ક્યા ગુપ્ત રાજવીને ભારતનો નેપોલીયન કહેવામાં આવે છે?

(A) ચંદ્રગુપ્ત પ્રથમ (B) સમુદ્રગુપ્ત (C) ચંદ્રગુપ્ત દ્વિતીય (D) સ્કંદગુપ્ત

(3) ક્યા ગુપ્ત રાજાનો શૈલલેખ જૂનાગઢમાંથી મળી આવ્યો છે?

(A) ચંદ્રગુપ્ત પ્રથમ (B) સમુદ્રગુપ્ત (C) ચંદ્રગુપ્ત દ્વિતીય (D) સ્કંદગુપ્ત

(4) કુમારગુપ્ત વિશેની આધારભૂત માહિતી ક્યાંના અભિલેખમાંથી મળી રહે છે?

(A) ગિરનાર (B) બરાબરના (C) ભિલસા (D) દામોદરપુર

(5) કોના આક્રમણને કારણે ગુપ્ત સામ્રાજ્યનું પતન થયું?

(A) શંક (B) કુષાણ (C) ગ્રીક (D) હૂણ

•

# 10 ગુપ્તયુગ - હર્ષવર્ધનકાલીન સમાજ અને સંસ્કૃતિ

પ્રાચીન ભારતના ગુપ્તયુગ દરમિયાન, જગતમાં કુલ ચાર મહાન રાષ્ટ્રો -ચીન, ઈરાન, રોમ અને ભારત હયાત હતાં. એ પૈકી પહેલાં ત્રણ રાષ્ટ્રોમાં ભારે અંધાધૂંધી હતી. હૂણ જેવી ઝનૂની જાતિઓએ રોમ અને બીજા યુરોપીય રાષ્ટ્રોના જીવન-વ્યવહારને એટલી હદ સુધી ખોરવી નાખ્યો હતો કે ધર્મ, સાહિત્ય, વિદ્યા, કલા, સલામતી એ બધાં ક્ષેત્રે અંધકારયુગ છવાયેલો હતો. આવા વખતે ભારતે હૂણોનાં એ ભયંકર ધાડાંઓને પોતાની પ્રચંડ તાકાત વડે રોક્યાં. એ વખતે ભારતમાં જ્ઞાન, સંસ્કાર, શાંતિ, સમૃદ્ધિ, સ્થાપત્ય, શિલ્પ, ધર્મ, આધ્યાત્મિકતા, સાહિત્ય અને વ્યાપાર ક્ષેત્રે પ્રગતિ સધાઈ. તો બીજી બાજુ ચીન અને મધ્ય એશિયાના રણથી લઈ શ્રીલંકા સુધી, પશ્ચિમ એશિયાથી લઈ ઇન્ડોનેશિયા ટાપુ સુધી સમગ્ર એશિયામાં શાંતિ અને સહિષ્ણુતાના વિચારે એશિયાનો મોટો ભાગ 'બુદ્ધંશરણં ગચ્છામિ'ના મંત્ર નીચે એક અને અખંડ બન્યો. આમ, ભારત બુદ્ધના વિચારો, ભાગવત અને શૈવ ધર્મના પ્રચાર અને પ્રસાર થકી જગતમાં વિશ્વબંધુ અને વિશ્વગુરુ બન્યું. આથી ઇતિહાસકારો ગુપ્તકાળના લગભગ પોણા ત્રણસો વર્ષના સર્વક્ષેત્રીય તેમજ સાર્વત્રિક વિકાસના સમયગાળાને ઇતિહાસનો સુવર્ણયુગ ગણાવે છે. ગુપ્ત અને અનુગુપ્તકાલીન સમાજ અને સંસ્કૃતિ, ભારતના સાંસ્કૃતિક ઇતિહાસનો મહત્ત્વપૂર્ણ તબક્કો છે. આ પ્રકરણમાં આપણે તેની વિશદ ચર્ચા કરીશું.

### તત્કાલીન સમાજ અને સંસ્કૃતિ

ભારતની બે મુખ્ય ભાષાઓ સંસ્કૃત અને દ્રવિડિયન ગણાય. ઉત્તર ભારતમાં મુખ્યત્વે સંસ્કૃત તથા તેની શાખારૂપ પ્રાકૃત ભાષાઓમાં અમર સાહિત્ય સર્જાયું, જ્યારે દક્ષિણ ભારતમાં મુખ્યત્વે તમિલ, કન્નડ, તેલુગુ, મલયાલમ વગેરે ભાષાઓમાં સાહિત્યની રચના થઈ.

સંસ્કૃતએ વિશ્વની પ્રાચીનતમ ભાષાઓ પૈકીની એક છે. પ્રાચીન સમયમાં એ સમગ્ર ભારતવર્ષની રાષ્ટ્રીય ભાષા હતી. જગતભરમાં સંસ્કૃત જેવી શિસ્તબદ્ધ અને સમૃદ્ધ ભાષા બીજી કોઈ નથી. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ શાસ્ત્રીય અથવા વૈજ્ઞાનિક અને સંપૂર્ણ છે. સંસ્કૃત ભાષાનો ગ્રંથભંડાર અમૂલ્ય છે. ખગોળ અને જ્યોતિષ, સાહિત્ય અને લલિતકળાઓ, શરીરશાસ્ત્ર અને વૈદક, વિજ્ઞાન અને ગણિત તેમજ રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર જેવા અનેક વિષયો પર સંસ્કૃત ભાષામાં અમૂલ્ય ગ્રંથો રચાયા છે. આ યુગમાં સંસ્કૃત ભાષાના મહાકવિ કાલિદાસ થઈ ગયા. તેમણે લખેલી મહત્ત્વની કૃતિઓમાં 'અભિજ્ઞાનશાકુંતલમ્' ભારતીય અને વિશ્વસાહિત્યની શ્રેષ્ઠ નાટ્યકૃતિ છે. (આ નાટકનું સૌપ્રથમ અંગ્રેજીમાં ભાષાંતર સર વિલિયમ જૉન્સે કરેલું.) સંસ્કૃત ભાષાની ઉપાસના અને પ્રચાર આ સમયનું ખાસ લક્ષણ છે. શિષ્ટસમાજમાં અને રાજભાષા તરીકે એનો વપરાશ સર્વસામાન્ય હતો. ઉચ્ચશિક્ષણ પણ આ ભાષા દ્વારા જ આપવામાં આવતું. જે સ્થાન આજે આપણે હિંદીને આપીએ છીએ તે સ્થાન આ સમયે સંસ્કૃત ભાષાને મળેલું હતું.

સમ્રાટ હર્ષવર્ધને ત્રણ નાટકો 'પ્રિયદર્શિકા', 'રત્નાવલી' અને 'નાગાનંદ' લખ્યાં હતાં. મયૂર, માતંગ, દિવાકર અને જયસેન જેવા વિદ્વાન કવિઓ તેનો દરબાર શોભાવતા. ચંદ્રગુપ્ત દ્વિતીય (વિક્રમાદિત્ય)ના સમયે ઉજ્જૈનના દરબારનાં નવરત્નોમાં તેઓ સૌથી તેજસ્વી રત્ન ગણાતા. તો પ્રસિદ્ધ નાટ્યલેખક ભવભૂતિ કનોજના રાજા યશોવર્મનના દરબારી કવિ હતા. નાટ્યકલા ઉપર ભરતમુનિએ 5મી સદીમાં 'નાટ્યશાસ્ત્ર' લખ્યું હતું.

આમ, સંસ્કૃત ભાષાએ એના કેટલાક અમરગ્રંથોનું એ યુગમાં સર્જન કર્યું. તેમાંથી તત્કાલીન સમાજ-સંસ્કૃતિની ઝલક મળી રહે છે. બૌદ્ધો તેમજ જૈનોએ પણ એ ભાષાને અપનાવી લીધી. વિદેશી યાત્રીને પણ આખા ભારતમાં વાતચીત કરવાની ક્યાંય મુશ્કેલી પડતી નહી. જ્યાં-જ્યાં તે જતો ત્યાં-ત્યાં સંસ્કૃતમાં તે વાતચીત કરી શકતો. ભારતમાં આવેલા ગ્રીક, શક વગેરે વિદેશીઓએ પણ સંસ્કૃત ભાષા અપનાવી હતી. પરિણામે સંસ્કૃત ભાષા અને સાહિત્યનો સૂર્ય ગુપ્તયુગમાં જાણે મધ્યાહ્ને ઝળહળતો હતો. આ સંદર્ભે તત્કાલીન હિંદમાં રચાયેલ ઉત્કૃષ્ટ સાહિત્યકૃતિઓ પર એક નજર કરીશું.

## ગુપ્ત અને હર્ષકાલીન સંસ્કૃત સાહિત્યની શ્રેષ્ઠતમ કૃતિઓ

| રચના | રચયિતા | રચનાકાળ (આશરે) | કથાબીજ | કૃતિનો પ્રકાર |
|---|---|---|---|---|
| ‘દશકુમારચરિત’ | દંડી | 320 થી 475ની વચ્ચે | ગદ્યકાવ્ય, દશકુમારોનાં પરાક્રમોની કથા | ગદ્યકથા |
| ‘સ્વપ્નવાસવદત્તમ્’ | ભાસ | 4 થી 5 મી સદી | વાસવદત્તાને સ્વપ્નમાં આવેલ ઉદયન | નાટક |
| અભિજ્ઞાન શાકુન્તલમ્ | કાલિદાસ | 5 મી સદી | નાટક - દુષ્યંત અને શકુન્તલાના પ્રેમ અંગે | નાટક |
| ‘કુમારસંભવ’ | કાલિદાસ | 5 મી સદી | પાર્વતી અને શિવનો પ્રણય. કાર્તિકેયના જન્મની કથા | મહાકાવ્ય |
| ‘રઘુવંશ’ | કાલિદાસ | 5 મી સદી | રાજા દિલીપ, રઘુ, અજ, દશરથ અને રામની ગૌરવગાથા | મહાકાવ્ય |
| ‘વિક્રમોર્વશીય’ | કાલિદાસ | 5 મી સદી | વિક્રમ અને ઉર્વશીની પ્રણયકથા | નાટક |
| ‘મેઘદૂતમ્’ | કાલિદાસ | 5 મી સદી | યક્ષની કથા-પ્રકૃતિનું વર્ણન | કાવ્ય |
| ‘ઋતુસંહાર’ | કાલિદાસ | 5 મી સદી | ઋતુઓનું ભાવપ્રધાન વર્ણન | કાવ્ય |
| ‘માલવિકાગ્નિમિત્રમ્’ | કાલિદાસ | 5 મી સદી | માલવિકા અને અગ્નિમિત્રની પ્રણયકથા | નાટક |
| ‘પંચતંત્ર’ | વિષ્ણુશર્મા | 5 મી સદી | પ્રાણીઓના પાત્રોમાં બૌદ્ધકથા | વાર્તાસંગ્રહ |
| ‘મહાવીરચરિત’ | ભવભૂતિ | 6 ઠ્ઠી સદી | રામવિવાહથી રામ-રાવણ યુદ્ધની કથા | નાટક |
| ‘માલતીમાધવ’ | ભવભૂતિ | 6 ઠ્ઠી સદી | પ્રણયકથા | નાટક |
| ‘કિરાતાર્જુનિયમ્’ | ભારવિ | 634 | અર્જુનનું દિવ્ય અસ્રો મેળવવા તપ, શિવ (કિરાત-લુંટારા) | ખંડકાવ્ય |
| -- | -- | -- | દ્વારા તેની કસોટીની રસપ્રદ કથા | -- |
| ‘શિશુપાલવધ’ | માઘ | 645 થી 784 | શ્રીકૃષ્ણે શિશુપાલવધ કર્યો તે કથા | મહાકાવ્ય |
| ‘ઉતરરામચરિત’ | ભવભૂતિ | 6 ઠ્ઠી સદી | રામે સીતાનો કરેલ ત્યાગ અને પુનઃમિલનની કથા | શતક |
| ‘જાનકીહરણ’ | કુમારદાસ | 6-7મી સદી | સીતાહરણની કથા | કાવ્ય |
| ‘હર્ષચરિત’ | બાણભટ્ટ | 645 થી 784 | સમ્રાટ હર્ષનું જીવન અને કવન | જીવનકથા |
| ‘કાદંબરી’ | બાણભટ્ટ | 645 થી 784 | ચંદ્રાપીડ અને કાદંબરીના પ્રણયની કથા | મહાકાવ્ય |
| ‘મૃચ્છકટિક’ | શુદ્રક | 650 | નિર્ધન બ્રાહ્મણ ચારુદત્ત અને શ્રીમંત ગણિકાની પ્રણયની કથા | નાટક |
| ‘નીતિશતક’ | ભર્તૃહરિ | 7 મી સદી | મનુષ્યજીવનને સુખી બનાવવા પર ભાર (ત્રણ શતકો લખ્યાં છે) | કાવ્ય |
| ‘મુદ્રારાક્ષસ’ | વિશાખાદત | 8 મી સદી | નંદવંશના નાશની ગાથા, ચંદ્રગુપ્તમૌર્ય-કૌટિલ્યના વિજયની કથા | નાટક |
| ‘દેવીચંદ્રગુપ્તમ્’ | - | - | ગુપ્તરાજવી ચંદ્રગુપ્ત દ્વિતીય અને ધ્રુવસ્વામિની દેવીની ગાથા | નાટક |

### તમિલ-સાહિત્ય

તમિલ-સાહિત્યનો પ્રારંભ સંગમ ગ્રંથોથી થતો હોવાનું મનાય છે. ઈ.સ.ની પહેલી સદીથી ત્રીજી સદી સુધીમાં તેની રચના થઈ હોવાનું મનાય છે. 'તોલકાપ્પીયમ' (જેનો અર્થ છે જૂનું પુસ્તક) નામનું વ્યાકરણનું પુસ્તક લખાયું હતું. કવિ તિરુવલ્લુવરે "કુરાલ" નામે ગ્રંથ લખ્યો હતો. તમિલનું સૌથી પ્રાચીન મહાકાવ્ય "શિલપદીગારમ" (ઝાંઝરનું મહાકાવ્ય) ગણાય છે. જેમાં માનવી પ્રત્યેના ઈશ્વરના કે વિધિના નિર્માણને વ્યાજબી ઠરાવવાનો પ્રયાસ કરતી એક તમિલ કથા છે. આ મહાકાવ્યનો એક ઉત્તરાર્ધ 'મણિમેખલાઈ' પણ અસ્તિત્વમાં છે. સાતમીથી દસમી સદી સુધીની તમિલ કવિતા મુખ્યત્વે ભક્તિની કવિતા હતી.

તમિલોના ચોલ સામ્રાજ્યના ઉદય સાથે અને તેના સંસ્થાનિક વિસ્તરણ અને દરિયાપારના વિજયો સાથે જોડાયેલાં ગણાય તેવાં મહાકાવ્યોનો યુગ આરંભાયો. આ સમયમાં ઘણાં ગૌણ મહાકાવ્યો લખાયાં, જેમાં જીવક 'ચિંતામણિ', 'સુલામણિ', 'પેરિયાપુરાણમ્' વગેરે મુખ્ય છે. પણ એ બધામાં સર્વોપરી અને તમિલ બુદ્ધિપ્રતિભાની ભવ્ય અભિવ્યક્તિ સમું મહાકાવ્ય હતું કંબનનું 'રામાયણમ્'. કંબનના યુગ પછી પ્રારંભનાં ત્રણ તમિલ સામ્રાજ્યો ચેર, ચોલ અને પાંડ્ય ક્રમશઃ નામશેષ બનતા તમિલ કવિતાનાં વળતાં પાણી થયાં.

### વિદેશી પ્રવાસીઓના અહેવાલો

આ સમય દરમિયાન ભારતની રાજકીય, સામાજિક, ધાર્મિક અને આર્થિક પરિસ્થિતિનું ઊંડાણપૂર્વકનું વર્ણન નીચેના વિદેશીપ્રવાસીઓના ગ્રંથોમાંથી મળી આવે છે. જેમાં (1) ફાહિયાન (ઈ.સ. 399 થી 414) - જે ચંદ્રગુપ્ત બીજાના સમયમાં ભારતમાં આવેલ, તેનો ગ્રંથ 'ફો-કો-ક્યૂ' (રિકોર્ડ ઑફ ધી બુદ્ધિસ્ટ કિંગડમ) (2) યુઅન-શ્વાંગ - જે સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં યાત્રાએ આવેલ, તેનો ગ્રંથ 'સિ-યુ-કી' (બુદ્ધિસ્ટ રેકોર્ડ્સ ઑફ ધી ઇસ્ટર્ન વર્લ્ડ -પૂર્વના દેશ- ભારતની બૌદ્ધધર્મી નોંધ તથા (3) ઇત્સિંગ (ઈ.સ. 673 થી 688) તેનું પુસ્તક 'કાઉ-ફા-કાઓ-સાંગ-ચુન' મુખ્ય છે.


ફાહિયાન

આ મુસાફરો ઉપર અહીંના મુક્ત વાતાવરણની ઊંડી છાપ પડી હતી. પોતાના દેશ કરતાં તેમને અહીં કંઈક નવું જ જોવા મળ્યું. ઉક્ત પરદેશી યાત્રીઓ ભારતમાં આવ્યા છતાં કોઈ સરકારી અમલદારે ક્યાંય એમની રોકટોક કરી નથી. એમની પૂછપરછ કરી નથી કે સરકારી દફતરે એમનાં નામ નોંધ્યાં નથી. તે જોઈને એમને ભારે અચંબો થયો. ભારતમાં સર્વત્ર ન્યાયી કાયદાનું રાજ્ય પ્રવર્તતું એમણે નિહાળ્યુ. મૃત્યુંદંડની શિક્ષા થતી એમને ક્યાંય જોવા મળી નહિ. સમાજનો એક વર્ગ બીજા વર્ગનું શોષણ કરતો એમને દેખાયો નથી.

ભારતના આતિથ્ય સત્કારનાં વખાણ કરતાં ફાહિયાન નોંધે છે કે, જે મઠમાં તે ગયો ત્યાંના યજમાનો એમને સામે લેવા જતા. એમના ભિક્ષાપાત્ર અને માલસામાન ઊંચકી લેતા. પગ ધોવાને પાણી અને શરીરે ચોળવા તેલ આપતા. એમના નિવાસ દરમિયાન મઠોમાં એમને બધી સગવડ સંભાળપૂર્વક કરી આપવામાં આવતી. એ જ રીતે યુઅન-શ્વાંગના વર્ણનમાંથી જોવા મળે છે કે, કાશ્મીરના રાજાએ રસ્તા પર ફૂલો વેરી તેમજ ગુલાબજળનો છંટકાવ કરીને એમનું સ્વાગત કરેલું, જ્યારે નાલંદા વિદ્યાપીઠના દરવાજે યુઅન-શ્વાંગના સત્કાર માટે 200 સાધુઓ અને 1000 ગૃહસ્થો ભેગા થયા હતા.

યુઅન-શ્વાંગને પ્રમુખપદે મળેલી ધર્મપરિષદ-જ્ઞાનપરિષદનું કામકાજ ત્રણ અઠવાડિયાં સુધી ચાલ્યું. વિદ્વાનોએ ચર્ચામાં રસપૂર્વક ભાગ લીધો. સામાન્ય જનતાએ એટલા જ ઉત્સાહથી એમાં હાજરી આપી. આ બધું જોતાં આવી ઉચ્ચ કક્ષાની ચર્ચામાં સાતમી સદીનું ભારત આટલો બધો રસ લઈ શકતું એ આપણે માટે ગૌરવવંતી ઘટના ગણાય. આવી વિશિષ્ટતાને

લીધે જ એશિયાની પ્રજાનો હિંદ તરફ ભક્તિભાવ વધ્યો હોવાનું કહી શકાય. પ્રાચીન ભારતે જગતને ત્રણ મહાન ધર્મો હિન્દુ, બૌદ્ધ અને જૈનધર્મની ભેટ આપી. આગળ જતાં હિન્દુધર્મમાં વૈષ્ણવ તથા શૈવસંપ્રદાય, બૌદ્ધધર્મમાં હીનયાન તથા મહાયાન પંથ અને જૈનધર્મમાં દિગંબર તથા શ્વેતાંબર એવા ફાંટા પડ્યા. આવા મોટાભાગના ધર્મો, સંપ્રદાયો કે પંથોએ સાહિત્ય ઉપરાંત ધાર્મિક તેમજ કલા-સ્થાપત્યને ક્ષેત્રે ખૂબ જ નોંધપાત્ર પ્રદાન કરેલ છે, જે નીચે પ્રમાણે વર્ણવી શકાય :

## જૈન ધર્મ

ભારતીય સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય અને કલાના ક્ષેત્રે જૈનોનું પ્રદાન અવિસ્મરણીય છે. ભારતમાં મંદિર-સ્થાપત્યના ઇતિહાસમાં જૈનોનાં મંદિરો નોંધપાત્ર સ્થાન ધરાવે છે. એમાંનાં કેટલાંક મંદિરો તો યશકલગી સમાન છે. જૈનોએ પર્વત પર મંદિરો બાંધવાની પરંપરા શરૂ કરી હતી. પર્વતો પર એક નહિ પરંતુ અનેક મંદિરોનો મોટો સમૂહ બાંધવામાં આવતો. આવાં મંદિરો બાંધવાની પરંપરા પશ્ચિમ ભારતમાં વધુ પ્રમાણમાં વિકસી હતી. આમાંના મોટાભાગનાં મંદિરોને આશ્રયે સાહિત્યરચના થતી.

સૌથી પ્રાચીન જૈનમંદિરના અવશેષો બિહારમાં પટણા પાસે લોહાનીપુરમાંથી પ્રાપ્ત થયા છે. આ જૈન મંદિરો ગુપ્તકાલ જેટલાં પ્રાચીન હોવાનું કહી શકાય. ભારતમાં આવાં શૈલોત્કીર્ણ (ખડકો કોતરીને બનાવેલાં) મંદિર ઉદયગિરિ અને ખંડગિરિ (ઓરિસ્સા) પર્વત પર આવેલાં છે. આ ઉપરાંત મથુરા પાસેથી જૈનવિહારના અવશેષો પણ મળી આવ્યા છે.

ભદ્રબાહુ દક્ષિણના જૈન સંપ્રદાયના પ્રથમ આચાર્ય મનાય છે. તેમણે મૈસુર પાસે શ્રવણબેલગોડામાં મહાવીર સ્વામીની દિગંબર મૂર્તિ સ્થાપીને દક્ષિણમાં પ્રચાર કર્યો હતો. જૈનધર્મે પણ ભારતમાં સાંસ્કૃતિક ઉત્થાનમાં પોતાનો વિશિષ્ટ ફાળો આપ્યો. સૌરાષ્ટ્રમાં વલભીપુર મુકામે મળેલી જૈનધર્મની મહાપરિષદમાં જે ચર્ચા-વિચારણા થઈ તેણે જૈનધર્મના સિદ્ધાંતોમાં ઘણી સ્પષ્ટતા આણી. જૈનધર્મના શાસ્ત્રગ્રંથોમાં તેને તીર્થ કહેવાય છે, જ્યારે તેને રચનારા તીર્થંકર કહેવાય છે.

## બૌદ્ધધર્મ

ભારતમાં આવેલા ગ્રીક, શક ને કુષાણ જેવા પરદેશી લોકો ધીમે-ધીમે અહીંના લોકો સાથે ભળી જવા લાગ્યા હતા. અહીંના લોકો સાથે લગ્ન-સંબંધ બાંધી, બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો હતો. બૌદ્ધધર્મના કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતોમાં આ પરદેશીઓને વધુ ધ્યાન ન પડતાં તેમણે બુદ્ધ ભગવાનની મૂર્તિની પૂજા ને ભક્તિ શરૂ કર્યાં. આ કાળે મહાયાન સંપ્રદાય વધુ પ્રચલિત બન્યો. આ સંપ્રદાયે બૌદ્ધિસત્વોની કલ્પનાને આગળ ધરી સાહિત્ય રચ્યું.

હીનયાન પંથ કાશ્મીર અને ગાંધાર (અફઘાનિસ્તાન)માં જ ફેલાવો ધરાવતો હતો. ત્યારે બાકીના ભારતમાં મહાયાન પંથ વિશેષ પ્રચલતિ બન્યો, પરંતુ બંનેએ સાહિત્યની રચના અને ચર્ચાસભાઓ યોજી.

## શૈવધર્મ

આ સમયે નાગપેશીઓ મધ્યભારતના વિદિશા અને પદમાવતીમાં રાજ કરતા હતા. જેમાં ભારશિવ નામનો રાજા થયો, તેનું રાજ્ય મથુરાથી બનારસ સુધી પ્રસરેલું હતું. આ ભારશિવો શિવના લિંગની પૂજા કરતા તથા તેને મસ્તક પર ધારણ કરતા, તેથી તેઓ ભારશિવ કહેવાયા. તેમણે વિવિધ મતોને આગળ ધરી સાહિત્યકૃતિઓ દ્વારા તેને અનુમોદન આપ્યું.

હિંદુ ધર્મમાં આમ તો વૈદિકયુગથી શૈવ અને શૈવેતર વચ્ચે ઉપાસના પદ્ધતિના ફેરફારને લીધે અંતર રહેતું. આ સમયમાં યજ્ઞોમાં વધારો થયો. મોટાભાગના રાજવીઓ અશ્વમેઘ યજ્ઞ કરવામાં ગૌરવ અનુભવતા. પ્રયાગ, બનારસ, શૈવધર્મનાં મુખ્ય કેન્દ્રો બન્યાં.

શૈવધર્મમાં લકુલેશ અને પાશુપત, માહેશ્વર, લિંગાયત જેવા જુદા-જુદા પંથો જોવા મળે છે. સમય જતાં આ પંથોમાં પણ કાપાલિક અથવા અઘોરપંથ કે કાલમુખ અને દક્ષિણમાં વીરશિવપંથ જેવા સંપ્રદાયો વિકસિત બન્યા. તે ઉપરાંત પાછળથી ગણપતિ, કાર્તિકેય અને સૂર્ય તેમજ શક્તિનાં અનેક સ્વરૂપો, જેમકે અંબા, હરસિદ્ધિ, કાલી, ભવાનીની ઉપાસના શરૂ થઈ. તેમજ નાગ અને વૃક્ષોની પૂજા પણ પ્રચલિત બની. હર્ષવર્ધન શિવ, સૂર્ય અને બુદ્ધ એમ ત્રણેયની પૂજા કરતા. આ ત્રણેય દેવોનાં અનેક ભવ્યમંદિરો પણ હર્ષવર્ધને બંધાવ્યાં હતાં.

## વૈષ્ણવ ધર્મ

જે અરસામાં બૌદ્ધ અને જૈનધર્મ ફેલાવો પામ્યા તે અરસામાં આ વૈષ્ણવ ધર્મ-સંપ્રદાય જે ભાગવત સંપ્રદાયના નામે પણ ઓળખાય છે, એણે પણ લોકહૃદય ઉપર ભારે આકર્ષણ જમાવ્યું. એ સંપ્રદાય બૌદ્ધ અને જૈન સંપ્રદાય કરતાં જૂનો હતો. એનાં મૂળ વેદોમાંની દેવોની સ્તુતિઓમાં હતાં. ઈશ્વર ઉપર પ્રેમ રાખવો; ઈશ્વરને શરણે જવું; ઈશ્વરને પોતાના જીવન સર્વસ્વ જેવો લેખવો; વગેરે ઊર્મિઓ પર આ સંપ્રદાયની રચના થયેલી હતી. એમાં રહેલી સરળતાથી અને લાગણીઓના પ્રચંડ આવેગથી આમજનતામાં એ ખૂબ લોકપ્રિય બનવા લાગ્યો. તેમજ પુરોહિતોએ બૌદ્ધોની અહિંસા સામે ક્ષાત્રધર્મના ગુણગાન ગાવા માંડ્યા.

## જરથુષ્ટ્ર ધર્મ

અષો જરથુષ્ટ્ર પર્શિયા (ઇરાન)માં ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં થઈ ગયા. (ઈ.સ. પૂર્વે 628 થી ઈ.સ. પૂર્વે 551) તેમના ઉપદેશ પૂર્વે ઇરાનીઓ મિથ્રાસ (સૂર્યદેવ)ની પૂજા કરતા.

આરબોએ ઇરાનનો કબ્જો (ઈ.સ. 641) લઈને ઇસ્લામનો ફેલાવો કર્યો, ત્યાં સુધી જરથુષ્ટ્ર ધર્મ ઇરાનનો મુખ્ય ધર્મ બની રહ્યો. આરબોએ ઇસ્લામને મુખ્ય ધર્મ બનાવ્યો તે પછી તેમની આક્રમકતાથી ભાગીને કેટલાક જરથોસ્તીઓ ભારતમાં આવ્યા અને ગુજરાતના સંજાણ બંદરે ઊતર્યા. આમ 7 મી સદીમાં જરથોસ્તી ધર્મનો ભારતમાં પ્રવેશ થયો. આ લોકો પર્શિયા (ઇરાન)થી આવ્યા હોવાથી પારસી કહેવાયા.

પારસીઓ ભારતમાં આવ્યા અને દંતકથા કહે છે, તેમ સંજાણના રાણાને વચન આપ્યા મુજબ પારસીઓ રાષ્ટ્રના પ્રવાહમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા. ભારત દેશમાં તેઓ પૂરા સંતોષ સાથે પોતાના ધર્મનું પાલન કરી શકે છે. તેઓએ ભારતીય રાજનીતિ, સમાજજીવન, ઉદ્યોગ અને વ્યાપાર તેમજ સાહિત્ય, શિક્ષણ અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ મહત્ત્વનું પ્રદાન કરેલું છે. તેમણે આતશ બહેરામની સ્થાપના કરી.

## ખ્રિસ્તીધર્મ

ખ્રિસ્તીધર્મના પ્રચારમાં સંત પીટર તથા સંત પોલે બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો. ભારતમાં ખ્રિસ્તીધર્મ લઈ જવાનું કામ સંત થોમસ (ટોમસ)ના ભાગે આવેલું. એમણે મલબારમાં પ્રથમ ખ્રિસ્તી દેવળ (ધર્મસમાજ)ની સ્થાપના કરી. પરંતુ સ્થાનિક લોકો સાથે સંઘર્ષમાં આવતા તેની હત્યા થઈ. આમ છતાં તેણે ખ્રિસ્તીધર્મના જે બીજ ભારતમાં વાવ્યા હતા તે તેમના મરણ પછી પણ પાંગરતા ગયા. ફિરંગીઓ જ્યારે ભારતમાં આવ્યા અને એમણે કોઠીઓ સ્થાપવા માંડી, ત્યારે સંત થોમસ જ્યાં શહીદ થયેલા મનાતા ત્યાં તેમણે દેવળ બંધાવ્યું. સંત થોમસ જ્યારે ભારત આવેલા ત્યારે પહ્લવ રાજવી ગોન્ડોફર્નીસે ખ્રિસ્તીધર્મ સ્વીકાર્યો હતો. ઉપરાંત જ્યાં સુધી યુરોપિયન પ્રજાએ ઈસવીસનની સોળમી સદીમાં ભારતમાં આવીને વસવાટ કરતી થઈ ત્યાં સુધી ખ્રિસ્તીધર્મ અંગે ભારતમાં નોંધપાત્ર બીજા કોઈ બનાવો બનેલા જણાતા નથી.

## ફાહિયાન દ્વારા વર્ણવાયેલ ભારત (ઈ.સ. 399 થી 415)

સમ્રાટ ચંદ્રગુપ્ત દ્વિતીય (વિક્રમાદિત્ય)ના સમયમાં ચીની પ્રવાસી ફાહિયાન ભારત આવેલ. ફાહિયાનનું મૂળ નામ સેહી હતું. તેઓ બૌદ્ધ ભિક્ષુક બન્યા પછી તેમનું નામ ફાહિયાન રાખવામાં આવ્યું. જેનો અર્થ ધર્માચાર્ય એવો થાય છે. ચીન વંશના શાસન દરમિયાન ફાહિયાન બૌદ્ધધર્મના પ્રણેતા મહાત્મા બુદ્ધ વિશે જાણવા માટે ભારત આવ્યા. ફાહિયાને (ઈ.સ. 402) ભારતમાં ગાંધાર, પેશાવર તથા તક્ષશિલા જેવા બૌદ્ધધર્મના મહત્ત્વનાં કેન્દ્રોનું ભ્રમણ કરી સંસ્કૃત અને બૌદ્ધ ગ્રંથો ભેગા કર્યા. 'મહાપરિનિર્વાણ સૂત્ર' તથા 'વિનયપિટક'નું તેમણે ચીની ભાષામાં ભાષાંતર કર્યું.

રેલવે કે મોટરગાડી વિનાના તે જમાનામાં ધગધગતા ગોબીના રણમાંથી અને હિમાલયના બરફમય પ્રદેશમાંથી છ વર્ષની લાંબી અને કંટાળાભરી મુસાફરીને અંતે ફાહિયાન પાટલીપુત્રમાં દાખલ થયા. એમની સાથે નીકળેલા પાંચ પ્રવાસીઓમાંથી બે માર્ગમાં મરણ પામ્યા અને બે અધવચ્ચેથી પાછા વળ્યા. તે ઉપરથી આ મુસાફરીની કઠણાઈનો ખ્યાલ આવી શકે છે.

ફાહિયાન ભારતનું વર્ણન કરતાં લખે છે કે, સમગ્ર વહીવટીતંત્રમાં જાસૂસીતંત્ર સબળ રીતે ગોઠવાયેલું હતું. અધિકારીઓ અને પદાધિકારીઓ ઇમાનદાર હતા. ભ્રષ્ટાચારને ક્યાંય સ્થાન ન હતું. સમ્રાટ જાતે જ પ્રજા-કલ્યાણમાં રસ

ધરાવતો હતો. દેશમાં મહા અપરાધ માટે મોટામાં મોટી સજા જમણો હાથ કાપી નાખવાની થતી હતી. જે બતાવે છે કે તે વખતે પ્રજા કેટલી સુખી અને સલામત હશે. જમણા હાથને શરીરનું સૌથી પવિત્ર અંગ ગણવામાં આવતું. તેથી જ આ પ્રકારની સજા ગુના માટે પ્રાયશ્ચિત તરીકે દાખલ કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે.

**સમ્રાટ હર્ષવર્ધન (ઈ.સ. 606 થી 647)**



હર્ષવર્ધનનો જન્મ ઈ.સ. 590 માં થયો હતો. બાળપણથી જ તેણે શસ્ત્ર-શાસ્ત્રની તાલીમ મેળવી હતી. માત્ર 16 વર્ષની ઉંમરે હર્ષવર્ધન થાણેશ્વરનો રાજા બન્યો હતો. તેની મહત્ત્વાકાંક્ષા ભારતમાં નાનાં-નાનાં રાજ્યોને જીતી લઈ મોટું સામ્રાજ્ય સ્થાપવાની હતી.

ચાલુક્ય રાજવી પુલકેશી-બીજો હર્ષનો સમકાલીન હતો. વળી, તે હર્ષના જેવો જ મહત્ત્વાકાંક્ષી હતો. આમ છતાં હર્ષવર્ધને પોતાનાં 41 વર્ષના કુલ શાસનકાળ દરમિયાન પોતાના પ્રબળ પુરુષાર્થથી માળવા અને મગધનાં રાજ્યો જીતી લઈને સમગ્ર ઉત્તરભારતમાં મહાન સામ્રાજ્યની સ્થાપના કરી હતી. હર્ષવર્ધન પ્રાચીન ભારતનો છેલ્લો સમ્રાટ ગણાય છે.

મહાકવિ બાણરચિત ''કાદમ્બરી'' અને ''હર્ષચરિત'' નામના સાહિત્યિક ગ્રંથો ચીની મુસાફર ફાહિયાન, યુઅન-શ્વાંગનાં પ્રવાસવર્ણનો તથા અભિલેખો અને તામ્રપત્રોને આધારે આ યુગની સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક સિદ્ધિઓની માહિતી પ્રાપ્ત થાય છે.

**યુઅન-શ્વાંગ**



બૌદ્ધધર્મનું ખરું રહસ્ય અને એના પાયાના સિદ્ધાંતો જાણી લેવા તથા એ ધર્મના આધારભૂત ગ્રંથોની નકલ મેળવવા એમણે ભારતનો પ્રવાસ ખેડવાનું નક્કી કર્યું.

યુઅન-શ્વાંગ ભારતમાં આવ્યા (ઈ.સ. 630) ત્યારે શ્રી હર્ષ કનોજમાં રાજ્ય કરતા હતા. યુઅન-શ્વાંગે ભારતના લગભગ બધા પ્રદેશો જોયા, વિશાળ જનસમુદાયને રાજવીઓના સંપર્કમાં તેઓ આવ્યા. ભારતનો વિસ્તૃત પરિચય એમને થયો. તેઓ (ઈ.સ. 645 માં) ચીન પાછા વળ્યા. બુદ્ધના અવશેષનાં દોઢ સો જેટલા ટુકડા, સોના, રૂપા અને સુખડની બુદ્ધ ભગવાનની અનેક પ્રતિમાઓ તથા 657 ગ્રંથોની હસ્તલિખિત પ્રતોની નકલ વીસ ઘોડા પર લાદીને તેઓ પોતાની સાથે ચીન લઈ ગયા.

હવે પછીનાં જીવનનાં વર્ષો આ ગ્રંથોનો અનુવાદ કરવા પાછળ એમણે ગાળ્યાં. એમણે કુલ 74 ગ્રંથોનો તરજુમો કર્યો ને ત્યાંના સમ્રાટના આગ્રહને વશ થઈ ભારતના એમણે કરેલા પ્રવાસનું વર્ણન લખ્યું. વિદ્વાનો યુઅન-શ્વાંગને 'તેમના જમાનાના બુદ્ધ' કહેતા. આજે પણ કેટલાંક ચીની મંદિરોમાં યુઅન-શ્વાંગની મૂર્તિ જોવા મળે છે.

ધાર્મિક ઉત્સવોનું પ્રમાણ ખૂબ મોટું હતું. સમ્રાટો તરફથી દાનની ગંગાધારા વહેવડાવવામાં આવતી હતી. સમ્રાટ હર્ષ પ્રયાગમાં દર પાંચ વર્ષે મહામોક્ષ પરિષદનું આયોજન કરતો. તેમાં પાંચ લાખ વ્યક્તિઓ ભાગ લેતા. આ મહોત્સવ પંચોતેર દિવસ ચાલ્યો હોવાનું યુઅન-શ્વાંગે નોંધ્યું છે. સમ્રાટ હર્ષ મહાદાનેશ્વરી ગણાય છે. તત્કાલીન કનોજમાં 1000 જેટલા બૌદ્ધવિહારો તેણે બંધાવ્યાં હતાં.

## કલા અને સ્થાપત્ય

ગુપ્તકાલીન સ્થાપત્યના પાંચ પ્રકાર પાડી શકાય છે : (1) મંદિરો (2) ગુફા-સ્થાપત્ય (3) સ્તૂપો (4) સ્તંભો અને (5) મૂર્તિ-સ્થાપત્ય.



દશાવતાર મંદિર

આ સમયમાં વિષ્ણુ અને શિવનાં મંદિરો ખૂબ જ બન્યાં છે. આ મંદિરો ઈંટ અને પથ્થરોનાં બાંધેલાં હતાં. જે મોટેભાગે ઊંચી પીઠિકાઓ ઉપર સીડીઓવાળા અને શિખરબદ્ધ જોવા મળે છે. ગર્ભગૃહની ફરતે પ્રદક્ષિણાપથ રાખવામાં આવતો.

ઝાંસી જિલ્લાના દેવગઢમાં આવેલું દશાવતાર વૈષ્ણવ મંદિર આ સંક્રાંતિકાળની કળાનો સુંદર નમૂનો ગણાય છે. જેનું શિખર આશરે 40 ફૂટ ઊંચું છે. આ મંદિરની ખાસ વિશિષ્ટતા એ છે કે, ગંગા અને યમુનાના અવતરણનાં શિલ્પો તેના બારસાખ ઉપર જોવા મળે છે.

નાસિક, ભજ, ભીલસાને કાર્લેની ગુફાઓનું કામ આ સમયે થયેલું છે. તેમજ તિગવાનું મંદિર, ભીતરગામ (કાનપુર)નું ઈંટેરી મંદિર, ભૂમરા (નાગોડ)નું શિવમંદિર, પોરબંદર પાસે ગોપનું સૂર્યમંદિર, કર્ણાટકના બિજાપુરમાં આવેલ લારખાનનું મંદિર, એરણ (મધ્યપ્રદેશ)નું નૃસિંહનું મંદિર અને અમરાવતીનું શિલ્પકામ આ સમયમાં થયેલું છે.

વિશ્વમાં સર્વપ્રથમ હિંદુ મંદિરો આ યુગમાં બન્યાં. ધાતુઓમાંથી મૂર્તિઓ બનાવવાની શરૂઆત થઈ. મથુરામાં મૂર્તિઓ ઘડવાની શરૂઆત થઈ હતી. તક્ષશિલા પાસે ગાંધારશૈલીની શિલ્પકલા પૂર્ણપણે વિકસિત થઈ ચૂકી હતી. હર્ષવર્ધને વિહાર, દવાખાના, ધર્મશાળા, મંદિરો વગેરે બંધાવ્યાં હતાં. શિલ્પ અને ચિત્રકલાના શ્રેષ્ઠ નમૂનાઓ અજંટા અને બાઘની ગુફાઓ, કૈલાસગુફામંદિરનું નિર્માણ થયું.

| કલાનો સુવર્ણયુગ | |
|---|---|
| **શિલ્પકલા :** | બોધિસત્ત્વોની મૂર્તિઓ, મથુરાની બૌદ્ધ અને જૈન મૂર્તિઓ, અમરાવતી, નાર્ગાજુનકોંડાં અને સારનાથની મૂર્તિઓ |
| **ગુફાઓ :** | અજંટા, ઇલોરા, બાઘ, ઉદયગિરિ, ગુજરાતમાં ખંભાલીડા, જૂનાગઢ અને ઢાંકની ગુફાઓ |
| **ધાતુકલા :** | નાલંદા, (સુલતાનગંજ) બુદ્ધની 1 ટન વજન ધરાવતી કાંસાની પ્રતિમા |
| **સ્તૂપ :** | સારનાથ, નાલંદા |
| **મંદિરો :** | ભીતરગામ, દેવગઢ, મહાબલિપુરમ્, ભૂમરાનું શિવમંદિર |
| **ચિત્રો :** | અજંટા, બાઘ, ઇલોરાનાં ગુફાચિત્રો |

## સંગીતકલા

ભારતીય સમાજમાં સંગીત, નૃત્યકલા અને નાટ્યકલાનો વિકાસ થયો હતો. મૃદંગ, પખવાજ જેવાં વિવિધ સાધનો પ્રચલિત થયાં હતાં. સમુદ્રગુપ્ત એક પરાક્રમી વિજેતા ઉપરાંત કવિ અને સંગીતકાર હતો. એના એક સિક્કા ઉપર એ વીણાવાદન કરતો જણાય છે. હરિસેન તેના દરબારનો રાજકવિ હતો, તે ઉપરાંત નાટકો પણ ભજવતો હતો. તે વખતના સંસ્કૃત સાહિત્યકારોની સુપ્રસિદ્ધ નાટ્યકૃતિઓનાં નાટકો ધાર્મિક મહોત્સવ પ્રસંગે થતાં હતાં.

## શિલ્પકલા


ત્રિમૂર્તિ - શિલ્પકલાકૃતિ

શિલ્પકલામાં પાષાણ, ધાતુ અને કાષ્ઠશિલ્પનો સમાવેશ થાય છે. આ સમય દરમિયાન મંદિરો, મહેલો, સ્તૂપ, મંદિરોમાં બનાવેલા પથ્થરના તોરણવાળાં પ્રવેશદ્વારો ગોપુરમ વગેરેની વિશિષ્ટ પ્રકારની રચનાઓ, વિશ્વના ઇજનેરોને આશ્ચર્યચક્તિ કરે છે. સારનાથનો સ્તંભ શિલ્પકલાની શ્રેષ્ઠતમ કલાકૃતિ મનાય છે. મથુરા શિલ્પકલાનું મુખ્ય કેન્દ્ર હતું. અહીંની મહાવીર સ્વામીની પ્રતિમા, વિષ્ણુની પ્રતિમા, વિષ્ણુ, શિવ, સૂર્ય, ઇન્દ્રની મૂર્તિઓ વગેરે મૂર્તિશિલ્પકલાના ઉત્તમ નમૂના છે. ગુપ્તસમયના કલાના સર્વોત્તમ નમૂનાઓ મહદંશે કુમારગુપ્તના સમયના છે.


પદ્મપાણી

## અજંટા - ઈલોરાની ગુફાઓ

મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લામાં પશ્ચિમઘાટની ગિરિમાળાને કોતરીને આ ભવ્ય ગુફાઓનું નિર્માણ થયું છે. બ્રિટિશ વહીવટકાળ (ઈ.સ. 1819) દરમિયાન વાઘના શિકાર માટે નીકળેલા બ્રિટિશ આર્મી કેપ્ટન જહોન સ્મિથનું ધ્યાન આ ગુફા તરફ ગયું હતું. અહીં કુલ 30 ગુફાઓ આવેલી છે. જેમાં ઈ.સ. પૂર્વે બીજી સદીથી માંડીને ઈ.સ.ની સાતમી સદી સુધીનાં ચિત્રો કંડારવામાં આવ્યાં છે. હાલમાં અહીં 24 ગુફાઓ છે. 16 અને 17 નંબરની ગુફાઓમાં ભીંતચિત્રો દોરાયેલાં છે. આ ભીંતચિત્રોમાં બુદ્ધના જીવનપ્રસંગો અને જાતક-કથાઓ ચિત્રિત છે. ઉપરાંત દેવતાઓ, ગાંધર્વો, ભિક્ષુઓ, અપ્સરાઓ, નર્તકીઓ વગેરે ચિત્રો આબેહૂબ અને હજુ ગઈ કાલે દોરાયાં હોય એવાં તાજાં લાગે છે.


અજંટાની ગુફાઓ

અજંટાની ગુફા નં. 29 સૌથી પ્રાચીન છે. જેમાં 16 બૌદ્ધ ઉપાસકોને સ્તૂપ તરફ જતા ચિત્રિત કરવામાં આવ્યા છે. સાતમી સદીની શરૂઆતમાં પહેલા નંબરની ગુફામાં કંડારાયેલી પદ્મપાણી બોધિસત્ત્વની આકૃતિ સમગ્ર એશિયાની ચિત્રકલામાં અનોખું સ્થાન ધરાવે છે. એજ રીતે કલાપૂર્ણ એવી ઈલોરાની ગુફાઓના વિહાર અને ચૈત્ય, તેમજ હિન્દુ, બૌદ્ધ અને જૈન મંદિરોનું નિર્માણ રાષ્ટ્રકુટ વંશના શાસનકાળમાં થયું.


બાઘની ગુફા

## બાઘની ગુફાઓ

મધ્યપ્રદેશમાં ગ્વાલિયર પાસે આ ગુફાઓ આવેલી છે. બાઘની ગુફાઓના આ સમયમાં તૈયાર થયેલાં ચિત્રો આજે પણ આકર્ષક જણાય છે. પ્રવેશદ્વારની બંને બાજુએ બોધિસત્ત્વોની આકૃતિઓ આબેહૂબ છે. આ ગુફાઓની ભીંતો પર સંગીત, નૃત્યનાં દશ્યો અંકિત કરવામાં આવ્યાં છે. જેમાં નૃત્ય કરતી નર્તકી અને વિવિધ વાજિંત્રો વગાડતી સ્ત્રીઓ જોઈ શકાય છે. જે-તે સમયમાં સ્ત્રીઓનો સંગીત અને નૃત્ય પ્રત્યેનો ભાવ દર્શાવે છે. ઘોડેસવારોના સરદાર, હાથીઓની શોભાયાત્રાનાં તાદશ દશ્યો પણ ચિત્રિત છે.



પકવેલી (ટેરેકોટા) માટીની મૂર્તિઓ

### મુદ્રાઓ

ગુપ્તકાલીન સમયમાં મહોરો (રાજમુદ્રાઓ) પણ ચલણમાં હતી. મોટાભાગે આ સમયની મહોરો પકવેલી માટીમાંથી બનાવવામાં આવેલ હતી. આ મહોરો સંસ્કૃતમાં લખવામાં આવતી હતી. પુરાતત્ત્વીય ઉત્ખનન દરમિયાન નાલંદા અને વૈશાલીમાંથી મળી આવેલ હતી. કુમારગુપ્ત બીજાના સમયની રાજમહોર ચાંદીમાંથી બનાવવામાં આવી હતી. આ મહોરો ઉપર ધાર્મિકચિત્રો ઉપસાવવામાં આવતાં હતાં. જેમાં સમુદ્રગુપ્તના સમયની મહોરોમાં ગરુડ અંકિત કરેલ છે.

### સિક્કાઓ

ગુપ્તકાલીન સમયના મોટાભાગના સિક્કાઓ સોના અને ચાંદીમાંથી બનેલા છે. આ સિક્કાઓની બંને તરફ ચિત્રો જોવા મળે છે. ભારતના વિવિધ પ્રદેશો બિહાર, રાજસ્થાન, ગુજરાત, બંગાળ, ઓરિસ્સા વગેરેમાંથી ખોદકામ દરમિયાન આ સિક્કાઓ મળી આવેલા છે.



ગુપ્તકાલીન રાજમુદ્રાઓ (મહોરો), સિક્કાઓ

સમુદ્રગુપ્તના સિક્કાઓમાં અશ્વમેધયજ્ઞ કરતા રાજવી અને ઘોડાની આકૃતિ, વીણાવાદન કરતો રાજવી, ધનુર્ધારી, દંડધારી, કોટપાયજામો ધારણ કરેલ રાજવી વગેરે આકૃતિઓ જોવા મળે છે. ચંદ્રગુપ્ત પ્રથમના સિક્કાઓમાં કુમારદેવી, સિંહાસન પર બેઠેલાં લક્ષ્મીજી, સોનાના સિક્કાઓ તત્કાલીન ભારતની આર્થિક સ્થિતિનો ખ્યાલ આપે છે. જોકે હર્ષવર્ધનના કોઈ આધારભૂત સિક્કાઓ આજપર્યંત પ્રાપ્ત થયા નથી.

### વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે સિદ્ધિઓ

ગણિત, વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર, વૈદકવિદ્યા, ધાતુવિદ્યા, રસાયણવિદ્યા અને બીજી અનેક વિદ્યાઓના વિકાસમાં આ યુગે ઘણો મોટો ફાળો આપેલો છે.

### ગણિતશાસ્ત્ર



આર્યભટ્ટ

આજે જે વિશ્વનું ગણિત છે, તે ભારતના અંકોથી જ શરૂ થયું છે. ગણિતશાસ્ત્રના પિતા ગણાતા આર્યભટ્ટે શૂન્યની શોધ કરીને ગણિતક્ષેત્રે ક્રાંતિ કરી હતી. તેણે લખેલા ''આર્યભટ્ટીયમ'' ગ્રંથમાં ગુણાકાર, ભાગાકાર, સરવાળા, બાદબાકી, વર્ગમૂળ, ઘનમૂળ, ત્રિરાશિ વગેરેની ગણતરીઓ અને રીતો આપેલી છે. પાઈની કિંમત 3.14 આપેલી છે.

બ્રહ્મગુપ્ત ક્ષેત્રનું ક્ષેત્રફળ એની બાજુઓ પરથી કાઢતા. બ્રહ્મગુપ્તે (ઈ.સ. 628) બ્રહ્મસ્ફૂટનો સિદ્ધાંત રચ્યો. સમીકરણની રીતો શોધી કોઈ પણ સંખ્યાને શૂન્યથી ભાગવામાં આવે તો તેનું ફળ અનંત અંક આવે છે, જેનો ઉલ્લેખ આ ગણિતશાસ્ત્રીઓએ પોતાના ગ્રંથોમાં કરેલ છે. અલબેરુની લખે છે કે સંખ્યાની ગણતરીની બાબત પહેલાં કોઈ પણ દેશ 'એક હજાર'ની સંખ્યાની ગણતરીથી આગળ વધતો ન હતો. જ્યારે ભારતે પરાર્ધ સુધીની અને તેથી પણ આગળની ગણતરી કરીને વિશાળતા પ્રાપ્ત કરેલ છે.

### ખગોળ અને જ્યોતિષ

જ્યોતિષશાસ્ત્ર વૈદિકકાળથી અસ્તિત્વમાં છે. બ્રહ્મગુપ્ત, વરાહમિહિર, આર્યભટ્ટ જેવા ખગોળ અને જ્યોતિષશાસ્ત્રીઓ પ્રાચીન ભારતમાં થઈ ગયા. ગુપ્ત સમયમાં થઈ ગયેલા આર્યભટ્ટે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે અને તેનાથી દિવસ-રાત

થાય છે તેની શોધ કરી હતી. આર્યભટ્ટ પછી વરાહમિહિર ખગોળશાસ્ત્રી થયા. સમ્રાટ વિક્રમાદિત્યના દરબારમાંના નવરત્નોમાં એક તેઓ હતા. તેણે લખેલા ''બૃહદસંહિતા'' ગ્રંથમાં જ્યોતિષશાસ્ત્રના ત્રણ ભાગ પાડી : (1) તંત્ર (2) હોરા અને (3) સંહિતામાં વહેંચ્યું છે. આકાશીગ્રહોની માનવીના ભવિષ્ય પર થતી અસરો. લગ્ન, વાવણી, વાસ્તુ, કૂવાઓ ખોદવા વગેરે પ્રસંગોનાં મુહૂર્તોની વિગતો આપી છે. જ્યોતિષશાસ્ત્રના એક અંગ એટલે હોરા, આ શાસ્ત્રના પ્રથમ રચયિતા પારાશર મુનિ હતા. 'ભૃગુસંહિતા' નામનો ગ્રંથ જ્યોતિષશાસ્ત્રમાં આજે પણ શ્રેષ્ઠ મનાય છે. આ સમયમાં ઋષિઓ કોઈ જટાધારી સાધુ ન હતા, પરંતુ મહાન વૈજ્ઞાનિકો, શોધકો અને જ્ઞાનના સ્વામી હતા.

**રસાયણવિદ્યા**

નાલંદા વિશ્વવિદ્યાપીઠના આચાર્ય નાગાર્જુને 'રસરત્નાકર' નામે રસાયણવિજ્ઞાનનો ગ્રંથ લખ્યો. તેણે પારાની ભસ્મ બનાવીને ઔષધ તરીકે વાપરવાની ભલામણ કરી. તે સામાન્ય ધાતુમાંથી સુવર્ણ બનાવવાની રીતના પણ જાણકાર હતા. રસાયણવિદ્યાની પરાકાષ્ઠાનો નમૂનો એટલે ચંદ્રગુપ્ત બીજાનો (સમ્રાટ વિક્રમાદિત્યે) દિલ્લી (મૈહરોલી ખાતે કુતુબમિનાર પાસે) સ્થિત વિજયસ્તંભ છે. તેની ઊંચાઈ 24 ફૂટ અને વજન 7 ટન છે. ટાઢ, તાપ અને વરસાદમાં રહેવા છતાં આજે પણ તેને કાટ લાગ્યો નથી એ તેની વિશેષતા ગણાય. સાતમી સદીમાં તો લોહ અને સોમરસનો ઉપયોગ ઔષધ તરીકે થતો. આ સમયના કારીગરો લોખંડ ગાળવાની પદ્ધતિથી પણ વાકેફ હતા. આવા લોહમાંથી લશ્કરી આયુદ્ધો, બખ્તર, તલવાર, ભાલા વગેરે બનતાં, જે દેશભરમાં પ્રસિદ્ધિ પામ્યાં હતા.

**સામાજિક સ્થિતિ**

પરદેશીઓના સંપર્કથી ભારતીયોના ખોરાક, પોશાક અને જીવન જીવવાની રીતમાં ફેરફારો થવા લાગ્યા હતા. લોકોની રહેણીકરણી ખૂબ સાદી અને સરળ હોવા છતા લોકોનું જીવનધોરણ સામાન્ય રીતે ઊંચું રહેતું. લોકોએ આવ-જા માટે રસ્તાની ડાબી બાજુએ ચાલવાનું રહેતું, મોટાભાગના લોકો ખુલ્લા પગે રહેતા. ઘરમાં લોકો સોગઠાંની રમત રમતાં. સમય જાણવા માટે ઘટિકાયંત્ર (પાણી અને રેતનું ઘડિયાળ) વપરાતું. નાટક, મેળા અને દર્શનો લોકજીવનને આનંદથી તરબોળ કરી દેતા. આવા સુખી ને આબાદ સમાજનું પ્રતિબિંબ તે સાહિત્યમાં પડ્યું. યુઅન-શ્વાંગ નોંધે છે કે, લોકો રૂપિયાની લેવડદેવડની બાબતમાં છળપ્રપંચ કરતા નથી. ઊંચી એડીવાળા બૂટ પહેરવાનું પણ શરૂ થયું. પરંતુ પાછળથી આપણો રાષ્ટ્રીય પોશાક ધોતિયું ને કમરબંધ પાછું પોતાનું સ્થાન મેળવી લેવા લાગ્યો. તેઓ કેડની ઉપરના ભાગે ખેસ કે ઉપરણાનો ઉપયોગ કરતા. માથે પાઘડી કે ફેટો પહેરવાનો રિવાજ હતો. બૌદ્ધ સાધુઓ સફેદ અને સીવ્યાં વગરનાં કપડાં પહેરતા. પુરુષો કાનનાં કુંડળ, વીંટી, ગળાની માળાઓ અને કેયૂર નામે ઓળખાતાં હાથનાં કડાં કે બાજુબંધ પહેરતા.

**સ્ત્રીઓની સ્થિતિ**

ગુપ્તકાલીન સમાજમાં સ્ત્રીઓના સ્થાન અંગે કેટલીક રસપ્રદ વાતો છે. આ સમયની સ્ત્રીઓ શરીરે સુગંધી દ્રવ્યોનો વપરાશ કરતી થઈ. ઉપલા વર્ગની સ્ત્રીઓમાં પોતાનો પતિ પસંદ કરવાની – સ્વયંવરની પ્રથા હજુ ચાલુ હતી. સ્ત્રીઓ છૂટથી હરીફરી શકતી. સ્ત્રીઓ સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કરતી, ગળાનો હાર અને કટિમેખલા એ સમયનાં સૌથી પ્રચલિત ઘરેણાં હતાં.

સ્ત્રીઓના વાળ ઓળવાની અને તેને ગૂંથીને બાંધવાની અનેક મોહક રીતો અજંટાનાં ચિત્રોમાં જોવા મળે છે. હોઠ રંગવાના તથા ચહેરાનાં સુશોભન માટેના પદાર્થો પ્રચલિત હતા. કમર પર જાત જાતનાં સુંદર વસ્ત્રો બાંધવાનો સ્ત્રીઓમાં રિવાજ હતો. ચંદન જેવા સુગંધિત લેપોથી શરીરને સુંદર બનાવીને હાથની હથેળી તથા પગની પાની અને નખ રંગવાની લલિતકળાઓ એ યુગની સ્ત્રીઓમાં ઘણી લોકપ્રિય હતી. સ્ત્રીઓનાં આભૂષણોમાં વિવિધતાનો પાર ન હતો.

**આર્થિક સ્થિતિ**

આ યુગમાં પરદેશોમાંથી અઢળક સોનું, ચાંદી અને કીમતી પથ્થરો વેપારને કારણે ભારતમાં આવતું. તેથી ભારત આર્થિક રીતે સમૃદ્ધ દેશ બન્યો. વિદેશી પ્રજાઓનાં સંપર્કને કારણે ઇરાન, ચીન, મધ્ય એશિયા તેમજ ઇજિપ્ત અને યુરોપના દેશો સાથેના ભારતના વેપારીસંબંધો ગાઢ બન્યા. પરિણામે પ્રયાગ, કાશી, ઉજ્જૈન, મથુરા, તક્ષશિલા અને વૈશાલી જેવી

નગરીઓનો વેપારીમથકો તરીકે ખૂબ વિકાસ થયો. લોકોનાં ઘરોમાં રાચરચીલાનું પ્રમાણ વધ્યું. આ સમયે ખંભાત (સ્તંભતીર્થ), ભૃગુકચ્છ (ભરૂચ), તામ્રલિપ્તિ (તામલૂક), સોપારા (સૂર્પારક) જેવાં બંદરોની ભારે જાહોજલાલી હતી.

મોટા ભાગના લોકો ગામડાંમાં રહેતા. તેઓ ખેતી અને પશુપાલનનો ધંધો કરતા. ખેતીનાં ઉત્તેજન માટે રાજ્ય તરફથી સિંચાઈની યોજનાઓ અમલમાં મૂકાતી. સ્કંદગુપ્તના સમયમાં જૂનાગઢમાં આવેલ સુદર્શન તળાવનો અગાઉનો બંધ તૂટી જતાં તેનું સમારકામ કરાવ્યું હતું.

હર્ષના સમયની આર્થિકસ્થિતિ અંગે સિયુકી નામના ગ્રંથમાં યુઅન-શ્વાંગે લખ્યું છે કે, સરકારનો વહીવટ ઉદાર છે. કાયદાઓ પ્રજાજનોના હિતમાં બનાવ્યા છે. ખેડૂતો પાસે વેઠ (અવેતન શ્રમ) કરાવવામાં આવતી નહિ. રાજ્યને જરૂર હોય ત્યારે ખેતમજૂરોને કામે બોલાવતા અને તેમને વેતન અપાતું. કરવેરાનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું, પરિણામે લોકો શાંતિથી જીવી શકતા. જે રાજ્યની જમીન ખેડે તેણે પોતાની ઉપજનો છઠ્ઠો ભાગ રાજ્યને આપવાનો થતો. વેપારીઓ પોતાના ધંધા માટે પ્રવાસ કરતા. જેઓને નદીઓ ઓળંગવામાં અને જકાતનાકા પર મુસાફરોને સામાન્ય રકમ કર રૂપે આપવાની થતી.

વેપારમાં વિકાસ થવાથી વેપારીમંડળો (શ્રેણીઓ, મહાજનો) અને સંઘોની સ્થાપના થઈ હતી. લોકો સંઘોમાં (પેઢીઓ) તેમની થાપણો મૂકતા અને વ્યાજ મેળવતા. હીરા, મોતી, તેજાના, હાથીદાંત, સુતરાઉ કાપડ વગેરેની રોમમાં ખૂબ મોટી માંગ હતી. રોમન વેપાર - ભારત સાથે થતો હતો. તેઓ જરૂરી માલ લઈ જઈ બદલામાં પુષ્કળ સોનું આપી જતા. તો વિદેશમાંથી સૂકોમેવો, સુગંધિત અત્તરો, કીમતી પદાર્થો વગેરે ભારતમાં આવતાં. કાચનાં સાધનો બનાવવાં, સખત પથ્થરને કાપવા તથા તેને ઘડવાની કળાનો વિકાસ થયો હતો. રેશમી કાપડ, શણનું કાપડ, કાપડ પરના છાપકામ જેવા હુન્નર ઉદ્યોગોનો વિકાસ થયો હતો. દેશમાં હોડી અને વહાણ બાંધવાનો ઉદ્યોગ ચાલતો હતો. 200 થી વધુ માણસોનો સમાવેશ થઈ શકે તેવાં વિશાળ વહાણો બંધાતાં. વાહનવ્યવહારનાં સાધનોમાં બળદગાડાં, ઊંટ, ઘોડા, હાથી, હોડીઓ અને વહાણો વપરાતાં. આમ ગુપ્તયુગ અને હર્ષવર્ધનના સમયનો આર્થિક વહીવટ પ્રજાભિમુખ અને લોકકલ્યાણકારી હતો.

## ધાર્મિક સ્થિતિ

ગુપ્ત રાજાઓ અને સમ્રાટ હર્ષ ધર્મસહિષ્ણુ હતા. તેમની ધર્મનીતિ ઉદાર હતી. તેઓ બીજા ધર્મને તથા તેના વિદ્વાનોને માન આપીને ઉદાર મદદ કરતા હતા. એક જ કુટુંબના માણસો કેટલીક વાર જુદા-જુદા ધર્મોમાં પણ માનતા. એકંદરે લોકો નીતિમય જીવન ગાળતા.

સમ્રાટ હર્ષ શૈવધર્મી હોવાથી, ‘માહેશ્વર’ કહેવાતો. ચીની મુસાફર યુઅન-શ્વાંગ બૌદ્ધધર્મનો મહાયાન સંપ્રદાય પાળતો હોવાથી તેણે કનોજમાં એક સર્વધર્મ પરિષદ બોલાવી. જેની 21 દિવસ સુધી શોભાયાત્રા કાઢવામાં આવી. તે ઉપરાંત તેણે ગંગા તટે સો ફૂટની ઊંચાઈ ધરાવતા હજારો બૌદ્ધસ્તૂપો બંધાવ્યા. તેણે હિંદુધર્મ કરતા બૌદ્ધધર્મ પ્રત્યે ઉદાર સખાવત આપીને બૌદ્ધધર્મને દેશવિદેશમાં વધુ વ્યાપક બનાવ્યો, આથી કેટલાક વિદ્વાનો હર્ષવર્ધનને બૌદ્ધધર્મનો ‘શાહીપ્રચારક’ કહે છે. તે પોતાનાં સામ્રાજ્યમાં પ્રચલિત તમામ ધર્મોને દાન આપવા માટે રાજ્યની કુલ આવકનો ચોથો ભાગ અલગ રાખતો અને બે ભાગ ધર્મકાર્ય માટે વાપરતો. તેણે આયોજિત કરેલ પ્રયાગમોક્ષ મહોત્સવ તમામ ધર્મના લોકો માટે રાખેલ જેમાં બુદ્ધ, સૂર્ય, શિવ એ ત્રણેય દેવોનું પૂજન કરાવ્યું.

ત્રિકાળસંધ્યા, તપ, વ્રત અને ઉપવાસ વગેરેનું મહત્ત્વ વધતું જતું હતું. આ સમયે ભારતના જનસમુદાયમાં અદ્ભુત એકતા હતી. મથુરા જો હિંદુઓનું હતું તો તે એટલું જ બૌદ્ધોનું ને એટલું જ જૈનોનું પણ હતું, અને સાહિત્ય તથા સંસ્કારનો વારસો પણ સૌનો સહિયારો હતો.

## શિક્ષણ

પ્રાચીન ભારતમાં વિદ્યાકેન્દ્ર તરીકે એકાંત સ્થળ પસંદ કરાતું. અહીં વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યાશાખાઓના વિષયોનું જ્ઞાન આપવામાં આવતું. ગુપ્ત સમયમાં રાજ્યનાં મુખ્ય શહેરો અને બનારસ, મથુરા, નાસિક ને કાંચી જેવા શિક્ષણનાં ધામ હતાં. તક્ષશિલા વિદ્યાપીઠની જાહોજલાલી પૂરી થવા આવી હતી. તેની જગ્યાએ નાલંદા અને વલભીની વિદ્યાપીઠો પ્રકાશમાં આવવા માંડી હતી. ઉજ્જૈન પણ વિદ્યાનું ધામ બની ગયું હતું. આ વિદ્યાપીઠોમાં મળતા શિક્ષણને કારણે લોકોમાં સંસ્કારિતાનાં દર્શન થયાં હતાં. જે શિક્ષણનું કામ વ્યક્તિને આદર્શ નાગરિક બનાવવામાં હતું તે કામ આ વિદ્યાપીઠનાં શિક્ષણે કર્યું હતું. આ વિદ્યાપીઠોનાં નાશથી ભારતમાં બૌદ્ધશિક્ષણ સંસ્થાઓનો અંત આવ્યો.

### તક્ષશિલા

વર્તમાન પાકિસ્તાનમાં આવેલ રાવલપિંડીથી પશ્ચિમે પ્રાચીન તક્ષશિલા વિદ્યાપીઠ હતી. તે પ્રાચીન ગાંધાર પ્રદેશની રાજધાનીનું શહેર હતું. દંતકથાનુસાર તક્ષશિલાની સ્થાપના શ્રીરામના નાના ભાઈ ભરતે કરી હતી. અહીં રાજા તરીકે નિમાયેલા તેના પુત્ર તક્ષના નામ પરથી તક્ષશિલા પડ્યું હોવાનું મનાય છે. પ્રાચીન ભારતનાં શિક્ષણનાં મહત્ત્વનાં કેન્દ્ર તરીકે વિકસેલ આ વિદ્યાપીઠમાં 64 વિદ્યાઓનું શિક્ષણ અપાતું હતું. અહીં મોટાભાગના વિદ્યાર્થીઓ ગુરુના આશ્રમમાં રહી અભ્યાસ કરતા. ભગવાન બુદ્ધના શિષ્ય જીવકે અહીં આયુર્વેદના પાઠો શીખ્યા. 'અર્થશાસ્ત્ર'ના કર્તા કૌટિલ્યે પણ અહીં અભ્યાસ કર્યો હતો.

### નાલંદા

બિહારના પટણા જિલ્લાના બડગાંવ નામના ગામ પાસે પ્રાચીન રાજગૃહથી ઉત્તરમાં આવેલ આ પ્રાચીન વિદ્યાપીઠમાં મહાવીર સ્વામીએ ચૌદ ચાતુર્માસ કર્યા હોવાથી આ સ્થળ જૈનતીર્થ પણ બન્યું. નાલંદા બૌદ્ધધર્મ મહાયાન સંપ્રદાયનું મુખ્ય કેન્દ્ર હતું. પાંચમી સદીમાં કુમારગુપ્તે અહીં એક વિહાર બંધાવેલ ત્યારપછી નાલંદાની પ્રસિદ્ધિમાં વધારો થયો, જ્યાં હજારો હસ્તલિખિત ગ્રંથોના અમૂલ્ય ભંડારો હતા. નાલંદા વિશ્વવિદ્યાલય હતું. ભારતીય સંસ્કૃતિનું આ એક તીર્થધામ હતું. દેશ-પરદેશથી વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરવા આવતા. મહાન મુસાફર યુઅન-શ્વાંગે પણ અહીં અભ્યાસ કરેલો. આજે તો આ મહાન વિશ્વવિદ્યાલયના માત્ર ખંડેરો જ જોવા મળે છે. આમ છતાં તે ખંડેરોમાં ફરતાં-ફરતાં પણ આ દેશની ભવ્ય સંસ્કૃતિની એક ઝાંખી થઈ શકે છે. માટે જ વર્તમાન સમયમાં અહીં આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીની સ્થાપના થયેલી છે.

અહીં વર્ગવ્યાખ્યાનો અને ચર્ચાઓ માટે 300 નાના-મોટા ખંડો હતા. વિદ્યાર્થીનો પ્રવેશ માટે અહીં ખૂબ ધસારો રહેતો. પ્રવેશનું ધોરણ ખૂબ ઊંચું રાખવામાં આવતું. પ્રવેશ-પરીક્ષામાં દસમાંથી બે કે ત્રણ વિદ્યાર્થીને જ સફળતા મળતી. અહીં 8500 વિદ્યાર્થીઓને કુલ 1510 શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવતું.

નાલંદામાંથી ભણીને બહાર નીકળેલ વિદ્યાર્થી ભારતનો આદર્શ વિદ્યાર્થી ગણાતો. ઈસુની 5મીથી 11મી સદી દરમિયાન નાલંદા શિક્ષણના સર્વોત્તમ સ્થાને હતું. બંગાળના પાલવંશના રાજવી ધર્મપાલના સમયમાં વિક્રમશિલા વિદ્યાપીઠને પ્રોત્સાહન મળતાં નાલંદાનો વૈભવ ઘટવા લાગ્યો. 13મી સદીની શરૂઆતમાં બખત્યાર ખલજીનાં વિક્રમશિલા પરનાં આક્રમણો દરમિયાન આ વિદ્યાકેન્દ્રનો નાશ કરી મૂલ્યવાન ગ્રંથોનો ભંડાર સળગાવી દેવાયો.

આ સમયે ભારતમાં વિશ્વભરમાં શ્રેષ્ઠતમ ગણાય તેવાં ગ્રંથાલયો હતાં. તક્ષશિલા તેમજ નાલંદા વિદ્યાપીઠમાં આવેલાં ગ્રંથાલયોમાં અભ્યાસ અને સંશોધન કરવા માટે દેશ-વિદેશોમાંથી અનેક વિદ્યાર્થીઓ આવતા. આમાંનો માત્ર યુઅન-શ્વાંગ જ 657 હસ્તલિખિત ગ્રંથો પોતાની સાથે ચીન લઈ ગયો હતો. આ સિવાય અન્ય એક મહાન વિદ્યાપીઠ ઉદાન્તાપુરીમાં પણ હતી.

### ભારત અને વિશ્વના દેશો

અતિપ્રાચીન સમયથી ભારતમાં વહાણવિદ્યા અને દરિયાઈ સાહસોની ભાવના ખીલી હતી. ભારતીય સાગરખેડૂઓ, વેપારીઓ, આધ્યાત્મિક ગુરુઓ અનેક સંકટો વેઠીને અગ્નિ એશિયાના જાવા, સુમાત્રા, શ્રીલંકા, બાલિ, બોર્નિયો, સિયામ (શ્યામ) જેવા દેશોમાંથી મબલખ ધન એકઠું કરી લાવતા. તેથી આ સમગ્ર દક્ષિણ પૂર્વ એશિયાના પ્રદેશોને ભારતીય સાહિત્યમાં 'સુવર્ણદ્વીપ' કે 'સુવર્ણભૂમિ' ના નામથી ઓળખવામાં આવે છે.

### મધ્ય એશિયા

મધ્ય એશિયાના સમગ્ર પ્રદેશમાં એક સમયે ભારતીય સંસ્કૃતિ ફેલાઈ ગઈ હતી. જેના માટે જવાબદાર મુખ્ય તત્ત્વ હતું - બૌદ્ધધર્મ. સમ્રાટ અશોક, મિનેન્ડર અને કનિષ્કના સમયમાં મધ્ય એશિયાના કેટલાક ભાગ સાથે ભારત રાજકીય રીતે સંકળાયેલું હતું. તેને કારણે એ બધા પ્રદેશોમાં ભારતીય વસાહતો ઊભી થઈ. ફાહિયાન અને યુઅન-શ્વાંગ આ પ્રદેશોમાં થઈને જ્યારે ભારત આવ્યા ત્યારે અહીં બૌદ્ધધર્મ ઘણો પ્રબળ હતો. બૌદ્ધ મઠો અને સ્તૂપો તથા સાધુ-સાધ્વીઓનાં મંડળો ઠેર-ઠેર જોવા મળતાં. ખોતાનમાં આવેલો ગોમતીવિહાર એ વખતે સમગ્ર મધ્ય એશિયામાં બૌદ્ધધર્મના અભ્યાસ માટે પ્રસિદ્ધ થયો. કેટલાક ચીની યાત્રાળુઓ તો હિંદ સુધી આવવાને બદલે અહીં ગોમતીવિહારમાં જ અભ્યાસ કરવા રોકાઈ જતા. એ જ

રીતે બલ્ખ (બેક્ટ્રિયા)ના પાટનગર 'રાજગૃહ' માં સો જેટલા મઠો હતા. તેમાં મોટામાં મોટો મઠ ''નવસંઘારામ'' બૌદ્ધ વિદ્વાનોનું મહાન કેન્દ્ર હતું. અહીંના બૌદ્ધમઠોમાં સંસ્કૃત વ્યાકરણ, ખગોળશાસ્ત્ર અને વૈદકશાસ્ત્રનો અભ્યાસ થતો. મધ્ય એશિયામાં આવેલા એક વિહારનું સમારકામ થતા (ઈ.સ. 1908) ત્યાંથી 20 હજાર હસ્તપત્રો, 3 હજાર સંસ્કૃત ગ્રંથો અને 554 ચિત્રોનો એક ભંડાર મળી આવેલ. ચીનથી ભારત આવનાર ચીની યાત્રીઓ પૈકી ફાહિયાન અને યુઅન-શ્વાંગે પોતાના માર્ગમાં આવા અસંખ્ય વિહારો જોયાની નોંધ કરેલી છે.

### ચીન

એ જ રીતે બૌદ્ધધર્મે ચીનને પણ ભારત સાથે સાંસ્કૃતિક સંબંધોથી બાંધી લેતાં (ઈ.સ. પૂર્વે બીજી સદી) ચીનમાં બૌદ્ધ-ધર્મ દાખલ થયો. ચીની શહેનશાહ મિંગ-તિ-એ બૌદ્ધધર્મને રાજ્યાશ્રય આપી રાજ્યધર્મ બનાવ્યો. ચીનમાં બૌદ્ધધર્મના પ્રચાર માટે ધર્મરત્ન અને કશ્યપમાતંગ જેવા બૌદ્ધધર્મ પ્રચારકોએ કામ કર્યું. ઈસુની ચોથી સદી સુધીમાં ચીનમાં બૌદ્ધધર્મ રાજાઓ, સામંતો, જમીનદારો અને લોકોમાં પોતાનું સ્થાન જમાવી ચૂક્યો હતો. ભારતમાંથી આચાર્ય કુમારજીવ તેમજ ધર્મમિત્ર, ગુણભદ્ર, ઉપશૂન્ય, ધર્મગુપ્ત વગેરે આચાર્યો અને પંડિતોએ ચીનમાં બૌદ્ધગ્રંથોના ભાષાંતરો કર્યાં. તો બુદ્ધયશ અને બુદ્ધભદ્ર જેવા પંડિતોએ સ્થાપેલ ''અભિતાભ'' પંથ આજે પણ ચીન તથા દૂર પૂર્વના દેશોમાં જળવાઈ રહ્યો છે. તેવી જ રીતે ચીનમાંથી બુદ્ધની પવિત્ર ભૂમિની યાત્રા કરવા, બૌદ્ધસાહિત્યનો અભ્યાસ કરવા અને બૌદ્ધધર્મ ગ્રંથોની નકલ મેળવવા માટે અનેક ચીની યાત્રાળુઓ મુશ્કેલી વેઠીને ભારતમાં આવ્યા. તેમાં ફાહિયાન, યુઅન-શ્વાંગ અને ઇ-ત્સિંગ વગેરે મુખ્ય ગણાવી શકાય. વિશ્વમાં સૌથી પ્રાચીન પેગોડા ચીનમાં હોનાન પ્રાંતમાં સુંગયોસુ નામનો બંધાયો, જેમાં 15 માળ છે.

### તિબેટ

ઈસુની છઠ્ઠી સદી સુધી તો ભારતનો તિબેટ સાથે બહુ સંપર્ક ન હતો. સાતમી સદીમાં તિબેટના રાજવી ત્સોન-ત્સાન-ગેમ્પોને બે રાણીઓ (એક ચીનની અને બીજી નેપાળની) હતી, જે બૌદ્ધધર્મ પાળતી. તેથી રાજાએ પણ બૌદ્ધધર્મ સ્વીકાર્યો અને તેને રાજ્યાશ્રય મળ્યો. આ રાજવીએ તિબેટમાં 900 જેટલા મઠો બંધાવ્યા. તેણે ભારતમાંથી બૌદ્ધ આચાર્યો અને પંડિતોને પણ નિમંત્ર્યા. તેથી નાલંદાના પ્રખ્યાત બૌદ્ધ આચાર્ય શાંતરક્ષિત તિબેટમાં ગયા. નાલંદાના પંડિત પદ્મસંભવે પણ તિબેટની યાત્રા કરી. ત્યાં તેમણે તાંત્રિક પંથની સ્થાપના કરી. વળી તિબેટમાંથી પણ ભારતમાં બૌદ્ધધર્મનો અભ્યાસ કરવા અનેક સાધુઓ આવતા.

### દક્ષિણ-પૂર્વ (અગ્નિ) એશિયાના દેશો

અગ્નિ દિશામાં ભારતથી હજારો કિલોમીટર દૂર આવેલા હિંદીચીન, સિયામ, જાવા, સુમાત્રા, બાલિ, બોર્નિયો (ઇન્ડોનેશિયા), કંબોડિયા, ચંપા જેવા દેશોમાં ભારતીય સંસ્કૃતિ ફેલાવવાનું માન ભારતના વેપારીઓ અને ધર્મ પ્રવર્તકોને ફાળે જાય છે. ઈ.સ.ની પહેલી સદીથી શરૂ થયેલી અગ્નિ એશિયાની આ વિશાળ ભારતની પ્રવૃત્તિ લગભગ પંદરમી સદી સુધી એટલે કે ચૌદસો વર્ષ સુધી ખીલતી રહી. અંતે પહેલાં મુસ્લિમોએ અને પછી પશ્ચિમની પ્રજાઓએ એ વસાહતોને નષ્ટ કરતાં જગતના ઇતિહાસના એક ભવ્ય પ્રકરણનો અંત આવ્યો.


### જાવા

ભારતીય પુરાણોમાં જાવાનો યવદ્વીપ તરીકે ઉલ્લેખ થયો છે. ભારતમાંથી પાછા વળતા ફાહિયાન જાવામાં રોકાયો હતો. પોતાના અહેવાલમાં તેણે કેટલીક માહિતી આપેલી છે. 'હરિવંશ', રામાયણ, 'પુરાણ' જેવા ગ્રંથો આજ સુધી જાવામાં વંચાય છે. 'રામાયણ' અને 'મહાભારત' ઉપરનાં નાટકોને નૃત્ય દ્વારા ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભજવાય છે. જાવામાંથી વિશ્વની એક અનુપમ પ્રજ્ઞાપારમિતાની મૂર્તિ મળેલી છે. આદિ આર્યસંસ્કૃતિના પ્રચારક અગત્સ્ય મુનિનું જાવામાં મંદિર છે.

### સુમાત્રા (શ્રીવિજય)

અગ્નિ એશિયાના પરાક્રમી રાજવંશોમાં શૈલેન્દ્ર વંશ ખૂબ વિખ્યાત છે. મલાયા, જાવા, સુમાત્રા, બોર્નિયો વગેરે આ વિશાળ સામ્રાજ્યનો એક ભાગ હતા. આ વંશના રાજવીઓએ દરિયાઈ વ્યાપારને ખૂબ જ ઉત્તેજન આપ્યું. આઠમી સદીમાં શૈલેન્દ્ર વંશના રાજાઓએ 400 વર્ષ સુધી જાવા, સુમાત્રા, બાલિ, સિયામ, ફિલિપાઇન્સનાં દ્વીપો ઉપર શાસન કર્યું.

### બોરોબુદુર સ્તૂપ



બોરોબુદુર સ્તૂપ

જાવામાં આવેલો આ વિશ્વવિખ્યાત બૌદ્ધસ્તૂપ પ્રાચીન જગતની એક અજાયબી ગણાય છે. દુનિયાની એ મોટામાં મોટી બૌદ્ધ ઈમારત છે. આ આખો સ્તૂપ એક ગિરિશિખરને કોતરીને બનાવવામાં આવ્યો છે. પાયાથી માંડી શિખર સુધી અદ્‌ભુત શિલ્પકામ થયું છે. જેમાં ''જળાશય'' નામની વિખ્યાત શિલ્પકૃતિ બોરોબુદુરના યાત્રીઓ માટે એક સંભારણું બની રહે છે. આ સ્તૂપની ચારે દિશામાં બુદ્ધની મૈત્રીભાવથી ભરેલી સુંદર પ્રતિમાઓ છે. આવી લગભગ 432 પ્રતિમાઓ તેમાં છે. બોરોબુદુર એ જાવાને આપેલી શૈલેન્દ્ર સમ્રાટોની ભેટ રૂપે હતું. આ સ્તૂપમાં બુદ્ધનાં 504 નાનાં મંદિરો છે.

### કંબોડિયા (કંબોજ)

પ્રાચીન સમયમાં ખ્મેર, ફૂનાન અને કંબોજના નામે આ પ્રદેશ ઓળખાતો હતો. ઈસુની ત્રીજી સદીમાં કૌંડિલ્ય શાખાના એક બ્રાહ્મણે અહીં વસાહત સ્થાપી હતી, જેનું નામ ફૂનાન હતું. સાતમી સદીથી ચૌદમી સદી સુધીના લગભગ સાતસો વર્ષ સુધી તે સર્વાધિક રીતે પ્રસિદ્ધ બન્યું. કંબોજની રાજધાની અંગકોરવાટ આ સમયનું એક ભવ્યતમ નગર હતું. જયવર્મન સાતમો કંબોજનો મહાન રાજવી હતો. તેણે હિંદી ચીન, ચંપાનાં રાજ્યોને જીતીને અંકોરથોમમાં પોતાની નવી રાજધાની બનાવી. આ રાજધાનીને રક્ષણ આપવા માટે તેની ફરતે પથ્થરની ઊંચી દીવાલો બનાવી. તેમાં પાંચ પ્રવેશદ્વાર હતાં. કંબોજના રાજાઓએ ભારતીય મૂલ્યો આધારિત રાજવહીવટ કર્યો. તેમની સરકારી ઈમારતોના નામ સંસ્કૃતમાં રાખવામાં આવેલ હતાં. જેમકે, આરોગ્ય શાળા (હોસ્પિટલ), સરસ્વતી (નિશાળ), પુસ્તકાશ્રમ (પુસ્તકાલય), વિપ્રશાલા (પ્રાર્થનાખંડ) આ નામ આજે પણ પ્રચલિત છે. આ રાજાઓ હિંદુધર્મ પાળતા અને શિવ તથા વિષ્ણુની પૂજા કરતા. શિલ્પ, સ્થાપત્ય અને વાસ્તુકલાના ક્ષેત્રે વિશ્વપ્રસિદ્ધ અંગકોરવાટનું મંદિર તત્કાલીન રાજવી સૂર્યવર્મન બીજાએ બનાવ્યું.

### અંગકોરવાટનું મંદિર

હેન્રી મૌહાઉટ નામના ફ્રેંચ પ્રકૃતિવિજ્ઞાનીના એક અહેવાલ પર આધારિત સમાચારોથી દુનિયાભરમાં સનસનાટી મચી ગઈ. હેન્રી મૌહાઉટે જણાવ્યું હતું કે, કંબાડિયાનાં જંગલો વચ્ચે તેમણે એક એવું મંદિર શોધી કાઢ્યું છે કે જેની ભવ્યતા ગ્રીસ કે રોમમાં મળી આવેલી ઈમારતો કરતાં પણ ઘણી વધારે હતી. તેણે જણાવ્યું હતું કે અંગકોરવાટ નામે ઓળખાતા એ દેવળની તુલના માત્ર જગવિખ્યાત સોલોમાનના દેવળ સાથે જ થઈ શકે. તે પૂર્વવિશ્વના કોઈક માઇકલ એન્જેલો જેવા પ્રતિભાશાળી સર્જકે બાંધ્યું હોવું જોઈએ. થોડા જ સમયમાં જાણવા મળ્યું કે અંગકોરવાટ એકલુંઅટૂલું નથી, પરંતુ લગભગ 45 ચોરસ



અંગકોરવાટ મંદિર

કિલોમીટર વિસ્તારમાં બંધાયેલાં (ઈ.સ. 800થી 1200 ના ગાળામાં) દેવાલયોના ભવ્ય સંકુલનો એક ભાગ છે. અંગકોરવાટ એશિયામાં આવેલું મંદિરોનું વિશાળ સંકુલ છે. બીજાં સેંકડો આવાં અદ્‌ભુત મંદિરો અંગકોરવાટની આસપાસનાં જંગલોમાં મળી આવ્યાં છે. તે જોતાં જણાય છે કે, આશરે સને 1000 ના ગાળામાં અંગકોરવાટ દુનિયાનું સૌથી મોટું શહેર હશે. ખ્મેર રાજાઓના સમયમાં ત્યાંની પ્રજામાં કલા અને સ્થાપત્યકળાની શક્તિઓ કેટલી અદ્‌ભુત હતી કે તેમણે આવું ભવ્ય દેવાલયોવાળું શહેર બાંધ્યું હશે, એ વિચારવું રહ્યું.

## ચંપા (અન્નામ)

હાલના વિયેતનામ દેશમાં આ રાજ્ય આવેલું હતું. સાતમીથી દસમી સદીની વચ્ચેનાં 300 વર્ષો દરમિયાન (અહીંના ભારતીય મૂળના રાજાઓએ) આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત કરી. ચંપાપુર અને ઇન્દ્રપુર નામની બે રાજધાનીઓ અને વિજ્યા, પાંડુરંગા અને અમરાવતી જેવા વિભાગો હતા. ચંપાની રાષ્ટ્રભાષા સંસ્કૃત હતી. શિલાલેખો કે દસ્તાવેજો સંસ્કૃતમાં લખવામાં આવતા. અહીંના લોકોનો મુખ્ય ધર્મ શૈવધર્મ હતો. રાષ્ટ્રીય દેવતાના રૂપમાં શિવલિંગની પૂજા થતી. ભગવાન શિવને રાજધાની અને રાજ્યના મુખ્ય રક્ષણહાર દેવ માનવામાં આવતા. ભારતીય સંસ્કૃતિની ગાથા ગાતા ભવ્ય શિવમંદિરો માઇસન અને પો-નગરમાં આજે પણ સ્થિત છે. ભારતના વિશિષ્ટ ભૌગોલિક સ્થાનના કારણે ભારતીય સંસ્કૃતિનો ફેલાવો પશ્ચિમ, મધ્ય પૂર્વ અને અગ્નિ એશિયાના દેશોમાં આસાનીથી થઈ શક્યો છે. ઉપરાંત બૌદ્ધધર્મ અને વ્યાપારી પ્રવૃત્તિઓને કારણે પ્રાચીન સમયમાં ભારતને ''વિશાળ ભારતનું'' નામ પ્રાપ્ત થયું હતું. ભારતીય પ્રજાએ સિંધુ સંસ્કૃતિના સમયથી ઇરાન, મેસોપોટેમિયા (ઇરાક), ઇજિપ્ત, ગ્રીસ તથા રોમ સાથે વેપારી સંબંધો સ્થાપ્યા.

## વિશ્વ સાથે વેપાર-વાણિજ્ય

વર્તમાન ઇન્ડોનેશિયાનો દ્વીપસમૂહ પ્રાચીન ભારતના લોકો માટે અજાણ્યો ન હતો. ભારતના સાગરખેડૂ વેપારીઓ અઢળક ધન કમાવા માટે જાવા, સુમાત્રા અને બાલિની મુલાકાતે જતા. અલબત, હિંદી મહાસાગરમાં અઢી-ત્રણ હજાર કિલોમીટર લાંબી સફર ખેડીને છેક જાવા ટાપુ સુધી પહોંચવું અને ફરી પાછો મહાસાગર ઓળંગી સ્વદેશ પાછા ફરવું એ ઘણું જોખમી હતું, માટે આપણે ત્યાં જાવા વિશે નીચે મુજબની એક જાણીતી કહેવત જોવા મળે છે.

**''જાવા જે કો નર ગયો, ના'વે મંદિર માંય,**
**જો આવે જાવા થકી, પરિયાના પરિયા ખાય.''**

(પરિયા એટલે વંશજો. ઇન્ડોનેશિયાના જાવામાં અમુક વર્ષ વિતાવીને પાછા આવનારા લોકો પેઢી દર પેઢી ચાલે એટલું ધન કમાઈ લાવતાં હતાં.) જે પ્રવાસી જાવાની સફરે જાય તે ભાગ્યે જ હેમખેમ પાછો આવતો, એટલી જોખમી સફર રહેતી. પણ જો ભાગ્યબળે પાછો આવે તો, એની પેઢીઓની પેઢી બેઠાં બેઠાં ખાય એટલું ધન એ કમાઈ લાવતો. આ ઉક્તિ, ભારતમાં દરિયાઈ-વ્યાપાર કેટલા મોટા પાયા પર ચાલતો હશે એનો ખ્યાલ આપી રહે છે.

**સમૃદ્ધ ભારત**

**વેપાર :** રોમ, મધ્ય એશિયા, જાવા, સુમાત્રા, ચીન, લંકા

**બંદરો :** પૂર્વમાં - તામ્રલિપ્તિ, પશ્ચિમમાં - ભૃગુકચ્છ, કલ્યાણ, ખંભાત, દક્ષિણમાં - સોપારા, કાવેરીપટ્ટમ

**આયાત :** કીમતી પદાર્થો, સુગંધિત દ્રવ્યો, કાચનાં વાસણો, સોનુ (ઓછા ભાવે મળતું)

**નિકાસ :** મલમલ, સુતરાઉ કાપડ, હીરા, રત્નો, હાથીદાંત, તેજાના, મુલાયમ કાપડ, ઝવેરાત (ઊંચી કિંમતે વેચાતી)

**ઉદ્યોગનાં કેન્દ્રો :** વિદિશા, નાસિક, વૈજન્તી

**સમૃદ્ધ શહેરો :** પાટલીપુત્ર, કનૌજ, પ્રયાગ, વૈશાલી, ગયા, સ્તંભતીર્થ (ખંભાત), વલભી

## દેશોના વિશેષ સંદર્ભ સાથે વિશ્વ સંસ્કૃતિ ઉપર અસર

ભારતની હિંદુ સંસ્કૃતિના પ્રભાવ નીચેના તત્કાલીન સુવર્ણદ્વીપ અને હાલના ઇન્ડોનેશિયાના વિવિધ પ્રદેશો પર ભારતના સમ્રાટોએ લાંબો સમય રાજ કર્યું. સંસ્કૃત ભાષાના ઘણા શબ્દો ઇન્ડોનેશિયાની રાષ્ટ્રભાષામાં છે. અમુક શબ્દોના ઉચ્ચારો થોડાઘણા જુદા થાય છે, પરંતુ શબ્દનો અર્થ બદલાતો નથી. સક્તિ (શક્તિ), વનિતા (સ્ત્રી), સૂત્રધારી (સૂત્રધાર), ગજહ (હાથી), નરક (નર્ક), બૂમિ (ભૂમિ), પુત્રી (પુત્રી), ગુરુ (ગુરુ), રાકસસ (રાક્ષસ), પુવાસા (ઉપવાસ), બ્રત (વ્રત), ગરુડ (ગરુડ), ઇન્ડોનેશિયાની એરલાઇન્સનું નામ ગરુડ એરવેઝ છે. આજથી લગભગ 1300 વર્ષ પહેલાં જાવા, બાલિ, સુમાત્રા અને બોર્નિઓ એકબીજા કરતાં જુદા અને સ્વતંત્ર પ્રદેશો હતા. ભારતથી ગયેલા મહારાજા શૈલેન્દ્રએ આઠમી સદીમાં તેમના પર વિજય મેળવીને પોતાનું વિશાળ સામ્રાજ્ય ખડું કર્યું, જે વખત જતાં શ્રીવિજય સામ્રાજ્ય તરીકે જાણીતું બન્યું. મહારાજા શૈલેન્દ્ર જે પોતાને 'શ્રી મારાજ' તરીકે ઓળખાવતો હતો. ઇન્ડોનેશિયાની મુલાકાત લેતા આરબ સોદાગરોએ

લખેલી તવારીખ મુજબ શૈલેન્દ્રના સામ્રાજ્યની વાર્ષિક આવક 200 મણ સોના જેટલી હતી. રોજ સવારે પૂજાપાઠ કર્યા બાદ એ મહારાજા 'નૈવેદ્ય' તરીકે સોનાની એક ઈંટ તેના મહેલ નજીક આવેલા સરોવરમાં પધરાવતો હતો. ઇન્ડોનેશિયામાં શૈલેન્દ્ર વંશનું રાજ 11 મી સદીના અંત સુધી રહ્યું. એ પછી દક્ષિણ ભારતના ચોલવંશી મહારાજા રાજેન્દ્રએ પોતાના નૌકાદળ વડે અનેક હુમલા કરી શૈલેન્દ્રના સામ્રાજ્યને પાંગળું બનાવી દીધું. ઇન્ડોનેશિયામાં આજે પણ દર વર્ષે સીતાસ્વયંવર, રામના વનવાસગમન, ભરતમિલાપ, સીતાના અપહરણ, જટાયુવધ, લંકાદહન, રામ-રાવણ યુદ્ધ વગેરેના પ્રસંગો સાથે રામાયણનાં નાટકો ભજવાય છે. ઇન્ડોનેશિયા આજે મહદંશે ઇસ્લામ ધર્મ પાળતો દેશ છે. છતાં આજે પણ એ ટાપુ પર રામાયણ ભજવાય છે એટલું જ નહિ, પણ મંત્ર, જપ, શ્લોકો અને ધૂપદીપ વડે પૂજાઓ થતી રહે છે, જેને ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ કહી શકાય.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) ગુપ્તયુગ અને હર્ષકાલીન સંસ્કૃત સાહિત્ય રચનાનો વિગતે પરિચય કરાવો.

(2) આર્યભટ્ટ અને વરાહમીહિરની સિદ્ધિઓ આલેખો.

(3) 'નાલંદા વિદ્યાપીઠ એ વિશ્વવિદ્યાપીઠ હતી.' - વિગતે ચર્ચા કરો.

(4) ગુપ્ત સમય દરમિયાન સ્થાપત્ય, શિલ્પ અને ધાતુકામનો એક-એક નમૂનો પસંદ કરો અને દરેકનાં વર્ણનરૂપે પાંચ વાક્યો લખો.

(5) હર્ષકાલીન સમાજની સ્ત્રીઓની સ્થિતિની સમીક્ષા કરો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) મહાકવિ કાલિદાસે મુખ્યત્વે કયા-કયા ગ્રંથો લખ્યા હતા?

(2) પ્રાચીન ભારતમાં દુનિયાનાં કયા-કયા દેશોમાં હિંદુ સંસ્કૃતિનો પ્રસાર થયો હતો?

(3) પ્રાચીન ભારતમાં કઈ-કઈ ગુફાઓનું નિર્માણ થયું હતું?

(4) કોણે પારાની ભસ્મ બનાવી ઔષધ તરીકે વાપરવાની ભલામણ કરી હતી?

(5) પ્રાચીન સમયમાં કંબોડિયા કયા નામથી ઓળખાતું? ત્યાં ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ કઈ રીતે જણાય છે?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) પ્રાચીન યુગના ભારતનો છેલ્લો મહાન રાજવી કોણ હતો?

(A) પૃથ્વીરાજ ચૌહાણ (B) સમ્રાટ હર્ષવર્ધન (C) સમ્રાટ અશોક (D) સમુદ્રગુપ્ત

(2) ગણિતશાસ્ત્રના પિતા કોણ ગણાય છે?

(A) વરાહમિહિર (B) ભાસ્કરાચાર્ય (C) આર્યભટ્ટ (D) બ્રહ્મગુપ્ત

(3) સમ્રાટ ચંદ્રગુપ્ત (વિક્રમાદિત્ય) દ્વારા બંધાયેલા ધાતુનો વિજયસ્તંભ ક્યાં આવેલો છે?

(A) દિલ્હી (B) કનોજ (C) સારનાથ (D) નાલંદા

(4) સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં કયો ચીની પ્રવાસી ભારતમાં આવ્યો હતો?

(A) યુઅન-શ્વાંગ (B) ફાહિયાન (C) ઇત્સિંગ (D) અલબેરુની

(5) વર્તમાન વિયેટનામ પૂર્વે કયા નામથી ઓળખાતું હતું?

(A) ચંપા (B) કંબોડિયા (C) જાવા (D) સુમાત્રા

•

# 11 હર્ષવર્ધન પછીના સમયમાં ભારતીય સમાજ અને સંસ્કૃતિ
## (ઈ.સ. 700 થી ઈ.સ. 1200 સુધી)

સામાન્યતઃ ઈસુની 7મીથી 19મી સદી સુધીના સમયગાળાને ભારતનો મધ્યયુગ કહેવામાં આવે છે. એ સમયમાં ભારતમાં રાજપૂતો, તુર્કો, અફઘાનો, મુઘલો, મરાઠા વગેરે જાતિનાં રાજ્યો સ્થપાયાં હતાં. ઈસુની 7મીથી 12મી સદી દરમિયાન ભારતમાં અનેક નાનાં-મોટાં સ્વતંત્ર રાજ્યો સ્થપાયાં. એમાંના મોટા ભાગનાં રાજ્યો રાજપૂત રાજ્યો હતાં. આથી ભારતના ઈતિહાસમાં એ સમયને રાજપૂત યુગ કહે છે.

ઈસુની 7મી સદીમાં ઉત્તર ભારતમાં સમ્રાટ હર્ષવર્ધન અને દક્ષિણ ભારતમાં પુલકેશી બીજો - આ બે મહાન રાજાઓ થઈ ગયા. હર્ષ અને પુલકેશીના મૃત્યુ પછી ઉત્તર કે દક્ષિણ ભારતમાં કોઈ બળવાન રાજા ન હોવાથી તેમના વિશાળ સામ્રાજ્યના ટુકડા થઈ ગયા, જેમાંથી અનેક નાનાં-મોટાં રાજપૂત રાજ્યો સ્થપાયાં.

આ રાજપૂતો ટેકીલા, બહાદુર, સાહસિક અને લડાયક હતા. શૌર્ય અને સ્વાર્પણની ભાવના તેમના લોહીમાં વણાયેલી હતી. તેઓ પોતાના વતન અને વચન માટે સર્વસ્વનો ભોગ આપતા અચકાતા નહિ. દેશ અને ધર્મ ખાતર યુદ્ધભૂમિમાં લડતાં-લડતાં મૃત્યુ પામવામાં તેઓ ગૌરવ અનુભવતા. તેઓ ગૌ-બ્રાહ્મણ પ્રતિપાલક હતા. તેમની સ્ત્રી-સન્માનની ભાવના ઊંચી હતી. યુદ્ધમાં હારવાને સમયે પણ પીછેહઠ કરવાને બદલે તેઓ કેસરિયાં કરતા. તેમણે ભારતીય સંસ્કૃતિના વારસાને સમૃદ્ધ બનાવ્યો છે.

### ભાષા અને સાહિત્ય

**સંસ્કૃત :**

7મી સદીમાં હજુ સંસ્કૃતે મુખ્ય ભાષા તરીકે પોતાનું સ્થાન ટકાવી રાખ્યું હતું. આ સમયે 'રામાયણ' અને 'મહાભારત' પ્રેરિત કાવ્યગ્રંથો લખાયા. કવિ જયદેવે 'ગીતગોવિંદ' નામે ગ્રંથ લખ્યો, જે સંસ્કૃતનો સુંદરમાં સુંદર કાવ્યગ્રંથ ગણાય છે. 'ગીતગોવિંદ'ની પ્રસ્તુતિ ભારતની બધી ભાષાઓની સંગીત શૈલીઓમાં અને નૃત્ય શૈલીઓમાં થયેલી છે. યુરોપની 20 ભાષાઓમાં આ ગ્રંથનું ભાષાંતર થયેલું છે. તો કવિ કલ્હણનો કાશ્મીરના ઈતિહાસને આલેખતો કાવ્યાત્મક પદ્યશૈલીમાં રચેલો મહત્ત્વપૂર્ણ ગ્રંથ એટલે 'રાજતરંગિણી'. આ ગ્રંથ ભારતનો સર્વપ્રથમ માન્ય ઐતિહાસિક ગ્રંથ છે. ચાલુક્ય રાજા વિક્રમાદિત્ય છઠ્ઠાના જીવન-કવન પર આધારિત 'વિક્રમાંકદેવચરિત' આ યુગમાં લખાયો. તેમજ દક્ષિણ ભારતમાં સંસ્કૃત સાહિત્યની મોટા પ્રમાણમાં રચના થઈ. રાજશેખરે 'બાલરામાયણ' નામે નાટ્યકૃતિ લખી. વિષ્ણુગુપ્તશર્માએ 'હિતોપદેશ' નામે બાલવાર્તાઓનો સંગ્રહયુક્ત ગ્રંથ લખ્યો.

### પ્રાદેશિક ભાષા

આ સમયે સ્વતંત્ર નવાં રાજ્યોના ઉદય સાથે પ્રાદેશિક ભાષાને ઉત્તેજન મળતા વિવિધ ભાષાઓમાં સાહિત્યસર્જન થયું. 9મી સદીમાં અપભ્રંશ નામે ઓળખાતી પ્રાદેશિક ભારતીય ભાષાઓનો વિકાસ શરૂ થયો. હિન્દી, કન્નડ, તમિલ, તેલુગુ, અવધી, મૈથિલી, ખડીબોલી તેમજ ગુજરાતી ભાષામાં (અપભ્રંશ) ગ્રંથો લખાયા.

**હિન્દી :**

હિન્દી સાહિત્ય જગતમાં વીરગાથા યુગનો પ્રારંભ આ સમયથી થયો. 'આલ્હા', 'ઉદલ' રાસો એ સમયની વીરગાથાઓ છે, જે રાજપૂતાનાનાં ક્ષેત્રોમાં લખાઈ.

**કન્નડ :**

આ યુગમાં કન્નડ સાહિત્ય મોટાભાગે જૈનધર્મ આધારિત રચાયું. કવિ પંપ, પોન્ના અને રન્નાને કન્નડ સાહિત્યનાં 'ત્રિરત્ન' કહેવામાં આવે છે.

**તમિલ અને તેલુગુ :**

કવિ નનૈયા એ તેલુગુ કવિ હતા. તેમણે મહાભારતનો તેલુગુમાં અનુવાદ કર્યો હતો. નયનાર (શૈવ) સંતોનાં ગીતો 'તિરુવસંગમ' 'તિરુત્તોદતોગઈ' અને 'તિરુમંદિરમ્' ગ્રંથમાં સમાવાયા. અલવાર (વૈષ્ણવ) સંતોનાં ગીતો 'નલયિર દિવ્ય પ્રબંધ' નામના ગ્રંથ સંગૃહીત થયા.

## પૂર્વ મધ્યકાલીન ભાષાની સાહિત્યકૃતિઓ

| ભાષા | રચના | રચયિતા |
|---|---|---|
| સંસ્કૃત | સોમદેવ | કથાસરિત્સાગર (11 મી સદીમાં) |
| સંસ્કૃત | કલ્હણ | રાજતરંગિણી (11 મી સદીમાં) |
| સંસ્કૃત | જયદેવ | ગીતગોવિંદ (11 મી સદીમાં) |
| સંસ્કૃત | શંકરાચાર્ય | ભાષ્ય |
| હિન્દી | ચંદ બરદાઈ | પૃથ્વીરાજરાસો |
| કન્નડ | નૃપતુંગ | કવિરાજમાર્ગ |
| કન્નડ | પંપા | આદિપુરાણ |
| કન્નડ | પોન્ના | શાંતિપુરાણ |
| કન્નડ | રન્ના | અજિતનાથ પુરાણ |
| - | કૃષ્ણમિશ્ર | પ્રબોધચંદ્રોદય (નાટક) |
| - | રાજશેખર | કર્પૂરમંજરી (9 મી સદીનું નાટક) |
| - | નારાયણ ભટ્ટ | વેણીસંહાર (8 મી સદી) |
| - | બિલ્હણ | ચૌરપંચાશિકા (મહાકાવ્ય - 11 મી સદી) |

ભારતમાં આ સમયનું પ્રથમ પુસ્તક (ઈ.સ. 704) બૌદ્ધગ્રંથ 'ધરણીસૂત્ર' છે. 10મી સદીમાં કવિ ધનપાલરચિત 'ભવિસતકાહા' કૃતિ ગુજરાતી ભાષાની પ્રથમ કૃતિ મનાય છે. 11મી સદીમાં થયેલા રાજાભોજ 'કવિરાજ' કહેવાતા. તેમનાં સમયમાં લખાયેલ 'સરસ્વતી કંઠાભરણ' ભાષા-વ્યાકરણનો ગ્રંથ ખાસ નોંધપાત્ર છે. 12મી સદીમાં સંત જ્ઞાનેશ્વરે મરાઠીમાં ગીતા લખી હતી.

જૈનધર્મમાં પણ આ સમયે ઘણા ગ્રંથો લખાયા હતા. જેમાં (ઈ.સ. 783) દિગંબર, જિનસેનસુરીએ 'હરિવંશપુરાણ' નામે મહાકાવ્યની રચના કરી હતી. હેમચંદ્રાચાર્યે લખેલ 'સિદ્ધહૈમ શબ્દાનુશાસન' નામે વ્યાકરણગ્રંથ પ્રસિદ્ધ છે. આ ગ્રંથને હાથીની અંબાડી પર મૂકી રાજવી સિદ્ધરાજ જયસિંહ તથા હેમચંદ્રાચાર્યએ ખુલ્લા પગે ચાલીને તેની શોભાયાત્રા કાઢી. તે ઉપરાંત હેમચંદ્રાચાર્યે 'દ્વયાશ્રય' નામે ગ્રંથ લખ્યો, જે ગુજરાતી ભાષામાં લખાયેલ ઈતિહાસગ્રંથ છે. કેટલાક જૈન સાધુઓએ રાજાઓનાં જીવનચરિત્રો પણ સંસ્કૃતમાં લખ્યાં છે.

### ધર્મ અને ચિંતન

આ યુગને આચાર્યયુગ પણ કહે છે. આ સમય આચાર્યો અને ધર્મગુરુઓનો હતો, જેમણે ભારતીય સંસ્કૃતિના વૈચારિક વહેણને નવી દિશા આપી. તેમાં કુમારીલ ભટ્ટ, શંકરાચાર્ય, ઉત્પલાચાર્ય, ઉદયનાચાર્ય, ગોરખનાથ, રામાનુજાચાર્ય સંતજ્ઞાનેશ્વર, હેમચંદ્રાચાર્ય (11મી) મુખ્ય છે.

દક્ષિણ ભારતના તમિલ સંતોએ વિષ્ણુભક્તિનો મહિમા વધારી હિંદુ ધર્મમાં ભક્તિ-સંપ્રદાયનો આરંભ કર્યો. ઈશ્વરની ભક્તિથી મોક્ષ મળી શકે છે, એવો ભક્તિમાર્ગના સંતોએ લોકોને પ્રાદેશિક ભાષામાં ઉપદેશ આપ્યો. રામાનુજાચાર્યે (ઈ.સ. 1017 થી 1137) 'ભક્તિસંપ્રદાય'નો ખૂબ પ્રચાર કર્યો. તેમણે પોતાના ઉપદેશમાં માનવ-માનવ વચ્ચે સમાનતા સ્થાપવા અનુરોધ કર્યો. આ યુગમાં શંકરાચાર્યે દ્વારિકા, બદ્રીનાથ, કાંચી અને જગન્નાથપુરીમાં ચાર મઠોની સ્થાપના કરી હિંદુ ધર્મનો મહિમા વધાર્યો. ચાર દિશામાં મઠો સ્થાપવાની વિશેષતા એ હતી કે, અખંડ ભારતનું ઐક્ય બની રહે. તેમણે રચેલાં ઉપનિષદો, બ્રહ્મસૂત્રો અને ગીતા આ ત્રણ ગ્રંથને 'પ્રસ્થાનત્રયી' કહે છે, તેના ઉપર તેમણે 'ભાષ્ય' લખ્યું. ત્યારપછી બધા જ આચાર્યોએ તે પરંપરા જાળવી રાખી. ત્યારપછી બૌદ્ધધર્મનું પતન થયું. તે પૂર્વ ભારત પૂરતો મર્યાદિત બન્યો. ગુજરાત અને

રાજસ્થાનમાં જૈનધર્મનો ઉદય થયો. જૈનધર્મ ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો. ગુજરાતમાં હેમચંદ્રાચાર્ય નામના જૈનધર્મના મહાન વિદ્વાન આચાર્ય થઈ ગયા. તેમણે અને તેમના વિદ્વાન શિષ્યવૃંદ ઉપરાંત અન્ય જૈન આચાર્યોએ જૈનધર્મને લોકભોગ્ય બનાવ્યો. તો સિંધપ્રદેશમાં 10મી સદીમાં સંત ઝૂલેલાલ થઈ ગયા. તેમણે સિંધના શાસકોના અન્યાયી ત્રાસમાંથી હિંદુ-મુસ્લિમોને છોડાવી નિર્ભય બનાવ્યા, તેથી હિંદુ-મુસ્લિમ તેમની ઉપાસના કરવા લાગ્યા. તેમનો જન્મદિવસ 'ચેટીચાંદ' તરીકે ઉજવાય છે.


આદિ શંકરાચાર્ય

હર્ષવર્ધનના સમય પછી મોટાભાગના રાજાઓ હિંદુધર્મ તરફ વળ્યા. આદ્યશંકરાચાર્યએ લોકોમાં હિંદુ ધર્મ પ્રત્યે શ્રદ્ધાનો સંચાર કર્યો. હિંદુ ધર્મમાં એમણે અનેક સુધારા કર્યા. બૌદ્ધ અને જૈનધર્મનો કેટલાંક લોકપ્રિય તત્ત્વોની રીતરસમો એમણે અપનાવી લીધી. શંકરાચાર્યે લોકોને પરમાત્મા સાથે એકરૂપ થવાની અદ્વૈત સાધવાની શીખ આપી. તેમણે અદ્વૈતવાદનો સિદ્ધાંત આપી હિંદુધર્મનું પુનરુત્થાન કર્યું.

હિંદુધર્મમાં પ્રાચીન દેવદેવીઓને બદલે હવે નવા દેવોની પૂજા શરૂ થઈ. મહાવીર સ્વામી અને ગૌતમ બુદ્ધને પણ લોકો દેવના અવતાર તરીકે પૂજવા લાગ્યા. આમ, મધ્યયુગની શરૂઆત મૂર્તિપૂજાથી થઈ. આખા હિન્દુસ્તાનમાં ઠેર-ઠેર અનેક દેવદેવીઓનાં નાનાં-મોટાં મંદિરો બંધાવાં લાગ્યાં. કાશ્મીર, કનોજ, પાટણ અને ધારાનગરીના રાજાઓએ તથા દક્ષિણ હિંદમાં રાષ્ટ્રકૂટ, પલ્લવ અને ચોલ રાજાઓએ વિદ્વાનોને સારો આશ્રય આપ્યો. વલભીના મૈત્રક રાજાઓ અને અન્ય રાજવીઓ પોતાને પરમ માહેશ્વર (શિવના ઉપાસક) ગણાવતા. આ સમયમાં ગુજરાતમાં શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ અને જૈનધર્મનો અભ્યુદય થયો.

| આદ્યશંકરાચાર્ય | કુમારિલ ભટ્ટ |
|---|---|
| - જન્મ ઈ.સ. 788 કેરલના કાલડી ગામે | - 8 મી સદીમાં આસામમાં જન્મ |
| - 'બ્રહ્મ સત્ય-જગત મિથ્યા' નું સૂત્ર | - કર્મ અને ભક્તિનો ઉપદેશ આપ્યો. |
| - આ જગત ભ્રામક છે, ખરું તત્ત્વ તો બ્રહ્મ છે. | - જ્ઞાન કરતા ધાર્મિકક્રિયાનું વધુ મહત્ત્વ દર્શાવ્યું. |
| - જીવ અને બ્રહ્મ એક જ છે. અદ્વૈતવાદ'નો સિદ્ધાંત આપ્યો. | - તેમણે વિશિષ્ટ દ્વૈતનો સિદ્ધાંત આપ્યો. |
| - તેઓ જ્ઞાનમાર્ગના હિમાયતી હતા. | - કર્મકાંડ, યજ્ઞોને પ્રચલિત કર્યાં. |
| - સન્યાસમાર્ગને મહત્ત્વ | |

ટૂંકમાં, આ યુગમાં મહાન રાજવીઓ રાજેન્દ્ર ચોલ, મિહીર ભોજ, રાજા ભોજ, સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ વગેરેએ સદ્ભાવપૂર્ણ ધર્મ-અધ્યાત્મની પરંપરાને જાળવી રાખી હતી.

દક્ષિણમાં અલવાર (વૈષ્ણવ) સંતો અને નયનાર (શૈવસંતો)ના નેતૃત્વ નીચે દક્ષિણ ભારતમાં ભક્તિઆંદોલનને વેગ મળ્યો. અહીં કાલી માતા, દુર્ગા, અંબા-ભવાની વગેરે શક્તિઓની પૂજા અને ઉપાસના થતી. આ સિવાય સૂર્યપૂજા ખૂબ જ પ્રચલિત બની. તેથી કેટલાક તત્કાલીન રાજાઓ પોતાને 'આદિત્ય(સૂર્ય)ભક્ત' કહેવડાવતા.

ટૂંકમાં, સમ્રાટ અશોકના સમયથી બૌદ્ધધર્મને મળેલા રાજ્યાશ્રયને લીધે બૌદ્ધવિહારોમાં દાખલ થવાના અનેક પ્રલોભનો ઊભાં થયાં. વિહારોમાં ગયા પછી જીવનનિર્વાહનો પ્રશ્ન રહેતો ન હોવાથી કેટલાંક સ્ત્રી-પુરુષો પણ પીળાં વસ્ત્રો પહેરતાં થયાં. આથી પુરુષાર્થની ભાવના ધીમી પડી અને એશ-આરામ દાખલ થયાં. તો બીજી બાજુ હિન્દુ ધર્મમાં રામાયણ-મહાભારત, ભગવદ્ગીતા, પુરાણ, સ્મૃતિગ્રંથો આદિ પ્રાણવાન સાહિત્યનું સર્જન થયું. જ્યારે બૌદ્ધધર્મમાં અશ્વઘોષ જેવા સાહિત્યકારને બાદ કરતાં બીજી કોઈ પ્રતિભાશાળી વિભૂતિઓ પેદા થઈ શકી નહિ. આને પરિણામે ઈસુની 9મી સદીમાં આદ્યશંકરાચાર્યે બૌદ્ધધર્મને ભારતમાંથી નિર્મૂળ કરવાનું કાર્ય કર્યું.

## સામાજિક સ્થિતિ

હર્ષકાલીન સમયમાં જે રીતની સમાજવ્યવસ્થા હતી, તેમાં કોઈ ફેર પડ્યો ન હતો. તહેવારો અને ઉત્સવો તેમજ તીર્થયાત્રાઓ કરવાનું ચલણ વધ્યું. અનેક નવી જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ તેમજ સુથાર, લુહાર, ભાટ, ચારણ, ભરવાડ, વણઝારા, સાળવી, વણકર જેવી કેટલીક ધંધાદારી જ્ઞાતિઓ ઉદ્ભવી. જ્ઞાતિઓ અને કુળો વચ્ચે પૂર્વગ્રહો અને મિથ્યાભિમાન વધતાં સમાજમાં ઊંચનીચના ભેદભાવો વધ્યા. સમાનતા અને ભાઈચારાની ભાવના ઘટતી. આ યુગની શરૂઆતમાં સ્ત્રીઓ પ્રત્યે સન્માનની ભાવના પ્રવર્તતી હતી. સ્ત્રીઓ પોતાની પસંદગીની તેમજ આંતરજ્ઞાતીય લગ્નો કરી શકતી ન હતી. સમય જતાં સમાજમાં જ્ઞાતિબંધનો વધી ગયાં. બાળકીને જન્મતાંવેંત દૂધ પાઈને મારી નાખવાનો અને સતી થવા જેવા કુરિવાજો પ્રચલિત બન્યા.

સમાજમાં બ્રાહ્મણોએ સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શૂદ્રોની સ્થિતિ તો સૌથી વધુ દયાજનક બની. અસ્પૃશ્યતાનો રિવાજ આ જમાનામાં હતો. પરંતુ સમાજના મુક્ત વાતાવરણમાંથી સ્ત્રીઓ ઘરની ચાર દીવાલો વચ્ચે ધકેલાઈ જવા લાગી હતી.

સ્ત્રીઓને સંપત્તિમાં વારસદાર તરીકે અધિકાર હતો. વિધવાનાં પુનઃલગ્ન થઈ શકતાં. મુસ્લિમોનું આગમન થતાં પડદા- પ્રથા અમલમાં આવી. દક્ષિણ ભારતમાં સ્ત્રીઓ ઊંચું સ્થાન ધરાવતી માટે જ તત્કાલીન રાજમહેલમાં સ્ત્રી-હિસાબનીશો, સ્ત્રી- જ્યોતિષીઓ અને સ્ત્રીઓ અંગરક્ષક તરીકે સેવાઓ આપતી જોવા મળતી.

વૈશ્યો રિવાજ મુજબ વેપાર-વાણિજ્ય સંભાળતા અને અઢળક ધન કમાઈ લાવતા. આ અઢળક ધનનો ઉપયોગ અંગત મોજશોખ કે વિલાસ પૂરતો મર્યાદિત નહિ રાખતા તેઓ વિહારો, મઠો, મંદિરો તથા ધર્મશાળાઓ બંધાવતા અને બ્રાહ્મણો, અનાથો, વિધવાઓ વગેરેને દાન આપતા. પ્રજા-કલ્યાણ માટે વાવ, કૂવા વગેરે ગળાવતા. લગ્નની તિથિ જ્યોતિષશાસ્ત્રને આધારે નક્કી કરવામાં આવતી. આ સમયમાં લોકો, ઘઉં, ચોખા, બાજરી તથા ઘી, દૂધ, દહીં તેમજ ખજૂર, બોર, કેરી વગેરે ફળોનો ભોજનમાં ઉપયોગ કરતા. પુરુષો પાઘડી અથવા તો આખું માથું ઢંકાય તેવી ટોપીઓ પહેરતા. સામાન્ય લોકો પગમાં જોડા પહેરતાં નહિ. ઉચ્ચ કુટુંબો તથા રાજકુટુંબોમાં ચામડા તથા કંતાનના વિવિધ આકારના અણીવાળા, વીંછીનાં આંકડાવાળા, મોરપિચ્છના આકારવાળા, લાલ, પીળા કે કાળા રંગના જોડાં કે મોજડીઓ પહેરતા. સ્ત્રીઓ-પુરુષો પણ આંખમાં કાજળ અને સુરમો આંજતાં. લગ્નપ્રસંગે છૂટા વાળને રેશમી પટ્ટીથી બાંધવાની અથવા તો તેમાંથી પણ બે-ત્રણ લટો ગાલ પર છૂટી રાખવાની પ્રથા જોવા મળે છે. આ સમયની સ્ત્રીઓ કાનમાં કુંડળ, ગળામાં હાર, વાળમાં મોતી ગૂંથેલી સેર પહેરતી. કંગન એ સ્ત્રીઓનું માનીતું આભૂષણ હતું. તેઓ કમર પર કટિમેખલા અને પગમાં નૂપુર પહેરતી. રાજવીના રાજ્યાભિષેક ઉત્સવ કે પાટવી કુંવરના જન્મોત્સવ ઉજવાતા. મૃતાત્મા પાછળ પિંડદાનને એક પવિત્ર ફરજ માનવામાં આવતી. વિદેશી મુસાફરોએ આ સમયના લોકોના વિદ્યા, સંસ્કાર, વિવેક, વડીલો અને ગુરુ પ્રત્યેની સન્માનવૃત્તિ અને સ્વચ્છતાપ્રિયતાનાં વખાણ કર્યાં છે.

## આર્થિકસ્થિતિ

લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હોવા છતાં ઉદ્યોગ અને વેપારનો પણ વિકાસ થયો હતો. કૃષિનાં ઓજારો તથા કૃષિ-ઉત્પાદન અંગેની જાણકારી આ સમયમાં લખાયેલ 'કૃષિપારાસર' પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે. ઊની (ગરમ), રેશમી અને સુતરાઉ કાપડના ઉદ્યોગોમાં વિવિધતા હતી. જુદા-જુદા પ્રકારના હસ્તકલા, શિલ્પ અને ઉદ્યોગો પણ ચાલતા. વેપારીમંડળો કાર્યરત હતાં, તેના સદસ્ય હોવું એ સન્માનજનક ગણાતું.

ભારતનો વેપાર દક્ષિણ પૂર્વના દેશો અને પશ્ચિમ એશિયાના દેશો સાથે ચાલતો. ઇત્સિંગ નામના ચીની પ્રવાસીના જણાવ્યા અનુસાર ભારતમાંથી કાષ્ઠકલાના નમૂનાઓ, ચંદનનાં લાકડાં, કપૂર, જાયફળ, લવિંગ, નારિયેળ, સૂતરાઉ કાપડ, મલમલ, હાથીદાંતની વસ્તુઓ વગેરે વિદેશોમાં જતી. વિદેશોમાં ખાસ કરીને આરબ દેશોમાંથી ઉત્તમ ઓલાદના અરબી ઘોડાઓ, ખજૂર, શરાબ વગેરેની આયાત થતી.

સમ્રાટ હર્ષવર્ધનના મૃત્યુ પછી નાનાં-મોટાં હિંદુ રાજ્યોમાં નવી સામંતશાહી અર્થવ્યવસ્થા ઊભી થઈ. રાજપૂત રાજાઓએ પોતાના કૃપાપાત્ર પ્રધાનો, સામંતો, અમાત્યોને રાજ્યનાં અમૂક ગામો ભેટ આપીને મહેસૂલ વસૂલ કરવાનું કામ

સોંપવાં માંડ્યું. એના બદલામાં એ લોકો ઉઘરાવેલી મહેસૂલોનો અમુક ભાગ રાજ્યની તિજોરીમાં જમા કરાવતા અને રાજા માગે ત્યારે સૈનિકો પૂરા પાડતા. સામાન્યતઃ રાજ્યની બધી જમીન રાજાની માલિકીની જ ગણાતી. સામંતોની નિમણૂક વંશપરંપરાગત હોવાથી અને એમને રાજા જેવા અધિકાર હોવાથી પોતાની હકૂમત હેઠળના પ્રદેશમાં જાણે પોતે રાજા હોય એવી રીતે જ વર્તતા. રાજાઓ બ્રાહ્મણો, મંદિરો તથા વિહારોને ભૂમિદાન આપતા. તેને લગતાં દાનશાસન તામ્રપત્રો પર કોતરાવી આપતા.

**કલા અને સ્થાપત્ય**

આ યુગમાં સ્થાપત્યક્ષેત્રે સૌથી વધુ નિર્માણ મંદિરોનું થયું. આ સમયની કલાના બે ભાગ પાડી શકાય છે : ઉત્તર ભારતની શિલ્પકલા અને દક્ષિણ ભારતની કલા. ઉત્તર ભારતમાં મંદિરોની સ્થાપત્યશૈલી નાગરશૈલી તરીકે ઓળખાય છે. જ્યારે દક્ષિણ ભારતમાં જુદા-જુદા રાજવંશોને નામે કે દ્રવિડશૈલીને નામે સ્થાપત્યશૈલી ઓળખાય છે. જેમકે, પલ્લવશૈલી, ચાલુક્યશૈલી, ચોલશૈલી વગેરે. એમાં પલ્લવશૈલીનાં મંદિરો અત્યંત નોંધપાત્ર છે. ડુંગરોને ગુફાની જેમ કોતરીને બનાવેલાં. આ શૈલીનાં સ્થાપત્યો મંડપમને નામે ઓળખાય છે. તેને ગુફામંદિરો પણ કહે છે. આ ગુફામંદિરોમાં પલ્લવ રાજા મહેન્દ્ર વર્માએ બંધાવેલ 'ઊંડવલ્લી મંડપ' જાણીતો છે. રાષ્ટ્રકૂટ રાજાએ બંધાવેલ 'કૈલાસ મંદિર' તેનું ઉત્કૃષ્ઠ સ્થાપત્ય છે.


કૈલાશ મંદિર

મંદિરના સ્થાપત્યમાં ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણાપથ, મંડપ, મુખમંડપ ઉપરાંત પિરામિડ ઘાટની પગથીબંધી ટોચ (વિમાન) જેવાં અંગો જોવાં મળે છે.

ઉત્તર ભારતમાં મંદિરોની લાક્ષણિક્તા એના ગોળ શિખરો અને સ્તંભ વિનાના ખંડો છે. ઉત્તર ભારતમાં ગોળાકાર શિખરોવાળાં મંદિરો બંધાયાં, જ્યારે દક્ષિણ ભારતમાં શંકુ આકારના અણિદાર શિખરોવાળાં મંદિરો બંધાયાં. આ શિખરો પિરામિડ જેવાં એક માળની ઉપર બીજો માળ થતો જાય એવા હોય છે. ગોપુરમ તરીકે જાણીતા મંદિરનું પ્રવેશદ્વાર એ આ યુગના દક્ષિણ ભારતનાં મંદિરોની વિશેષતા છે. આ યુગમાં દક્ષિણ ભારતમાં ધાતુનાં શિલ્પો બનાવવાની કલાનો પણ વિકાસ થયો. ચિતુર જિલ્લામાંથી મળી આવેલી કાંસાની 'નટરાજ'ની મૂર્તિ ધાતુશિલ્પ કલાનો શ્રેષ્ઠ નમૂનો છે.

**બૃહદેશ્વર મંદિર**

તમિલનાડુના તાંજોરમાં ચોલવંશના મહાન રાજવી રાજરાજા ચોલે આ શિવમંદિર બંધાવ્યું. તેથી આ મંદિરને રાજરાજેશ્વર મંદિર પણ કહે છે. 65 મીટરની ઊંચાઈ ધરાવતું આ સ્થાપત્ય પ્રાચીન ભારતનું સૌથી મોટું મંદિર છે. તેની વિશેષતા એ છે કે તેનો પડછાયો પૃથ્વી પર પડતો નથી.


બૃહદેશ્વર મંદિર

**ખજુરાહો (950 થી 1050 વચ્ચે) :** વર્તમાન મધ્યપ્રદેશમાં 11મી સદીમાં ચંદેલ વંશની રાજધાની ખજૂરાહોમાં ગ્રેનાઇટ પથ્થરોમાંથી 80 મંદિરોનું નિર્માણ થયું. વર્તમાન સમયે તેમાંથી 25 મંદિરો જ હયાત છે. મુખ્ય મંદિરોમાં શિવ, લક્ષ્મણ, પાર્વતી, ચતુર્ભુજ વગેરે દેવોનાં મંદિરો છે. ખજૂરાહોમાં કામશાસ્ત્રને લગતાં શિલ્પો છે. તેની શિલ્પકલાને ભારતની શ્રેષ્ઠ શિલ્પકલા માનવામાં આવે છે.

હમ્પીનું વિઠ્ઠલ મંદિર વિજયનગર સામ્રાજ્યમાં બનેલ શિલ્પ-કલાના ઉત્તમ નમૂના સમાન છે. અહીંના મંદિરમાં સાત સ્તંભો

છે, જેમાં ટકોરો મારવાથી તબલાં, વીણા, વાંસળી કે 'સારેગમપધનિસા' જેવો સંગીતસૂત્રનો ધ્વનિ સંભળાય છે. દક્ષિણ ભારતના મોટા ભાગનાં મંદિરો તમિલનાડુમાં નિર્માણ પામ્યાં હોવાથી તેને મંદિરોની રાજધાનીનું રાજ્ય કહે છે.

**રથમંદિરો**

આ રથમંદિરો એક જ પહાડ કે મહાશિલાને કોરીને બનાવાયેલાં હોય છે. જેમાં મહાબલિપુરમ્નાં પાંચ રથમંદિરો અને કોર્ણાકનું સૂર્યમંદિર મુખ્ય છે.



મહાબલિપુરમ્નું મંદિર

**મહાબલિપુરમ્**

ચેન્નઈથી 60 કિમી દૂર મહાબલિપુરમ્ આવેલું છે. પલ્લવ વંશના રાજવી નૃસિંહવર્મન પહેલાના ઉપનામ 'મહામલ્લ' પરથી તેનું નામ પડેલું છે. આ રાજવીએ અહીં રથ આકારનાં 7 ખડકમંદિરો (Rock cut Temple)નું નિર્માણ કરાવેલું, જેમાંથી બે મંદિરો સમુદ્રમાં વિલિન થઈ ગયાં હોવાથી હાલમાં માત્ર પાંચ જ મંદિરો હયાત છે. આ મંદિરોનાં નામ પાંડવોનાં નામ પરથી પાડવામાં આવેલ છે. જેમાં સૌથી નાનું મંદિર દ્રૌપદીનું અને સૌથી મોટું મંદિર ધર્મરાજ યુધિષ્ઠિરનું છે. બધાં જ મંદિરો આકાર-પ્રકારમાં એકબીજાંથી જુદાં પડે છે. અહીં આવેલાં હાસ્યમુદ્રાયુક્ત વિષ્ણુની મૂર્તિ અને મહિષાસુર મર્દિનીની મૂર્તિ જેવાં શિલ્પો કલાના ઉત્તમ નમૂનારૂપ અને જોવાલાયક છે.

**કોર્ણાકનું સૂર્યમંદિર**

ઓરિસ્સાના પુરી જિલ્લામાં આ કોર્ણાકનું સૂર્યમંદિર આવેલું છે. તેમાં કાળા પથ્થરોનો વધુ ઉપયોગ થયો છે. તેથી તે કાળા પેગોડાના નામે પણ ઓળખાય છે. બાર વિશાળ પૈડાંથી સાત ઘોડા દ્વારા ખેંચાઈ રહેલા આ રથમંદિરને જોવા દેશ-વિદેશના અસંખ્ય કલાપ્રેમીઓ આવતા હોય છે.



કોર્ણાકનું સૂર્યમંદિર



મોઢેરાનું સૂર્યમંદિર

**મોઢેરાનું સૂર્યમંદિર**

સોલંકી વંશના રાજવી ભીમદેવ પ્રથમે મોઢેરા (મહેસાણા જિલ્લા)માં સૂર્યમંદિર બંધાવ્યું. પૂર્વ દિશામાંના પ્રવેશદ્વારમાંથી સૂર્યનું કિરણ ગર્ભગૃહમાં રહેલ સૂર્યપ્રતિમાના મુકુટના મણિ પર પડતા સમગ્ર મંદિર દિવ્યપ્રકાશથી ઝળહળી ઊઠતું. શ્રેષ્ઠ સ્થાપત્ય અને કલાવૈભવ ધરાવતા આ મંદિરના હાલમાં માત્ર ભગ્નાવશેષો જ મોજૂદ છે.

**કૈલાશ મંદિર**

મહારાષ્ટ્રમાં ઓરંગાબાદ જિલ્લામાં ઈલોરાની ગુફામાં ભારતનું સૌથી મોટું શિલ્પ-સ્થાપત્યયુક્ત કૈલાશ મંદિર આવેલું છે. તે બીજા મંદિરોની જેમ બાંધેલું મંદિર નથી, પરંતુ પર્વતની વિશાળ શિલામાંથી આખું મંદિર કોતરી કાઢેલું છે. રાષ્ટ્રકૂટ વંશના રાજવી કૃષ્ણરાજ પહેલાએ (ઈ.સ. 760) તે બંધાવ્યું છે. આ આખા મંદિરની ઊંચાઈ 30 મીટર, લંબાઈ 50 મીટર અને પહોળાઈ 33 મીટર છે. અહીં હાથીનું એક વિશાળ અને વિખ્યાત શિલ્પ આવેલું છે.

**બૌદ્ધ અને જૈનધર્મનું સ્થાપત્ય**

ભારતનાં શિલ્પ-સ્થાપત્યોમાં જૈન અને બૌદ્ધ એમ બંને ધર્મોનો મોટો પ્રભાવ જણાય છે. શેત્રુંજય, ગિરનાર કે આબુના ડુંગર પરનાં દેરાસરો જૈન-સ્થાપત્યના સુંદર નમૂના છે. તો બૌદ્ધધર્મનાં ગુફામંદિરોમાંનાં વિહારો, ચૈત્યો અને ગુફામંદિરોની

ભીંત પર આલેખાયેલી બુદ્ધના જીવનપ્રસંગોની ચિત્રાવલીઓ એ ભારતીય કલાક્ષેત્રનું ગૌરવ છે. મહારાષ્ટ્રમાં અજંતા અને ઈલોરાની ગુફાઓ વિશ્વવિખ્યાત છે. પાલવંશના રાજવી દેવપાલે (ઈ.સ. 810-850) મહાબોધી મંદિર (બોધગયા)નું નિર્માણ કરાવ્યું.

### દેલવાડાનાં દેરાં

ગુજરાતના રાજવીઓ દ્વારા સોલંકીયુગમાં બનાવવામાં આવેલાં દેલવાડા (માઉન્ટ આબુ)નાં જૈનદેરાં આરસપહાણમાંથી રચાયેલાં શ્રેષ્ઠ સ્થાપત્યો છે. તેના ઘુમ્મટની કલાકૃતિનો ક્યાંય જોટો જડે તેમ નથી. વસ્તુપાળ અને તેજપાળ નામના વણિક-પ્રધાનોએ 12મી સદીમાં આ મંદિરો બંધાવ્યાં.


દેલવાડાનાં દેરાં

### નગર સ્થાપત્ય

ચોલવંશના રાજવી રાજેન્દ્રચોલે 'ગંગૈ કોંડ ચોલપૂરમ્' નામે નવું બંદરીય શહેર વસાવી તેનો વિકાસ કર્યો. માળવાના પરમાર વંશી રાજવી રાજા ભોજે પોતાની રાજધાની માટે ધારાનગરી નામે નવા શહેરનું નિર્માણ કરાવ્યું. તેમજ પોતાના નામ ઉપરથી ભોજપુર નામે નવું નગર વસાવ્યું.

તદુપરાંત પાટણનો, ઝીંઝુવાડાનો, ડભોઈનો, જૂનાગઢનો, ચિતોડનો વગેરે આ સમયમાં નિર્માણ થયેલા પ્રસિદ્ધ કિલ્લાઓ છે.

### ગુજરાતનાં અન્ય પ્રસિદ્ધ સ્થાપત્યો

| | | | |
|---|---|---|---|
| પાટણ | સહસ્રલિંગ તળાવ<br>રાણકી વાવ | કેરાકોટ (ભૂજ)<br>કુંભારિયા (અંબાજી) | શિવમંદિર<br>પંચદેરાસર |
| સિદ્ધપુર | કીર્તિતોરણ | ઘુમલી (પોરબંદર) | નવલખો મંદિર |

### ચિત્રકલા

પૂર્વે, ભારતીય ચિત્રકલાનું આલેખન મુખ્યત્વે તાડપત્રો પર કરવામાં આવતું. આ સમયમાં દક્ષિણ ભારતમાં ભીંતચિત્રોનું નિર્માણ થયું. ઈલોરા, એલિફન્ટા વગેરેની ગુફાઓનાં ભીંતચિત્રો કલાના શ્રેષ્ઠ નમૂનાઓ ગણાય છે. રાજમહેલો અને મંદિરોની દીવાલો પર પણ ભીંતચિત્રો દોરવામાં આવ્યાં હતાં. આ ભીંતચિત્રો મધ્યકાલની ચિત્રકલાની મુખ્ય વિશેષતા હતી. જયપુર, કિશનગઢ, મેવાડ, બુંદી, બિકાનેર, જોધપુર વગેરે રાજસ્થાની ચિત્રકળાનાં કેન્દ્રો બન્યાં હતાં. જૈનધર્મમાં આવાં ચિત્રો દોરવાનું ખાસ પ્રચલિત હતું. આ ચિત્રો કદમાં નાનાં હતાં. તેમાં લાલ રંગ સવિશેષ વપરાતો.


લિંગરાજમંદિર

### વિજ્ઞાન અને ટેક્નોલૉજી

ચીની યાત્રાળુ યુઅન-શ્વાંગે આ યુગની વૈદકશાસ્ત્રની પદ્ધતિની ખૂબ પ્રશંસા કરી છે. ભારતના વૈદકશાસ્ત્રીઓમાં 9મી સદીમાં થઈ ગયેલા વાગ્ભટ્ટ ખૂબ જાણીતા હતા. તેમણે 'અષ્ટાંગ હૃદય' નામે પ્રખ્યાત ગ્રંથ લખ્યો. ભારતની ગણિતવિદ્યાનો આરબો દ્વારા યુરોપના દેશોમાં ફેલાવો થયો.

ભાસ્કરાચાર્ય નામના પ્રખ્યાત ગણિતશાસ્ત્રીએ પોતાની પુત્રી 'લીલાવતી'ના નામે બીજગણિત ગ્રંથો લખ્યા. કોઈ પણ સંખ્યાને શૂન્યથી ભાગવામાં આવે તો તેનું ફળ અનંત અંકો સુધી આવે એવો ઉલ્લેખ ભાસ્કરાચાર્યે પોતાના ગ્રંથોમાં કરેલ છે.



ભાસ્કરાચાર્ય

ચતુર્ભુજ ક્ષેત્રફળ એની બાજુઓ પરથી કાઢવાની રીત પણ આ ગ્રંથોમાં આપેલી છે. તે ઉપરાંત તેમણે 'સિદ્ધાંત શિરોમણિ' પુસ્તક ચાર ભાગમાં લખ્યું. આ પુસ્તકનો અનુવાદ અરબી અને ફારસી ભાષાઓમાં થયો છે. ઔષધશાસ્ત્ર ઉપર લખાયેલાં ગ્રંથો 'ચરકસંહિતા' અને 'સુશ્રુતસંહિતા'નો અનુવાદ અરબી અને તિબેટી ભાષામાં થયો. ઔષધિવિજ્ઞાન ઉપર માધવે પણ ઘણાં સંશોધન ગ્રંથો લખ્યા હતા. નવમી સદીમાં ગોવિંદ ભગતે રસાયણશાસ્ત્રને લગતો 'રસહૃદય' ગ્રંથ લખ્યો તો 'ખગોળશાસ્ત્ર' નામે ગ્રંથ મુંજાલે લખ્યો. આ તમામ બાબતો તત્કાલીન ભારતની આ ક્ષેત્રની પ્રગતિ દર્શાવે છે.

### વેપાર અને વાણિજ્ય

આ સમયે ઉત્તર ભારતમાં વારાણસી અને મથુરા તેમજ દક્ષિણ ભારતમાં મદુરાઈ અને અરિકામેડુ વગેરે વેપારઉદ્યોગનાં મોટાં કેન્દ્રો હતાં. બંગાળામાં તામ્રલિપ્તિ તો દક્ષિણમાં કાવેરીપટ્ટનમ જેવાં સમૃદ્ધ બંદરો હતાં. એ બંદરોથી ભારતનો માલ ઈરાન, ચીન તેમજ અગ્નિએશિયાના દેશો, મધ્યએશિયા તેમજ પશ્ચિમના દેશોમાં જતો હતો.

અહીંના વણિકો-વેપારીઓ સ્થળમાર્ગે તથા જળમાર્ગે દૂર દેશાવર સુધી વ્યાપાર કરતા. વલભી, ભૃગુકચ્છ (ભરૂચ), દ્વારકા, પ્રભાસપાટણ, સ્તંભતિર્થ-સ્તંભભેર (ખંભાત) વગેરે ગુજરાતનાં વેપારીકેન્દ્રો હતાં. આ બંદરોએથી કાપડ, ચામડું, મરીમસાલા, ખાંડ, ગળી, ગૂગળ, લાખ વગેરે વિદેશોમાં જતું અને વેપારીઓ પુષ્કળ ધન કમાતા. તો વિદેશોમાંથી સોનુ, ચાંદી, તાંબુ વગેરે આયાત થતી હતી. ઈરાન વગેરે દેશોમાં જગડૂશા જેવા ગુજરાતી વેપારીઓનો મોટો વેપાર ચાલતો. પશુઓ (હાથી, ઘોડા), ગાડા, હોડી વગેરેનો વાહનવ્યવહારના સાધન તરીકે ઉપયોગ થતો. વણઝારા લોકો વાહનવ્યવહાર (ટ્રાન્સપોર્ટેશન)નું કાર્ય કરતા.

તોલમાપનાં સાધનોની પાલી, પવાલા અને મણ, સુવર્ણમાં 'ભાર' તથા પ્રવાહીમાં 'ઘડી' સૌથી મોટા વજન કે માપ હતાં. વિનિમય પદ્ધતિથી વ્યવહારો થતા. નાણાં માટે 'દ્રમ' નામના સિક્કાનો ઉપયોગ થતો.

### હસ્તકલા-કારીગરીના ઉદ્યોગો

નવમી સદીમાં તો હસ્તવણાટ ઉદ્યોગ તેની ચરમસીમાએ પહોંચ્યો. આ સમયે બનતાં વસ્ત્રોની બનાવટ, ગૂંથણી એટલી મુલાયમ હતી કે એક આખો તાકો વીંટીમાંથી પસાર થઈ જતો. આ વસ્ત્રોની માંગ ગ્રીક, ઈજિપ્ત અને આરબ દેશોમાં ખૂબ જ રહેતી.

ભોજદેવે લખેલ 'સમરાંગણ સૂત્રધાર'નાં 'યંત્રવિજ્ઞાન' પ્રકરણમાં વિશિષ્ટ પ્રકારનાં જુદા-જુદાં યંત્રો બનાવવાની અનેક રીતો આપેલી છે. આમ, તે વખતના લોકો અનેક યંત્રોનું નિર્માણ કરવાનું જાણતા હતા. તે સાથે હાથીદાંત, હીરા-મોતીનાં ઘરેણાંને લગતી હુન્નરકલાઓ વિકસી હતી.

હસ્ત કારીગરીની કલા વંશપરંપરાગત રીતે મોટાભાગના જનસમાજમાં સચવાયેલી હતી. સોનીઓ, સોના-ચાંદીનાં અલંકારો બનાવતા, ચમાર-મોચી વિવિધ પ્રકારની મોજડીઓ બનાવવામાં નિષ્ણાત હતા. હળ, ગાડું, રથ બનાવતા, સુથારી અને લુહારીકામના કારીગરો ગામેગામ હતા. ચિત્રામણવાળા માટીનાં વાસણો, ઈંટો બનાવવાના ઉદ્યોગો તથા મણકા ઘડવાના મીનાકારીગરીના ઉદ્યોગો વિકસ્યા હતા. લોખંડમાંથી હથિયારો તથા ઓજારો બનતા, જાતજાતનાં વાસણો બનતાં. તદુપરાંત કંદોઈ, ઓડ, રંગાટી, કલાલ, શિલ્પી, કંસારા, મોચી વગેરેના ધંધા પણ જાણીતા હતા.

આ સમયનાં કનોજ, તાંજોર, પુરી, ઉજ્જૈન, પાટણ, ધોળકા વગેરે શહેરોનાં મકાનો, દુર્ગો, જળાશયો અને આ યુગનાં મંદિરોનાં બાંધકામો જોતા સ્થાપત્ય, શિલ્પ, પથ્થરકામ, કડિયાકામ, ઈજનેરીકામ વગેરેના ઉદ્યોગો ખીલ્યા હોવાની પ્રતીતિ થાય છે.

### અગ્નિ એશિયા અને પૂર્વ એશિયાના સવિશેષ સંદર્ભ સાથે વિદેશોમાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો પ્રવાહ અવિરતપણે તેના પાડોશી દેશોમાં વહેતો રહ્યો છે. ભારતે ક્યારેય અન્ય દેશોની જેમ તલવારના જોરે વિદેશોને જીતવાનો, પોતાના ધર્મ કે સંસ્કૃતિને અન્ય પ્રજા પર લાદવાનો પ્રયાસ કર્યો નથી. લોકોના સંહાર વિના પ્રેમ અને શાંતિથી સંસ્કૃતિનો પ્રસાર કર્યો છે. તેણે સંસ્કૃતિને ફેલાવવાનો કોઈ સભાન પ્રયાસ કર્યો નથી.

વેપારીઓ ધનપ્રાપ્તિ માટે અને ધર્મપ્રવર્તકો ધર્મપ્રસાર અર્થે તથા કેટલાક રાજવીઓ પોતાનું ભાગ્ય અજમાવવા અનેક મુસીબતોનો સામનો કરી દરિયાપારના દેશોમાં ગયા, ભારતીય સંસ્કૃતિના પ્રભાવ નીચે એ દેશો આવ્યા. ત્યાંના લોકો આ ભારતીયોની રહેણીકરણી, વિચાર, પરંપરાઓ, રીત-રિવાજ, ભાષા, સાહિત્ય, કલા તથા ધર્મથી પ્રભાવિત થયાને ધીમે-ધીમે તેઓ ભારતીય સંસ્કૃતિના રંગે રંગાઈ ગયા. અગ્નિ એશિયાના બધા જ દેશોમાં ભારતના લોકોએ વસાહતો સ્થાપી હતી. આ બધાને પરિણામે ભારતનો એશિયાના દેશો સાથે ગાઢ સંબંધ સ્થપાયો.

ભારતની જેમ અહીંના લોકો શાકાહારી હતા. તેમનો મુખ્ય ખોરાક પણ ઘઉં અને ચોખાનો હતો. જમ્યા પછી તેઓ પાન ખાતા. અહીંના રાજવીઓ તે બધા પ્રત્યે માનની ભાવના રાખતા. બ્રહ્મદેશ, સિયામ અને સિલોનમાં મુખ્યત્વે બૌદ્ધધર્મ પ્રચલિત થયો, ત્યારે બાકીના દેશોમાં પૌરાણિક ધર્મે વર્ચસ્વ જાળવી રાખ્યું. હિન્દુધર્મમાં શૈવધર્મનો પ્રચાર સારા પ્રમાણમાં હતો. બાલિ ટાપુમાં તો આજે પણ લગ્ન, જનોઈ, મરણ વગેરે પ્રસંગો પર બ્રાહ્મણ પુરોહિત મંત્રો બોલીને શાસ્ત્રોક્ત વિધિથી ક્રિયાઓ કરાવે છે. અહીં શૈવ અને વૈષ્ણવ ધર્મનાં બધાં જ દેવદેવીઓની મૂર્તિઓ જોવા મળે છે. તે સાથે અહીંના સ્થાનિક દેવીદેવતાઓને પણ ભારતીય દેવોમાં સમાવી લેવામાં આવ્યાં હતાં. મુનિ અગત્સ્યની જે મૂર્તિઓ ઠેર-ઠેર જોવા મળે છે તેને અહીંના કેટલાક લોકો 'ભટ્ટાગુરુ' તરીકે ઓળખે છે.

| વર્તમાન દેશ | પ્રાચીન નામો |
|---|---|
| વિયેટનામ (હિંદી ચીન) | - ચંપા, અન્નામ |
| કંપુચિયા | - કંબોજ, ફૂનાન, કમ્બોડિયા |
| થાઈલૅન્ડ | - સિયામ |
| મલેશિયા | - મલય, મલયા |
| ઈન્ડોનેશિયા | - જાવા, સુમાત્રા, બાલિ, બોર્નિયો જાવા-યવદ્વીપ, સુમાત્રા-શ્રી વિજય |
| મ્યાનમાર | - બ્રહ્મદેશ, બર્મા |
| શ્રીલંકા | - સિલોન |

### શ્રીલંકા

અહીંની સિંહાલી પ્રજા બૌદ્ધધર્મ પાળે છે. આ ઉપરાંત વૈશાખી પૂર્ણિમાએ તેમજ ધાર્મિક દીક્ષા લેતી વખતે ભારે ઉત્સવ ઊજવવામાં આવતો. અહીં લક્ષ્મણ અને ઈન્દ્રનાં મંદિરો પણ આવેલાં છે.

### પૂર્વ એશિયા

પૂર્વ એશિયાના જાપાન, ચીન, કોરિયા, તિબેટમાં ચીન મારફતે ધર્મ અને ભારતીય સંસ્કૃતિની ઊંડી અસર થઈ હતી. ઈસુની 7મી સદી સુધીમાં અહીં બૌદ્ધધર્મનો વ્યાપક પ્રચાર થયો હતો.

### જાપાન

જાપાનમાં પણ સૂર્યવંશી રાજાઓએ શાસનસૂત્રો સંભાળેલાં જણાય છે. ભગવાન બુદ્ધની તામ્રમૂર્તિ જાપાનમાંથી મળી આવેલી છે. તે 15 મીટર ઊંચાઈ 29 મીટરનો ઘેરાવો ધરાવે છે. તેનું વજન 450 ટન છે.

### ચીન

ચીનમાંથી ફાહિયાન, યુઅન-શ્વાંગ અને ઇત્સિંગ (ઈ.સ. 763 થી 688) જેવા બૌદ્ધ યાત્રાળુ ભારતમાં આવ્યા હતા. જ્યારે ભારતની પ્રખ્યાત નાલંદા વિદ્યાપીઠના આચાર્ય શાંતરિક્ષત અને પદ્મસંભવ (8 મી સદીમાં) તિબેટ ગયા હતા. ઇત્સિંગે ભારત અને દક્ષિણ-પૂર્વ એશિયામાં બૌદ્ધધર્મની સ્થિતિ (7 મી સદી) વિશે નોંધ કરેલી છે. બૌદ્ધધર્મના ઘણા મૂળ ગ્રંથો ભારતમાં નથી તે ચીની યાત્રાળુઓને પરિણામે ચીની ભાષામાં સચવાયેલા મળી આવે છે. ઉપરાંત ભારતીય ધર્મ, ખગોળ, ગણિત અને વૈદકશાસ્ત્રને લગતા ગ્રંથો પણ ચીની ભાષામાં ઉપલબ્ધ બન્યા છે.

### સુમાત્રા (શ્રીવિજય) - સિંહપુર (સિંગાપોર)

પૂર્વમાં ચીન, પશ્ચિમમાં ભારત, આરબ દેશોની વચ્ચે વેપાર અને વાણિજ્યમાં શ્રીવિજય સામ્રાજ્યે એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. શ્રીવિજય સામ્રાજ્યના પાલમબંગ અને કેડાહ જેવા પ્રસિદ્ધ બંદરોએ આ સમયે જુદી-જુદી સંસ્કૃતિઓના

મિલનનાં મહત્ત્વનાં કેન્દ્રો હતાં. સિંહપુર (સિંગાપુર) તેનું પાટનગર છે. આ સમયમાં એશિયાના લોકો સાંસ્કૃતિક રીતે એકબીજાની નજીક આવી ચૂક્યા હતા. સમુદ્રમાર્ગે ચાલતા એક જ વહાણમાં હિંદુ, બૌદ્ધ અને મુસ્લિમ ધર્મના લોકો એક સાથે યાત્રા કરીને જ્ઞાન અને વિજ્ઞાન તથા વિચારોનું આદાન-પ્રદાન કરતા.

આ ઉપરાંત બર્મા, થાઈલૅન્ડ અને કંબોડિયામાં આજે પણ હોળીનો ઉત્સવ ખૂબ સુંદર રીતે ઉજવાય છે. તેને 'જલોત્સવ' કહે છે. એવી જ રીતે ગણેશોત્સવ પણ 'મહાપૈઈને' નામથી ત્યાં ઉજવાય છે. ભારતના અનેક મહામાનવોની જન્મદાતા ભૂમિ નેપાળ રહી છે. રાજા જનકની રાજધાની જનકપુર 'મિથિલા' પણ નેપાળમાં આવેલી છે. મોરેશિયસમાં આજે પણ આનંદગ્રામ, ચિત્રકૂટ, કૃષિનગર, સોનામુખી, મહેશ્વરીનગરી, માયાપુરી, ધારાનગર વગેરે મોજૂદ છે. અફઘાનિસ્તાન-ગાંધાર (ઈ.સ. 1000 સુધી) ભારત સાથે જોડાયેલું હતું. ત્યાં ચંદ્રગુપ્ત મૌર્ય અને સમ્રાટ અશોકના રાજ્યનો વિસ્તાર હતો. ગાંધારી અહીંની જ રાજકુમારી હતી. જ્યારે સંસ્કૃતનું પાયાનું વ્યાકરણ રચનાર પાણિની પણ ગાંધારના વતની હતા. રામાયણપ્રેમી ઇન્ડોનેશિયા શતાબ્દીઓ સુધી હિંદુ રાજ્ય રહ્યું. કોરિયા, સાઈબેરિયા, ઑસ્ટ્રેલિયા, અમેરિકા, આફ્રિકા, મોંગોલિયા, મિસર, મેસોપોટેમિયા, ખોતાન, રશિયા, અરબસ્તાન, ઈરાન અને વિયેટનામ જેવા અનેક દેશો-પ્રદેશોમાં ભારતીય સંસ્કૃતિના અવશેષોની અમીટ છાપ આજે પણ છે.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) 'ગીતગોવિંદ' ગ્રંથનું મહત્ત્વ શું છે?

(2) હર્ષના સમય પછીના યુગમાં ક્યા-ક્યા ઉદ્યોગો ચાલતા હતા?

(3) હર્ષવર્ધન પછીના ભારતીય સમાજની સામાજિક સ્થિતિનો ખ્યાલ આપો.

(4) રથમંદિરો વિશે માહિતી આપો.

(5) અગ્નિ-એશિયાના દેશોમાં ભારતીય સંસ્કૃતિના પ્રચાર વિશે સવિસ્તર માહિતી આપો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) સાતમી સદીમાં ઉત્તર ભારતમાં કયા બે મહાન રાજવીઓ થઈ ગયા?

(2) દક્ષિણ ભારતીય મંદિરોની વિશેષતા જણાવો.

(3) ઈશુની 7મીથી 12 મી સદીમાં ભારતમાં કયા મહાન રાજવીઓ થયા?

(4) કુમારીલ ભટ્ટે કયો ઉપદેશ આપ્યો?

(5) દેલવાડાનાં દેરાં ક્યાં આવેલાં છે? તે કોણે બંધાવ્યાં હતાં?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) હર્ષના મૃત્યુ પછી તરત જ કયો ચીની પ્રવાસી ભારત યાત્રાએ આવ્યો હતો?

(A) ઇત્સંગ (B) ફાહિયાન (C) યુઅન-શ્વાંગ (D) અલબેરુની

(2) 'લીલાવતી' અને 'બીજગણિત' ગ્રંથો કયા ગણિતશાસ્ત્રીએ લખ્યા હતા?

(A) આર્યભટ્ટ (B) બ્રહ્મગુપ્ત (C) ભાસ્કરાચાર્ય (D) વરાહમિહીર

(3) ઇલોરાની ગૂફામાં ક્યું મંદિર આવેલું છે?

(A) રામમંદિર (B) કૈલાસમંદિર (C) સૂર્યમંદિર (D) ગણપતિ મંદિર

(4) ક્યા ધર્મમાં ભીંતચિત્રો દોરવાનું પ્રચલિત છે?

(A) બૌદ્ધધર્મ (B) જૈનધર્મ (C) હિંદુધર્મ (D) ઇસ્લામધર્મ

(5) ક્યા મંદિરની શિલ્પકલાને ભારતની શ્રેષ્ઠ શિલ્પકલા માનવામાં આવે છે?

(A) ખજૂરાહો (B) બૃહદેશ્વર (C) કૈલાસ (D) સોમનાથ

•

# 12 મધ્યયુગીન ભારત

ભારતીય ઇતિહાસમાં 7મીથી 19મી સદી સુધીના આશરે બારસો વર્ષના સમયગાળાને મધ્યયુગ કહે છે. જેમાં સમ્રાટ હર્ષ (ઈ.સ. 647)ના અવસાનથી લઈને મરાઠી સત્તાના અંત (ઈ.સ. 1818) સુધીના ઇતિહાસનો સમાવેશ થાય છે. આ યુગના રાજકીય ઇતિહાસના મુખ્ય ત્રણ પેટા વિભાગો પડે છે : (1) રાજપૂત યુગ (ઈ.સ. 647 થી 1192) (2) સલ્તનત યુગ (ઈ.સ. 1206 થી 1526) (3) મુઘલ યુગ (ઈ.સ. 1526 થી 1707) અને મરાઠા યુગ (ઈ.સ. 1720 થી 1818). આ યુગોમાં ભારતના ઇતિહાસના નોંધપાત્ર રાજવીઓ થઈ ગયા. જેમાં સ્વાભિમાની અને મહાન રાજપૂત શાસક મહારાણા પ્રતાપ, બિનસાંપ્રદાયિક અને મહાન મુઘલસમ્રાટ અકબર, ન્યાયપ્રિય શાસક જહાંગીર, મહાન શાસક છત્રપતિ શિવાજી, શિલ્પ અને સ્થાપત્યપ્રેમી અને સુવર્ણયુગસર્જક શાહજહાઁ, ભવ્ય કલા અને સંસ્કૃતિપ્રેમી તથા દેશ-વિદેશમાં વિખ્યાત વિજયનગરનો સમ્રાટ કૃષ્ણદેવરાય, પ્રજાકલ્યાણવાદી રાજવી સિદ્ધરાજ જયસિંહ અને દક્ષિણ ભારતમાં નૌકા સામ્રાજ્ય ધરાવનાર ચોલવંશી રાજા રાજેન્દ્ર પ્રથમ જેવા ઉદારમતવાદી રાજવીઓનો સમાવેશ થાય છે, તો અલાઉદ્દીન ખલજી જેવા સુધારવાદી તેમજ વિસ્તારવાદી તથા ઔરંગઝેબ જેવા સાદગીપૂર્ણ છતાં ધર્માંધ શાસકો પણ આ જ યુગની દેન ગણાય છે.

**મધ્યયુગનો ઇતિહાસ જાણવા માટેનાં સાધનો**

મધ્યયુગીન ભારતના ઇતિહાસનો અભ્યાસ કરવા માટે પૂરતા પ્રમાણમાં જે ઐતિહાસિક સાધનો પ્રાપ્ત થાય છે, તેના મુખ્યત્વે બે પ્રકાર પાડી શકાય તેમ છે : (1) લેખિત સાધનો અને (2) અલેખિત (અવશેષીય) સાધનો.

**લેખિત સાધનો**

આ યુગમાં થઈ ગયેલા રાજાઓ, સુલતાનો, બાદશાહો વગેરે વિદ્વાનોને રાજ્યાશ્રય આપતાં તેમાંના મોટાભાગના લેખકો-ચિંતકો હતા. તેમના દ્વારા જે-તે રાજ્ય વિશે વિસ્તારપૂર્વક લખાયું છે. તે થોડીક મર્યાદાઓ બાદ કરતાં અત્યંત ઉપયોગી અને ઉપકારક છે. આ પૈકીની કેટલીક કૃતિઓ તથા તેના વિદ્વાન કર્તાઓ વિશે વિગતે જોઈએ.

મધ્યકાલીન હિંદમાં રચાયેલા કલ્હણકૃત 'રાજતરંગિણી' સાચા અર્થમાં ભારતનો સર્વપ્રથમ બહુસ્વીકૃત ઐતિહાસિક ગ્રંથ છે. તે કાશ્મીરના ઇતિહાસ વિશે ઘણી આધારભૂત માહિતી પૂરી પાડે છે. એ જ રીતે રાજપૂતોના વિદ્વાન રાજકવિ ચંદબરદાઈ રચિત 'પૃથ્વીરાજરાસો' પૃથ્વીરાજ ચૌહાણનાં વીરતાપૂર્ણ કાર્યોનું વર્ણન કરતો હિન્દીમાં લખાયેલો ગ્રંથ છે. 'વિક્રમાંકદેવ ચરિત' ગ્રંથમાં ચાલુક્ય રાજા વિક્રમાદિત્ય છઠ્ઠાની જીવનગાથા લખાયેલી છે. આ ઉપરાંત ભારતમાં ઇસ્લામનો પ્રવેશ થયો તે પછી સુલતાનો અને બાદશાહોએ અરબી, ફારસીગ્રંથો લખાવવાની શરૂઆત કરી, સિંધનો ઇતિહાસગ્રંથ 'ચચનામા' અરબીમાં લખાયેલ છે. તેમાં સિંધના બ્રાહ્મણ રાજાપુત્ર દાહિરને આરબોએ આપેલા પરાજય અને સિંધની તે સમયની પરિસ્થિતિનું વર્ણન છે.

ફારસી ભાષામાં લખવામાં આવેલ ઐતિહાસિક સાહિત્ય એ તુર્ક પ્રજાનું ભારતને કરવામાં આવેલ નોંધપાત્ર પ્રદાન છે. તુર્કોએ ભારતને ઇતિહાસ-લેખનની આરબ-ઈરાની પરંપરાથી જ્ઞાત કરાવ્યું. આ યુગમાં અનેક ઇતિહાસકારો થઈ ગયા. જેમાં 'તારીખે ફિરોજશાહી'ની રચના ઝિયાઉદ્દીન બરનીએ કરી. જેમાં ખલજી અને તુઘલક વંશના રાજ્યનું વિસ્તૃત વિવરણ કરેલ છે. તેમજ તેમણે સલ્તનત શાસનવ્યવસ્થાના સિદ્ધાંતો ઉપર 'ફતવા-એ-જહાઁદારી નામે ગ્રંથ લખ્યો. અમીર ખુશરો આ સમયનો નોંધપાત્ર સાહિત્યકાર હતો. તેણે 'ખઝાઈન-ઉલ-ફત્તુહ' અને 'કિરાત-ઉલ-સદાયન' નામે ગ્રંથો લખ્યા. તેણે પોતાનાં પુસ્તકોમાં ભારતની રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક સ્થિતિ વર્ણવી છે. તેમાં ખાસ કરીને અલાઉદ્દીન ખલજીનો ઇતિહાસ છે.

અનેક મુઘલ સમ્રાટો અને શાહી પરિવારના સભ્યો સારા લેખકો હતા. પ્રથમ મુઘલ સમ્રાટ બાબરે તુર્કી ભાષામાં 'તુઝુકે બાબરી' નામે પોતાની આત્મકથા લખી. જેનું ફારસીમાં 'બાબરનામા' નામે ભાષાંતર થયું. હુમાયુની બહેન ગુલબદન બેગમે 'હુમાયુનામા' લખ્યું, જેમાં હુમાયુની સિદ્ધિઓનું વર્ણન છે. જહાંગીરે પણ 'તુઝુકે જહાંગીરી' નામે આત્મકથા લખી. અબુલફઝલ જે અકબરના દરબારનો વિખ્યાત ઇતિહાસવિદ્ હતો, તેણે 'અકબરનામા' અને 'આઈન-એ-અકબરી' લખ્યું. તેમાં મુઘલ શાસકોની નીતિમત્તાનાં ધોરણો વિશે વિસ્તૃત માહિતી આપેલી છે. એક ઐતિહાસિક કૃતિ તરીકે આ ગ્રંથ ઘણો જ મૂલ્યવાન છે. અબ્દુલહમીદ લાહોરી, ખાફીખાન, મુહમદકાઝીમ અને સુજાનરાય મુઘલયુગના મહત્ત્વના ઇતિહાસકારો હતા. તેમના ગ્રંથોમાંથી મુઘલયુગ વિશે માહિતી મળે છે. આ ઉપરાંત મુહમદ હુસેન આઝાદ રચિત 'દરબારે અકબરી' મહત્ત્વનો ગ્રંથ છે.

### કેટલાક અન્ય ઐતિહાસિક ગ્રંથો

| | | |
|---|---|---|
| 'તહકીક-એ-હિન્દ' | - અલબેરૂની | મૂળ અરબી ગ્રંથ - ગઝનવીના આક્રમણ સમયના હિંદનું વર્ણન |
| 'તાજ-ઉલ-માશિર' | - મહમદ હસન નિઝામી | મૂળ તૂર્કી ગ્રંથ - ગોરીથી ઈલ્તુત્મિશકાલીન હિંદનું વર્ણન |
| 'કિરન-ઉસસાદેન' / 'નુહસીપીર'/ 'આશિકી'/ 'ખજા ઈનલ ફતુહ' વગેરે. | - અમીર ખુશરો | ગુલામ, ખલજી અને તુઘલકવંશકાલીન હિંદની માહિતી |
| મલિક મુહમ્મદ જાયસી | - 'પદ્માવત' | - રાણી પદ્માવતીને મેળવવા અલાઉદ્દીન ખલજીએ ચિતોડ પર કરેલ આક્રમણ અને તે સમયની રાજકીય સ્થિતિનું વર્ણન |
| અબ્દુલ હમીદ લાહોરી | - 'બાદશાહનામા' | - અકબરના સમયનું વર્ણન |
| ઔરંગઝેબ | - 'રૂકાવત-એ-આલમગીરી' | - ઔરંગઝેબની સિદ્ધિઓનું વર્ણન |
| અબ્બાસ સરવાણી | - 'ત્વારીખે શેરશાહી' | - શેરશાહની સિદ્ધિઓનું વર્ણન |
| ઈનાયત ખાઁ અને સાદિક ખાઁ | - 'શાહજહાઁનામા' | - શાહજહાઁના શાસનનું વર્ણન |
| કવિ ભૂષણ | - 'શિવબાવની' | - શિવાજી મહારાજની સિદ્ધિઓની ગાથા |
| સારંગધર | - 'હમીર રાસો' અને 'હમીર કાવ્ય' | - રણથંભોરના રાજવી-રાજપુતાના વિશે |
| સિકંદર મંજુ | - 'મિરાત-એ-સિકંદરી' | - સલ્તનત યુગના લોકજીવનની માહિતી |

### વિદેશી લેખકોના અહેવાલો

પ્રાચીન સમયથી વિદેશયાત્રીઓ ભારતમાં આવતા રહ્યા છે. તેમનાં વૃત્તાંતોમાંથી આપણને લોકજીવનની માહિતી અને રાજકીય ઈતિહાસ પ્રાપ્ત થાય છે. અગિયારમી સદીમાં અલબેરૂની મહેમૂદ ગઝનવી સાથે ભારત આવ્યો હતો. તેણે ઘણાં બધાં પુસ્તકો લખ્યાં. તેણે ભારતની સામાજિક સ્થિતિ, લોક રીતરિવાજો, આર્થિક, ધાર્મિક અને રાજકીય સ્થિતિની વિગતો ઉપરાંત ખગોળશાસ્ત્ર અને જ્યોતિષ વિશે પણ માહિતી આપી છે. તેણે લખેલા ગ્રંથોમાં ત્વારીખ-ઉલ-હિંદ (હિંદનો ઈતિહાસ) મુખ્ય છે. તે ઉપરાંત 11મી-12મી સદીમાં ચાઉ-જુ-કુઆ (ચીની), માર્કોપોલો (ઈટાલી)એ દક્ષિણ ભારતના પ્રદેશ અને વ્યાપાર વિશે 'Travels of Marcopolo' પુસ્તક લખેલ. તદુપરાંત વિજયનગરના સમ્રાટ કૃષ્ણદેવરાયની મુલાકાતે આવનાર ઈટાલિયન પ્રવાસી નિકોલો ડી.કોન્ટી ડોમિંગોપાયસ (પોર્ટુગીઝ), ફર્નાન્ડો નૂનિઝ, ઈરાનના શાહરૂખખાનનો રાજદૂત અબ્દુર રઝાક તેમજ મુહમ્મદ તુઘલકના સમયે તેની સેવામાં કાઝી તરીકે


અલબેરૂની

રહેનાર આરબ પ્રવાસી ઈબ્ન બતુતાએ લખેલી નોંધો ઉપયોગી માહિતી પૂરી પાડે છે. સોળમી સદીના અંત પછી પોર્ટુગીઝો, ફ્રેંચો અને અંગ્રેજ મુસાફરોના ધાડેધાડા ભારતની મુલાકાતે આવતા હતા. જેમાં સૌથી વધુ પ્રવાસીઓ મુઘલ બાદશાહ જહાંગીરના સમયમાં આવેલા છે. જેમાં મુખ્ય છે, વિલિયમ હોકિન્સ અને થોમસ રો. જેમણે લખેલી નોંધથી અનેક યુરોપિયન મુસાફરો-સાહસિકો ભારત આવવા આકર્ષાયા. જીન ટ્રેવેનિયર અને પિટર મુન્ડી (ઈટાલી) કુમાર વયે ભારત આવી. શાહજહાંના પુત્ર દારાસિકોહના લશ્કરમાં જોડાઈ ઔરંગઝેબનાં મૃત્યુ સુધી ભારતમાં રોકાઈને મહત્ત્વની નોંધો લખી. તો બર્નિયરે (ફ્રાન્સ) શાહજહાંના સમય સુધી રોકાઈને ભારતના ઈતિહાસ વિશેની નોંધો લખી.

### જૈન ગ્રંથો

જૈન સાહિત્ય આપણા સામાજિક ઇતિહાસ માટે ઉપયોગી છે. આ સમયે જુદાં-જુદાં સ્થળોએ જૂના જૈનગ્રંથના ભંડારો હતા. તેમાં જૈન તેમજ અન્ય સાહિત્યના ગ્રંથો છે. કાગળ અને તાડપત્ર ઉપર હસ્તલિખિત પ્રતિઓ પાટણ, ખંભાત અને અમદાવાદના ગ્રંથભંડારોમાંથી પણ આ યુગની ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થાય છે.

| | |
|---|---|
| મસ્જિદ | - કુવ્વત-ઉલ-ઇસ્લામ, જુમ્મા મસ્જિદ (દિલ્હી)<br>- ઢાઈ-દિન કા ઝોંપડા મસ્જિદ (અજમેર), અટાલા મસ્જિદ (જૌનપુર) |
| મકબરા | - હુમાયુનો મકબરો (દિલ્હી), તાજમહેલ (આગ્રા)<br>ગોળગુંબજ (બીજાપુર), ગ્યાસુદ્દીન તઘલૂકનો મકબરો (દિલ્હી) |
| કિલ્લાઓ | - કુંભલગઢ, ચિતોડગઢ, રણથંભોર, આમેર (રાજસ્થાન) વગેરે, લાલ કિલ્લો (દિલ્હી)<br>આગ્રાનો કિલ્લો, ગોલકોંડા (આંધ્રપ્રદેશ), શિવાજી મહારાજના કિલ્લાઓ (મહારાષ્ટ્ર) |
| નવાં નગરો | - અમદાવાદ, ચાંપાનેર (પાવાગઢ), જૌનપુર, આગ્રા, તુગલકાબાદ, ફતેપુર સિકરી, ફિરોજાબાદ વગેરે નગરોની ઇમારતો અને સ્થાપત્યો |
| મહેલો | - હવામહેલ (જયપુર), ઉદેપુરના મહેલો વગેરે |

### અલેખિત (અવશેષીય) સાધનો

**અભિલેખો :**

આ સમયના મુસ્લિમ અભિલેખો અરબી, ફારસી અને ઉર્દૂમાં છે. 'કુવ્વત-ઉલ-ઇસ્લામ' મસ્જિદનો અભિલેખ ફારસી ભાષામાં લખાયેલો છે. તે મુસ્લિમ અભિલેખોમાં સૌથી જૂનો છે. 'એપિગ્રાફિકા-ઇન્ડો-મોસ્લેમિકા' ગ્રંથમાં મુસ્લિમ યુગના સાડા પાંચસોથી વધુ અભિલેખો પ્રકાશિત થયેલા છે.

**સિક્કાઓ :**

સિક્કાઓ ઉપરથી જ તે સમયની આર્થિક સમૃદ્ધિનો ખ્યાલ મેળવી શકાય છે. મહમદ ગઝનવીના સિક્કા પર કલમાનો સંસ્કૃત અનુવાદ કોતરેલો છે. અલાઉદ્દીન ખલજીના સિક્કા ઉપરનાં લખાણો તેણે મેળવેલા વિજયનો પુરાવારૂપ છે. અકબરના સિક્કાઓ તેણે સ્થાપેલા 'દિનેઇલાહી' ધર્મનો પુરાવો આપે છે. મહંમદ ઘોરી, ગ્યાસુદ્દિન બલ્બન અને વિજયનગરના 'વરાહ' નામે સોનાના સિક્કાઓ તેમની આર્થિક સમૃદ્ધિની પરાકાષ્ટા દર્શાવે છે. તેમજ ઇલ્તુત્મિશે 'ટંકા' નામના ચાંદીના અને 'જીતલ' નામે તાંબાના સિક્કાઓ ચલણમાં મૂક્યા હતા. તે સર્વે જે-તે સમયની આર્થિક સ્થિતિનો ખ્યાલ આપે છે.



વિજયનગર સામ્રાજ્યના સોનાના સિક્કા

ભારતના ઇતિહાસમાં મધ્ય યુગ માટે ઘણાં બધાં ચિત્રો મળે છે. આ ચિત્રો, કિલ્લાની દીવાલો ઉપર અને ઘુમ્મટોમાં જોવા મળે છે. મુઘલયુગમાં ઘણા ચિત્રગ્રંથો જોવા મળે છે. આ ચિત્રોમાંથી મુઘલ દરબાર, જનાના મહેલ, શિકાર, રીતરિવાજ, પહેરવેશ, આભૂષણો, લશ્કરી આક્રમણ અને બાદશાહનું વૈભવી જીવન વગેરેનો ખ્યાલ આવે છે. 'હમ્ઝાહનામા' અને 'શાહનામા' ગ્રંથો મુઘલયુગના ચિત્રગ્રંથો છે.

### ઇસ્લામનો ઉદય અને અરબસ્તાન

ઈસુની 7મી અને 8મી સદી વચ્ચેનો સો વર્ષનો સમયગાળો વિશ્વના ઇતિહાસમાં આરબોના વર્ચસ્વનો ગણાવી શકાય. પશ્ચિમ ચીનથી લઈ સ્પેન સુધી એશિયા, યુરોપ અને આફ્રિકાના પ્રદેશોના મોટાભાગમાં ઇસ્લામી સામ્રાજ્ય આ સદીમાં સ્થપાયું હતું. વિશ્વની સંસ્કૃતિમાં તેણે એક નવી ઇસ્લામી સંસ્કૃતિનો ઉમેરો કર્યો અને આજ સુધી આ સંસ્કૃતિની કાયમી અસરો રહેલી છે. આ સંસ્કૃતિના સ્થાપક હતા મહંમદ પયંગબરસાહેબ.

તેમનો જન્મ અરબસ્તાનના મક્કા શહેરમાં થયો. તે સમયે આરબો નાની-મોટી ટોળીઓમાં વહેંચાયેલા હતા. દરેકને તેના અલગ-અલગ દેવો હતા. તેઓ કુળ અને ધર્મના નામે એકબીજા સાથે વેરઝેર રાખી લડતા-ઝઘડતા રહેતા. મહંમદ પયગંબરે આરબોને મૂર્તિપૂજામાંથી મુક્ત કર્યા. આ આરબો સૂર્ય, ચંદ્ર અને તારાની પણ પૂજા કરતા.

એમણે લોકોને ઉપદેશ આપ્યો કે, ઈશ્વર એક છે અને મહંમદસાહેબ તેના પયગંબર છે.


મક્કા - કાબા

મહંમદસાહેબના અવસાન પછીની દોઢ સદીમાં ઈસ્લામના વિસ્તાર માટે, એમના પછી ગાદીએ આવેલા અરબ રાજ્યના વડાઓ તરીકે 'ખલીફા' નામે ઓળખાતા. તેમણે ઈસ્લામના વિસ્તાર માટે પ્રયાસો કર્યા. આ માટે એમણે વિશાળ સૈન્ય તૈયાર કર્યું. આ આરબોનાં સૈન્યોનો સામનો કરવો એ મહાસાગરના મોજાઓનો સામનો કરવા બરાબર હતું. ઈરાની સામ્રાજ્ય તેમજ સ્પેન એમના સામ્રાજ્ય આગળ પડી ભાંગ્યું. એ જ અરસામાં આરબોની એક સેનાએ મહંમદ-બિન-કાસમની આગેવાની નીચે સિંધ ઉપર ચડાઈ કરીને સિંધ જીત્યું. આ વખતે ઈસ્લામની આગેકૂચ ત્યાં જ થંભી ગઈ. ઈસ્લામના વિસ્તાર માટેના બીજા તબક્કાના ઘડવૈયા હતા તુર્ક લોકો. આરબોના હાથમાંથી ઈસ્લામની નેતાગીરી પડાવી લઈ જગતભરમાં ઈસ્લામનો વિસ્તાર કરવાનું કાર્ય તેમણે કર્યું. તુર્કો પાસે બે જ વાતો હતી, કુરાન અને તલવાર. તેમાં બાંધછોડને કશો જ અવકાશ ન હતો. આ પછી ભારત સાથેના ઈસ્લામના અવિરત સંબંધોનો મહત્ત્વનો તબક્કો સલ્તનત શાસનથી શરૂ થાય છે.

**આરબોનાં ભારત પરનાં આક્રમણો**

ભારત પર સમયાંતરે વિદેશી આક્રમણો થયાં. તેની શરૂઆત આરબોએ કરી. આરબોનું પ્રથમ આક્રમણ મુંબઈ-થાણે ઉપર થયું હતું. બીજું આક્રમણ વલભી ઉપર અને ત્રીજું આક્રમણ સિંધ ઉપર મહંમદ-બિન-કાસમે કર્યું. ત્યારબાદ મહંમદ ગઝનવીએ આક્રમણો કર્યાં. ત્યારબાદ શિહાબુદ્દિન મહંમદ ઘોરી નામના અફઘાને આક્રમણો કર્યાં. તે પછી ભારત પર ચઢી આવનાર આક્રમણકારોમાં ચંગેઝખાન (મંગોલ), નાદિરશાહ અને અહમદશાહ અબ્દાલી (અફઘાન) મુખ્ય હતા.

**વલભી આક્રમણ :**

યુઅન-શ્વાંગ જેવા ચીની પ્રવાસીએ વલભીના ભર-પેટે વખાણ કર્યાં છે. શીલાદિત્ય પ્રથમથી સાતમા સુધીના શાસનકાળમાં આ નગર ઐશ્વર્ય, શિક્ષણ, વિદ્યા અને રાજસત્તાથી ધમધમતું રહેલું. તેનાથી પ્રભાવિત થઈ સિંધના સૂબેદાર જુનૈદે (આરબ) વલભીને થમરોળી નાંખ્યું, પરિણામે વલભી વિદ્યાપીઠ પણ ધ્વસ્ત થઈ જવા પામી.

મોટેભાગે વલભીના વિનાશ માટે મલેચ્છો (મુસ્લિમો)ના આક્રમણોને જવાબદાર ગણવામાં આવ્યા છે. મુસ્લિમ ત્વારીખકાર ઇતિહાસવિદ અલબિરૂની પણ વલભી પર આક્રમણ કરનાર સિંધના અલમન્સુરા શહેરનો આરબ સૂબો હોવાનું નોંધે છે. તે મુજબ વલભીપુરના કાકુ નામના રાષ્ટ્રદ્રોહી વણિકે, આરબ સૂબાને વલભી પર આક્રમણ કરવા લલચાવ્યો. અન્ય આરબ ત્વારીખોમાં પણ ઈ.સ. 758ના નિષ્ફળ દરિયાઈ હુમલાઓ પછી ઈ.સ. 766માં અબ્દુલ મલિકે વલભી પર બીજો દરિયાઈ હુમલો કર્યાનું નોંધાયું છે.

8મી સદીમાં આરબ ખલીફાઓની જાહોજલાલીના કાળમાં ઈરાનના સૂબા અલહઝાજને ખુશ કરવા લંકાના રાજાએ કીમતી ભેટોથી ભરેલાં જહાજો મોકલ્યાં. આ જહાજોને દરિયાઈ ચાંચિયાઓએ સિંધના દેવલ બંદર પાસે લૂંટ્યાં. અહીંના દરિયા પર સિંધના રાજા દાહિરનું વર્ચસ્વ હતું. આથી કીમતી માલની ભરપાઈ કરવા અલહઝાજે કહેણ મોકલ્યું. એ બંદર પોતાની હદમાં આવતું નથી, તેમ જણાવી તેણે ચાંચિયાઓને પકડવાની પોતાની અસમર્થતા દર્શાવતાં અલહઝાજે ખલીફાની લશ્કરી મદદ માંગી. તેથી તેણે છ હજાર સૈનિકો અને શસ્ત્રસરંજામ સાથે મહમદ-બિન-કાસિમને આક્રમણ કરવા મોકલ્યો. આ મહમદ-બિન-કાસિમ ત્યારે માત્ર 17 વર્ષનો હતો અને ઈરાનનો રાજ્યપાલ હતો. રાજા દાહિર અને તેના સૈન્યએ વીરતાપૂર્વક મહંમદ અને તેના સૈન્યનો સામનો કર્યો. અંતે તેની નજીકના કેટલાક દેશદ્રોહી વ્યક્તિઓએ મહંમદ-બિન-કાસિમનો પક્ષ લેતાં દાહિરની હાર થઈ. રાજધાની-દેવલ બંદર લૂંટાયું. પ્રજા ઉપર અત્યાચાર થયો. દાહિરની રાણીઓ અને તેની સ્ત્રી-સહાયકોએ પણ શૌર્યતાપૂર્ણ સામનો કર્યો. પરંતુ અંતે તેમણે સ્વમાન ખાતર જૌહર (સામૂહિક અગ્નિસ્નાન) કર્યું.

દેવલનગર જીતી બિનકાસિમ આગળ વધ્યો અને સિંધના બ્રાહ્મણાબાદમાં દાહિરના પુત્ર જયસિંહ સાથે લડાઈ કરી, અંતે બ્રાહ્મણાબાદ તેના કબજામાં આવ્યું. ફરીવાર નજીકના દેશદ્રોહીઓને લીધે જયસિંહ હાર્યો. ત્યાંથી આગળ વધી બિનકાસિમે અલોર તથા મુલતાન જીતીને સમગ્ર સિંધપ્રદેશ પર મુસ્લિમ રાજસત્તા જમાવી.

બિનકાસિમના મૃત્યુ પછી દાહિરના પુત્ર જયસિંહે ફરીવાર સિંધ પર પોતાનો અધિકાર જમાવ્યો અને બ્રાહ્મણાબાદ જપ્ત કર્યું. ખલિફાને આ સમાચાર મળતાં તેણે જુનૈદ નામે ઝનૂની સરદારને સિંધના રાજ્યપાલ પદે મૂકીને આક્રમણનો આદેશ આપ્યો. જુનૈદે જયસિંહને પરાજિત કરી કેદ કર્યો. ત્યારબાદ તેણે ગુજરાત અને રાજસ્થાનના સહહદી પ્રદેશો ઉપર આક્રમણો કરી વર્ચસ્વ સ્થાપવાનો પ્રયત્ન કર્યો. પરંતુ લાટ, કાશ્મીર અને કનોજ જેવાં રાજ્યોના રાજાઓના સંયુક્ત પ્રયાસોથી તેની રાજ્યસત્તા અલ્પજીવી નીવડી. યશોવર્મા (કનોજ), લલિતાદિત્ય (કાશ્મીર), નાગ્ભટ્ટ બીજો અને અવનીજનાશ્રય (લાટ) વગેરે પરાક્રમી રાજવીઓએ આરબ આક્રમણકારોને સિંધથી આગળ વધવા દીધા ન હતા તે અત્રે નોંધવું રહ્યું.

જોકે, આરબોના આવા વિજયોનું ખાસ રાજકીય મહત્ત્વ નથી. એમણે હિન્દુઓની કત્તલ કરી પરંતુ તેમને ઇસ્લામ ધર્મ પાળવાની ફરજ પાડી શક્યા નહિ. જેમ વર્ષો વીતતાં ગયાં તેમ ખલીફાનો આ પ્રદેશમાં રસ ઓછો થતો ગયો. ખલીફાઓની રાજ્યસત્તા નબળી પડતાં સિંધના મુસ્લિમ સૂબાઓને મળતી મદદ બંધ થઈ. પરિણામે આરબ ખિલાફતનો અસ્ત થતાં (ઈ.સ. 836) આરબો સિંધ છોડી ગયા. ત્યારબાદ લગભગ પોણા બસો વર્ષ સુધી ભારતમાં મુસ્લિમ આક્રમણો ન થતાં એકંદરે શાંતિ જળવાઈ રહી.

### આરબોના આક્રમણની અસરો

મુસ્લિમો પાસે ભારતના લોકો કરતાં ઊંચી જાતનાં યુદ્ધશસ્ત્રો હતાં. ભારતના રાજાઓ રણમેદાનમાં હાથીનો ઉપયોગ કરતા, તેના સ્થાને મુસ્લિમ આક્રમણકારીઓએ ઘોડાનો વિશાળ પાયા પર ઉપયોગ કર્યો. જે હાથી કરતા વધુ ઉપયોગી સાબિત થયા. આરબોના વિજય બાદના હિંદમાં શિકાર, મલ્લવિદ્યા અને પ્રાણીઓની સાઠમારી જેવી રમતો દાખલ થઈ. વૈદકશાસ્ત્રમાં યુનાની (ગ્રીક) ચિકિત્સાપદ્ધતિ પણ દાખલ થઈ.

આ સમયના રાજપૂત રાજાઓમાં અપાર વીરતા હતી, શૌર્ય હતું, ઝનૂન હતું, દેશ, ધર્મ અને સ્વામી માટે આત્મ-બલિદાનની તમન્ના હતી. તેમને મતે મૃત્યુ એ જીવનનો એક સહજ પ્રસંગ હતો. રણભૂમિમાં મૃત્યુ મળે તો સ્વર્ગ મળે તેવી એમની દઢ માન્યતા હતી. લડતાં લડતાં મરવું એ એક જીવનનો લહાવો હોવાનું તેઓ માનતા. તેમ છતાં આ વીર રાજપૂતો પરાજિત થયા. બાહ્ય મુશ્કેલીથી અલિપ્ત અને શાંતિપ્રિય એવી હિંદની પ્રજા આરબો અને તે પછીના તુર્કોના ઝનૂની પ્રહારોથી હતપ્રભ બની. આ પહેલાં અનેક વિદેશી જાતિઓનાં આક્રમણોના અનુભવો થયા હતા. આવા લોકોને પણ પોતાના સંસ્કાર, વારસા અને ધર્મથી તેમણે પોતાના કરી લીધા હતા. પરંતુ મુસ્લિમો આવતાં પરિસ્થિતિ બદલાઈ. મુસ્લિમો ભારતમાં પોતાનો ધર્મ અને પોતાની સમાજવ્યવસ્થા લઈને આવ્યા હતા. આરબો રાજકર્તા તરીકે સિંધમાં લગભગ એક સદી રહ્યા. એ સમયમાં એ લોકો કંઈક નવું જોવું, જાણવું, શીખવું એ એમનો શોખ હતો. તેઓ મુક્ત મને શીખી લેતા અને અપનાવી લેતા. આ સમય દરમિયાન તેઓએ ભારતીય ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વૈદિકવિદ્યા, સંગીત અને ચિત્રકલા ક્ષેત્રે શિક્ષણ મેળવ્યું. કેટલાક પ્રમાણભૂત ગ્રંથો રામાયણ, મહાભારત વગેરે સંસ્કૃત ગ્રંથોનો અરબી ભાષામાં અનુવાદ કર્યો. કમનસીબે એ યુગના ભારતીય વિદ્વાનો આરબો જેવું મુક્ત અને ગ્રહણશીલ માનસ ધરાવતા ન હોવાને કારણે આરબોની કલા-વિજ્ઞાનક્ષેત્રની વધુ સારી જાણકારી પ્રાપ્ત કરવા માટે તેના સંપર્કનો લાભ ઉઠાવી શક્યા નહિ.

### અગ્નિએશિયા અને પૂર્વ એશિયાના વિશેષ સંદર્ભ સાથે ભારતનો વિશ્વના દેશો સાથેનો સંપર્ક

ભારતમાં મધ્યયુગ દરમિયાન લગભગ પાંચસો વર્ષ રાજપૂતોનું અને પાંચસો વર્ષ મુસ્લિમોનું વર્ચસ્વ રહ્યું. આ સમય દરમિયાન ભારતીય સંસ્કૃતિ અને ઇસ્લામની સંસ્કૃતિના આદાન-પ્રદાનથી ભારતીય સંસ્કૃતિમાં કેટલાંક નવાં તત્ત્વો દાખલ થયાં. ભારતીય લોકોમાં દરિયાઈ પ્રવાસથી વિદેશ જવું તે અનિષ્ટ મનાતું, પરંતુ ઇસ્લામમાં આવા કોઈ પ્રતિબંધો ન હતો. તેથી વિદેશ જવાની અવરજવર વધી અને લોકોની દૃષ્ટિ પણ વિશાળ બની. આપણા દેશની વણઝારો અને વહાણો, દરિયાપારના દેશોમાં વેપાર કરતાં થયાં. એને લીધે સમરકંદ, બલ્ખ (બેકટ્રિયા), ઇરાન, ચીન, જાવા, સુમાત્રા વગેરે પ્રદેશોમાં વ્યાપાર વિકસ્યો.

આરબોએ સિંધમાં વિજય મેળવ્યા બાદ ઘણા આરબો સિંધમાં વસવાટ કરવા લાગ્યા. તેઓ ભારતીય વિદ્વાનોના ગાઢ સંપર્કમાં આવ્યા. તેમની પાસેથી ગણિત, ખગોળ, તત્ત્વજ્ઞાન, વૈદિકશાસ્ત્ર વગેરેનો ઊંડો અભ્યાસ કર્યો. તે સમયે બગદાદમાં

ખલીફાના આમંત્રણથી કેટલાક ભારતીય વિદ્વાનો બગદાદ પણ ગયા હતા. સમય જતાં ભારતીયો પાસેથી મેળવેલ જ્ઞાન-વારસાનો આરબોએ યુરોપના દેશોમાં ફેલાવો કર્યો.

આરબ વ્યાપારીઓ દક્ષિણ ભારતના કિનારાનાં બંદરોએ વ્યાપાર માટે આવતા તેમાંથી ત્યાં કાયમી વસવાટ પણ કર્યો. સમય જતાં દક્ષિણ ભારતના આરબોનું દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં સ્થળાંતર થતાં મલેશિયા, ઇન્ડોનેશિયા વગેરે દેશોમાં પણ ઇસ્લામનો ફેલાવો થયો. મુસ્લિમ સત્તાનો વિસ્તાર વધતા પૂર્વ અને પશ્ચિમના દેશોનો મોટો વેપાર અરબસ્તાન મારફત ચાલતો. એમાં મક્કા વેપારનું મોટું કેન્દ્ર મનાતું. ભારત અને બીજા એશિયાઈ દેશોનો માલ આરબો સીરિયા, મિસર (ઇજિપ્ત), રોમ, ગ્રીસ વગેરે સ્થળોએ પહોંચાડતા. ધર્મની જેમ વેપારે પણ આરબોને વિવિધ દેશોનો પ્રવાસ કરવાની, ત્યાંની પ્રજાઓમાં હળવા-મળવાની તક પૂરી પાડી. ભારતના પૂર્વ કિનારાનાં બંદરોથી અગ્નિ એશિયા સાથે ધમધોકાર વેપાર ચાલતો તો પશ્ચિમ કિનારાના કાંઠે (કેરળ) આફ્રિકા અને પશ્ચિમ એશિયાના દેશો સાથે વેપાર થતો. કેરળ, શ્રીલંકા અને માલદ્વીપ કિનારે આઠમી સદીથી આરબો આવીને વસ્યા હતા. એમણે જ 16 મી સદીમાં વાસ્કો-દ-ગામાની આગેવાની નીચે આવેલા ફિરંગીઓ (પોર્ટુગીઝો)નો સખત સામનો કરેલો. અહીંથી મુલાયમ કાપડ, મરી-મસાલા અને કીમતી પથ્થરોનો મોટા પાયે નિકાસ થવાથી આ પ્રદેશના લોકોને અઢળક ધન મળતું.

**સ્વાધ્યાય**

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) મધ્યયુગનો ઇતિહાસ જાણવા માટેનાં લિખિત સાધનો વિશે માહિતી આપો.

(2) આરબોએ કરેલ સિંધ પરનાં આક્રમણની ચર્ચા કરો.

(3) મધ્યયુગમાં વિદેશથી આવેલા પ્રવાસી લેખકો વિશે નોંધ લખો.

(4) અગ્નિએશિયા અને પૂર્વ એશિયાના દેશો સાથે ભારતના સંપર્કની માહિતી આપો.

(5) આરબ-આક્રમણોની અસરો જણાવો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) ઇસ્લામ ધર્મના સ્થાપક કોણ હતા ?

(2) આરબોના સંપર્કથી ભારતમાં કઈ-કઈ રમતો દાખલ થઈ ?

(3) વિજયનગર સામ્રાજ્યમાં સોનાના સિક્કાઓ ક્યા નામથી જાણીતા હતા ?

(4) અલબરુની કોણ હતો?

(5) ભારતીય ઇતિહાસમાં મધ્યયુગના કેટલા વિભાગો પડે છે ? ક્યા-ક્યા ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) દિલ્લીના સુલ્તાનોની રાજભાષા કઈ હતી?

(A) ઉર્દૂ (B) ફારસી (C) અરબી (D) હિન્દી

(2) ભારતનો સર્વપ્રથમ ઐતિહાસિક ગ્રંથ તરીકે નીચેનામાંથી કયો ગ્રંથ સ્વીકૃત છે?

(A) ગીતગોવિંદ (B) ભાષ્ય (C) રાજતરંગિણી (D) રામચરિતમાનસ

(3) ક્યા મુસ્લિમ આક્રમણકારે ભારત પર આક્રમણ કરી સિંધ કબજે કર્યું હતું?

(A) મહમંદ-બિન-કાસમ (B) મહંમદ ગાઝી (C) મહંમદ હુસેન (D) મહંમદ શાહ

(4) 'શિવબાવની' ગ્રંથના લેખક કોણ હતા?

(A) કવિ ચંડીદાસ (B) કવિ ભૂષણ (C) કવિ કેશવ (D) કવિ કાન્ત

(5) કુંભલગઢનો કિલ્લો ક્યા રાજ્યમાં આવેલો છે?

(A) ગુજરાત (B) મધ્યપ્રદેશ (C) દિલ્લી (D) રાજસ્થાન

•

# 13 ભારતનાં રાજપૂત રાજ્યો

ભારતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં હર્ષવર્ધનના મૃત્યુ બાદ એક વિશાળ ભારતના જુદા-જુદા પ્રદેશ પર કેટલાંક નાનાં-મોટાં રાજ્યોનો ઉદય થયો. આ રાજ્યોમાં શાસકોએ પોતાનો વિકાસ કરવા માટે આજુબાજુનાં રાજ્યો પર આક્રમણો કરીને પોતાની સ્થિતિ અને પોતાનું રાજ્ય મજબૂત બનાવ્યું. તે રાજ્યની આર્થિક, રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, સ્થિતિ સુધરતાં ભારતીય સભ્યતા, ભારતીય સમાજ અને સંસ્કૃતિયુક્ત આવાં નાનાં રાજ્યોનો વિકાસ થયો. આ સમયગાળા (ઈ.સ. 700 થી લઈને ઈ.સ. 1200)ને ભારતમાં રાજપૂતયુગ કહેવામાં આવે છે. અત્રે આ કેટલાંક રાજ્યોનો રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસનો અભ્યાસ કરીશું.

**કનોજના ગઢવાલો (ગહડવાલ)**

હર્ષના અવસાન પછી કનોજનું રાજ્ય છિન્ન-ભિન્ન થઈ ગયું. યશોવર્મા નામના શાસકે (ઈ.સ. 700 - 740) ગાદી પ્રાપ્ત કરી. કશ્મીરના શાસક-લલિતાદિત્ય મુક્તાપીડે કનોજ પર ચડાઈ (ઈ.સ. 740) કરીને યશોવર્માને પરાજિત કર્યો. ત્યાર બાદ કનોજની કોઈ વિશેષ માહિતી મળતી નથી. તે પછી 11મી સદીમાં પ્રતિહાર સામ્રાજ્યનાં પતન પછી ચંદ્રદેવે ગોપાલ નામના રાજાને હરાવી કનોજ જીતી લીધું. આ ચંદ્રદેવ ગોપાલ, ગઢવાલ જાતિનો હતો. આ જાતિનાં મૂળ વિશે માહિતી મળતી નથી. પરંતુ એમ લાગે છે કે આ વંશના શાસકો દક્ષિણ ભારતના હતા અને રાષ્ટ્રકુટો કે રાઠોડોની એક શાખાના હતા. તેમનું શાસન કનોજ આસપાસ હતું. કનોજ તેની રાજધાની હતી. તેનો પ્રથમ શાસક ચંદ્રદેવ (ઈ.સ. 1090 - 1100) હતો. તેના પછી મદનચંદ્ર ગાદીએ આવ્યો. મદનચંદ્રે મહારાજાધિરાજનું બિરુદ અપનાવ્યું. તે પોતે વિદ્વાન હતો. તેણે 'મદનવિનોદ' નામનો એક ગ્રંથ રચ્યો. તેણે કાશીમાં આદિકેશવનું મંદિર પણ બંધાવ્યું હતું. ત્યારબાદ સત્તાસ્થાને આવેલો ગોવિંદચંદ્ર એ મદનચંદ્રનો પુત્ર હતો. તે આ વંશનો સૌથી પ્રતાપી અને પરાક્રમી રાજા હતો.

**જયચંદ્ર (ઈ.સ. 1170 - 1198)**

જયચંદ્ર એ ખૂબ જ પ્રખ્યાત રાજા હતો. તેણે ચંદેલાઓ અને ચૌહાણ રાજ્યોની સાથે સંઘર્ષ કર્યા હતા. શાંભરનાં રાજા પૃથ્વીરાજ ચૌહાણ સાથે તેને અણબનાવ હતો. મોહંમદ ઘોરીએ (ઈ.સ. 1193) જયચંદ્રના રાજ્ય કનોજ પર આક્રમણ કર્યું હતું અને વિરતાપૂર્વક લડતાં-લડતાં યુદ્ધભૂમિમાં માર્યો ગયો. ત્યારબાદ રાઠોડ રાજવીઓએ કનોજ છોડીને રાજપૂતાના તરફ પોતાની સત્તા જમાવી.

**કાશ્મીરનું રાજ્ય**

કાશ્મીરના હિન્દુ રાજ્યનો ઇતિહાસ આપણને કવિ કલ્હણના ગ્રંથ 'રાજતરંગિણી'માંથી પ્રાપ્ત થાય છે. કલ્હણ બ્રાહ્મણ જાતિના અને રાજકવિ હતા. તેમનો પિતા ચંપક કાશ્મીરશાસક હર્ષ (લોહાર વંશ)ના મંત્રી હતા. આ ગ્રંથની રચના તેમણે જયસિંહ (ઈ.સ. 1127 - 1154)ના શાસનકાળમાં પૂરી કરી હતી. પ્રથમ ત્રણ ભાગોમાં કાશ્મીરનો પ્રાચીન ઇતિહાસ છે. સાતમા તથા આઠમા ભાગમાં લોહારવંશનો ઇતિહાસ છે. આ ગ્રંથમાં ઘટનાઓ તથા તિથિક્રમનું વર્ણન છે. આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં લખાયેલ છે. મોટાભાગના વિવેચકોએ 'રાજતરંગિણી' ને હિંદનાં પ્રથમ આધારભૂત ઐતિહાસિક ગ્રંથનો દરજ્જો આપ્યો છે.

7મી સદીમાં દુર્લભવર્ધને કાશ્મીરમાં કર્કોટક વંશની સ્થાપના કરી. તેના પછી તેનો પુત્ર દુર્લભક શાસક થયો. જેણે 'પ્રતાપાદિત્ય' ની પદવી ધારણ કરીને પ્રતાપપુર નગરની સ્થાપના કરી. તેના ત્રણ પુત્રો ચંદ્રાપીડ (વ્રજાદિત્ય), તારપીડ (ઉદયાદિત્ય) તથા મુક્તાપીડ (લલિતાદિત્ય) હતા. મુક્તાપીડે કનોજના શાસક યશોવર્મન સાથે સંધિ કરી. તિબેટના રાજાઓને પરાજિત કર્યા. તેણે ચીનમાં રાજદૂત મોકલ્યો હતો. તેણે કાશ્મીરમાં પ્રસિદ્ધ માર્તંડ (સૂર્ય) મંદિરનું નિર્માણ કરાવ્યું. આ વંશમાં અંતિમ શક્તિશાળી શાસક જયાપીડ થઈ ગયો, જેણે 8 મી સદીમાં કનોજના શાસક વ્રજીયુદ્ધને હરાવ્યો હતો.

**ઉત્પલ વંશ**

અવન્તિવર્મન નામના શાસકે આ વંશની અને અવંતિપુર નામના નગરની સ્થાપના કરી. ત્યારબાદ શંકરવર્મન તથા ગોપાલવર્મન નામના શાસક થયા. ત્યારબાદ, ક્ષેમગુપ્ત ગાદીએ આવ્યો. તે વિલાસી અને લંપટ હતો. તેથી તેની પરાક્રમી રાણી દિદા (લોહારના રાજા સિંહરાજની પુત્રી)એ કાશ્મીરનું સુકાન સફળતાપૂર્વક સંભાળી લઈ લોકપ્રિયતા પ્રાપ્ત કરીને રાજ્ય કર્યું.

**લોહાર વંશ**

રાજરાણી દિદ્દાના અવસાન બાદ આ રાજ્ય 'લોહાર'વંશને હસ્તક આવ્યું. આ વંશમાં રાજા જયસિંહ થઈ ગયો, જેના દરબારમાં રાજકવિ કલ્હણ સન્માનભર્યું સ્થાન ધરાવતો હતો. લોહારવંશનો છેલ્લો શાસક જામસિંહ હતો. ત્યારબાદ શાહમીર નામના મુસ્લિમ યોદ્ધાએ પોતાના શાસનની શરૂઆત કરી. શાહમીરના વંશજોએ કાશ્મિરમાં શાસન કર્યું. અકબરે કાશ્મીર જીતી લઈ મુઘલ સામ્રાજ્યનો ભાગ બનાવ્યું.

## મેવાડ અને મારવાડ (રાજસ્થાન)

### મેવાડના ગોહિલો

મેવાડના ગોહિલપુત્રો કે ગુહિલોત, જે પાછળથી સિસોદિયા રાજપૂતના નામે ઓળખાયા. તે મધ્યકાલીન ઈતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે. બપ્પા (બાપ્પા) રાવળ આ વંશનો સ્થાપક હતો. આ બપ્પા એ નામ નહીં પરંતુ ગુહિલોત રાજાઓમાંના એકની ઉપાધિ હતી. ગ્રંથોમાં તેનો સમય ઈ.સ. 8મી સદીના પૂર્વાર્ધમાં મૂકવામાં આવે છે. એ દૃષ્ટિએ વિચારતા એ આ વંશનો સ્થાપક હોવાનું શક્ય જણાતું નથી. આ વંશનો સ્થાપક કાલભોજ હતો, એમ કેટલાક ઈતિહાસકારો માને છે. બપ્પા અગાઉ ગોહિલોએ મેવાડમાં ઓછામાં ઓછા બે સૈકા રાજ્ય કર્યું હતું. તેમનું સૌથી જૂનું પાટનગર નાગહ્રદ (નાગદા) હતું. તે પછી આઘાટ (અહર - ઈ.સ. 10મી સદી) તેની રાજધાની બની. આરબોએ પશ્ચિમ ભારતને ખેદાન મેદાન કરી નાખ્યું (ઈ.સ. 725), ત્યારે તેમનો સામનો કરનાર ભારતીય રાજવીઓમાં બપ્પા મુખ્ય હતો. આરબોએ કબજે કરેલાં શહેરો અને દુર્ગો પાછા જીતી લેવા તેણે જે શૂરવીરતા બતાવી, તેથી લોકોએ તેને ગોહિલવંશનો સ્થાપક માન્યો હશે.

ગોહિલ રાજા ભર્તુપટ્ટ બીજાએ પ્રતિહારોની ધૂંસરી ફેંકી (ઈ.સ.ની 10મી સદી) દીધી. તેણે મહારાજાધિરાજનું બિરુદ અપનાવ્યું હતું. તેના પુત્ર અલ્લટે રાજ્ય કર્યું હતું. અલ્લટ હરિપદેવા નામની હુણ રાજકુંવરીને પરણ્યો હતો. અલ્લટ પછી તેનાં પુત્ર નરવાહને રાજ્ય કર્યું. નરવાહન પછી શાલિવાહન અને ત્યારબાદ શક્તિકુમારે ગાદીએ આવ્યો હતો. તેણે ઈ.સ. 10મી સદીના અંત સુધી રાજ્ય કર્યું. તેના શાસન દરમિયાન પરમાર રાજા મુંજે આઘાટ પાટનગરનો નાશ કર્યો.

તે પછી તેઓ થોડો સમય ચૌલુક્ય કુમારપાળને શરણે રહ્યા, જેનો ચિત્રકુટ (ચિત્તોડ) ઉપર અધિકાર હતો. ગોહિલ સરદાર સામંતસિંહે પોતાનું રાજ્ય ફરીથી મેળવ્યું. તે પછી થોડા જ સમયમાં નડુલ (નડોલ) કીર્તિપાલે જીતી લીધું. સામંતસિંહ વાગડ (વાંસવાડા અને ડુંગરપુર)માં જઈને રહેવા લાગ્યો અને તેના નાના ભાઈ કુમારસિંહે ચૌલુક્ય રાજાની સહાયથી કીર્તિપાલને મેવાડના રાજ્યમાંથી હાંકી કાઢ્યો. તે પછી થયેલા જૈતસિંહના રાજ્ય દરમિયાન મેવાડના ગોહિલોએ ફરી રાજકીય ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું.


કીર્તિ સ્તંભ - ચિત્તોડ


રાણા સાંગા


મહારાણા પ્રતાપસિંહ

મુસલમાનોની ચડાઈઓને લઈને એ રાજ્યની શક્તિ ક્ષીણ થતાં અલ્લાઉદ્દિન ખલજીએ તે જીતી લીધું. છતાં પણ તેનો થોડોક ભાગ સિસોદિયા કુળના ગોહિલોના હાથમાં રહી ગયો. 14મી સદીમાં રાણા હમીરે ફરી વખત લગભગ સમગ્ર મેવાડ (ચિત્તોડ સહિત) પાછું મેળવ્યું, તેના પછી રાણા મોકલસિંહ અને ત્યારબાદ તેનો પુત્ર રાણા કુંભા ગાદી એ આવ્યો .

રાણા કુંભો ઘણો શક્તિશાળી રાજવી હતો. તે પોતે સાહિત્ય અને કલાનો ઉપાસક હતો. મેવાડના 84 કિલ્લાઓમાંથી 32 કિલ્લાઓ તેણે જ બંધાવ્યા હતા. તે જ રીતે તેણે બંધાવેલાં ચિત્તોડનો 'વિજયસ્તંભ' (કીર્તિસ્તંભ) આજે પણ તેના પરાક્રમની સાક્ષી પૂરે છે. તેનો પૌત્ર રાણા સંગ્રામસિંહ (રાણા સાંગા) શૌર્યનો મૂર્તિમંત અવતાર હતો. તેણે ઘણી લડાઈઓમાં ભાગ લીધો હોવાથી એક પગ અને એક આંખ પણ ગુમાવી તથા તેના શરીર ઉપર જુદાં-જુદાં શસ્ત્રોથી થયેલા 80 જેટલા ઘા હતા. તેણે માળવા, ગુજરાત અને દિલ્હીના સુલતાનો સાથે યુદ્ધો કર્યાં. આવી દરેક લડાઈમાં તે વિજયી નીવડ્યો. તે

પોતાનાં પરાક્રમોને કારણે તે સમયના સમસ્ત રાજસ્થાનના રાજપૂતોનો નેતા ગણાતો. બાબરે પાણીપતની પ્રથમ લડાઈમાં ઇબ્રાહીમ લોદીને હરાવી ભારતમાં મુઘલવંશની સ્થાપના કરી, ત્યારે રાણા સાંગાએ જ તેને ભારતના મધ્યયુગીન ઇતિહાસમાં પહેલી અને છેલ્લી વાર રાજપૂત રાજાઓને સંઘ બનાવીને પડકાર આપ્યો. જોકે બાબર સામેની ખાનવા (કાન્હવા)ની આ લડાઈમાં રાણા સાંગા હાર્યા. તેનું તેજ તેના પૌત્ર રાણા પ્રતાપમાં બરાબર ઊતર્યું હતું. તેણે અકબરને પડકાર આપેલો. મુઘલ સૈન્ય સાથે કેટલીક લડાઈઓ કરી પોતાના રાજ્યને બચાવ્યું હતું.

### મારવાડ (જોધપુર)


મારવાડ એ રાજપૂતાનાનું બીજું અગત્યનું રાજ્ય હતું. ત્યાં પ્રાચીન રાષ્ટ્રકૂટોમાંથી ઊતરી આવેલા રાઠોડ રાજપૂતોનું શાસન હતું. મારવાડનો આધુનિક ઇતિહાસ રાઠોડ રાજા ચંદ્રથી શરૂ થાય છે. તેના પુત્ર જોધાએ જોધપુર વસાવી ત્યાં કિલ્લો બંધાવ્યો. તેના પુત્ર બીકાજીએ બિકાનેર વસાવ્યું. 16 મી સદીમાં રાઠોડ રાજા માલદેવ ઘણો શક્તિશાળી રાજવી થઈ ગયો. તે મુઘલ બાદશાહ હુમાયુ તથા શેરશાહ સુરીનો સમકાલીન હતો. તેને શેરશાહ સાથે સંઘર્ષ થયો હતો. તેના સમયમાં રાઠોડોની સત્તા સર્વોચ્ચ કક્ષાએ પહોંચી હતી.

### શાકંભરીના ચૌહાણો

દંતકથા પ્રમાણે ચાહમાનો (ચૌહાણો) આબુ પર્વત પર ઋષિમુનિઓએ કરેલ યજ્ઞમાંથી ઉત્પન્ન થયેલા રાજપૂતો હતા. તેઓ શરૂઆતમાં ગુર્જર પ્રતિહારોના સામંતો હતા. તેઓ રાજપૂતના અને ગુજરાતના પ્રદેશ પર શાસન કરતા, પરંતુ ઈસુની 10મી સદીમાં ગુર્જર પ્રતિહાર સત્તા નબળી પડતાં તેઓ સ્વતંત્ર થયા. તેમના શાસનની કેટલીક શાખાઓમાં પ્રતાપગઢ, નડુલ અને સાંભર મુખ્ય ગણાય. સાંભર શાખાનું પાટનગર શાકંભરી હતું. આ શાકંભરીના ચૌહાણોએ 11મી સદીમાં સુલતાન મહમુદ ગઝનવીનાં આક્રમણોનો સફળતાપૂર્વક સામનો કર્યો. 12મી સદીમાં રાજા અજયરાજે 'અજયમેરુ' (અજમેર) શહેર વસાવ્યું. તેણે તથા તેના પુત્ર અર્ણોરાજે ચૌહાણ સત્તાનો સારો એવો વિકાસ કર્યો. ગુજરાતના મહાન સોલંકી રાજવી સિદ્ધરાજ જયસિંહે પોતાની પુત્રી કાંચનદેવીનાં લગ્ન અર્ણોરાજ સાથે કર્યાં. અર્ણોરાજના પુત્ર સોમેશ્વરનો પુત્ર પૃથ્વીરાજ, ચૌહાણ રાજ્યવંશમાં ઘણો પરાક્રમી હતો. તેના દરબારમાં રાજકવિ ચંદબરદાઈ સન્માનપૂર્ણ સ્થાન ધરાવતો. આ પૃથ્વીરાજ ચૌહાણ સાથે તરાઈના મેદાનમાં ઈ.સ. 1191 માં મહમ્મદ ઘોરીએ તેને પરાજય આપ્યો. પરંતુ ફરી 13મી સદીમાં ચૌહાણોએ પોતાની રાજધાની રણથંભોરના ડુંગરાળ વિસ્તારોમાં ફેરવી. અલ્લાઉદ્દીન ખલજીએ છેલ્લા રાજવી હમીરદેવને હરાવી શાકંભરીમાંથી ચૌહાણ સત્તાનો અંત આણ્યો (ઈ.સ. 1303).

### અંબર કે આમેર (વર્તમાન જયપુર)

અંબરમાં સૂર્યવંશી કચ્છવા (કુશવાહા) રાજપૂતોનું શાસન હતું. આ રાજ્યની સ્થાપના લગભગ 10મી સદીમાં થઈ. શરૂઆતમાં તે મેવાડના આધિપત્ય નીચે હતું. પરંતુ 14મી સદીમાં તેણે સારુ રાજકીય મહત્ત્વ પ્રાપ્ત કર્યું. તેના રાજા ભારમલે (બિહારીમલે) પોતાની કન્યા (હરખાબાઈ) અકબર સાથે પરણાવી હતી. જયપુર, જોધપુરનાં રાજ્યો (છેક ઈ.સ. 1947 સુધી) સ્વાયત્ત રહ્યાં હતાં. જોધપુરનો રાજમહેલ, જયપુરનો હવામહેલ અને આમેરનો કિલ્લો, એ ભારતીય કલા અને સ્થાપત્યની દૃષ્ટિએ ઘણું મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. બાબરના આક્રમણ સમયે રાજસ્થાનમાં મેવાડ, મારવાડ અને આમેર ત્રણેય રાજ્યો મહત્ત્વપૂર્ણ અને સ્વતંત્ર રાજ્યો હતાં. 'મારવાડ' (જોધપુર) પર રાઠોડ રાજપૂતોનું શાસન હતું. મારવાડના પ્રભાવશાળી શાસકોએ યુદ્ધના બળ પર પોતાની શક્તિ વધારી મારવાડના શાસકોએ જ બીકાનેર રાજ્યની પણ સ્થાપના કરી હતી.



જયપુરનો હવામહેલ

### ગુજરાતનું રાજ્ય

પ્રાચીન સમયથી ગુજરાત ખૂબ જ સમૃદ્ધ રાજ્ય છે. તેથી ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ પર તેનો મોટો પ્રભાવ પડ્યો છે. 7મી કે 8મી સદીમાં અહીં પણ ગુર્જર પ્રતિહારોનું સામ્રાજ્ય ચાલતું હતું. આ ગુર્જર સત્તા નબળી

પડતાં સારસ્વતમંડળની આસપાસના ચાવડા વંશના લોકોએ આ પ્રદેશ પર પોતાની સત્તા જમાવી. ચાવડાવંશના રાજ્ય સમયે ગુજરાતમાં જૈનધર્મનો ફેલાવો થયો. છેલ્લા ચાવડા રાજા સામંતસિંહને મારીને ચૌલુક્ય (સોલંકી) ગુજરાતમાં સત્તા પર આવ્યા. સોલંકીઓના શાસકોએ ગુજરાતને અનોખી સિદ્ધિઓ અપાવી, મૂળરાજ, ભીમદેવ, કર્ણદેવ અને જયસિંહ સોલંકી (સિદ્ધરાજ) ના સમયમાં ગુજરાત આર્થિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ તે સમયમાં સમૃદ્ધિની છોળો ઉડાડતું હતું. ગુજરાતના શાસકોએ માળવા, ચિત્તોડ, ભિન્નમાલ, લાટ પ્રદેશ, આબુ વગેરે પ્રદેશ પર પોતાની સત્તા ફેલાવી. ગુજરાતનું સ્થાપત્ય જેમાં, પાટણની રાણીની વાવ, સિદ્ધપુરનો રુદ્રમાળ, પાલીતાણાનાં જૈન દેરાસરો, વડનગરનું કીર્તિતોરણ, મોઢેરાનું સૂર્યમંદિર વગેરે જેવાં પ્રખ્યાત સ્થાપત્યપૂર્ણ બાંધકામો થયાં.


કીર્તિતોરણ-વડનગર


રાણીની વાવ - પાટણ

સિદ્ધરાજ સોલંકી પછી કુમારપાળ, ભીમદેવ બીજો, મૂળરાજ સોલંકી બીજો વગેરે શાસકો થયા. સોલંકી સત્તા નબળી પડતાં વાઘેલાવંશના શાસકોએ ગુજરાતની સત્તા સંભાળી. ગુજરાતની ધન-સંપત્તિનાં ગુણગાન સાંભળીને દિલ્હીના સુલતાને કર્ણદેવ વાઘેલાના સમયે (ઈ.સ. 1303) ગુજરાત પર આક્રમણ કરીને મુસ્લિમ સત્તા સ્થાપિત કરી. ત્યારબાદ ગુજરાતમાં દિલ્હી સલ્તનતની સત્તા ચાલી. ત્યારબાદ ઝફરખાન નામના સુબાએ મુજફ્ફરશાહ નામ ધારણ કરીને સ્વતંત્ર ગુજરાતી સલ્તનતની સ્થાપના કરી, જેણે ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. અંતે (ઈ.સ. 1573) અકબરે ગુજરાત જીતી લીધું.


રાણીની વાવનું વરાહશિલ્પ - પાટણ

### માળવાનું રાજ્ય

માળવા રાજ્ય સુખી અને સમૃદ્ધ હતું. તે મધ્યપ્રદેશની શાન સમાન હતું. 7મી સદી સુધી આ પ્રદેશ પર રાષ્ટ્રકૂટોનું શાસન ચાલતું હતું. આ રાષ્ટ્રકૂટો નબળા પડતાં તેમનું સ્થાન પરમારોએ લીધુ. પરમાર રાજા સિયક રાષ્ટ્રકૂટોનો સૂબો હતો. તેણે (10 મી સદી) માળવામાં સ્વતંત્ર રાજ્ય સ્થાપીને ધારાનગરીને તેનું પાટનગર બનાવ્યું. આ સિયકનો પુત્ર મુંજ (વાક્પતી રાજ) જે ઘણો જ શક્તિશાળી હતો. યુદ્ધોમાં તેનાં પરાક્રમોને લીધે તે 'પૃથ્વીવલ્લભ' કહેવાતો હતો. તેણે ગોહિલો, હૂણો, ચૌહાણો, સોલંકીઓ અને ચાલુક્ય રાજવીઓ સાથે લડાઈઓ કરી. તેણે ધારાનગરીમાં 'મુંજસાગર' નામનું જળાશય બંધાવ્યું. મુંજ પછી તેનો ભાઈ સિંધરાજ અને ત્યારબાદ ભોજ માળવાની ગાદીએ આવ્યો. તેણે પણ તેના દાદાની જેમ કેટલાંક પરાક્રમો કર્યાં. તે સાહિત્ય, કલા અને વિદ્યાનો ઉપાસક હતો. તેના દરબારમાં ધનપાલ અને ઉવટ જેવા ખ્યાતનામ કવિઓ તથા સીતા નામની એક વિદ્વાન કવયિત્રીને પણ સ્થાન મળ્યું હતું. તેણે પોતે પણ સ્થાપત્ય, આયુર્વેદ, જ્યોતિષ, યોગ, પ્રાણીશાસ્ત્ર વગેરે જુદા-જુદા વિષયો પર લગભગ 20 જેટલા ગ્રંથો રચ્યા હતા. ધારાનગરીમાં સંસ્કૃતના અભ્યાસ માટે વિદ્યાપીઠની સ્થાપના કરી. ભોજ પછી જયસિંહ, લક્ષ્મણદેવ, નરવર્મન, યશોવર્મન જેવા શાસકો થયા. અંતે અલાઉદ્દીન ખલજીએ માળવા જીતી લીધું.

### ઓરિસ્સા (કલિંગ)નાં ગંગેય રાજ્યો

ઓરિસ્સા ભારતના પૂર્વ કાંઠે આવેલું રાજ્ય છે. તેનું પાટનગર ભુવનેશ્વર છે, ઓરિસ્સા 480 કિમી લાંબો સમુદ્ર કિનારો ધરાવે છે. ઓરિસ્સા રાજ્ય તેમાં આવેલાં મંદિરો માટે જાણીતું છે. ખાસ કરીને પુરી અને કોર્ણાકમાં આવેલાં મંદિરો વિશ્વવિખ્યાત છે. પ્રાચીનકાળમાં આ રાજ્ય કલિંગ રાજ્ય તરીકે ઓળખાતું હતું. ઈ.સ. પૂર્વે મૌર્ય કુળના રાજા અશોકે આ રાજ્ય પર ચડાઈ કરી હતી, જે કલિંગના ઐતિહાસિક યુદ્ધ તરીકે પ્રચલિત છે. ઈસુની 5મી સદીમાં મધ્ય કલિંગ તથા દક્ષિણ

કલિંગમાં જુદા-જુદા વંશનું શાસન હતું. ઉત્તર કલિંગના ગંગ લોકો એ મધ્ય કલિંગ કબજે કર્યું. આ ગંગ લોકો પ્રાચીન સમયથી જાણીતા મૈસુરના ગંગ વંશના શાસકો હતા. ગંગ શાસકોનાં નામ પાછળ વર્મન શબ્દ લાગે છે. તેમણે "ત્રિકલિંગાધિપતિ"નું બિરુદ ધારણ કર્યું. આ ગંગ લોકોએ કલિંગ (ઓરિસ્સા) પર લગભગ 400 વર્ષ શાસન કર્યું. તેમનો છેલ્લો જાણીતો રાજા દેવવર્મન 4થો હતો. 11મી સદીમાં આ પ્રદેશ પર બીજા ગંગ કુટુંબનું શાસન સ્થપાયેલ જોવા મળે છે. તેનો સ્થાપક અનંતવર્મન હતો, તેને ઓરિસ્સાપતિ અથવા "ઉત્કલાધિપતિ" નો ઈલ્કાબ ધારણ કર્યો હતો. બંગાળ-બિહારના પાલ રાજ્યોને તેણે હરાવ્યાં. તેનો વિસ્તાર ગંગાથી ગોદાવરી સુધી વિસ્તરેલો હતો. તેમણે પુરી જગન્નાથજીનું પ્રખ્યાત મંદિર બંધાવી અહીં (ઈ.સ. 1150 સુધી) શાસન કર્યું. બખત્યારૂદ્દિન ખલજીએ કલિંગ જીતવા લશ્કર મોકલ્યું (ઈ.સ. 1205) પરંતુ તેની હાર થઈ. ત્યારબાદ નરસિંહ 1 પહેલાના સમયમાં મુસ્લિમ શાસકોએ આક્રમણ કર્યાં, જેમાં તેમને સફળતા મળી નહીં. આ નરસિંહ 1લો (રાજાભીમદેવ) પુરી નજીક કોર્ણાકનું પ્રખ્યાત સૂર્યમંદિર બંધાવ્યું. 14મી સદીમાં ગંગ રાજવીઓને દિલ્હી, વિજયનગરના શાસકો અને બંગાળની સત્તાનો સામનો કરવો પડ્યો. આગળજતાં ગંગ વંશની સત્તાનો ઓરિસ્સામાંથી અંત આવ્યો.


કોર્ણાકનું સૂર્યમંદિર

### સૂર્યવંશી ગજપતિઓ

પૂર્વીય ગંગ શાસકોના સમયમાં કપિલેન્દ્ર ગજપતિએ રાજ્યવંશની સ્થાપના કરી. તેમણે ઓરિસ્સા પર એક સદી કરતાં પણ વધારે શાસન કર્યું. અહીં પુરુષોત્તમ નામના શાસકે લાંબુ શાસન કર્યું. ઓરિસ્સાનો પ્રખ્યાત શાસક પ્રતાપ રુદ્રદેવ ઓરિસ્સાના ગજપતિઓનો છેલ્લો શાસક હતો. તે વિજયનગર રાજ્યના કૃષ્ણદેવરાયનો સમકાલિન હતો. તેના સમયમાં વૈષ્ણવ ધર્મનો વિકાસ થયો હતો. આમ, ઓરિસ્સામાં ગંગો પછી ગજપતિઓએ શાસન કર્યું.

### ચોલ સામ્રાજ્ય

ચોલોનો પ્રાચીનતમ ઉલ્લેખ અશોકના શિલાલેખમાંથી મળે છે. 9મી સદીના મધ્યમાં વિજયપાલના નેતૃત્ત્વમાં ચોલોનું પુનરુત્થાન થયું. સંભવિત રીતે તેઓ પોતાના શરૂઆતના સમયમાં પલ્લવોના સામંત હતા. વિજયપાલે પાંડ્યોની નિર્બળ શક્તિનો લાભ ઉઠાવીને તાંજોર પર અધિકાર કરી લીધો. ત્યાં તેમણે દુર્ગાદેવીના મંદિરનું નિર્માણ કરાવ્યું. એના આદિત્ય તથા પરાન્તક ઉત્તરાધિકારીઓએ પલ્લવો તથા પાંડ્યોની નબળી પડતી જતી શક્તિનો લાભ ઉઠાવી દક્ષિણ ભારતના મોટા ભાગ પર અધિકાર કરી લીધો. આદિત્ય 1લો કાવેરી નદીના બન્ને કિનારે શિવ મંદિરે બનાવ્યાં. તેણે પોતાના પુત્ર પરાન્તકનાં લગ્ન ચેર રાજકુમારી સાથે કર્યાં.

ચોલ સામ્રાજ્યનો વાસ્તવિક સંસ્થાપક પરાન્તક રાજાનો પુત્ર અરિમોલિવર્મન હતો. તેણે રાજારાજ 1લો (ઈ.સ. 985 - 1014) ની ઉપાધિ ધારણ કરી હતી. એણે ચેર, પાંડ્યો, વેંગીના પૂર્વી ચાલુક્ય, કલિંગ, ઉત્તરી સોલંકી લક્ષદ્વિપ અને માલદિવ પર વિજય મેળવી નૌકાસેનાનું ગઠન કર્યું. તે શિવનો અનન્ય ભક્ત હતો. તેણે તંજાવૂરમાં બૃહદેશ્વર મંદિરનું નિર્માણ કરાવ્યુ, જેને રાજરાજેશ્વર મંદિર પણ કહેવામાં આવે છે. તેણે જાવાના રાજાને પણ બૌદ્ધ વિહારના નિર્માણમાં સહાયતા કરી. રાજારાજ 1લાનો પુત્ર રાજેન્દ્ર-1લો તે પછી અહીં શાસક બન્યો. તેણે સંપૂર્ણ શ્રીલંકા ઉપર વિજય પ્રાપ્ત કરીને ચેર (કેરલ) અને પાંડ્યોના વિદ્રોહનું દમન કર્યું. તેણે નૌકાસેનાની મદદથી મલાયા તથા સુમાત્રા પર પણ વિજય મેળવ્યો.

રાજાધિરાજ એ વેંગીના ચાલુક્ય શાસકને પરાજીત કર્યા. કોમ્પમના યુદ્ધમાં રાજાધિરાજ માર્યા ગયા, પરંતુ તેના ભાઈ રાજેન્દ્ર બીજાએ સોમેશ્વરની સેનાને હરાવી, યુદ્ધ ક્ષેત્રમાં પોતાનો રાજ્યાભિષેક કર્યો.

ચોલવંશનો અંતિમ અને મહત્ત્વપૂર્ણ શાસક કુલોંત્તુગ 1લો હતો. તેણે ચોલ તથા પૂર્વી ચાલુક્યને એક કર્યા. તેના સમયે શ્રીલંકા ચોલોના અધિકારક્ષેત્રમાંથી બહાર થઈ ગયું. તેને પાંડ્યો તથા ચેરોના વિરોધનો પણ સામનો કરવો પડયો. હોયસળોના આક્રમણને પરિણામે ગંગાવાડી પ્રાંત એના હાથમાંથી નીકળી ગયો. તેણે પોતાના શાસનના સોળમા તથા અડતાલીશમા વર્ષે ભૂમિસર્વેક્ષણ કરાવ્યું. આ કુલોંત્તુગ શિવભક્ત હોવાછતાં તેણે નેત્રપટ્ટમમાં બૌદ્ધ મંદિરોને પણ એક સમાન મહત્ત્વ આપ્યું. રાજારાજ બીજો, રાજાધિરાજ બીજો, કુલોંત્તુંગ બીજો, રાજેન્દ્ર ત્રીજો અને રાજારાજ ત્રીજો વગેરે શાસકો અહીં થઈ ગયા.

## ચોલ શાસકોની સાંસ્કૃતિક સિદ્ધિઓ

### કેન્દ્રિય વહીવટીતંત્ર

ચોલ વહીવટીતંત્રના કેંદ્રમાં રાજા મુખ્ય તથા સામાન્ય અને સર્વોપરી સત્તા ધરાવતો હતો. તે રાજયનો વહીવટ ચલાવવા માટે મંત્રીઓ અને વિભાગીય વડાઓની સલાહ અવશ્ય લેતો. રાજાને વહીવટી સહાય માટે અધિકારીઓની નિયુક્તિઓ કરવામાં આવતી. રાજાનો ઉત્તરાધિકારી 'યુવરાજ' કહેવાતો. તે રાજાને શાસનમાં સહાયરૂપ બનતો. ચોલ શાસનમાં વારસા -વિગ્રહ જોવા મળતો ન હતો.

ચોલ રાજાઓએ રાજ્યના રક્ષણ માટે ગજદળ, પાયદળ, હયદળ એમ મુખ્ય ત્રણ લશ્કરી વિભાગો રાખ્યા હતા. આ ઉપરાંત મજબૂત નૌકાસૈન્ય પણ હતું. સૈનિકોની છાવણીને 'કણમ' નામે ઓળખવામાં આવતી.

### પ્રાંતીય વહીવટી તંત્ર

ચોલ રાજ્યે તેના સારા વહીવટી સંચાલન માટે રાજ્યના મંડલમ્ (પ્રાંત) નામના ભાગ બનાવ્યા હતા. મંડલમ્‌ના ઉપ વિભાગો પણ હતા. તેના એકમ વલનાડુ, નાડુ અને ગ્રામ તરીકે ઓળખાતા. મંડલમ્‌ના વડા તરીકે અધિકારીની નિયુક્તિ થતી. મંડલમ્‌નો વડો રાજાને જવાબદાર રહી પોતાનાં કાર્ય કરતો. તેનાં કાર્યોમાં અન્ય અધિકારીઓ પણ સહાયરૂપ થતા. ચોલ વહીવટની વિશેષતા તેની સ્વાયત સંસ્થાઓ હતી. રાજ્યનાં પ્રત્યેક મંડલમ્‌માં લોકોની બનેલી પ્રથમ સભા હતી. પ્રત્યેક નાડુમાં 'નાટર' નામે સભા હતી, જે સ્થાનિક લોકોની બનેલી હતી.

### આર્થિક જીવન

ચોલ સામ્રાજ્યમાં આર્થિક જીવનનો આધાર ખેતી હતો. મોટાભાગની વસ્તી તેના પર નિર્ભર રહેતી હતી. ખેતીના વિકાસ માટે સિંચાઈવ્યવસ્થા હતી. રાજ્યની આવકનું મુખ્ય સાધન ભૂમિકર એટલે કે જમીન-મહેસૂલ હતું. આ કર જમીનની ઉપજના છઠ્ઠા ભાગ જેટલો લેવાતો. આ ઉપરાંત મીઠાકર, સિંચાઈવેરો, બંદરો, નાકા પરના વેરાઓ (ટોલ-ટેક્સ), ખનીજ વેરો વગેરે આવકનાં મુખ્ય સાધન હતાં. આ ઉપરાંત અન્ય રાજાઓ પાસેથી ખંડણી ઉઘરાવવામાં આવતી.

ચોલ સામ્રાજ્યના આર્થિક વિકાસનો આધાર આંતરિક અને બાહ્ય વ્યાપાર હતો. કાપડઉદ્યોગ, સોનીકામ, માટીઉદ્યોગ વગેરે રાજ્યની આંતરિક આર્થિક-વ્યવસ્થાના આધારો હતા. જ્યારે, બંદર મારફતે બાહ્ય વ્યાપાર થતો. ચોલ સામ્રાજ્યનો મુખ્યત્વે અગ્નિએશિયા, રોમ તેમજ યુરોપના દેશો સાથે બાહ્ય વ્યાપાર થતો. આ વ્યાપારમાં મદુરાઈ, કોચી, થિરૂવનંતપૂરમ (ત્રિવેન્દ્રમ્), તાંજાવુર (તાંજોર) વગેરે બંદરો વ્યાપારી મથકો તરીકે જાણીતાં હતાં. આ બંદરોમાંથી અત્તરો, તેજાના, સુતરાઉ કાપડ, કાચ, દારૂ, હાથીદાંત, ઝવેરાત, હીરા, મોતી, સોનું, ચાંદી તેમજ અન્ય ધાતુઓ વગેરેની આયાત-નિકાસ થતી. આમ, આર્થિકપ્રવૃતિ એ ચોલ સામ્રાજ્યના વિકાસમાં અન્ય વિદેશી રાષ્ટ્રો સાથે ભારતીય સંસ્કૃતિના પ્રચાર-પ્રસારમાં ઉમદા પ્રદાન કર્યું હતું એમ કહી શકાય.

### સાંસ્કૃતિક જીવન

ચોલ સામ્રાજ્યમાં તમિલ ભાષાનો સુવર્ણયુગ હતો. તમિલ સાહિત્યમાં શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયનાં ભક્તિકાવ્યોનો સવિશેષ સંગ્રહ થયો. અહીં સંસ્કૃત સાહિત્યનો પણ ભારે વિકાસ થયો હોવાથી સંસ્કૃત વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી)ની સ્થાપના થઈ. તમિલ સાહિત્યને ઉત્તેજન મળતાં ચોલ સમયમાં સંસ્કૃત મહાકાવ્યો, પુરાણો, તત્ત્વજ્ઞાનની રચનાઓ, વ્યાકરણ-ગ્રંથો વગેરેનાં તમિલ ભાષામાં અનુવાદ થયા. ચોલ શાસનકાળમાં સર્જાયેલ સંસ્કૃત સાહિત્યની કૃતિઓમાં પરાન્તક પ્રથમના સમયનું વેંકટ માધવ કૃત ઋગ્વેદ પરનું ભાષ્ય તથા રાજારાજ બીજાના સમયમાં કેશવસ્વામી નામના વિદ્વાને 'નાના-ધોર્ણવ સંક્ષેપ' નામે કોષનું સર્જન કર્યું. આમ, જે સંસ્કૃત સાહિત્યના વિકાસની ક્ષિતિજો ચોલ સામ્રાજ્યમાં સારી એવી વિકસી.

**સ્થાપત્ય**

ચોલ રાજાએ પલ્લવ શૈલીમાં મંદિરોનું નિર્માણ કરાવ્યું. તત્કાલીન દ્રવિડ સ્થાપત્યશૈલી પોતાની ચરમકક્ષાએ પહોંચી. આ સમયમાં શ્રી નિવાસનલ્લુર (જિ. તિરૂચિલ્લાપલ્લી) કોરંગનાથનું મંદિર તેમજ પુદુક્કોટ્ટઈ વગેરે મંદિરોનું નિર્માણ થયું. આ મંદિરોમાં પલ્લવ શૈલીનાં મંદિરોનું અનુકરણ જણાય છે. 10મી સદીના પ્રારંભથી મોટા અને વધુ માળવાળાં અને ગોપુરમયુક્ત મંદિરોની રચના થવા લાગી. ચોલશૈલીનાં મંદિરોમાં તાંજોરખાતે મહાન રાજા રાજ પ્રથમે બંધાવેલું રાજરાજેશ્વર કે બૃહદેશ્વર મંદિર સૌથી વધુ ભવ્ય અને આકર્ષિત હતું. રાજેન્દ્ર પહેલાએ બંધાવેલાં ઘણાં મંદિરો પણ નોંધપાત્ર છે. તાંજોરનું રાજરાજેશ્વરનું મહાન શિવમંદિર ચોલયુગના મહાન સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે.



બૃહદેશ્વરનું મંદિર



બૃહદેશ્વર મંદિરનું એક અદ્‌ભુત શિલ્પ



નટરાજની ધાતુની પ્રતિમા

ચોલ રાજાઓએ બંધાવેલા તાંજોર અને ગંગૈકોન્ડ ચોલપુરમ્‌માં બૃહદેશ્વરની દીવાલો ઉપર અસંખ્ય શિલ્પો કંડારવામાં આવ્યાં છે. આ ઉપરાંત શિવના અનેક અવતારો, રામ-સીતાની તેમજ કાલિનાગના મસ્તક પર નૃત્ય કરતા બાળકૃષ્ણની અદ્‌ભુત મૂર્તિઓ છે. ચોલ સામ્રાજ્યમાં 10મી સદી દરમિયાન ધાતુશિલ્પોનો પણ વિકાસ થયો હતો. તેમાં મુખ્યત્વે તાંબાનાં કે કાંસાનાં શિલ્પો જોવા મળે છે. 11મી-12મી સદીથી નટરાજની ધાતુપ્રતિમાઓની રચના વિશેષ પ્રચલિત બની. એ પૈકી તિરુવલંગાડું (જિ.ચિત્તુર)માંથી પ્રાપ્ત નટરાજની કાંસાની મૂર્તિ ભારતીય ધાતુમૂર્તિકલા-નિર્માણના ઉત્કૃષ્ટ નમૂનારૂપ છે. આ ઉપરાંત મદ્રાસ (ચેન્નઈ)ના મ્યુઝિયમમાં સંગૃહીત શ્રીરામની ધાતુની મૂર્તિ પણ ઉત્તમ છે.

ચોલ સામ્રાજ્યમાં ખાસ કરીને ભીંતચિત્રોનું પણ વિશેષ મહત્ત્વ જોવા મળે છે. જેમાં તિરુમયમ અને મમંદુરની ગુફાઓ, કાંચીનાં કૈલાસનાથ અને વૈકુંઠ પેરૂમલનાં મંદિરો મુખ્ય છે. આવાં પનમલાઈના તલગિરિશ્વર મંદિરનાં ખંડિત ભીંતચિત્રો પલ્લવ શૈલીનાં છે. આ ઉપરાંત શૈવ વિષયોને લગતા ચિત્રોના નમુનાઓ અદ્‌ભુત છે. તેમાં પીળા, લાલ, કાળા, સફેદ વગેરે રંગોનો ઉપયોગ થયેલો જણાય છે. આમ, ચોલસામ્રાજ્યમાં સ્થાપત્ય, કલા, ધાતુશિલ્પ અને ચિત્રકલાનો સમન્વય થયો. જેને દક્ષિણ ભારતના ઇતિહાસનું એક નોંધપાત્ર પ્રદાન ગણાવી શકાય.

**દેવગીરીના યાદવો**

યાદવો પોતાને ભગવાન શ્રીકૃષ્ણના વંશજ હોવાનું જણાવે છે. તેમનો પ્રાંરભિક ઇતિહાસ જાણવા મળતો નથી. ઐતિહાસિક કાળમાં તેમનાં બે રાજકુળોમાંના એકનું કેન્દ્ર દેવગીરી (વર્તમાન દોલતાબાદ - ઔરંગાબાદ પાસે) બીજું મૈસુર રાજ્યમાં આવેલ દ્વારાસમુદ્ર (વર્તમાન ‘હાલેબીડ’) હોવાનું જણાય છે. આ દ્વારાસમુદ્રનું રાજકુળ હોયસળ નામે ઓળખાય છે. યાદવો રાષ્ટ્રકૂટો અને પશ્ચિમી ચાલુક્યોના સામંતો તરીકે કામ કરતા હતા. તેઓ 10મી સદીમાં રાજ્યસત્તા પર આવ્યા અને 12મી સદીમાં ઘણા શક્તિશાળી બન્યા. તેમનો પ્રથમ શાસક ભિલ્લમ 1લો હતો. આ સમયે દખ્ખણમાં ભારે રાજકીય ઊથલ પાથલ થઈ રહી હતી. કલ્યાણીના ચાલુક્ય રાજવી સોમેશ્વર 4થાને ત્યાંથી હાંકી કાઢી યાદવો સ્વતંત્ર થયા હતા. તેથી ભિલ્લમ 9માએ આ શાસકોને હરાવી સમ્રાટનું બિરુદ ધારણ કર્યું. તથા દેવગીરીને પોતાના પાટનગર તરીકે પસંદ કર્યું. ચાલુક્યોની શક્તિ નબળી પડતા તેનો લાભ દ્વારાસમુદ્રના હોયસળો લેવા માંગતા હતા, પરંતુ આ ભિલ્લમે હોયસળના રાજા વિર બલ્લાલને તથા ચોલ રાજા કુલોંત્તુંગ 3જાને હરાવી તેમના પ્રદેશો જીતી લીધા.

**જૈત્રપાલ - (જૈતુંગી) (ઈ.સ. 1193-1200)**

યાદવોના આ શાસકે દક્ષિણમાં કાકતિયો, ગંગો અને ચોલો, ઉત્તરમાં પરમારો તથા ચૌલુક્ય સાથે લડાઈ કરી ઘણા વિજયો મેળવ્યા હતા. તેણે પોતાના સમકાલીન રાજાઓ ઉપર પોતાનો પ્રભાવ પાડી આ કુળની પ્રતિષ્ઠા વધારી.

**સિંઘણ (ઈ.સ. 1200-1247)**

સિંઘણ જૈત્રપાલનો પુત્ર હતો. તે યાદવવંશનો સૌથી વિશેષ પ્રતાપી રાજા હતો. તેણે ઘણા યુદ્ધો કરી યાદવ રાજ્યને ઉન્નતિનાં શિખરે પહોંચાડ્યું હતુ. પોતાના કુળના અપમાનનું વેર લેવા તેણે હોયસળના રાજા પર ચડાઈ કરી, વીર બલ્લાલને

હરાવી તેના અનેક પ્રદેશો પર પોતાનું આધિપત્ય સ્થાપ્યું. હોયસળો ઉપર પ્રાપ્ત કરેલ વિજયના સ્મારક તરીકે તેણે કાવેરી નદીકાંઠે એક વિજયસ્તંભ ઊભો કર્યો. ગોવા અને કોલ્હાપુરના શાસકો તેમજ દખ્ખણના અનેક નાના રાજવીઓએ સિંઘણની આધીનતા સ્વીકારી. ગુજરાત ઉપર તેણે બે વાર ચઢાઈ કરી અને ત્યાંનો લાટ પ્રદેશ જીત્યો. તેણે માળવા પર આક્રમણ કરી ત્યાં પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. આમ, આ સિંઘણ રાજાએ વિશાળ સામ્રાજ્યનું નિર્માણ કરી કાવેરી સુધીનો દક્ષિણ ભારત અને વિંધ્યાચળ પહાડની ગિરિમાળા તથા ઉત્તરનો કેટલોક પ્રદેશ પોતાની સત્તા નીચે આણ્યો.

સિંઘણ એક વિજેતા રાજવી ઉપરાંત વિદ્વાનોનો આશ્રયદાતા પણ હતો. તેના સમયમાં 'સંગીતરત્નાકર'નો રચનાર સારંગધર તેના આશ્રય નીચે રાજકવિ હતો. પ્રસિદ્ધ જ્યોતિષ ચાંગદેવ અને અનંતદેવ તેની રાજસભાના તેજસ્વી રત્નો હતાં. ભાસ્કરાચાર્યે લખેલા 'સિદ્ધાંતશિરોમણી' તથા જ્યોતિષ સંબંધી અન્ય ગ્રંથોના અધ્યયન માટે તેણે એક કેન્દ્રની સ્થાપના કરી. તેણે પોતાના શાસનકાળ દરમિયાન 84 જેટલા કિલ્લાઓ બંધાવ્યા.

### કૃષ્ણ (કણ્ણર કે કન્હર) (ઈ.સ. 1247-1260)

સિંઘણનું અવસાન થતાં તેના પૌત્ર તેમજ જૈતુંગી રાજાનો પુત્ર કૃષ્ણ ગાદીએ આવ્યો. તેણે પણ માળવા, ગુજરાત અને કોંકણના રાજા સાથે યુદ્ધો કર્યાં. તે બ્રાહ્મણધર્મનો પરમ અનુયાયી હતો અને વિદ્વાનોનો આશ્રયદાતા હતો. તેના સમયમાં 'સૂક્તિ મુક્તાવલી' અને અમલાનંદે 'વેદાંત કલ્પતરુ' નામના ગ્રંથોની રચના થઈ.

### રામચંદ્ર (રામદેવ) (ઈ.સ. 1270-1311)

કૃષ્ણ પછી તેનો ભાઈ મહાદેવ ગાદીએ આવ્યો. મહાદેવના મૃત્યુબાદ કૃષ્ણનો પુત્ર રામચંદ્ર ગાદીએ આવ્યો. આ રાજા રામચંદ્રના સમયે અલાઉદ્દીન ખલજીએ દેવગીરી પર આક્રમણ કર્યું, રાજા રામચંદ્રએ અલાઉદ્દીન સાથે સંધિ કરી કેટલાક પ્રદેશો તેમજ મોટી રકમ તથા વાર્ષિક ખંડણી આપવાનું વચન આપી અલાઉદ્દીનના લશ્કરનો સામનો કરવાનું ટાળ્યું. અલાઉદ્દીન ખલજી દ્વારા થયેલી સંધિનું તેણે ઉલ્લંઘન કરતાં ખંડણી ભરવાનું બંધ કર્યુ. આથી અલાઉદ્દીન ખલજીના સેનાપતિ મલેકકાફુરે દેવગીરી પર ચડાઈ કરી. રાજા રામચંદ્રને કેદ કરી દિલ્હી મોકલી આપવામાં આવ્યો. સુલતાને તેને રાયેરાયનની ઉપાધિ આપી, પોતાનો ખંડિયો રાજા બનાવી, દેવગીરી પાછો મોકલી દીધો. તે પછી તેનો પુત્ર સિંઘણ રાજા ગાદીએ બેઠો. અલાઉદ્દીનનું મૃત્યુ થતાં તે સ્વતંત્ર થઈ ગયો. ત્યારબાદ (ઈ.સ 1317) ફરીવાર મલેકકાફુરે દેવગીરી પર આક્રમણ કર્યું અને તેને જીતીને દિલ્હી સલ્તનતનો એક ભાગ બનાવી તેનું નામ દોલતાબાદ રાખવામાં આવ્યું. દખ્ખણ ભારતમાં દેવગીરીના યાદવો યશસ્વી સમ્રાટોની હરોળમાં મુકાય તેવા હતા. વિંધ્યાચળ પર્વતમાળાઓ પર તેમણે પોતાના સુંદર મહેલો બંધાવ્યા. આજે પણ ઔરંગાબાદથી ઇલોરા જતાં તે મહેલોના ભગ્ન અવશેષો જોવા મળે છે.

## બંગાળનું રાજ્ય

### પાલવંશ

પાલવંશનો સ્થાપક ગોપાલ (ઈ.સ. 750-770) નામનો રાજવી હતો. ધર્મપાલના ખાલિમપુર અભિલેખ અનુસાર અરાજકતાથી છૂટવા માટે સામાન્ય જનતાએ ગોપાલને રાજા બનાવ્યો. તેણે નાલંદામાં એક 'વિહાર'ની સ્થાપના કરી. તેના ઉત્તરાધિકારી તરીકે ધર્મપાલ રાજા થયો. કનોજના ત્રિપક્ષીય સંઘર્ષમાં ધર્મપાલ, પ્રતિહાર શાસક વત્સરાજ તથા રાષ્ટ્રકૂટ શાસક ધ્રુવથી પરાજિત થયો. મુંગેર નજીક પ્રતિહાર શાસક નાગભટ્ટ બીજાથી પણ પરાજિત તે થયો. ત્યારબાદ દેવપાલ શાસક બન્યો. તે પોતાની રાજધાની પાટલીપુત્રથી મુંગેર લઈ ગયો. શાસનનાં કાર્યોમાં તેણે પોતાના યોગ્ય મંત્રી દર્ભપાણી તથા કેદારમિશ્રની મદદ લીધી હતી.

ત્યારબાદ વિગ્રહપાલ 1, નારાયણપાલ, રાજપાલ જેવા દુર્બળ શાસક આ વંશમાં થયા. એ જ રીતે આ વંશમાં મહિપાલ 1લો શાસક બન્યો. તે પાલવંશનો બીજો સંસ્થાપક કહી શકાય. તે રાજેન્દ્ર ચોલ દ્વારા પરાજિત થયો. દક્ષિણ-પશ્ચિમ બંગાળમાં સૂર નામની સ્થાનિક જાતિ તથા પૂર્વ બંગાળમાં ચન્દ્ર નામના સ્થાનિક શાસક સ્વતંત્ર થઈ ગયા. આ વંશનો અંતિમ શાસક મદનપાલ હતો.

### સેનવંશ

પાલવંશનાં પતન બાદ વિજયસેન દ્વારા (ઈ.સ. 1095 - 1158) સેનવંશની સ્થાપનાં કરવામાં આવી. તે મૂળ કર્ણાટકના હતા. વિજયસેન શૈવધર્મી હોવાથી તેના એક નગર - દેવપાડામાં શિવમંદિર આવેલું હતું. ત્યારપછી બલ્લાલસેન શાસક બન્યો. તેણે ગૌડેશ્વરની પદવી ધારણ કરી. તે પણ શૈવધર્મી હતો. બલ્લાલસેન વિજયસેનનો પુત્ર હતો. તેણે મિથિલા જીતી લીધું. તેણે 'દાનસાગર' અને 'અદભુતસાગર' નામના ગ્રંથો રચ્યા. અંતે તે જળસમાધિ લઈ મૃત્યુ પામ્યો.

તે પછી લક્ષ્મણસેન નામનો સેનવંશી રાજવી અહીંનો શાસક બન્યો. ગઢવાલ રાજા જયચન્દ્ર તેમનો સમકાલીન હતો. તેના દરબારી કવિ શ્રીધરદાસ હતા. જેમણે 'સદુક્તિકર્ણામૃત'ની રચના કરી. તેમના દરબારમાં મહાન વિદ્વાન જયદેવે 'ગીતગોવિંદ'ની રચના કરી. તેના શાસનકાળમાં તેણે બિહાર પ્રદેશનો મોટો ભાગ પોતાના સામ્રાજ્યમાં ભેળવ્યો હતો. તેના નામ ઉપરથી બિહારમાં લક્ષ્મણ સવંત શરૂ થઈ. તેણે જગન્નાથપુરી જીતીને ત્યાં વિજયસ્તંભ ઊભો કર્યો હતો. મહમ્મદ બિન બખ્તિયારૂદ્દીન ખલજીએ તેની રાજધાની 'નાદિયા' પર આક્રમણ કર્યું (ઈ.સ. 1202) હતું. આ ધર્માંધ અને ક્રૂર વિજેતાએ નાદિયા નગરનો સંપૂર્ણપણે નાશ કર્યો. આમ, બંગાળ અને બિહારના પ્રદેશોમાંથી હિંદુ રાજ્યનો અંત આવ્યો.

## આસામ (કામરૂપ)

પ્રાચીન સમયમાં આસામ (કામરૂપ)માં કોની સત્તા હતી, તે જાણવા મળતું નથી. પરંતુ ગુપ્તકાળના સમયે પરોક્ષ રીતે આ પ્રદેશ પર ગુપ્તોનું શાસન ચાલતું હતું. ત્યારબાદ ત્યાં પુષ્યવર્માએ વર્મન રાજ્યની સ્થાપના કરી. ભાસ્કરવર્મા આ વર્મનરાજ્યનો છેલ્લો રાજા હતો. આ રાજાએ હર્ષવર્ધન સાથે મૈત્રી-સંધિ કરી હતી. હર્ષવર્ધનના અવસાન પછી ભાસ્કરવર્માએ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું, પરંતુ કનોજના શાસકોએ તેને જીતી લીધું. તે પછી ત્યાં પ્રાર્લંભવંશ અને તે પછી તેનો ભત્રીજો હર્જરવર્મા કામરૂપની ગાદીએ આવ્યો. તેણે મહારાજાધિરાજ પરમેશ્વર જેવાં બિરુદો અપનાવ્યાં. પ્રાર્લંભવંશના શાસકોએ અહીં (ઈ.સ. 1000 સુધી) શાસન કર્યું.

ત્યારબાદ પાલ શાસકો અને સેન શાસકોએ આ પ્રદેશ પ્રાપ્ત કરી લીધો. અને 12મી સદીમાં પાલ અને સેન સત્તાની જગ્યાએ લગભગ 600 વર્ષ સુધી અહોમ રાજ્યસત્તાનો આસામમાં ઉદય થયો. આ અહોમ શાસકોએ 'આસામ' પ્રદેશ એવું નામ આપેલું. તેનો વિસ્તાર બ્રહ્મપુત્રા નદીની ખીણપ્રદેશવાળો વિસ્તાર હતો. અહીં ઘણા મોટા પ્રમાણમાં ચોખાની ખેતી થતી. આ વિસ્તારમાં આસામી પ્રજાએ પોતાનું એક રાજ્ય સ્વતંત્ર રીતે ઊભુ કર્યું. પરંતુ અંગ્રેજ અને આસામ લોકો વચ્ચેના યુદ્ધમાં અંગ્રેજોનો વિજય થતાં આ પ્રદેશમાં અંગ્રેજ સત્તા સ્થપાઈ. આમ, આસામ (કામરૂપ)ના આ સ્વતંત્ર રાજ્યનો બ્રિટિશ સત્તાને હાથે અંત આવ્યો.

## ત્રિપુરા, મણિપુર અને જૈન્તિયાનાં રાજ્યો

ભારતના પૂર્વ ભાગમાં આવેલા ત્રિપુરા, મણિપુર, મેઘાલય, મિઝોરમ વગેરે રાજ્યોના પહાડી વિસ્તારોમાં, ત્યાંની મૂળ નિવાસી જાતિઓ (આદિવાસી સમૂહ) નું શાસન હતું. અશોકના સમયમાં અને પ્રાચીન ધર્મગ્રંથોમાં ત્રિપુરાને કિરાતોની ભૂમિ એવું નામ આપવામાં આવ્યુ છે. 'રાજમાલા' નામના ગ્રંથ (9મી સદી)માં ત્રિપુરાનાં રાજા કૃષ્ણકિશોર અને 'મનીક્યા' નામનો છેલ્લો રાજા અહીંના શાસકોની યાદીમાં આવે છે. આ રાજ્યની સરહદો મ્યાનમારને સ્પર્શે છે. તેની ઉત્તરે આસામ પ્રદેશ સ્થિત છે. 13મી સદીમાં આ પ્રદેશ પર મુસ્લિમ આક્રમણો થયાં. અગરતલ્લા તેની રાજધાની હતી. ત્રિપુરાનું આ રાજ્ય વાંસ, શેરડી અને હસ્તકલા માટે જાણીતુ છે. સંગીત અને નૃત્ય એ આ રાજ્યની સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. ત્રિપુરાના લોકો ગૌરીપૂજા (દુર્ગાપૂજા)ને વિશેષ મહત્ત્વ આપે છે.

## મણિપુર

પૂર્વ ભારતની ટેકરીઓમાં આવેલ પ્રદેશ આદિજાતિ વિસ્તાર તરીકે જાણીતો હતો. 15મી કે 16મી સદીમાં 'મીતેઈ' શાસકોએ આ વિસ્તારનાં સાત કુળોને જોડીને એક સંયુક્ત રાજ્ય બનાવ્યું. તે સમયે અહીં વૈષ્ણવધર્મનો ભારે પ્રચાર-પ્રસાર થયો હતો. પ્રાચીન સમયે મણિપુર વિવિધ નામોથી જાણીતું હતું. બર્મા અને આસામ સાથે તેના વિવિધ સંબંધો હતા. તે પછી મણિપુર પૂર્વીય હિમાલય, બ્રહ્મપુત્ર નદી અને ચિંડવિનની ખીણો વચ્ચે આદિવાસી મજૂર-સંઘોએ એક મહાન રાજ્યનું નિર્માણ કર્યું. મારીગ જાતિ મણિપુરની



મણિપુરી નૃત્ય

અત્યંત જૂની જાતિ છે. નાગ, સાધ્ય,મારૂગ, માર્ય વગેરે જાતિ-સમૂહ પણ અહીં વસે છે.

મણિપુરના પ્રથમ શાસકનો પુરાવો ઈ.સ. 154ની આસપાસ મળે છે. પ્રાચીન સમયનો ઇતિહાસ વિશેષ પ્રમાણમાં જાણવા મળતો નથી. મધ્યકાળમાં અહીં લોઇમ્બા(ઈ.સ. 1074 - 1122) નામનો મહાન શાસક હતો. ત્યારબાદ 14મી અને 18મી સદી સમયે મેઇડિન્ગુ (1443 - 1467) નામનો શાસક થઈ ગયો હતો. તે પછી મેઇન્ગુકિયામ્બા નામનો શાસક આવ્યો. બર્માના શાસકો તેના મિત્રો હતા. તે સમયે ઘણાં મંદિરો આ વિસ્તારમાં બંધાવ્યાં હતાં. ઈ.સ.ની 15મી અને 16મી સદીમાં મુસ્લિમોનું પણ આ પ્રદેશમાં આગમન થયું. 16 મી સદીમાં ત્યાંની સ્થાનિક સંસ્કૃતિ તથા અર્થતંત્રવાળું એક સંપૂર્ણ વિકસિત રાજ્ય બન્યું. અહીં 16મી સદીમાં થઈ ગયેલ મેઈતેઈ રાજા વિશેષ નોંધપાત્ર હતો. તે પછી (18મી સદી) પૂર્વના વિસ્તારોમાં કંપની સરકારની લાગવગ વધતાં (ઈ.સ. 1824) મણિપુર રાજ્યમાં બ્રિટિશ કંપનીસરકારની સત્તા સ્થપાઈ. મણિપુરનું નૃત્ય 'મણિપુરી નૃત્ય' વિશ્વ વિખ્યાત છે. આ ઉપરાંત સ્થાનિક લોકનૃત્ય, સંગીત, લોકકથા વગેરે ભારતીય આદી સંસ્કૃતિને ઉજાગર તથા સંપન્ન કરે છે.

### નેપાળ

નેપાળ પ્રાચીન સમયમાં ગંડક અને કોશી નદીઓ વચ્ચે માત્ર 20 માઈલ લાંબો અને 15 માઇલ પહોળો પ્રદેશ હતો. તે તિબેટ અને ચીન સાથે વધુ સંપર્કમાં હતો. નેપાળના ભારત સાથેના સંબંધો ઘણા જૂના છે. સમુદ્રગુપ્તના અલ્હાબાદના સ્તંભલેખમાં નેપાળ સ્વાયત્ત સરહદી રાજ્ય બતાવવામાં આવ્યું. તે ગુપ્ત સમ્રાટને મામૂલી ખંડણી આપતું અને તેના હુકમોનું પાલન કરતું રાષ્ટ્ર હતું. દક્ષિણમાં હર્ષના સામ્રાજ્યના વિકાસ (7મી સદીથી) દરમ્યાન નેપાળ બફર રાજ્ય તરીકે જાણીતું બન્યું. ઘણાં વર્ષો સુધી નેપાળમાં રાજકીય અંધાધૂંધીનું વાતાવરણ રહ્યું. ત્યારબાદ (ઈ.સ. 879 ના ઑક્ટોબરની 20મી તારીખથી) રાઘવદેવ નામના રાજાએ નવો નેપાળી સંવત ચાલુ કર્યો. તેના ત્રણ ઉત્તરાધિકારીઓએ 20 વર્ષ રાજ્ય કર્યું. તે પછી ગુણકામદેવ પ્રથમ ગાદીએ આવ્યો. તેણે 65 વર્ષ અને 5 મહિના જેટલું લાંબું રાજ્ય કર્યું. તે પ્રસિદ્ધ રાજા હતો. તેણે કાઠમંડુ (કાષ્ટમંડળ) તથા બીજાં કેટલાંક નગરોની સ્થાપના કરી.

નેપાળમાં રાજકીય પરિવર્તન થતાં તે ત્રણ ભાગોમાં વિભાજિત થયું. તેમાં પાટણ, કાઠમંડુ અને ભાટગાંવ હતું. તિરહુતના રાજા નાન્યદેવે નેપાળ ઉપર પોતાનુ આધિપત્ય સ્થાપિત રાખ્યું હતું.

નેપાળમાં બૌદ્ધધર્મના મહાયાન સંપ્રદાય અને હિંદુઓના સનાતન દેવશિવ (શૈવ) સંપ્રદાયનો વિકાસ થયો હતો. નેપાળમાં પશુપતિનાથનું સુપ્રસિદ્ધ મંદિર છે. પહેલાં નેપાળ એક ખેતીપ્રધાન દેશ હતો, પરંતુ સમય જતાં ત્યાં હુન્નરકળા તથા ઉદ્યોગની ઘણી પ્રગતિ થઈ. ત્યાંના નિવાસીઓ સમૃદ્ધ અને સંપત્તિવાન હતા. ઘણા સમયસુધી નેપાળ વિશ્વનું એકમાત્ર હિંદુ રાષ્ટ્ર રહ્યું છે.

### બિહાર

ઈસુના પ્રારંભિક સૈકામાં બંગાળના બે સ્વતંત્ર ભાગો થયા, જેમાં વાયવ્ય અને પશ્ચિમ તરફના ભાગને ગૌડ તરીકે ઓળખવામાં આવે છે, જે આજના બિહાર તરીકે ઓળખાય છે. આ વિસ્તારનાં લોકો પણ ગૌંડ તરીકે ઓળખાતા હતા. મૌર્ય અને ગુપ્તકાલીન ભારતમાં આ પ્રદેશ તેનાં આધિપત્ય નીચે હતું. ગુપ્તસામ્રાજ્યની પડતી પછી નાનાં-નાનાં રાજ્યો સ્વતંત્ર થવા લાગ્યાં અને તે રીતે ગૌંડ પણ સ્વતંત્ર થયું. ગૌંડમાં 7મી સદીના પૂર્વાર્ધમાં ત્યાં શશાંક નામનો રાજવી રાજ કરતો હતો. તે શૈવધર્મી હતો. તેણે બૌદ્ધો ઉપર ઘણા અત્યાચારો કર્યા. તે પછી (8મી સદી દરમિયાન) બિહારમાં ઘણી અરાજકતા આવી ચૂકી હતી. કનોજના યશોવર્મા અને કાશ્મીરના રાજાઓ પણ ગૌંડ (વર્તમાન બિહાર)માં આંતરિક દખલગીરી કરી. આ સમયમાં સામંતોનું વર્ચસ્વ મજબૂત હતું. ગૌંડમાં અરાજકતા દૂર કરવા જનતા અને સામંત સરદારોએ મળીને ગોપાલ નામના એક વીર પુરુષને ગૌડના રાજા તરીકે ચૂંટી કાઢ્યો.

ગોપાલ બાદ ધર્મપાલ, દેવપાલ, વિગ્રહપાલ, નારાયણપાલ, રાજ્યપાલ, નયપાલ વગેરે પાલવંશના શાસકોએ ગૌંડમાં શાસન કર્યુ હતુ. ગૌડમાં પાલવંશની સત્તા નબળી થતાં, 11મી સદીના અંત ભાગમાં એક નવા રાજ્યવંશનો ઉદય થયો, જેને આપણે સેનશાસકો તરીકે ઓળખીએ છીએ.

બંગાળના સેનશાસકોમાં વિજયસેને લાંબા સમય સુધી શાસન કર્યું. તેણે સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યો કર્યાં. વિજયસેન બાદ બલ્લાલસેન અને લક્ષ્મણસેને શાસન કર્યું. લક્ષ્મણસેનનો બખત્યારૂદ્દીન ખિલજી સામે પરાજય (ઈ.સ. 1202) થયો.

પાલસામ્રાજ્યમાં સાંસ્કૃતિક ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ જોવા મળે છે. 7મી અને 8મી સદી દરમિયાન ગૌડ (બિહાર)માં સંસ્કૃત ભાષાનો વિકાસ થયો અને બૌદ્ધિક સાહિત્યના વિકાસનું ખેડાણ થયું. આ ઉપરાંત માગધી, પ્રાકૃત, અપભ્રંશ, ભાષાનો પણ વિકાસ થયો. આ સમયમાં ધીમા અને તેના પુત્ર વિતપાલે (ચિત્રકારે) પ્રતિમા કંડારનાર અને કાંસુ ઢાળનાર તરીકે ઊંચી ખ્યાતી મેળવી. તેઓ સાધુઓ અને મઠવાસીઓને આશ્રય આપતા. પાલ રાજાઓએ અનેક મઠો બંધાવ્યા. આ શાસકોએ વિવિધ વિદ્યાપીઠોની પણ સ્થાપના કરી. જેમાં વિક્રમશીલા, ઉદાન્તાપુરી, સોમપુર વગેરેનો સમાવેશ થાય છે.

## રાષ્ટ્રકૂટો

દખ્ખણ ભારતમાં (8મીથી 10મી સદી સુધી) રાષ્ટ્રકૂટોનું શાસન હતું. આ વિસ્તારમાં ચૌલુક્યવંશની રાજ્યસત્તા નબળી પડતાં રાષ્ટ્રકૂટવંશી રાજવીઓએ ત્યાં પોતાની રાજ્યસત્તા સ્થાપી. રાષ્ટ્રકૂટ કુળનો સ્થાપક, કોઈ રાજસત્તાનો ઉચ્ચ અધિકારી હોવાનો જણાય છે. અશોકના શિલાલેખમાં પણ આ નામનો ઉલ્લેખ જોવા મળે છે. ઇન્દ્ર પ્રથમે એલચીપુર ખાતેની રાજધાનીમાં પોતાની રાજ્યસત્તા પ્રબળ બનાવી. તેના અવસાન બાદ સત્તાસ્થાને આવેલ રાજા દંતિદુર્ગ આ વંશનો અત્યંત પરાક્રમી અને મહત્ત્વાકાંક્ષી રાજા હતો. તેના પછી કૃષ્ણરાજ પ્રથમ ગાદીએ આવ્યો. તેણે વેંગીના ચાલુક્યોને હરાવીને મિત્રસંઘની સ્થાપના કરી. પોતાના પ્રતાપથી આ રાષ્ટ્રકૂટ રાજવીઓ, ચાલુક્ય રાજવીઓના માલિકો બન્યા. રાજ્યસત્તા સ્થિર અને સુદૃઢ થતાં તેમણે કલા-સ્થાપત્યને ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન આપ્યું. 8મી સદીમાં કૃષ્ણ પહેલાના શાસન સમયે ઇલોરાનાં પ્રખ્યાત મંદિરો બંધાવ્યાં.



ઇલોરાનું ગુફામંદિર અને તેનાં શિલ્પો

તેમાં બૌદ્ધગુફાઓ અને ગુફા નં. 16નું કૈલાસમંદિર જગપ્રસિદ્ધ છે. 9મી સદીમાં થયેલા અમોઘવર્ષ પહેલાની વિશ્વના ચાર મહાન શાસકોમાં ગણના થતી. તે સાહિત્ય અને કલાનો ઉપાસક તથા પોષક હતો. તેણે કન્નડ ભાષામાં 'કવિરાજમાર્ગ' નામની કાવ્યકૃતિ રચી છે. આમ, રાષ્ટ્રકૂટ શાસકોએ સંસ્કૃત, કન્નડ તથા પ્રાકૃત ભાષાને ઉત્તેજન આપ્યું. રાષ્ટ્રકૂટ સત્તાનો પ્રતાપ ઓસરી જતાં કલ્યાણીના ચાલુક્ય રાજા તૈલપે આ સત્તાનો અંત આણ્યો.

## રાષ્ટ્રકૂટ રાજવીઓનું પ્રદાન

### વહીવટી અને સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન

રાષ્ટ્રકૂટ રાજ્યસત્તામાં રાજા કેન્દ્રમાં હતો. રાજ્યનો વહીવટ ચલાવવા માટે તેના દરબારીઓની સલાહ લેતો. રાજ્યનાં કેટલાક એકમ કે ખાતાં પાડીને તેના પર અધિકારીઓની નિમણૂક કરવામાં આવતી. તેનું છેલ્લું વહીવટી એકમ ગ્રામ હતું. રાષ્ટ્રકૂટ રાજવીઓના સમયમાં પૌરાણિક હિન્દુધર્મનો દખ્ખણમાં વ્યાપક પ્રચાર થવા લાગ્યો. સમ્રાટ દંતિદુર્ગે અનેક હિંદુમંદિરો અને કૃષ્ણ પ્રથમે ઇલોરાનું જગવિખ્યાત કૈલાસમંદિર બંધાવ્યું. રાજા અમોઘવર્ષે જૈન (દિગંબર) ધર્મને વિશેષ પ્રોત્સાહન આપ્યું. આ રાજવીઓએ કનેરીના બૌદ્ધવિહારમાં એક મોટું ગ્રંથાલય, 27 છાત્રાલયો, અને દેશવિદેશના વિદ્યાર્થીઓને વિદ્વાન

આચાર્યો દ્વારા શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી. વિદ્યાલયના ખર્ચ માટે 60 એકર જેટલી જમીનની આવક વિદ્યાલયના નિભાવ પેટે મળતી. રાષ્ટ્રકૂટ રાજવીઓ સાહિત્યપ્રેમી હતા. રાજા અમોઘવર્ષ પોતે એક સારો સાહિત્યકાર હતો. તેણે કન્નડ ભાષામાં 'હરિવંશપુરાણ' નામનો પ્રસિધ્ધ ગ્રંથ રચ્યો. રાજવી ઇન્દ્ર 3જાના સમયે ત્રિવિક્રમ ભટ્ટે 'નલચમ્પુ' (નળ - દમયંતિ કથા)ની રચના કરી. આમ, રાષ્ટ્રકૂટ રાજવીઓ કલા-સ્થાપત્ય અને વિદ્વત્તાના પોષક અને પારખુ હતા.

### બુંદેલખંડના ચંદેલાઓ

ઉત્તર ભારતના પ્રસિદ્ધ રાજપૂત શાસકવંશમાં જેજાકભૂક્તિના ચંદેલ અને ત્રિપુરીના કલ્ચુરિઓ (ચેદીવંશ)નું આધિપત્ય (વર્તમાન મધ્યપ્રદેશ ઝાંસી ગ્વાલિયરના વિસ્તાર પર) હતું. ચંદેલોના મૂળ વિષે વિવિધ પ્રશ્નો પ્રવર્તે છે. તેમની ઉત્પત્તિ આદિજાતિ ગૌડમાંથી થઈ હોવાનું મનાય છે. વાસ્તવમાં જેજાકભૂક્તિ નામ પણ ચંદેલરાજા જોજક પરથી પડેલ છે. તે ચંદેલ વંશના સ્થાપક તેના પિતા વાક્પતિના અવસાન પછી ગાદીએ આવ્યો. તેણે બુંદેલખંડમાં ચંદેલ રાજ્યની સ્થાપના કરી. જેની રાજધાની ખજૂરાહો હતી. આ ચંદેલાઓ ક્રમશઃ પ્રસિદ્ધિમાં આવ્યા. તેમણે પ્રતિહાર શાસકોને દૂર કરી છત્તરપુર પાસે એક નાનું રાજ્ય મેળવ્યું અને ધીમે-ધીમે ઉત્તર તરફ આગળ વધી જમના નદી પાસે (મહોબાનગરમાં) પોતાની સત્તા જમાવી.

### યશોવર્મા (ઈ.સ. 925 - 950)

યશોવર્મા એ રાજવી હર્ષદેવનો પુત્ર હતો. તે લક્ષ્મીવર્મા નામથી પણ ઓળખાતો. તેણે પ્રતિહારો સાથેના સંબંધો તોડીને કાલિંજરનો ગઢ જીત્યો. તેણે પોતાના સમયમાં પ્રતિહાર દેવપાલને હરાવ્યો અને ત્યાંથી વિષ્ણું (વૈકુંઠ)ની મૂલ્યવાન મૂર્તિની ખજૂરાહોમાં પ્રતિષ્ઠા કરી. તેણે નર્મદાનદીના ઉત્તર સુધી રાજ્ય વિસ્તાર કરી વિજયારંભ કર્યો. ઉપરાંત ગૌંડ, કૌસલ, કાશ્મીર, મિથિલા, માલવ, ચેદિ, કુરૂ, ગૂર્જર સાથે લડાઈ કરી વિજયો મેળવ્યા અને ઉત્તર ભારતમાં પણ સફળતા મેળવી.

### ધંગ (ઈ.સ. 950 - 1002)

ધંગ એ યશોવર્માનો પુત્ર હતો. ધંગનું રાજ્ય ઉત્તરે યમુનાથી માંડી દક્ષિણે ચેદી રાજ્ય સુધી અને પૂર્વમાં કાલિંજરથી પશ્ચિમે ગ્વાલિયર અને ભિલસા (માળવા) સુધી વિસ્તાર પામેલું હતું. તેણે મહારાજાધિરાજનું બિરુદ અપનાવ્યું. તે શિવભક્ત હતો. તે સો વર્ષની વયે પહોંચ્યો ત્યારે તેણે અલ્હાબાદના ત્રિવેણીસંગમ પર ધ્યાનાવસ્થામાં જળસમાધિ લીધી.

### ગંડ (ઈ.સ. 1002 - 1025)

ગંડ એ ધંગનો પુત્ર હતો. મહેમૂદ ગઝનવી લાહોર તરફ ચડાઈ કરવા આવ્યો, ત્યારે આનંદપાલે મિત્રસંઘની રચના કરી, જેમાં ગંડ પણ જોડાયો. મહેમૂદ ગઝનવીનો ચઢાઈ કરવાનો ખ્યાલ આવતાં તેની સામે આક્રમણ કરતાં નિષ્ફળ નીવડ્યો. મહેમૂદ ગઝનવીએ ચંદેલ પ્રદેશો પર પુનઃઆક્રમણ કરી ગંડને નમાવી કેટલીક શરતો કબુલાવી. ગંડરાજા પછી ચંદેલાઓનો પાડોશી રાજ્યો સાથેનો ઇતિહાસ સતત યુદ્ધોથી ભરેલો છે. તે પછી મદનવર્મા થઈ ગયો. તેણે ત્રિપુરીના કલ્ચૂરીઓને હરાવ્યા.

### પરમર્દિદેવ (પરમાર) (ઈ.સ. 1165 - 1201)

આ વંશનો નોંધપાત્ર રાજા પરમર્દિદેવ કે પરમાર હતો. તે મદનવર્માનો પૌત્ર હતો. પૃથ્વીરાજ ચૌહાણે પોતાની બધી જ શક્તિનો ઉપયોગ કરી તેને સખત હાર આપી. મુસલમાનોનાં સફળ આક્રમણો સામે તે એકલો પડી જતાં તેણે નાછૂટકે તુર્કોની સર્વોપરિતા સ્વીકારવાનો નિર્ણય કર્યો.

### ત્રૈલોક્ય વર્મા (ત્રૈલોક્યમલ્લ ઈ.સ. 1205 - 1241)

પરમર્દિદેવનો પુત્ર ત્રૈલોક્ય વર્મા એક બળવાન સૈન્ય તૈયાર કરી કકડાદહ સ્થળે તુર્ક ફોજ સાથે લડ્યો અને તેમાં તેનો વિજય થયો. તેણે કાલિંજર સહિતના પ્રદેશો જીતી લીધા.

ત્રિલોક્ય વર્મા પછી તેમનો પુત્ર વીરવર્મા પ્રથમ ગાદીએ આવ્યો. ત્યારબાદ ભોજ વર્મા અને હમ્મીર વર્મા ગાદીએ આવ્યા. વીર વર્મા 2જાએ બુંદેલખંડમાં લાંબું રાજ્ય કર્યું.



ખજૂરાહો મંદિર સમૂહ (કંડારિયા મહાદેવ) અને તેનાં શિલ્પો

ભારતના ઇતિહાસમાં ચંદેલવંશનું મહત્ત્વ ઘણું જ છે. ખજૂરાહો, કાલિંજર, મહોબા તેનાં મુખ્ય નગરો હતાં. અહીં આવેલાં ખજૂરાહોનાં ભવ્ય મંદિરો તીર્થસ્થાન તરીકે ખ્યાતી ધરાવે છે. ચંદેલાઓએ બુંદેલખંડને ભવ્ય ધાર્મિક મકાનો અને જળાશયો બંધાવીને સુશોભિત કર્યુ. મહોબામાં મદન વર્માએ બંધાવેલ મદનસાગર જળાશય ઘણું જ પ્રસિધ્ધ છે. તે તેમના વૈભવ અને કલાપ્રેમના જીવતાજાગતા નમુના સમાન છે.

## ત્રિપુરીના કલ્ચૂરિઓ

કલ્ચૂરિઓ કે કટચુરીઓ, કાર્તિવિર્ય અર્જુનના વંશજ હોવાનું કહેવાય છે. તેઓ હોય જાતિની શાખાના હતા. નર્મદા નદીની દક્ષિણે અને ગોદાવરી નદીની ઉત્તરના પ્રદેશ (મધ્યપ્રદેશ)માં તેમનું રાજ્ય હતું. જબલપુર નજીકનો પ્રદેશ, જે ડાહલ પ્રદેશ તરીકે ઓળખાતો હતો, ત્યાં ચેદીવંશનો ઉદભવ થયો. તેની રાજધાની ત્રિપુરીમાં હતી. ઈ.સ. 249 કે 250થી આરંભાયેલ સવંત કલ્યૂરિઓએ વાપર્યો હતો. આ વંશના ત્રણ રાજાઓ કૃષ્ણરાજ, તેનો પુત્ર શંકરગણ અને તેનો પુત્ર બુદ્ધરાજ જાણીતા રાજવીઓ છે.

8મી સદીના મધ્ય ભાગમાં કલ્ચૂરિઓની એક શાખા બુંદેલખંડમાં ચેદીપ્રદેશમાં સત્તાધારી બની હતી. કોંકલદેવ નામના રાજાએ આ વંશની સ્થાપના કરી હતી. કોંકલને અઢાર પુત્રો હતા. જેમાં સૌથી મોટો શંકરગણ (ઈ.સ. 878 થી 888) અને ત્યાર બાદ કોંકલ 2જો ગાદીએ આવ્યો.

### ગાંગેયદેવ (ઈ.સ. 1018 - 1040) :

ગાંગેયદેવે અનેક વિજયો પ્રાપ્ત કર્યા હતા. તેથી તેણે 'ત્રિકલીંગાધીપતિ' નામનું બિરુદ ધારણ કર્યું. તેણે બનારસ જીતીને પોતાના રાજ્યમાં ભેળવ્યું. તેણે વિક્રમાદિત્યનો ઇલ્કાબ ધારણ કર્યો. એને મહેમૂદ ગઝનવી તથા ચૌલુક્ય (સોલંકી) રાજા સિદ્ધરાજ જયસિંહ વગેરે સાથે સંઘર્ષમાં ઊતરવું પડ્યું. ગાંગેયદેવ પછી લક્ષ્મીકર્ણ. ત્યારબાદ ગયકર્ણ, અને તે પછી તેનાં ભાઈ જયસિંહે ગાદીએ આવીને પોતાના કુટુંબની પ્રતિષ્ઠા પુનઃપ્રાપ્ત કરી. ચૌલુક્ય રાજા કુમારપાળ અને કુંતલ રાજા વિંધ્યના ઉપર તેણે વિજય મેળવ્યો. 9મી સદીથી લઈને 13મી સદી સુધી આ કલ્યૂરી રાજ્યો આ પ્રદેશમાં નાનાં રાજ્યો તરીકે અસ્તિત્વ ધરાવતાં હતાં.

## દ્વારાસમુદ્રના હોયસળો

યાદવોની જેમ હોયસળો પણ પોતાને શ્રીકૃષ્ણના વંશજો માનતા હતા. આ રાજાઓએ પોતાને યાદવકુળ તિલક અથવા ચંદ્રવંશી ક્ષત્રિય ગણાવ્યા છે. એક જૈનધર્મી પુરુષે એક મહર્ષિના કહેવાથી વાઘને લોખંડના સળિયા વડે મરી નાખ્યો, તેથી તેને પોયસલ કહેવામાં આવ્યા. જે આગળ જતાં હોયસળ તરીકે ઓળખાયા. આ હોયસળોનો રાજ્યવિસ્તાર વર્તમાન મૈસુર પ્રદેશ હતો. તેની રાજધાની દ્વારાસમુદ્રમાં હતી. એક સમયે તેઓ ચાલુક્ય અને ચોલોના ખંડિયા રાજાઓ હતા. આગળ જતાં નૃત્યકામે આ સત્તાનો પાયો નાંખ્યો. હોયસળ રાજ્યનો પ્રખ્યાત રાજવી વિનયાદિત્ય 2જો હતો. ચોલો અને ચાલુક્યો વચ્ચે જે યુદ્ધ થયું, તેનો લાભ લઈ હોયસળોએ પોતાનો પ્રદેશવિસ્તાર વધાર્યો.

### બલ્લાલ પ્રથમ (ઈ.સ. 1101 - 1106)

વિનાયાદિત્ય પછી બલ્લાલ પ્રથમ તેનો ઉત્તરાધિકારી થયો. તેણે પોતાનું પાટનગર મૈસુર પાસે વેલ્લોર (વેલાપુર) રાખ્યું હતું. દ્વારાસમુદ્ર (હાલેબીડ) તેની બીજી રાજધાની હતી. બલ્લાલને તેના સમયમાં અનેક વિરોધીઓનો સામનો કરવો પડ્યો હતો.

ત્યારબાદ તેનો ભાઈ વિષ્ણુદેવ ગાદીએ આવ્યો. તે પ્રતાપી અને મહત્ત્વાકાંક્ષી રાજા હતો. એણે દ્વારાસમુદ્રને પોતાની રાજધાની રાખી હતી. તેણે ગંગવાડી અને નોલંબવાડી જીતી લઈ પોતાના રાજ્યમાં જોડયાં. તેણે તુલાપુરુષવિધિ કરી અનેક મંદિરો બંધાવ્યાં, જેમાં વેલોરનું મંદિર પ્રસિદ્ધ છે. તેણે શ્રીરંગપટ્ટમમાં પણ મંદિરો બંધાવ્યાં.

**વીર બલ્લાલ બીજો (ઈ.સ. 1173 - 1220)**

વીર બલ્લાલ 2જો વિષ્ણુવર્ધનનો પૌત્ર હતો. તે હોયસળવંશનો સૌથી વિશેષ પ્રસિદ્ધ, યોગ્ય અને શક્તિશાળી રાજા હતો. ચાલુક્યસત્તાની પડતીનો લાભ લઈ તેણે ફરી પોતાની સ્વતંત્રતા જાહેર કરી. આથી તેને યાદવો સાથે ઘર્ષણમાં ઊતરવું પડ્યું. તેણે અનેક બિરુદો અપનાવ્યાં. ત્યારબાદ નૃસિંહ 2જો અને તે પછી સોમેશ્વર (ઈ.સ. 1234 - 1262) ગાદીએ આવ્યો. તેણે અનેક વિજયો મેળવ્યા. પાંડ્ય માંડલિકો સાથે યુદ્ધમાં ઊતરતાં તેનું મૃત્યુ થયું. અંતે આ રાજ્ય સોમેશ્વરના બે પુત્રો વચ્ચે વહેંચાઈ ગયું. તેમાંના એક નરસિંહ 3જા અને તેના નાના ભાઈ રામનાથે દક્ષિણમાં રાજ્ય સ્થાપ્યું. તેની રાજધાની કન્નુર હતી. અલાઉદ્દીન ખલજીના સેનાપતિ મલિક કાફૂરે દક્ષિણ ભારત પર ચડાઈ કરીને હોયસળોને હરાવી તે વંશનો અંત આણ્યો.

**સાંસ્કૃતિક સિદ્ધિઓ**

હોયસળ શાસકોએ કવિઓને રાજ્યાશ્રય આપ્યો. તેમના રાજ્યમાં વિદ્યા, સાહિત્ય અને કલાની સારી પ્રગતિ થઈ. તેમણે વિશાળ મંદિરો બંધાવ્યાં. તેમના કેટલાંક દ્વારાસમુદ્ર અને અન્ય જગ્યાએ આજે પણ હયાત છે. રાજા વિષ્ણુવર્ધને નાગચંદ્રને પોતાની રાજ્યસભામાં સ્થાન આપ્યું. કાંતિ ભિક્ષુણી કન્નડ ભાષાની પ્રસિદ્ધ કવયિત્રી હતી, જે વિષ્ણુવર્ધનની સમકાલીન હતી. નેમિચંદ્ર નામના વિદ્વાને ‘સ્વપ્નવાસવદત્તા’ પરથી કન્નડ ભાષામાં ‘લીલાવતી’ ગ્રંથ રચ્યો.

**પાંડ્યરાજ્ય**

પાંડ્યરાજ્યનો સૌથી પહેલો ઉલ્લેખ અશોકના શિલાલેખમાં થયેલો છે. તે ઉપરાંત ‘સંગમ’સાહિત્યમાંથી પણ પાંડ્ય રાજાઓ વિશે છૂટીછવાયી માહિતી મળે છે. પરંતુ તેમના વિશે ખરી માહિતી 8મી અને 9મી સદીના સમકાલીન સાહિત્ય અને શિલાલેખમાંથી મળી રહે છે. 8મી સદીમાં થઈ ગયેલ મારવર્મન રાજસિંહ 1લો, તેનો પુત્ર જટિલ પરાંતક, તથા 9મી સદીમાં તેનો પુત્ર શ્રીમાર શ્રીવલ્લભ એ પરાક્રમી પાંડ્યરાજાઓ થયા હતા. તેમણે પલ્લવ તથા ગંગ, ચોલ, કલિંગ વગેરેને હરાવી પાંડ્યરાજ્યનો વિસ્તાર કર્યો.

12મી સદીમાં જાતવર્મન કુલશેખર નામના બળવાન પાંડ્ય સરદારે ચોલ આધિપત્ય ફગાવીને ‘દ્વિતીય પાંડ્ય રાજ્ય’ની સ્થાપના કરી. જાતવર્મન કુલશેખરના વંશમાં મારવર્મન, જાતવર્મન સુંદર, મારવર્મન કુલશેખર વગેરે બળવાન રાજવીઓ થઈ ગયા. તેમણે ચોલ, કેરલ, મૈસુર તથા લંકાના રાજવીઓને હરાવ્યા. પાંડ્યરાજ્ય ઉત્તરે નેલોરથી દક્ષિણે લંકા સુધી વિસ્તરેલું હતુ. તેમણે અનેક મંદિરો પણ બંધાવ્યાં. તેણે શ્રીરંગમ્ તથા ચિદમ્બરમ્નાં ભવ્ય મંદિરોનાં શિખરો ઉપર સોનું મઢાવ્યું.

મારવર્મન કુલશેખર પાંડ્યના સમયમાં વેનિસનો પ્રખ્યાત મુસાફર માર્કોપોલો દક્ષિણ ભારતમાં આવ્યો. તેણે પાંડ્ય-રાજાના તેના રાજ્ય-વહીવટ અને અઢળક સમૃદ્ધિનાં ભરપેટ વખાણ કર્યાં છે. અહીં મોટા-મોટા મોતીઓ જોઈને તેને ઘણી નવાઈ લાગી.

મારવર્મન કુલશેખરના અવસાન બાદ બીજા જ વર્ષે દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખિલજીના સેનાપતિ મલેકકાફુરે પાંડ્યોના પાટનગર મદુરા ઉપર આક્રમણ કરીને તેને જીતી લેતાં પાંડ્યસત્તાનો અંત આવ્યો.

**વિજયનગરનું રાજ્ય**

વિજયનગર રાજ્યની સ્થાપના હરિહરરાય અને બુક્કરાય (બુક્કા) નામના બે ભાઈઓએ કરી. મહેમુદ તુઘલકે ગુંડીના રાજા મૃત્યુ પામતાં, ત્યાના વહીવટદાર તરીકે આ બન્ને ભાઈઓને નીમ્યા. માધવ વિદ્યારણ્ય અને તેના ભાઈ સાયણાચાર્યની પ્રેરણાથી તુંગભદ્રા નદીને દક્ષિણે અને ગુંડીના કિલ્લાની સામે, વિજયનગર (ગુરુ વિદ્યારણ્યની યાદ રૂપે) રાજ્યની સ્થાપના કરી. હરિહરરાય પહેલો એનો રાજા બન્યો. તેના પિતાના નામ ‘સંગમ’ પરથી ‘સંગમવંશ’ તરીકે વિખ્યાત થયો. તેણે

પોતાની સત્તા ઉત્તરે, કૃષ્ણા નદીથી દક્ષિણે કાવેરી નદી સુધી વિસ્તારી. તેના પછી તેનો ભાઈ બુક્કરાય, હરિહર બીજો, ગાદીએ આવ્યા. આ રાજ્યમાં અનુક્રમે દેવરાય 1લો, દેવરાય 2જો, વિરૂપક્ષ 2જો વગેરે રાજવીઓ થઈ ગયા. સાલુવ નરસિંહ નામના સરદારે સંગમવંશનો અંત આણી વિજયનગરમાં સાલુવવંશની સ્થાપના કરી અને વિજયનગરની પ્રતિષ્ઠા પાછી મેળવી. પરંતુ આગળ જતા તેનાં વારસદારો નબળા પડતાં સરદાર નરસિંહે ગાદી પચાવી પાડીને 'તુલુવવંશ'ની સ્થાપના કરી.

### કૃષ્ણદેવરાય (ઈ.સ. 1509 - 1530)

વીર નરસિંહ પછી ગાદીએ આવેલો તેનો ભાઈ કૃષ્ણદેવરાય (ઈ.સ. 1509 - 1530) માત્ર વિજયનગર રાજ્યનો જ નહીં, પરંતુ મધ્યકાલીન ભારતના ઇતિહાસનો પણ સૌથી મહાન રાજવી ગણાય છે. તેણે બીજાપુર અને ઓરિસ્સાના રાજવીઓને હરાવી વિજયનગર રાજ્યનો ભારે વિકાસ કર્યો. તેના સમયમાં રાજકીય, સામાજિક, આર્થિક, દષ્ટિએ વિજયનગરની સ્થિતિ સારી હતી. આ સમયે આવેલ પોર્ટુગીઝ મુસાફિર ડોમિંગો પાએઝ આ રાજ્યની જાહોજલાલી જોઈને મંત્રમુગ્ધ થઈ ગયો હતો.


કૃષ્ણદેવરાય

કૃષ્ણદેવરાયના વારસદારો નબળા પડતાં, બીજાપુર, ગોલકોંડા અને અહમદનગરનાં ત્રણેય બહમની રાજ્યોએ વિજયનગર પર સંયુક્ત હુમલો કરી રાજ્યને ખેદાનમેદાન કરી નાંખ્યું. તેમાંથી વિજયનગર ફરી ક્યારેય પાછું બેઠું થઈ શક્યું નહીં. અંતે (17મી સદીમાં) તે સંપૂર્ણપણે છિન્ન-ભિન્ન થઈ ગયું. તેનાં ખંડેરો ઉપર શ્રીરંગપટ્ટમ્ તથા વેડનૂરના સરદારો અને મદુરા તેમજ તાંજોરના નાયકોએ પોતાનાં નાનકડાં સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં. આમ, વિજયનગર રાજ્યોએ ત્રણસો વર્ષ સુધી દક્ષિણમાં સનાતનધર્મ અને સંસ્કૃતિને જાળવી રાખી.

### વિજયનગરની સિદ્ધિઓ

#### શાસનવ્યવસ્થા

વિજયનગર સામ્રાજ્યની વહીવટી વ્યવસ્થામાં રાજા સર્વોચ્ચ વડો ગણાતો. રાજ્યની મુલકી, લશ્કરી, ન્યાયવિષયક વગેરે બાબતોમાં તે સર્વોપરી હતો. આ સમયે પ્રજામાં શાંતિ, સુખ અને સમૃદ્ધિ વધી હતી. પ્રજા પ્રત્યેની ફરજોની વિગત કૃષ્ણદેવરાયે પોતાના ગ્રંથ 'આમુક્તામાલ્યદા'માં આપી છે. તેના મંત્રીમંડળમાં ઓછામાં ઓછા આઠ મંત્રીઓ હતા. ઉપરાંત કોષાધ્યક્ષ, ઝવેરાત ખાતાનો ઉપરી, વ્યાપારી હિતોનો અમલદાર, મુખ્ય પોલીસવડો, અશ્વદળનો નિયામક વગેરે મુખ્ય હતા. તેની સભામાં ધર્મગુરુઓ, ઉમરાવો, સાહિત્યકારો, જ્યોતિષો, સંગીતકારો વગેરે પણ હતા.

વિજયનગરના પ્રાંતો, રાજ્ય, મંડળ કે ચાવડી જેવાં જુદાં-જુદાં નામોથી ઓળખાતા. વિજયનગર સામ્રાજ્ય લગભગ છ પ્રાંતોમાં વહેંચાયેલું હતું. પ્રાંતનો ઉપરી 'નાયક' કહેવાતો. તે વિશાળ મુલકી, લશ્કરી તથા ન્યાયકીય સત્તા ભોગવતો. ગામડું સ્થાનિક તંત્રનું એકમ હતું. તે સ્વાયત અને સ્વાવલંબી હતું. ગામનાં વહીવટ માટે ગ્રામસભા, હિસાબનીશ, ગ્રામરક્ષક, મજૂરો, અમલદારો વગેરે હતા. આ બધાનો વડો મહાનાયકાચાર્ય હતો અને તે સમગ્ર દેખરેખ રાખતો.

#### ન્યાયતંત્ર અને લશ્કરી-વ્યવસ્થા

રાજા સર્વોચ્ચ ન્યાયાધીશ હતો. તે અદાલતો અને ન્યાયાધીશની નિમણૂક કરતો. કાયદાનું સ્વરૂપ બ્રાહ્મણો કે ધર્મગુરુઓ નક્કી કરતા. ગુનેગારોને મૃત્યુ સુધીની સખત સજા કરાતી. લશ્કરી-વ્યવસ્થા માટે ખાસ લશ્કરીખાતુ (કંડાચાર) અને તેના વડા 'દંડનાયક' હતા. તેની સાથે અન્ય અધિકારીઓ પણ નીમવામાં આવતા.

### સામાજિક જીવન

#### વર્ણ વ્યવસ્થા અને જ્ઞાતિપ્રથા

વિજયનગરના હિંદુ રાજવીઓ જ્ઞાતિ કે વર્ણાશ્રમ ધર્મનું રક્ષણ કરવાની પોતાની ફરજ માનતા. આ સમયે સામ્રાજ્યમાં રાજા, સામંતો, નાયકો, બ્રાહ્મણો, સિપાઈઓ, વ્યવસાયલક્ષી જેવા વર્ગો જોવા મળતા.

અહીંની પ્રજા ખોરાકમાં ઘઉં, ચોખા, બાજરી, જુવાર, માછલી વગેરે લેતી. ગાય અને બળદનું માંસ નિષેધ કરતા. અહીં લોકો માંસાહારનો પણ ખોરાકમાં ઉપયોગ કરતા હતા. અંજીર, કેળાં, મોસંબી, દ્રાક્ષ, કેરી, નારંગી, દાડમ, ફણસ જેવાં ફળોનો પણ ઉપયોગ થતો.

વિજયનગરના લોકો મોટાભાગે સફેદ કપડાં પહેરતા. સ્ત્રીઓ શણગાર સજતી અને માથામાં ફૂલો નાંખી સુગંધિત દ્રવ્યોનો ઉપયોગ પણ કરતી. તેઓ નિલમ માણેક જેવાં કીમતી રત્નો પણ પહેરતી. પુરુષો કાનમાં 'કટ્ટકન' પહેરતા.

આ સમયે બાળલગ્નો જોવા મળતાં. વિધવાવિવાહ કે છૂટાછેડાની પરવાનગી ન હતી. લોકો ભૂતપ્રેતમાં માનતા હતા. સતિપ્રથા કે બલિ આપવાની પ્રથા પણ હતી.

રાજ્ય તરફથી સંગીત-નૃત્યને પ્રોત્સાહન મળતું. ઉપરાંત કઠપૂતળીઓ, મદારીના ખેલ, મહાનવમીનો ઉત્સવ વગેરે દ્વારા મનોરંજન થતું. કુસ્તી, દ્વંદ્વયુદ્ધ, પટાબાજી, ભાલાબાજી, તલવાર, બાજ, શિકાર વગેરે પણ આનંદ-પ્રમોદમાં લોકો ભાગ લેતા. કૃષ્ણદેવરાય જાતે વીણાવાદનનો શોખીન અને સંગીતમાં નિષ્ણાત હતો.

**આર્થિક જીવન**

**ખેતી અને સિંચાઈ**


અહીંનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. વિજયનગર ખેતીપ્રધાન પ્રદેશ હોવાથી ઘઉં, ડાંગર, બાજરી, જુવાર, ચોખા, ચણા, વાલ, શેરડી, તેલીબિયાં, કપાસ, આમળાં, તજ, ચંદન, જાયફળ, રાય, ઇલાયચી, શાકભાજી, ફળો વગેરેનું ઉત્પાદન થતું. સિંચાઈ માટે વિજયનગરમાં બંધ, કૂવા, તળાવો વગેરેનો ઉપયોગ થતો. સિંચાઈ કરવામાં છૂટછાટ આપવામાં આવતી.

**વ્યાપાર-વાણિજ્ય**

આ સમયે જમીનમાર્ગે અને દરિયાઈમાર્ગે આંતરિક અને વિદેશી વ્યાપાર કરવામાં આવતો હતો. જેમાં જમીનમાર્ગે ઘોડા, ગધેડા, બળદગાડી, વણઝારા દ્વારા માલની હેરફેર થતી. વિજયનગરનો વ્યાપાર મલાયા, દ્વીપકલ્પ, બર્મા, ચીની અરબસ્તાન, ઈરાન, દક્ષિણ આફ્રિકા, એબેસિનિયા, પોર્ટુગલ વગેરે દેશો સાથે થતો હતો, જેમાં અનાજ અને અન્ય કીમતી વસ્તુઓ તેજાના વગેરેની નિકાસ થતી. જ્યારે વિદેશમાંથી યુદ્ધ માટેનાં ઘોડાઓ, હાથી, તાંબુ, હીરા, પારો, મોતી, ચીની રેશમ, મલમલ વગેરેની આયાત થતી હતી. તે સમયે વણાટકામ, દરજીકામ, અત્તરોનું ઉત્પાદન, ધાતુકામ, ખોદકામ, હાથીદાંતની કામગીરી, તાડી, ખાંડ, મીઠું, હથિયાર, માછીમારી વગેરે જેવા વ્યવસાયો પણ જોવા મળતા.

**સાંસ્કૃતિક જીવન**

વિજયનગરના શાસકો વૈષ્ણવ હોવા છતાં અન્ય ધર્મના લોકો પ્રત્યે સહિષ્ણુ હતા. આ રાજાઓએ હિંદુ ઉપરાંત, મુસ્લિમ, જૈન, બૌદ્ધ વગેરે ધર્મને પ્રોત્સાહન આપ્યુ છે. ધાર્મિક તહેવારોમાં રામનવમી, પૂનમ, એકાદશી, રથયાત્રા, દિવાળી, હોળી, જન્માષ્ટમી, શિવરાત્રી, મકરસંક્રાંતિ જેવા ઉત્સવો પણ ઊજવતા.



હમ્પી હજારાસ્વામી - વિજયનગર

વિજયનગરના રાજાઓ સાહિત્યના પોષક હતા. તેમણે તેલુગુ, કન્નડ, તમિલ, સંસ્કૃત વગેરે ભાષાઓના સાહિત્યને પ્રોત્સાહન આપ્યું. સંસ્કૃતમાં માધવાચાર્ય જેવા વિદ્વાનો થઈ ગયા. આ કૃતિઓમાં 'વ્યવહાર-માધવીય', 'આયુર્વેદનિદાન', 'અલંકાર સુધાનિધિ', 'સુભાષિત સુધાનિધિ', 'જ્ઞાનચિંતામણી', 'રસમંજરી' વગેરેનો સમાવેશ થાય છે. કૃષ્ણદેવરાયે 'આમુક્તમાલ્યદા' નામના ગ્રંથની રચના કરી હતી. રાજનાથ ડિંડમે તેલુગુમાં 'અચ્યુતરાયાભ્યુદયમ્' નામે કાવ્ય રચ્યું. તેલુગુ અને કન્નડમાં કવિ ચામરસ, બાહુબલિ, તિમન્નાકુમાર નારાયણ વ્યાસ, પુંદરહાસ જેવા કવિઓ થઈ ગયા. કન્નડમાં 'પ્રભુરસ લીલા' નામે તથા મહાભારતને લગતાં કાવ્યો અને સાહિત્ય રચાયું.

| | |
|---|---|
|  વિજયનગરના સિક્કા | વિજયનગર રાજ્યમાં સ્થાપત્યકલાને ક્ષેત્રે અનેક સિદ્ધિઓ મેળવી હતી. જેમાં વિરૂપાક્ષનું મંદિર હજારાસ્વામીનું મંદિર, અચ્યુતરાયનું મંદિર, વિદ્યાશંકરનું મંદિર વગેરે મહત્ત્વનાં છે. શિલ્પકલાને ક્ષેત્રે ચિન્નાદેવી, તિરૂમલ્લાદેવી અને વિદ્યારણ્યની મૂર્તિઓ ભવ્ય છે. આમ, વિજયનગર સામ્રાજ્ય સાંસ્કૃતિક અને કલાત્મક સિદ્ધિઓનું મૂલ્ય ધરાવતું, સમૃદ્ધિ અને સુખથી મહાલતા લોકોનું એક સમૃધ્ધ રાજ્ય હતું. |

## બહ્મની સામ્રાજ્ય

દક્ષિણ ભારતમાં બધા જ મુસ્લિમ રાજ્યોમાં બહ્મની રાજ્ય સૌથી બળવાન રાજ્ય હતું. હસનગંગુ નામના બાહોશ સરદારે દક્ષિણમાં બહ્મની રાજ્યની સ્થાપના કરી. (ઈ.સ. 1347). આ રાજ્યમાં કુલ અઢાર સુલતાનો થયા, જેમણે 180 વર્ષ રાજ્ય કર્યું. તેનો વિસ્તાર ઉત્તરે વેણુગંગાથી માંડીને દક્ષિણે કૃષ્ણા નદી સુધી અને પશ્ચિમે કોંકણથી પૂર્વે ભોંગીર (નિઝામ પ્રદેશ) સુધી વિસ્તર્યો. બહ્મની સુલ્તાનોએ ગુજરાત, માળવા, તેલંગણા, ઓરિસ્સા જેવા પાડોશી રાજ્યો સાથે યુધ્ધો કર્યાં. પોતાના વિસ્તારને વહીવટી સરળતા ખાતર રાજ્યના ચાર પ્રાંતો બનાવ્યા.

બહ્મની સામ્રાજ્યનો પહેલો સુલતાન અલ્લાઉદીન બહમનશાહ હતો. તેણે ઘણી લડાઈઓ કરી. ત્યારબાદ બીજો સુલતાન મહંમદશાહ હતો. તેણે સ્થાયી લશ્કરની રચના અને પ્રાંતોના વહીવટને સુદ્રઢ બનાવ્યું. ત્યારબાદ અનુક્રમે મુજાહિદશાહ અને મહંમદશાહ બીજો ગાદીએ આવ્યા. સુલતાન તાજુદ્દીન ફિરોજશાહ શક્તિશાળી સુલતાન હતો. તેણે બે વખત વિજયનગરને હરાવ્યું. ત્યારબાદ, સુલતાન અહમદશાહ ગાદીએ આવ્યો. તેણે કોંકણને હરાવીને ઘણા નોંધપાત્ર વિજયો પ્રાપ્ત કર્યા.

તે વિદ્વાનોનો આશ્રયદાતા હતો. તેણે પોતાની રાજધાની ગુલબર્ગાથી બીદર ખસેડી. પ્રખ્યાત કવિ શેખ 'આઝારી'ને તેણે આશરો આપ્યો. અહમદશાહ પછી સુલતાન અલ્લાઉદીન બીજો ગાદીએ આવ્યો. તે પણ પોતાના પિતાની જેમ વિદ્વાનોનો આશ્રયદાતા હતો. એણે અનેક બાંધકામો કરાવ્યાં. જેમાં મસ્જિદો, જાહેર શાળાઓ, ખેરાતી (ધર્માદા) અંગેની સ્થાપના કરી. તેણે દવાખાનાની સ્થાપના પણ કરી. તેણે રાજ્યમાં કડક દારૂબંધીનો અમલ કરાવ્યો.

સુલતાન મહંમદશાહ ત્રીજાએ શાસન કર્યું. મહેમુદ ગવાને તે રાજ્યનું સંચાલન કર્યું. તે વફાદાર અને બુદ્ધિશાળી વજીર હતો. તેણે બહ્મની રાજ્યની સેવા કરેલી તેથી તેને બિરદાવતા ડૉ. આર. સી. મજુમદાર લખે છે કે, પોતાની (ગવાનની) અસાધારણ શક્તિઓ દ્વારા નિષ્કલંક્તિ પ્રામાણિકતા બતાવીને ગવાને બહ્મની રાજ્યની સેવા કરેલી અને પોતાની ચાણ્યક્નીતિ દ્વારા સફળ લશ્કરી હિલચાલ દ્વારા તેણે બહ્મની રાજ્યની સીમા વધારી. તેણે ગોવાબંદર કબ્જે કર્યું અને ઓરિસ્સા પર આક્રમણ કર્યું.

ત્યારબાદ દક્ષિણી ઉમરાવો વચ્ચે આંતરવિગ્રહ (ઈ.સ. 1527) થતાં બહ્મની સામ્રાજ્ય છિન્ન-ભિન્ન થઈ ગયું. તેમાંથી પાંચ મુસ્લિમ રાજ્યો ઉદભવ્યાં. જેમાં બીજાપુર (આદિલશાહી વંશ), વરાડ (ઇમાદશાહી વંશ), અહેમદનગર (નિઝામશાહી વંશ) અને ગોલકુંડા સૂબા કુતુબશાહે આ ગોલકુંડા મુખ્ય છે. રાજ્યની સ્થાપના કરી. બીદરમાં બરિદશાહી- વંશની સ્થાપના થઈ. આ બધાં રાજ્યોને ઔરંગઝેબે મુઘલ સામ્રાજ્યનો એક ભાગ બનાવ્યાં.

## મલબાર અને પોર્ટુગીઝો (ફિરંગીઓ)નું આગમન

મધ્યયુગ દરમિયાન ભારતીય ચીજવસ્તુઓની માંગ યુરોપીય દેશોમાં સારા પ્રમાણમાં વધી. ભારત જમીન તથા દરિયાઈ માર્ગે, યુરોપીય દેશો સાથે મોટા પ્રમાણમાં વ્યાપાર કરતું. પરંતુ કોન્સ્ટેન્ટિનોપલનું પતન થતાં, યુરોપીય દેશોનો ભારત સાથેનો વ્યાપારીમાર્ગ બંધ થઈ ગયો, તેથી નવો માર્ગ શોધવાની ફરજ પડી. તેમાં પોર્ટુગીઝો (ફિરંગીઓ)એ પહેલ

કરી. વાસ્કો-દ-ગામા નામનો પ્રખ્યાત ફિરંગી નાવિક કેપ-હોપ-ગુડ-હોપથી આગળ વધીને મોઝામ્બિક બંદરે પહોંચ્યો. ત્યાં તેને ભારતીય ખલાસી કાનજી માલમ અને અહમદ-ઇબ્ન-મજીદ મળી જતાં, તેની મદદથી હિન્દ મહાસાગર પાર કરી, (મે 1498) તે કાલીકટ બંદરે ઊતર્યો. આ સમયે કાલીકટ (મલબાર)માં સામુદ્રિક (ઝામોરીન) નામનો હિંદુ રાજા રાજ કરતો હતો. વાસ્કો-દ-ગામાએ આ રાજવી પાસે પોર્ટુગલ રાજાનાં ઓળખપત્રો રજૂ કરીને પોર્ટુગીઝોને વ્યાપારના હકો અપાવ્યા. આમ, ભારતમાં પ્રથમ યુરોપીય પ્રજાએ પ્રવેશ કર્યો. આગળ જતા ભારતમાં અંદરોઅંદરના ઝઘડાઓને કારણે ફિરંગીઓ દક્ષિણ ભારતની પુષ્કળ સમૃદ્ધિનો લાભ લઈને ભારતમાં સંસ્થાનો સ્થાપવાની મહેચ્છા જાગી. તે પૂર્વે  કાલીકટ, કોચીન અને કેન્નુરમાં વ્યાપારી મથકો (કોઠીઓ) સ્થાપ્યાં. એણે ગોવાને પોતાની રાજધાની બનાવી.

**અલ્મેડા - (આલ્ફાન્ઝો) (ઈ.સ. 1505 - 1509), અલ્બુકર્ક (ઈ.સ. 1509 - 1515)**

વાસ્કો-દ-ગામાની વિદાય બાદ અલ્બુકર્કે બીજાપુરના શાસક પાસેથી ગોવા જીતી લીધું. એણે ગોવાને વેપારી મથક બનાવી, ગોવા (તથા કોચીનમાં) અને અન્ય સ્થળોમાં વેપારી કોઠીઓ સ્થાપી. આગળ જતાં ફિરંગીઓ મલબારના સર્વસત્તાધીશ  બન્યા.

ત્યારબાદ (ઈ.સ. 1525 થી 1536) પોર્ટુગીઝોએ વસઈ, દમણ, દીવમાં પોતાની સ્થિતિ મજબૂત કરી. તેઓ હુગલી કિનારે પોતાની વસાહત સ્થાપીને રહેવા લાગ્યા. સમ્રાટ અકબરે તેમને પરવાનગી આપી. આ પોર્ટુગીઝો ભારતમાં ઈ.સ. 1600 સુધી સર્વોપરી રહ્યા. અંગ્રેજો સાથે વ્યાપારી મુશ્કેલીઓ અને હિતસંઘર્ષ થતાં તેમણે કેટલાક પ્રદેશો ગુમાવ્યા. અંતે તેમની પાસે દીવ, દમણ અને ગોવા રહ્યા.

**ભારતીય વેપાર, વાણિજ્ય ઉપર પોર્ટુગીઝનો પ્રભાવ**

પોર્ટુગીઝોએ કાળાં મરી, ગરમ મસાલા, શસ્ત્રો, દારૂખાનું, ઘોડાઓના વેપાર પર એકાધિકાર પ્રાપ્ત કર્યો. તેઓ પૂર્વમાં-આફ્રિકા જતાં વહાણોને ગોવા થઈને જ જવાનું દબાણ કરતા. પોર્ટુગીઝોના લીધે ભારત અને જાપાન વચ્ચે વેપાર શરૂ થયો.


વાસ્કો-દ-ગામા


ગોવાનો કિલ્લો

ભારતમાં તેમના આગમનથી સૌથી વિશેષ પ્રભાવ પડેલો. બટાટા, મકાઈ, તંબાકુ જેવી વસ્તુઓનો ભારતીય વેપાર-વાણિજ્યમાં પ્રવેશ થયો. તત્કાલીન ભારતમાં મલબાર વિસ્તારમાંથી આદું, દાળ, ખાંડ, ચંદન, હળદર, ગળી, કાળાં મરી, કોકમ વગેરેની નિકાસ કરવામાં આવતી. ગોળકોંડાથી મલમલનું કાપડ અને ચિત્તલ (એક પ્રકારનું વસ્ત્ર) વિદેશ મોકલવામાં આવતું. પોર્ટુગીઝો દ્વારા ફ્લેન્ડર્સ, ગુલાબજળ, મુંગા (લાલરંગનું રત્ન), તાંબું, પારો, સિંદુર, સિક્કા વગેરે આયાત કરવામાં આવતાં. પોર્ટુગીઝોના આગમનથી યુરોપની પ્રચલિત ગોથિક સ્થાપત્યકલાના નમૂનારૂપ ચર્ચો ભારતમાં મોટા પાયે બનવા લાગ્યાં.

**પોર્ટુગલશક્તિનો નાશ**

મુઘલ સરદાર કાસીમે હુગલી તટેથી પોર્ટુગીઝોને ભગાડ્યા. બ્રિટિશ સમ્રાટ ચાર્લ્સ બીજાનાં લગ્ન પોર્ટુગીઝની રાજકુમારી સાથે થતાં દહેજમાં તેને મુંબઈનો ટાપુ મળ્યો, તે કંપનીસરકાર હસ્તક જતાં અંગ્રેજોને મુંબઈ ક્ષેત્ર મળ્યું. (ઈ.સ. 1739) જ્યારે મરાઠાઓએ સાલસેટ અને બસિન પર અધિકાર જમાવતાં, ધીરે-ધીરે પોર્ટુગીઝોનું અન્ય પ્રદેશો પરથી નિયંત્રણ ઘટતું ગયું.

આમ, ભારતમાં 7મી સદીથી 17મી સદી સુધી આ રાજ્યો નાનાં હોવા છતાં, મોટી મહાસત્તાઓ સાથે સંઘર્ષો કરી કે, મૈત્રાચારી બાંધીને પણ સ્વતંત્ર રીતે રહી શક્યા. આ રીતે તેમણે પોતાની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિને મજબૂત બનાવી. આ બધાં જ રાજ્યોમાં કલા-સ્થાપત્ય ક્ષેત્રે પ્રદાન નોંધાવીને ભારતનું સ્થાન વિશ્વનાં સાંસ્કૃતિક વારસામાં મૂકવામાં ભારે મદદ કરી છે.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર આપો :**

(1) રાણા સંગ્રામસિંહે કઈ-કઈ લડાઈમાં ભાગ લીધો હતો ?

(2) ચૌલ સામ્રાજ્યના શાસકો વિશે નોંધ લખો.

(3) બંગાળના પાલશાસકો વિશે નોંધ તૈયાર કરો.

(4) રાષ્ટ્રકૂટ રાજવીઓનું સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન જણાવો.

(5) વાસ્કો-દ-ગામાના ભારત આગમન પર નોંધ લખો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) મેવાડનો ગોહિલવંશ પાછળથી કયા નામે ઓળખાયો હતો ?

(2) ચિત્તોડનો વિજયસ્તંભ કોના પરાક્રમની સાક્ષી પૂરે છે ?

(3) કાશ્મીર રાજ્યના મુખ્ય વંશોની માહિતી આપો.

(4) રાષ્ટ્રકૂટ રાજવી કૃષ્ણ પ્રથમે ઈલોરામાં કયું મંદિર બંધાવ્યું હતું ?

(5) ગુજરાતના સોલંકીકાલીન સ્થાપત્ય વિશે નોંધ લખો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) ઓરિસ્સાના શાસકોને કયું બિરુદ આપવામાં આવ્યું હતું ?

(A) ત્રિકલિંગાધિપતિ (B) મહારાજારાજ (C) ધર્મધુરંધર (D) મહારાજાધિરાજશ્રી

(2) જયદેવે નીચેનામાંથી કયા ગ્રંથની રચના કરી હતી ?

(A) 'ગીતગોવિંદ' (B) 'રાજતરંગિણી' (C) 'આયને અકબરી' (D) 'તહકીકાતે હિન્દ'

(3) મણિપુરનું નૃત્ય કયા નામથી વિખ્યાત છે ?

(A) મણિપુરી (B) કથક (C) ભરતનાટ્યમ્ (D) કૂચિપૂડી

(4) ત્રિપુરાના લોકો મુખ્યત્વે કયાં દેવીની પૂજા કરે છે ?

(A) દુર્ગાપૂજા (B) કાલિકાપૂજા (C) ચંડીપૂજા (D) અંબેપૂજા

(5) નેપાળમાં શિવધર્મનું કયું સુપ્રસિદ્ધ મંદિર આવેલ છે ?

(A) પશુપતિનાથનું મંદિર (B) શૈલદેવનું મંદિર (C) ઓમકારેશ્વર મંદિર (D) સ્વયંભૂ મંદિર

•

# 14 દિલ્હી સલ્તનત

રાજપૂત રાજસત્તાને અંતે ભારતના ઉત્તર ભાગમાં શાસન કરનાર મુસ્લિમ શાસકોને સુલતાન અને તેમના શાસનકાળને દિલ્હી સલ્તનતના નામથી ઓળખવામાં આવે છે. આ સુલતાનો મોટેભાગે તુર્ક અને અફઘાનકુળમાંથી ઊતરી આવ્યા હતા. શાહાબુદ્દીન ઘોરીએ રાજપૂત શાસક પૃથ્વીરાજ ચૌહાણને હરાવીને દિલ્હીમાં દિલ્હી સલ્તનતની સ્થાપના કરી. આ દિલ્હી સલ્તનતમાં કુલ - 5 મુસ્લિમ વંશોએ (ઈ.સ. 1206થી 1526 સુધી) શાસન કર્યું. દિલ્હી સલ્તનતની સ્થાપનાથી ભારત એક તદ્દન જુદા જ સામાજિક અને રાજકીય પરિવર્તનમાંથી પસાર થયું. એક નવી અને વિદેશી પ્રજા પોતાનો ધર્મ અને સંસ્કૃતિ તેમજ રાજ્યવ્યવસ્થા લઈને અહીં આવી હતી. તેણે ભારતનાં તમામ ક્ષેત્રોમાં જુદી જ પદ્ધતિઓનો અમલ કર્યો.

## ઈસ્લામનો ઉદય અને વિકાસ

ઈ.સ.ની સાતમી સદીમાં અરબસ્તાનમાં ઇસ્લામધર્મનો ઉદય થયો. હઝરત મુહમ્મદ પયગંબર સાહેબે આ ધર્મનો ઉપદેશ કર્યો. લગભગ 400 વર્ષમાં જ તે ઉત્તર આફ્રિકાથી લઈને ભારતના પશ્ચિમ ભાગ સુધી અત્યંત ઝડપથી ફેલાયો, જેણે વિશ્વના મોટા ભાગના વિસ્તારો પર મહત્ત્વપૂર્ણ રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિવર્તનો કર્યાં હતાં. ઇસ્લામ એક જ ઈશ્વરની ઉપાસનાપદ્ધતિમાં માને છે. તેનો પવિત્ર ધર્મગ્રંથ 'કુરાન' છે. મુસ્લિમોનો વિશ્વાસ છે કે, ઈશ્વરે મુહમ્મદ પૈયગંબરને કુરાન પ્રમાણેનું જીવન જીવવાનો આદેશ આપ્યો હતો. મુહમ્મદ પૈયગંબરના અવસાન બાદ તેમના ઉત્તરાધિકારીઓ 'ખલીફા' તરીકે ઓળખાયા, જેમણે મુસ્લિમોનું નેતૃત્વ કર્યું.

## ભારત પર મુસ્લિમ આક્રમણો

ભારત પર આઠમીથી બારમી સદી દરમિયાન મહત્ત્વપૂર્ણ મુસ્લિમ આક્રમણો થયાં. જેણે ભારતમાં ભારે રાજકીય પરિવર્તનો આણ્યાં. અહીં દિલ્હી સલ્તનતની સ્થાપના સુધીના મુસ્લિમ આક્રમણોને આપણે ક્રમબદ્ધ જોવાનો પ્રયત્ન કરીએ.

### આરબ આક્રમણ

ઉમૈયદ ખલીફાના સેનાપતિ મુહમ્મદ બીન કાસીમે ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગ પર આક્રમણ કર્યું (ઈ.સ. 712) તેનો હેતુ ભારતમાં આરબ રાજ્યસત્તાનો વિસ્તાર કરવાનો અને ઇસ્લામિક રાજ્ય પદ્ધતિ તેમજ ધર્મને આગળ વધારવાનો હતો. તેમણે પશ્ચિમ એશિયા, ઇરાક, તુર્કી, જૉર્ડન, સીરિયા, ઉત્તર આફ્રિકા અને પૂર્વઆફ્રિકાના કેટલાય વિસ્તારો તેમજ ઇજિપ્ત અને ઈરાન પર પણ પોતાનું શાસન સ્થાપી દીધું. આમ, આઠમી સદીના પ્રથમ દશક સુધીમાં આરબો સત્તાના સર્વોચ્ચ શિખરે પહોંચી ચૂક્યો હતો. આરબ વેપારીઓએ ભારતની સમૃદ્ધિની વાતો ઇસ્લામિક રાજ્યોમાં ફેલાવી. ભારતની સમૃદ્ધિએ તેમને આકર્ષિત કર્યા. જોકે, સિંધ પરનું આક્રમણ એ ઇસ્લામીકરણનો ભાગ લાગતું નથી, એ માટે અહીંનાં સ્થાનિક કારણો જવાબદાર હતાં. દેબલના ચાંચિયાઓએ અરબી જહાજો પર લૂંટ ચલાવી હતી. સિંઘના રાજા દાહિરે આ ચાંચીયાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાનો ઇનકાર કર્યો, પરિણામે ઇરાકના સુલ્તાન હજ્જાજે મુહમ્મદ બીન કાસીમના વડપણ નીચે દાહિર વિરુદ્ધ એક લશ્કરી ટુકડી મોકલી, તેને હરાવ્યો. આ યુદ્ધમાં દાહિર મૃત્યુ પામ્યો. મુસ્લિમોએ સિંઘના મહત્ત્વપૂર્ણ કિલ્લાઓ હાંસલ કરતાં મોટાભાગના સ્થાનિક વેપારીઓએ સિંધ છોડી દીધું. બે વર્ષ સુધી તેણે સિંઘમાં શાસન કર્યું. આ દરમિયાન ઘણા બધા આરબો અહીંયાં વસી જતાં અહીં એક નવી સંસ્કૃતિનું સર્જન થયું.

ઉપર્યુક્ત આરબ આક્રમણની ભારત પર બહુ મોટી અસર પડી હોય તેમ લાગતું નથી, કારણ કે, સિંઘ અને પંજાબના કેટલાક ભાગો સુધી તેમનું શાસન મર્યાદિત હતું. મોટાભાગનું ભારત આ આક્રમણથી દૂર રહ્યું. એટલું જ નહિ, આરબો દિલ્હી કે મધ્ય ભારત તરફ આગળ વધી શક્યા ન હતા, માટે જ તે વિશિષ્ટ કે ખાસ નોંધપાત્ર આક્રમણ મનાતું નથી.

## મહેમૂદ ગઝનવીનું આક્રમણ

અફઘાનિસ્તાનના મુખ્ય નગર ગઝનીમાં સબુતગિને ગઝનીવંશની સ્થાપના કરી હતી. તે એક તુર્ક સેનાપતિ હતો. ત્યાર બાદ તેનો પુત્ર મહેમૂદ ગઝનીનો સુલતાન બન્યો. ગઝનીનો રાજ્યવિસ્તાર કરવા તેમજ મધ્યએશિયામાં પોતાની સત્તા પ્રસારવા ભારત પર અવાર-નવાર આક્રમણ કરતો રહ્યો. મહેમૂદ ગઝનવીએ ભારત પર 17 વખત આક્રમણ કર્યાં. સૌપ્રથમ

(ઈ.સ. 1001) તેણે પંજાબના જયપાલ વિરુદ્ધ આક્રમણ કર્યું. તેણે મૂલતાન પર આક્રમણો કર્યા. ત્યારબાદ (ઈ.સ. 1019 સુધી) તેણે નગરકોટ, થાણેશ્વર, મથુરા અને કનોજ સુધી વિનાશક આક્રમણો કર્યાં. આ આક્રમણો મોટેભાગે મંદિરો પર કરવામાં આવતાં અને ત્યાંના ખજાનાની લૂંટ ચલાવવામાં આવતી. નગરકોટના મંદિર પર થયેલું તેનું આક્રમણ મહત્ત્વપૂર્ણ છે. તે પછી એનું સૌથી વિશાળ આક્રમણ (ઈ.સ. 1025) સૌરાષ્ટ્રના સોમનાથ મંદિર પર થયું. તેનાંથી તેને અપાર સમૃદ્ધિ મળી. પરિણામે મધ્યએશિયાના રાજકારણમાં તે મહાસત્તા તરીકે પોતાના રાજ્યને સ્થાપિત કરી શક્યો. જોકે, તેણે ભારત પર પોતાનું રાજ્ય સ્થાપવાનો કોઈ પ્રયત્ન કર્યો ન હતો. ત્યારબાદ ગઝનવીવંશે પંજાબની આસપાસના વિસ્તારો પોતાના રાજ્યમાં સમાવી લીધા. આ આક્રમણોએ ભારતની રાજકીય અને લશ્કરી દુર્બળતાઓ પ્રગટ કરી. જેણે ભવિષ્યમાં તુર્ક આક્રમણો માટે માર્ગ ખોલી આપ્યો અને ભારતમાં દિલ્હી સલ્તનતની સ્થાપનાનો રસ્તો સરળ બનાવ્યો.

### શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીનું આક્રમણ

શિહાબુદ્દિન મોહમ્મદ ઘોરી ગઝનીની ગાદી પર આવ્યો ત્યારે મધ્યએશિયામાં ખ્વારિઝમ સામ્રાજ્ય ખૂબ શક્તિશાળી હતું. પરિણામે ઘોરીએ મધ્યએશિયાની જગ્યાએ ભારત તરફ પોતાની વિસ્તારવાદી નીતિ અમલમાં મૂકી. તેનો વિચાર ભારતની સમૃદ્ધિ લૂંટવાને બદલે ભારત પર પોતાનું શાસન સ્થાપવાનો હતો. એટલા માટે તેનાં તમામ પગલાં આયોજનપૂર્વકનાં હતા. પરિણામે તેના આક્રમણોનું ભારતના ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તેણે ક્રમશઃ નીચે જણાવ્યા પ્રમાણે વિજયો પ્રાપ્ત કરી ભારતમાં તુર્ક સામ્રાજ્યની સ્થાપના કરી.

### પંજાબ અને સિંઘ પર આક્રમણ

તેણે મુલતાન પર આક્રમણ કરી ભારત વિજયનો પ્રારંભ કર્યો. આ જ સમયે કચ્છના રાજપૂતોને તેણે હરાવ્યા. ગુજરાતના બાળ મૂળરાજ નામના સોલંકી રાજવીની વિધવામાતા નાયિકાદેવીએ આબુના યુદ્ધમાં તેનો પરાજય કર્યો. તેમ છતાં નિરાશ થયા વગર તેણે ભારત પર આક્રમણો કરવાની નીતિ ચાલુ રાખી. તેણે પંજાબમાં યુદ્ધો કરી પેશાવર અને લાહોર મેળવ્યું. આગળ જતાં શિયાલકોટ, દેબોલ, મુલ્તાન, સિંઘ અને પંજાબ જીતી તે દોઆબ તરફ આગળ વધ્યો.

### તરાઈનું યુદ્ધ (ઈ.સ. 1191)

પંજાબમાં પોતાનું આધિપત્ય સ્થાપિત કરી તે ગંગાનદીના ક્ષેત્ર તરફ આગળ વધ્યો. પૃથ્વીરાજ ચૌહાણ જેવા શક્તિશાળી શાસક સામે તેનું યુદ્ધ થયું. પૃથ્વીરાજ ચૌહાણે નાના-નાના રાજપૂત રાજાઓને જીતીને દિલ્હી પર પોતાનું મજબૂત શાસન સ્થાપિત કર્યું હતું અને ભટીંડા તરફ આગળ વધ્યો. અહીંયાં બંને વચ્ચે યુદ્ધ શરૂ થયું. તરાઈના મેદાનમાં પૃથ્વીરાજ ચૌહાણ અને શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીની સેના વચ્ચે ભયંકર યુદ્ધ થયું. જેમાં શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરી હાર્યો અને માંડ-માંડ જીવ બચાવીને ભાગ્યો. પૃથ્વીરાજે ભટીંડા જીતી વિજય ઉત્સવ મનાવ્યો. પરંતુ તેને કિલ્લેબંધી કરવાને બદલે યોગ્ય વ્યવસ્થા ગોઠવ્યા વગર ચાલ્યો ગયો. પરિણામે શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીને એ પછીના વર્ષે જ ભારત પર બીજું આક્રમણ કરવા માટે સૈનિકશક્તિ સંગઠિત કરવાનો મોકો મળી ગયો.

### તરાઈનું બીજું યુદ્ધ (ઈ.સ. 1192)

તરાઈનું બીજું યુદ્ધ ભારતના ઇતિહાસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાય છે. શિહાબુદ્દિન મોહમ્મદ ઘોરીએ તેના માટે વિશિષ્ટ તૈયારીઓ કરી. તુર્ક અને રાજપૂતો ફરી એક વખત તરાઈના મેદાનમાં યુદ્ધમોર્ચે આવ્યા. શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીએ આયોજનપૂર્વક વ્યૂહાત્મક સ્થળોએ પોતાની અશ્વસેના ઊભી કરીને ભારતીય સેના પર આક્રમણ કર્યું. આ કુશળ સેનાની સામે મોટી સંખ્યાયુક્ત ભારતીય સેના ટકી શકી નહીં. આ યુદ્ધમાં શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીએ પોતાની અશ્વસેનામાં આધુનિક ટેક્નોલૉજીનો પ્રયોગ કર્યો. તેણે ઘોડાના પગમાં નાળ પહેરાવી હતી. જેનાથી ઘોડા તેજગતિએ દોડી શકતા હતા એટલું જ, નહિ ઘોડા પર રકાબ (પેંગડું)નો પ્રયોગ કર્યો હતો. જેનાથી ઘોડેસવાર ઘોડા પર સરળતાથી સમતોલન રાખી બેસી શકતા અને તેમની મારક ક્ષમતા વધી જતી. આમ તેણે ભારતીય સેનાને હરાવી. ત્યારબાદ હાંસી, સરસુતી અને સમાનાના કિલ્લાઓ પણ જીતીને તે દિલ્હી અને અજમેર તરફ આગળ વધ્યો. એણે યમુના નદી પાર કરી કનોજના રાજા જયચંદને ચંદાવરના યુદ્ધમાં પરાસ્ત કર્યો. તરાઈ અને ચંદાવરના યુદ્ધે ભારતમાં તુર્કશાસનનો પાયો નાંખ્યો.

શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીનાં આક્રમણોનો ભારતીય રાજનીતિ પર દીર્ઘકાલીન અને મહત્ત્વપૂર્ણ પ્રભાવ પડ્યો. તેણે ભારત પર તુર્ક રાજનીતિક નિયંત્રણનું સ્થાપન કર્યું. શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીના મૃત્યુ બાદ તેનો ગુલામ સેનાપતિ કુતુબુદ્દીન ઐબક દિલ્હી સલ્તનતનો પ્રથમ સુલતાન (ઈ.સ. 1206) બન્યો.

દિલ્હી સલ્તનતનો ઇતિહાસ જાણવા માટે વિભિન્ન સ્રોત ઉપલબ્ધ છે. મોટાભાગના ઇતિહાસગ્રંથો, તુર્કી અને ફારસી ભાષામાં લખાયેલા છે. આમ, સાહિત્યિક ગ્રંથો, (આત્મકથા, ફરમાન, તવારીખ) તથા યાત્રાનાં વિવરણોમાંથી પણ આ કાળનો ઇતિહાસ ઉપલબ્ધ થાય છે. આ સમયમાં પુરાતત્ત્વીય પ્રમાણો પણ બહુ મોટા પ્રમાણમાં મળી આવ્યાં છે. મધ્યકાલીન હિંદનો સલ્તનત સમયનો ઇતિહાસ જાણવા માટે કેટલીક ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ સાહિત્યિક રચનાઓ આપણે આ પૂર્વે જોઈ ગયા.

તદુપરાંત, અન્ય કેટલાક ગ્રંથો જેને સલ્તનતકાલીન સાહિત્યના સંદર્ભે જોવા રહ્યા, તે આ કાળનો ઇતિહાસ જાણવાનાં મહત્ત્વપૂર્ણ સાધનો છે. સાથે-સાથે સલ્તનતકાલીન સ્થાપત્ય, સિક્કાને પણ આ સમયનો ઇતિહાસ જાણવા માટેના પુરાતત્ત્વીય અવશેષો છે. આ કાળખંડમાં વસાવવામાં આવેલાં અનેક શહેરો પણ ઇતિહાસ જાણવાનાં મુખ્ય અવશેષીય સાધનો છે.

### દિલ્હી સલ્તનતનું રાજ્યતંત્ર

સમગ્ર દિલ્હી સલ્તનત પાંચ વંશોના શાસનમાં વહેંચાયેલ જોવા મળે છે. કુતુબુદ્દીન ઐબકથી લઈને છેલ્લા સુલતાન ઇબ્રાહીમ લોદી સુધીમાં કેટલાક પ્રતિભાવંત સુલતાનો પણ થયા. આ કાળ દરમિયાન સુલતાનો દ્વારા કેટલીક વિશિષ્ટ રાજ્યપદ્ધતિઓ અખત્યાર કરવામાં આવી હતી. તેને આપણે અત્રે વિગતે તપાસીશું.

### ગુલામવંશ કે મામલુકવંશ (ઈ.સ. 1206 - ઈ.સ. 1290)

શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીના ગુલામ કુતુબુદ્દીન ઐબકથી આ વંશની શરૂઆત થઈ. આ સમગ્ર વંશને ગુલામ કે મામલુકવંશ કહેવામાં આવે છે.


કુતુબમિનાર

કુતુબુદ્દીન ઐબક સૌપ્રથમ હાંસીનો સૂબો હતો. શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીના ભારતમાંના તમામ વિજયો એ આ કુતુબુદ્દીન ઐબકને આભારી હતા. ઘોરીના ગુલામપદેથી મુક્તિ મળતાં દિલ્હી સલ્તનતમાં તે સર્વપ્રથમ સુલતાન બન્યો. માત્ર પાંચ વર્ષના ટૂંકા સમયગાળામાં કોઈ વહીવટી ક્ષમતા દર્શાવી શક્યો નહિ, છતાં તે શક્તિશાળી હતો. સાહિત્યમાં તેનો ઉલ્લેખ લક્ષબક્ષી તરીકે થયેલો છે. વિદ્વાન હસનનિઝામી તેના દરબારની રોનક હતા. દિલ્હીમાં કુવ્વત-ઉલ-ઇસ્લામ અને અજમેરમાં ઢાઈ દિનકા ઝોંપડા જેવાં મસ્જિદ સ્થાપત્યો તેણે ઊભાં કર્યાં. પ્રસિદ્ધ કુતુબમિનાર બાંધવાની શરૂઆત પણ તેણે કરી. લાહોરમાં ચોગાન (પોલો) રમતાં અકસ્માતે ઘોડાપરથી પડી જતાં તેનું મૃત્યુ થયું.

### ઇલ્તુત્મિશ (ઈ.સ. 1210 - ઈ.સ. 1236)

કુતુબુદ્દીન ઐબક બાદ તેનો ગુલામ તેમજ જમાઈ ઇલ્તુત્મિશ ગાદી પર આવ્યો. એક રીતે જોઈએ તો, તેણે સલ્તનતને દૃઢ કરવાનું કાર્ય કર્યું. તે બદાયુ પ્રાંતનો સૂબો હતો, પરંતુ ઐબકના પુત્ર આરામશાહમાં રાજકીય નિર્બળતા હોવાથી તુર્ક અમીરોએ ઇલ્તુત્મિશને સત્તા સંભાળવા જણાવ્યું. તેણે સલ્તનતને સ્થિર બનાવવા તુર્કોને ચહલગાની (અનુભવી 40 લોકોનું દળ) ની રચના કરી. આમ કરીને તેણે શક્તિશાળી તુર્ક અમીરોને રાજ્યને વફાદાર બનાવ્યા અને શાસનને દૃઢ બનાવી દીધું. સલ્તનતની શરૂઆતમાં આમ કરવું અત્યંત જરૂરી હતું. ઇલ્તુત્મિશ સલ્તનતનો માન્યતા પુણ્ય પ્રથમ સુલતાન હતો કે જેને ખલિફાએ ખિલ્વત આપીને સુલતાનની પદવી આપી. તેણે રાજધાની લાહોરથી દિલ્હી ફેરવી. મિનહાજ-ઉસ-સિરાઝ અને મલિક-તાઝુદ્દીન તેના દરબારના પ્રખ્યાત વિદ્વાનો હતા. તેણે કુતુબુદ્દીન ઐબકે શરૂ કરેલ કુતુબમિનારનું કાર્ય પૂર્ણ કરવા ઉપરાંત અજમેરમાં મસ્જિદની સ્થાપના પણ કરાવી. પોતાના પુત્રોમાં રાજકીય ઇચ્છાશક્તિનો અભાવ જોતાં તેણે પોતાની પુત્રી-રઝિયાને પોતાની ઉત્તરાધિકારી જાહેર કરી. એ રીતે સમગ્ર સલ્તનતમાં રઝિયાએ ઉત્તરાધિકારી તરીકે જાહેર થયેલ પ્રથમ અને અંતિમ સુલતાના હતી. ઇલ્તુત્મિશના સમયમાં તરાઈનું ત્રીજું યુદ્ધ તાજુદ્દીન યિલ્દિઝ અને તેની વચ્ચે થયું, જેમાં ઇલ્તુત્મિશની જીત થઈ.

## રઝિયા સુલતાના (ઈ.સ. 1236 - ઈ.સ. 1240)

ઇલ્તુત્મિશે પોતાની પ્રતિભાવાન પુત્રી રઝિયાને પોતાના ઉત્તરાધિકારી તરીકે જાહેર કરી હોવાથી ઇલ્તુત્મિશના મૃત્યુ બાદ રઝિયા ગાદી પર આવતાં ચારે તરફથી વિદ્રોહની શરૂઆત થઈ. ખાસ કરીને શાસન માટે તેના ભાઈઓ અને અન્ય અમીરોએ તેની વિરુદ્ધ અનેક ષડ્યંત્રો રચ્યાં. જોકે, રઝિયાએ આ ચાર વર્ષના શાસનમાં ચતુરાઈપૂર્વક તેનો સામનો કર્યો, પરંતુ અમીરોની સત્તાલાલસા, એક સ્ત્રીને સુલતાનપદે નહીં સ્વીકારવાની વૃત્તિ અને સતત ચાલતા વિદ્રોહોએ તેનો અંત આણ્યો. તેણે ઉચ્ચકુલીન તુર્ક અમીરોને ઉચ્ચ હોદ્દાથી વંચિત કરવાની નીતિ અપનાવી અને મહત્ત્વના પદે કેટલાક નિમ્ન જાતિના મુસ્લિમોને મૂકી તેમની ખફગી વહોરી. આવા એક ઉચ્ચ તથા પોતાના પ્રિય અને વિશ્વાસુ અધિકારીને અમીર-એ-આખુર (અશ્વશાળાનો વડો)ને પદે આફ્રિકન-(હબસી)-જલાલુદીન યાકૂતની નિમણૂક કરી. આ બધાં કરાણોસર અને અંતે અલ્તુનિયાના વિદ્રોહથી રઝિયાનું પતન થયું.

રઝિયા સુલતાના બાદ મોહિઝુદ્દીન બહેરામશાહ નામનો સુલતાન ગાદી પર આવ્યો. જેણે વહીવટમાં ‘નાયબ સુલતાન’ નામના પદની શરૂઆત કરી. ત્યારબાદ અલાઉદ્દીન મસુદશાહ ગાદી પર આવ્યો, જેમની કોઈ ખાસ ઉપલબ્ધિ જણાતી નથી. તેના બાદ નાસીરુદ્દીન મહમ્મદ નામનો શાસક ગાદીએ આવ્યો. ત્યારે એક પ્રતિભાશાળી વ્યક્તિ તરીકે બલ્બન રાજકારભારમાં ખૂબ મહત્ત્વ ધરાવતો હતો. તેથી આ સમયને બલબનના સમયમાં સમાવિષ્ટ કરવામાં આવે છે.

## ગ્યાસુદ્દીન બલ્બન (ઈ.સ. 1266 - ઈ.સ. 1287)

ઇલ્બેરી તુર્ક શાખાનો મુસ્લિમ યોદ્ધોબલ્બન રઝિયા સુલતાનાના સમયે અમીર-એ-શિકાર હતો. તેના જમાઈ નાસિરુદ્દીન મહમ્મદના સમયમાં તે નાયબ હતો. નાસિરુદ્દીને તેને ઉલુગખાંની ઉપાધિ આપી હતી. નાસિરુદ્દીન મહમ્મદના મૃત્યુ બાદ સત્તાનાં તમામ સૂત્રો તેણે ધારણ કર્યાં. તેણે સૌપ્રથમ ચહલગાનીનો નાશ કરી, શાસનતંત્ર પર અમીરોની પકડને હળવી કરી. તેણે ‘લોહી અને લોખંડની નીતિ’ અપનાવી. સૌપ્રથમ તેના સમયમાં બંગાળના તુગરીલનો બળવો થતાં તેણે ઉગ્રતાપૂર્વક દબાવી તે પ્રાંતોમાં પોતાની ધાક બેસાડી. મેવાતીઓનો વિદ્રોહ પણ તેણે દબાવ્યો. એટલું જ નહીં, અમીરો પર અને પ્રાંતો પર નજર રાખવા દીવાન-એ-આરીઝ નામના ગુપ્તચરતંત્રની તેણે રચના કરી. ખાસ કરીને રાજાના ‘દૈવીસિદ્ધાંત’ (Divin Rights of Kingship)ને સ્થાપિત કરવા તેણે વ્યવસ્થિત પ્રયત્ન કર્યો. રાનમાં ચાલતી રાજાને ઝૂકીને નમન કરવાની પ્રથા-પાબોશની પણ તેણે શરૂઆત કરી. દરબારની શાનો-શોકત વધારી ઈરાની રાજાઓની જેમ દરબારમાં મહાન દેખાડો શરૂ કર્યો. તેના દરબારમાં અમીરખુશરો અને અમીર હસન જેવા સાહિત્યકારો રહેતા. રાજાની શક્તિની સ્થાપના માટે બલબને કરેલો પ્રયત્ન એ સલ્તનતકાળનું વિશિષ્ટ તત્ત્વ ગણાવી શકાય. તેના બાદ તેનો પુત્ર શમ્સુદ્દીન કૈકોબાદ ગાદીએ આવ્યો, પરંતુ જલાલુદ્દીન ફિરોજ ખલજી નામના તેના જ એક અમીરે તેને ગાદી પરથી ઉથલાવીને ખલજી વંશની સ્થાપના કરી.

## ખલજીવંશ (ઈ.સ. 1290 - ઈ.સ. 1320)

જલાલુદ્દીન ખલજીથી ખલજી વંશની શરૂઆત થઈ. તેણે કિલોખરી નામના સ્થળે કૈકોબાદ સામે પોતાની જાતને સુલતાન ઘોષિત કરી, રાજધાની સ્થાપિત કરી. ત્યારબાદ તેણે ક્રાંતિ કરી દિલ્હીમાં પ્રવેશ કર્યો. આ ઘટનાને ‘ખલજી ક્રાંતિ’ કહેવામાં આવે છે. જોકે, એક મત પ્રમાણે ખલજીઓને પ્રજાએ જાકારો આપ્યો. ખલજીઓ મૂળતઃ તુર્કી મુસ્લિમો હતા, પરંતુ ઘણા લાંબા સમયથી અફઘાનિસ્તાનમાં રહેવાને કારણે તુર્ક મુસ્લિમોએ તેમને સામાજિક મોભો આપ્યો નહિ. તેના સમયમાં (ઈ.સ. 1290) કરા (કડા) - માણેકપુરના નાના સૂબેદાર મલેક છજ્જુએ વિદ્રોહ કર્યો, જે તેણે સફળતાપૂર્વક દબાવી દીધો હતો. ઈ.સ. 1290માં હલાકૂના પૌત્ર અબ્દુલાએ ભારત પર આક્રમણ કર્યું હતું. તેણે તેના ભત્રીજા અલાઉદ્દીનને પોતાની તરફ ભેળવીને કાવતરાપૂર્વક પોતાના કાકાની હત્યા કરી પોતે જ ગાદી પચાવી પાડી.

## અલાઉદ્દીન ખલજી (ઈ.સ. 1296 - ઈ.સ. 1316)

સલ્તનતકાળમાં અલાઉદ્દીન ખલજીને સૌથી સફળ સુલતાન ગણાવી શકાય. તે તદ્દન નિરક્ષર, પરંતુ સુધારક, મહત્ત્વકાંક્ષી અને પ્રતિભાવંત હતો. તેના પિતાનું મૃત્યુ થતાં તેના કાકા જલાલુદ્દીને તેને પુત્રની જેમ ઊછેર્યો અને પોતાની દીકરીનાં લગ્ન પણ તેની સાથે કર્યાં. એટલું જ નહીં, અગત્યની સૂબેદારી આપી કડા-માણેકપૂરનો સૂબો બનાવ્યો. આવા નેકદિલ જલાલુદ્દીનની હત્યા કરીને તે ગાદી પર આવ્યો. મુસ્લિમ અમીરોનો વિરોધ અટકાવવા અને હત્યારા સુલતાનની

ટીકાથી બચવા સિફતપૂર્વક તેણે ઇસ્લામના વડા ખલિફાની સત્તાને માન્યતા આપી. તેણે જાતે જ યાસ્મીન-ઉલ-ખલિફાત નાસિરી-ઉલ-મોમીનીનની પદવી ધારણ કરી. અલાઉદીન ખલજી તેના વિજયોથી ખૂબ જાણીતો છે. તેણે તત્કાલીન આર્થિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગુજરાત અને દક્ષિણ ભારતના વિજયો કર્યા. તેણે દાનમાં અપાયેલી જમીનો રાજ્યમાં પાછી સમાવી લીધી અને ઇકતેદારોને કે જાગીરદારોને રોકડમાં પગાર ચૂકવવાનું શરૂ કર્યું. તેના ગુલામ મલેકકાફૂરે દક્ષિણ ભારતના વિજયો કરી અઢળક ધન અલાઉદીનના દરબારમાં ભેગું કર્યું. કાકતીયવંશના રાજવી પ્રતાપ રુદ્રદેવને હરાવી મલેકકાફૂરે દુનિયાનો સર્વશ્રેષ્ઠ કોહિનુર હીરો પ્રાપ્ત કર્યો હતો. અલાઉદીને અમીર ઉમરાવ ઉપર નજર રાખવા બરીદ નામના અધિકારીનો ભ્રષ્ટાચાર નાથવા 'મુહતાશીબની' નામથી અધિકારીની નિમણૂક કરી. તેના સમયમાં મંગોલ પ્રજાનાં આક્રમણો થતાં તેણે પોતાની લશ્કરી નીતિ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી તે મુજબ પોતાની આર્થિક નીતિ ઘડી.

### વહીવટી સુધારા

તેણે નવીન વહીવટી સુધારા દાખલ કરી પોતાની પ્રતિભા સાબિત કરી હતી. ઇકતેદારોની સેના પર નિર્ભર રહેવાને બદલે તેણે દિલ્હીમાં સ્થાયી (કાયમી) સેનાની સ્થાપના કરી. સાથે-સાથે ઇકતેદારોની પાસે રહેલ સેનાના ઘોડા અને સૈનિકો માટે અનુક્રમે એક વિશિષ્ટ ઓળખપદ્ધતિ - 'દાગ' અને 'હૂલિયા' ('ચહેરા') દાખલ કરી. સૈનિકોની વ્યવસ્થિત રીતે ભરતી કરવામાં આવતી હતી. તેમને વેતન તરીકે 19.5 ટકા માસિક આપવામાં આવતા. એ રીતે તેણે સૈનિકોને જાગીર સ્વરૂપે આપતાં વેતનો નાબૂદ કરી સામ્રાજ્યમાં આધુનિક વહીવટીતંત્રનો પાયો નાંખ્યો. તેના આર્થિક સુધારાઓ પણ બહુ જ મહત્ત્વપૂર્ણ હતા. અમીર-ખુશરોના પુસ્તક 'ખઝાઇન-ઉલ-ફતુહ', ઇસામી કૃત 'ફતુહ-સલાતીન', તેમજ જિયાઉદ્દીન બરનીના પુસ્તક તારીખ-એ-ફિરોઝશાહીમાંથી અલાઉદીનના આર્થિક સુધારાની જાણકારી મળે છે. તે મુજબ તેણે બજાર-અર્થતંત્રનો પાયો નાંખ્યો હતો. તેણે 'શહનાયે મંડી' નામના બજારના અધિક્ષકની પણ નિમણૂક કરી. તેનો પ્રથમ શહનાયે મંડી 'મલિક-યાકુબ' હતો. દેશના વિભિન્ન વિસ્તારોમાંથી દિલ્હીમાં વેપાર અર્થે આવેલા વેપારીઓને સગવડ મળી રહે તે માટે તેણે સર્વપ્રથમ એક અલગ વિભાગ, 'દીવાન-એ-રસાલત'ની સ્થાપના કરી. તેણે જમીનની વૈજ્ઞાનિક રીતે માપણી કરાવી, ખેડૂતોની વાસ્તવિક આવક પર મહેસુલ નક્કી કરવાનું કાર્ય કર્યું. એ દૃષ્ટિએ આ પ્રકારનો તે પ્રથમ ભારતીય શાસક ગણી શકાય. તેના મૃત્યુ બાદ મુબારક ખલજી (ઈ.સ. 1316 - ઈ.સ. 1320) ગાદી પર આવ્યો. તેની એક વિશિષ્ટતા એ હતી કે, તે ઇસ્લામી વડા ખલિફાની સત્તાને ઇન્કારતો હતો. તેણે જાતે જ ખલિફાપદ ધારણ કર્યું. ત્યારબાદ ખલજીવંશના અંતિમ સુલતાન તરીકે નાસિરૂદ્દીન ખૂશરોશાહ રાજસત્તા પર આવ્યો. તેને તેના સૂબા ગ્યાસુદીનને ઉથલાવી તુઘલકવંશની સ્થાપના કરી.

### તુઘલકવંશ (ઈ.સ. 1320 - ઈ.સ. 1412)

આપણે જોયું તેમ ખલજી વંશનો અંત આણી ગ્યાસુદીને તુઘલકવંશની સ્થાપના કરી હતી. આ વંશના મુખ્ય સુલતાનો આ પ્રમાણે હતા.

### ગ્યાસુદીન તુઘલક (ઈ.સ. 1320 - ઈ.સ. 1325)

અલાઉદીન ખલજીના સમયમાં પંજાબના સૂબા તરીકે તેણે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું. અલાઉદીન ખલજીના સમયમાં થયેલ અનેક મંગોલ આક્રમણોને વાયવ્ય સરહદ પર તેણે નિષ્ફળ બનાવ્યાં, એ રીતે લશ્કરી દૃષ્ટિકોણથી તે અત્યંત શક્તિશાળી હતો. તેણે સામ્રાજ્યને દુષ્કાળના ભયમાંથી મુક્ત કરવા નહેરયોજના ઘડી કાઢી. જોકે તેને અમલમાં મૂકે તે પૂર્વે તેનું મૃત્યુ થયું. તેણે બંગાળવિજય કર્યો. વિજય બાદ તેના પુત્ર મહમ્મદ તુઘલક-જુનાખાને તેનું સન્માન કરવા બનાવેલો મંચ તેના પર પડતાં અકસ્માતે તેનું મૃત્યુ થયું. કેટલાક ઇતિહાસવિદો તેનું મૃત્યુ અકસ્માતમાં ખપાવવાને બદલે તે જૂનાખાનનું કાવતરું હોવાનું માને છે. તેણે બંગાળના વહીવટી દૃષ્ટિકોણથી ત્રણ ભાગલા-લખનૌતી, સોનારગાઁવ અને સતગાઁવ-પાડ્યા.

### મુહમ્મદ બિન તુઘલક (ઈ.સ. 1325 - ઈ.સ. 1351)

અલાઉદીન ખલજી બાદ અન્ય એક પ્રતિભાવંત સુલતાન તરીકે મુહમ્મદ તુઘલકને લઈ શકાય. તેનું મૂળનામ જૂનાખાન હતું. એક રીતે તે પોતાના સમય કરતાં ઘણો આગળ હતો. તેની અનેક યોજનાઓ સમજવાની અને અમલ કરવાની ક્ષમતા તેના અધિકારીઓમાં નહોતી. તેથી તેની સમસ્ત યોજનાઓને તરંગી યોજનાઓ કહેવામાં આવે છે. મુહમ્મદ તુઘલકનો શાસનકાળ એક રીતે અનેક બળવાઓનો કાળ હતો. 34 જેટલો વિદ્રોહોનો તેણે સામનો કર્યો હતો. રાજધાનીનું સ્થળાંતર કરી

દિલ્હીથી દોલતાબાદ અને ત્યારબાદ દોલતાબાદથી દિલ્હી ફેરવીને તેણે પોતાના તરંગીપણાનો અનુભવ કરાવ્યો. ચલણી નાણાંની તેની યોજના પ્રતીકમુદ્રા યોજના તરીકે ઓળખાઈ. તે પણ નિષ્ફળ ગઈ. ગુર્શાપનો બળવો તેણે દબાવ્યો હતો. ત્યાર બાદ કિસ્લુખાઁ (સિંધ, મુલતાન, ઉચ્છ)નો બળવો પણ તેણે દબાવ્યો હતો. દક્ષિણમાં સાગરનો બળવો પણ મહત્ત્વપૂર્ણ હતો. છેલ્લે થટ્ટાનો વિદ્રોહ દબાવવા જતાં સુલતાન મહમ્મદ તુઘલક્નું મૃત્યુ થયું હતું.

## ફિરોજ તુઘલક (ઈ.સ. 1351 - ઈ.સ. 1388)

મુહમ્મદ બાદ તેના પિતરાઈ ભાઈ ફિરોજ તુઘલક્નો રાજ્યાભિષેક થટ્ટામાં જ કરવામાં આવ્યો. આ સુલતાન પ્રજાકલ્યાણનાં કાર્યો કરનાર હતો. જોકે તેણે સૌ પ્રથમ બ્રાહ્મણો પર જજિયા નામનો કર દાખલ કર્યો હતો. તેણે મુહમ્મદ તુઘલકની યાદમાં જોનપુર નગરની સ્થાપના કરી હતી. તે ઇતિહાસ અને સંસ્કૃતિનો ખૂબ ચાહક હતો. તેણે સમ્રાટ અશોકના ટોપરા અને મેરઠના સ્તંભોને દિલ્હીમાં લાવી ભાષાના વિદ્વાનોને તેના પર અંકિત અભિલેખ ઉકેલવા જણાવ્યું હતું. તેણે અદદા અને બીખ નામના તાંબા અને ચાંદીના મિશ્રિત સિક્કાનું ચલણ શરૂ કર્યું હતું. એટલું જ નહીં, તેણે એક વિશિષ્ટ વિભાગ દીવાન-એ-ખેરાતની સ્થાપના કરી હતી, જે દાનધર્મને લગતો વિભાગ હતો. તેણે બેરોજગારને નોકરી આપવા રોજગાર વિભાગની સ્થાપના કરી. તેના સમયમાં પ્રસિદ્ધ ઇતિહાસકાર ઝિયાઉદ્દીન બરની અને શમ્સે-સિરાઝ-અફિફ તેના દરબારનાં મૂલ્યવાન રત્નો હતાં ફિરોજશાહ તુઘલકના મકબરાનો ગુંબજ અષ્ટકોણીય ડ્રમ પર આધારિત હોવાથી એક વિશિષ્ટ સ્થાપત્યનો નમૂનો ગણાય છે.

ફિરોજ તુઘલકના મૃત્યુ બાદ ટ્રાન્સ ઓક્સિયાના સુલતાન તિમુરે (તૈમૂર લંગે) ભારત પર આક્રમણ કર્યું. આ સમયે નાસિરુદ્દીન મોહમ્મદ નામનો શાસક હતો. તે તુઘલકવંશનો છેલ્લો સુલતાન હતો.

## તિમુરનું ભારત પરનું આક્રમણ (ઈ.સ. 1398)

તિમુરની નજર હિંદુસ્તાનની અતુલ સંપત્તિ તરફ જતાં તેનાં ઉપર આક્રમણ કરવાનું તેણે નક્કી કર્યું. તેના સલાહકારોએ એ પ્રદેશમાં પહોંચવામાં આડે આવતી મુશ્કેલીઓ તેને સમજાવી અને એ ઇચ્છા પડતી મૂકવાની સલાહ આપી, પરંતુ તિમુરના પુત્ર શાહરુખે હિંદુસ્તાનમાંથી અઢળક ધન-દોલત પોતાના દેશમાં ખેંચી જવાનો તથા ત્યાંની મૂર્તિપૂજા નષ્ટ કરવાનો સખત આગ્રહ રાખ્યો. અંતે મૂર્તિપૂજાનો અંત આણી લૂંટફાટ કરી પાછા ફરવાનો નિર્ણય લેવામાં આવ્યો. તિમુરે તેની આત્મકથામાં પણ હિંદુસ્તાન ઉપર આક્રમણ કરવાના કારણ તરીકે બિનમુસ્લિમો સાથે લડી ગાઝી થવાનું અનેકવાર જણાવેલ છે. એ મુજબ ડિસેમ્બરમાં તે દિલ્હી પહોંચ્યો. દિલ્હીથી છ માઈલના અંતરે તિમુરે છાવણી નાંખી. નાસિરુદ્દીન મોહમ્મદ તથા તેના સહાયક અમીર અને વઝીર મલ્લુ ઇકબાલે પોતાનાં લશ્કરો સંગઠિત કરી તેનો સામનો કરવા પ્રયત્નો કર્યા. ફિરોઝાબાદમાં એ બંને પક્ષો વચ્ચે એક ભીષણ યુદ્ધ થયું. તિમુરના સૈનિકોના ઝંઝાવાત સામે તે ઝાઝો સમય ટકી શક્યો નહિ. તિમુરે દિલ્હીમાં સીરીના કિલ્લા ઉપર પોતાનો ઝંડો ફરકાવ્યો.

તિમુરની ક્રૂર કાર્યવાહીનો સામનો કરવા દિલ્હીના હિંદુઓએ શસ્ત્રો ધારણ કરી મરણિયા થઈ આક્રમણકારો ઉપર તૂટી પડ્યા. પરંતુ તિમુરના સૈનિકોએ ઘાતકી રીતે તેમની કતલ કરી દિલ્હી શહેરને લૂંટ્યું, બાળ્યું અને પાયમાલ કર્યું. એ સર્વને અંતે હજારો માણસોનાં માથા એક ઉપર એક ખડકી તેમનો તેણે મિનારો કર્યો. આમ કરવામાં તિમુર આનંદ અનુભવતો હતો. દિલ્હી શહેર ઉપર આ પ્રકારની આફત પ્રથમ વાર ઊતરી હતી.

આ સંહારલીલા પંદર દિવસ ચાલી, તે દરમિયાન તિમુરે પોતાનો સમય અપૂર્વ ખુશીમાં પસાર કર્યો. તે શાસન કરવાના ધ્યેયથી દિલ્હીમાં આવ્યો ન હતો. અંતે ઈ.સ. 1399 ના જાન્યુઆરીના આરંભમાં તેણે પરત કૂચ શરૂ કરી.

## સૈયદવંશ (ઈ.સ. 1414 - ઈ.સ. 1451)

તુઘલકવંશના અંત બાદ ખિજરખાઁએ સૈયદવંશની સ્થાપના કરી. તિમુરે તેને આ પૂર્વે મુલતાન, લાહોર અને દિપાલપુરનો હાકેમ બનાવ્યો હતો. તેણે રૈયત-એ-આલાની ઉપાધિ ધારણ કરી હતી. તેના બાદ મુબારકશાહ અને અલાઉદ્દીન આલમશાહ જેવા બે સુલતાનો થઈ ગયા. બહલોલ લોદીએ આલમશાહને ગાદી પરથી ઉઠાડી લોદી વંશની સ્થાપના કરી. આ વંશના શાસક મોહમ્મદશાહના મકબરામાં ચાઈનીઝ મારબલનો ઉપયોગ થયો છે.


## લોદીવંશ (ઈ.સ. 1451 - ઈ.સ. 1526)

લોદીઓ અફઘાની ગણાતા હતા, એટલે બહલોલ લોદીને સલ્તનતના પ્રથમ અફઘાન શાસક કહેવામાં આવે છે. તેણે લાંબા સમય સુધી શાસન ચલાવ્યું. ત્યારબાદ તેનો પુત્ર સિકંદર લોદી અર્થાત્ નિઝામશાહ ગાદીએ આવ્યો, તે લોદીવંશનો શ્રેષ્ઠ સુલતાન હતો. તેણે આગ્રા શહેર વસાવી તેને રાજધાનીનું નગર બનાવ્યું. તેણે અલાઉદ્દીન ખલજીની જેમ મહેસૂલી સુધારા કર્યા. જમીનના માપ માટે એક વિશિષ્ટ પદ્ધતિ શોધી કાઢી હતી, જેને 'સિકંદરી ગજ' કહેવામાં આવે છે. તેનું આ માપ ઘણા લાંબા સમય સુધી અમલમાં રહ્યું. તેણે તાજિયા પર પ્રતિબંધ મૂક્યો. તે સાહિત્યનો અનુરાગી હતો. સંસ્કૃતના આયુર્વેદિક ગ્રંથનું તેણે ફારસીમાં 'ફરહંદ-એ-સિકંદરી' તરીકે ભાષાંતર કરાવ્યું. તેણે સંગીત પર 'લજ્જત-એ-સિકંદરી' નામના ગ્રંથની રચના કરી હતી. તેના બાદ ઇબ્રાહીમ લોદી એ લોદીવંશ અને દિલ્હી સલ્તનતનો આખરી સુલતાન હતો. તુર્ક અમીરો સાથે અન્યાયપૂર્ણ વ્યવહાર કરવાને કારણે તેના જ કાકા આલમખાઁએ બાબરને ભારત પર આક્રમણ કરવા આમંત્રણ આપ્યું હતું. પાણીપતના પ્રથમ યુદ્ધમાં (25 એપ્રિલ, 1526) બાબરની સામે તેની હાર થઈ અને તે મૃત્યુ પામ્યો. સમગ્ર સલ્તનત સત્તાકાળમાં યુદ્ધના મેદાનમાં મૃત્યુ પામનાર તે એકમાત્ર સુલતાન હતો.

## સલ્તનતકાલીન પ્રાદેશિક રાજ્યો

### ગુજરાત

સલ્તનતકાલીન પ્રાદેશિક રાજ્યોમાં ગુજરાત સૌથી મહત્ત્વપૂર્ણ હતું 'ભારતના બગીચા' તરીકે પ્રખ્યાત ગુજરાત પ્રાચીનકાળથી જ વેપાર-વાણિજ્યને ક્ષેત્રે વિખ્યાત હતું. મહમ્મદ ગઝનવીએ ગુજરાત પર આક્રમણ કર્યા પછી મુસ્લિમો તેના પર સત્તા સ્થાપવા આતુર બન્યા. ખાસ કરીને અલાઉદ્દીન ખલજીએ ગુજરાત પર આક્રમણ કરી ગુજરાતને દિલ્હી સલ્તનતને આધીન કર્યું હતું. તિમુરના આક્રમણ બાદ દિલ્હી સલ્તનત પતન તરફ આગળ વધતાં ગુજરાતમાં તાતારખાન (ઈ.સ. 1403) મહમ્મદ શાહ ખિતાબ ધારણ કરી સુલતાન બન્યો. ત્યારબાદ (ઈ.સ. 1407) ઝફરખાને મુઝફ્ફરશાહનો ખિતાબ ધારણ કરી ગુજરાતની સત્તા હાથમાં લીધી. તે પોતાના પૌત્ર અહમદ-શાહને પોતાનો વારસ બનાવી નિવૃત્ત થયો.



ભદ્રનો કિલ્લો - અમદાવાદ

### અહમદશાહ (ઈ.સ. 1410 - ઈ.સ. 1442)

ગુજરાતની સ્વતંત્ર સલ્તનતનો પાયો નાખનાર અહમદશાહ હતો. તેણે આસાવલ નજીક સાબરમતી નદીને કિનારે અમદાવાદ શહેરની સ્થાપના કરી. તેણે ભદ્રનો કિલ્લો, શાહીમહેલ, મસ્જિદ, ત્રણ દરવાજા અને જામામસ્જિદની સ્થાપના કરી. તે ન્યાયપ્રિય હતો. ઇસ્લામી કાનૂનોનું તે પાલન કરતો, તેમ છતાં હિન્દુઓનાં મંદિરો તોડવાની તેણે આજ્ઞા આપી. ત્યારબાદ મોહમ્મદ શાહ બીજો અને કુતુબશાહ ગાદી પર આવ્યા. કુતુબશાહે (ઈ.સ. 1451) અમદાવાદમાં હોઝ-એ-કુતુબ અર્થાત કાંકરિયા તળાવ તેમજ નગીનાવાડીનું બાંધકામ કરાવ્યું.

ગુજરાતના સુલતાનોમાં મહમુદ બેગડો (ઈ.સ. 1458 થી ઈ.સ. 1511) સૌથી મહત્ત્વપૂર્ણ ગણાય છે. માત્ર 13 વર્ષની વયે તે ગાદી પર બેઠો. તેણે જૂનાગઢ, ચાંપાનેર, કચ્છ, સિંધ, દ્વારકા વગેરે સ્થળો પર આક્રમણ કરી પોતાની સત્તા વિસ્તારી. ભારતમાં પોર્ટુગીઝોનું આગમન થતાં, તેણે તુર્કો સાથે સંધિ કરી પોર્ટુગીઝોને હાંકી કાઢવાનું નક્કી કર્યું, પરંતુ તેમાં તેને ધારી સફળતા



જામામસ્જિદ - અમદાવાદ

મળી નહિ. તેના દરબારમાં જોનપુર, દિલ્લી, બંગાળ, કશ્મીર, ઈરાન, રોમ, ઇજિપ્તથી એલચીઓ આવતા. ચાંપાનેર અને જૂનાગઢનાં એમ બે ગઢો જીતવાને કારણ તે બેગડો કહેવાયો. તે અત્યંત વિચક્ષણ હતો. સુફી સંતો અને મુસ્લિમ સાહિત્યકારોને આશ્રય આપતો. તેણે ગુજરાતમાં મહત્ત્વપૂર્ણ સ્થાપત્યો બંધાવ્યાં છે. મહમૂદ બેગડા પછી મુઝફર શાહ બીજો અને બહાદુર શાહ જેવા અગત્યના સુલતાનો થયા. આગળ જતાં દિલ્હીમાં મુઘલ સત્તાની સ્થાપના થતાં મહાન અકબરે (ઈ.સ. 1573) ગુજરાતને મુઘલ સામ્રાજ્યનો ભાગ બનાવી દીધું.

**ખાનદેશ**

મલેક રાજા ફારુકીએ ખાન ખિતાબ ધારણ કરી ખાનદેશમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના (ઈ.સ. 1370) કરી. ત્યારબાદ તેનો પુત્ર મલેક નસીરખાન ફારુકી ગાદી પર આવ્યો. ગુજરાત અને બહમની વચ્ચે આ પ્રદેશ આવેલ હોવાથી અવાર-નવાર તેનાં આક્રમણોનો ભોગ બન્યો. અંતે અકબરે ખાનદેશને પણ મુઘલ સામ્રાજ્યમાં ભેળવી દીધું.

**માળવા**

અલાઉદ્દીન ખલજીએ માળવા જીત્યું ત્યારથી તે દિલ્હી સલ્તનતનો ભાગ બન્યું હતું. દિલ્હી સલ્તનત પતન તરફ અગ્રેસર થતાં સર્જાયેલ અવ્યવસ્થાનો લાભ લઈ દિલાવરખાન ઘોરી નામના એક જાગીરદારે ધારાનગરીખાતે રાજધાની સ્થાપી માળવાના એક અલગ રાજ્યની સ્થાપના કરી. તેના પછી તેનો પુત્ર સુલતાન હુસંગશાહ ગાદી પર આવ્યો. તેણે ઓરિસ્સા પર આક્રમણ કરી પોતાના રાજ્યનો વિસ્તાર કરવા પ્રયત્ન કર્યો. આ સિવાય ગ્વાલિયર, જોનપુર, દિલ્લી સાથે પણ તેનાં યુદ્ધો થયાં. તેણે ભારતમાં સુવિખ્યાત માંડુનો કિલ્લો બાંધ્યો.

હુસંગશાહ પછી તેનો પુત્ર મોહમ્મદશાહ ગાદી પર બેઠો. જોકે, તે અત્યંત વિલાસી હતો. તેના વજીર મહમૂદ ખલજીએ તેને ઝેર આપી મારીને ખલજીવંશની સ્થાપના કરી. મહમૂદ ખલજી લાંબા સમય સુધી સત્તા પર રહ્યો, તે શક્તિશાળી હતો. તેણે માંડુંમાં સાત માળનો મિનારો બંધાવ્યો હતો. તેના સમયમાં માળવા સમૃદ્ધ બન્યું. તેણે બુંદેલખંડ, રણથંભોર, બયાના, બિંદુ અને કોટા જેવાં રાજ્યો જીતીને પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો. તે સાહિત્ય અને કલાનો શોખીન હતો. તેના પછી ગ્યાસુદ્દીન, નાસિરુદ્દીન, અલાઉદ્દીન મહમૂદ બીજો જેવા સુલતાનો થયા. ત્યારબાદ હુમાયુએ અને શેરશાહે માળવા જીતી લીધું. છેવટે અક્બરે તેને મુઘલસામ્રાજ્યનો એક ભાગ બનાવી દીધું.

**જોનપુર**

ફિરોજ તુઘલકે બનારસથી 34 માઈલ વાયવ્યમાં પોતાના પિતરાઈ ભાઈ જોના ખાઁ (સુલતાન મુહમ્મદ તુઘલક)ની યાદમાં જોનપુર શહેર વસાવ્યું હતું. સુલતાન ફિરોજ તુઘલક્ના અવસાન પછી સરવર નામના એક જાગીરદારે જૌનપુરના સ્વતંત્ર રાજ્યનો પ્રારંભ કર્યો. તે પાછળથી મલેક સરવર તરીકે જાણીતો બન્યો. આ રાજ્યમાં મલેક સરવર, ખાજા જહાન, કરનકુલ, શમ્સુદીન ઇબ્રાહીમ શર્કી જેવા શાસકો થયા. સુલતાન ઇબ્રાહીમ શાહ આ વંશનો સૌથી અગત્યનો શાસક હતો. તે વિદ્યા અને શિક્ષણનો પ્રેમી હતો. તેણે સ્થાપત્ય તથા કલાને પ્રોત્સાહન આપ્યું. તેના સમયમાં જોનપુર ઇસ્લામી વિદ્યાનું મુખ્ય કેન્દ્ર 'શીરાઝે હિંદ' (ભારતનું શીરાઝ) ગણાતું. તેણે ભારતમાં વિખ્યાત અટાલાદેવી મસ્જિદ બંધાવી. તદુપરાંત તેણે આવાં અનેક સ્થાપત્યો રચ્યાં. તેના પછી તેનો પુત્ર મોહમ્મદશાહ પણ તેના જેવો જ શક્તિશાળી હતો. સુલતાન સિકંદર લોદીએ શર્કી રાજ્ય પર આક્રમણ કરી તેનો અંત આણ્યો.

**બંગાળ**

મુહમ્મદ તુઘલકે બંગાળ જીતી, તેને દિલ્હી સલ્તનતનો ભાગ બનાવ્યો. બંગાળ, અવારનવાર બંડ કરી સ્વતંત્ર થવા પ્રયત્ન કરતું હોવાથી બુગરાખાઁએ સુલતાન નાસુરૂદ્દીનનો ખિતાબ ધારણ કરી બંગાળમાં સ્વતંત્ર સલ્તનત સ્થાપી. તેના પુત્ર રુક્નુદ્દીન અને ફિરોજના શાસન દરમિયાન બંગાળમાં તેમનું રાજ્ય વિસ્તર્યું. છટગામ અને સોનારગામ તેનાં અગત્યનાં કેન્દ્રો હતાં. મહમૂદ તુઘલકે પણ બંગાળ પર આક્રમણ કર્યું હતું. તેના અગત્યના સુલ્તાનોમાં સિકંદરશાહને ગણાવી શકાય. આ સિવાય અલાઉદ્દીન હુસેનશાહ સૌથી અગત્યનો શાસક ગણાય છે, તેણે સુવ્યવસ્થા સ્થાપી હતી. સત્યપીર નામના એક સંપ્રદાયને ચાલુ કરનારા સુલતાન અલાઉદ્દીન હુસેનશાહે હિંદુ-મુસ્લિમાનોને એક સંસ્કૃતિના છત્ર નીચે લાવવાનો પ્રયત્ન કર્યો.

## સિંધ

સિંધમાં સુમરા જાતિના લોકોનું રાજ્ય હતું. તેમણે પાછળથી ઇસ્લામધર્મ અંગીકાર કર્યો હતો. અલાઉદ્દીન ખલજીના સમયબાદ મુહમ્મદ તુઘલક્ના સમયમાં સિંધ અને કચ્છપ્રદેશમાં રહેતી સમા નામની જાતિએ પોતાનું સ્વતંત્ર શાસન સ્થાપ્યું. આ વંશમાં નિઝામુદ્દીન જામ નામનો મહત્ત્વનો શાસક થઈ ગયો. જામ ફિરોજ નામના એક શાસકે પણ અહીંયાં શાસન કર્યું. અંતે અકબરના સમયમાં તે મુઘલસામ્રાજ્યનો ભાગ બન્યું.

## મુલતાન

શેખ યુસુફ કુરેશીએ મુલતાનની આસપાસ પોતાની સત્તા (ઈ.સ 1438) સ્થાપી. રાય સહરા નામના એક જમીનદારે તેને હરાવી લંગાણીવંશની સ્થાપના કરી. હુસેન લંઘા ગાદી પર આવ્યો, જે આ રાજ્યનો અગત્યનો સુલતાન હતો. છેવટે મુલતાનનું આ રાજ્ય પણ મુઘલ સામ્રાજ્યનો ભાગ બની ગયું.

## વિજયનગર

હરીહર અને બુક્કારાયે વિજયનગરની સ્થાપના કરી. માધવ વિદ્યારણ્ય નામના એક વિદ્વાન સંન્યાસીના તેઓ શિષ્ય હતા. તેમણે તુંગભદ્રા નદીના કિનારે ગુંદીના કિલ્લા સામે હમ્પી ખાતે વિજયનગર નામના રાજ્યનો પાયો નાંખ્યો. આ વિજયનગર સામ્રાજ્ય કુલ ચાર વંશોમાં વહેંચાયું છે. પ્રથમ વંશ સંગમવંશ તરીકે ઓળખાય છે. તેમાં હરીહર, બુક્કારાય, હરીહર બીજો, દેવરાય બીજો જેવા મહત્ત્વપૂર્ણ રાજાઓ થઈ ગયા. બીજો સાલુવંશ, જેની શરૂઆત નરસિંહ સાલુએ કરી હતી. આ વંશમાં નરસનાયકનો સમાવેશ થાય છે. જ્યારે ત્રીજો વંશ તુલુ વંશ તરીકે ઓળખાયો. તેમાં વીરનરસિંહ અને વિજયનગરના મહાન શાસક કૃષ્ણદેવરાયનો સમાવેશ થાય છે. વિજયનગરનો આ કૃષ્ણદેવરાય માત્ર વિજયનગરનો જ નહિ, પરંતુ તત્કાલીન હિંદનો સૌથી મહાન રાજવી હતો. તેણે ઓરિસ્સાના ગજપતિઓ અને બહમનીના મુસ્લિમ શાસકોને હરાવ્યા હતા. ગોલકુંડા અને સિંહચલમ સુધી તેણે વિજયો કર્યા હતા. તેણે રાયચૂરનો કિલ્લો પણ જીતી લીધો હતો. કૃષ્ણદેવરાય મહાન વિજેતા હોવા ઉપરાંત મહાન મુત્સદ્દી રાજવી હતો. એટલું જ નહીં, કલા અને સ્થાપત્યનો પુરસ્કર્તા પણ હતો. પોર્ટુગીઝો સાથે તેના ખૂબ સારા સંબંધો હતા. તેના સમયમાં વિજયનગર સામ્રાજ્ય ભારતનું સૌથી શક્તિશાળી સામ્રાજ્ય હતું. તેના શાસનકાળમાં આવેલા અનેક વિદેશી પ્રવાસીઓએ વિજયનગરનાં ભરપેટ વખાણ કર્યાં છે. પોર્ટુગીઝ મુસાફર ડોમિંગોસ પાયઝે અને ફર્નાડો નુનિઝે કૃષ્ણદેવરાયની પ્રશંસા કરતાં જણાવ્યું છે કે, તે ભારે પરાક્રમી અને સર્વગુણસંપન્ન છે. દક્ષિણ ભારતમાં તેના જેટલો વીર અન્ય કોઈ રાજવી નથી.

કૃષ્ણદેવરાય વિદ્વાનો, કવિઓ અને કલાકારોને આશ્રય આપતો. પોતે ઉત્તમ સાહિત્યકાર હોવાને કારણે આંધ્રભોજ તરીકે ઓળખાતો. તેણે તેલુગુમાં 'આમૂક્ત-માલ્યદા' કાવ્યની રચના કરી. કલા-સ્થાપત્યનો પણ તે ભારે શોખીન હતો. તેણે નાગલપુર નામનું એક નવું શહેર તથા હજારા અને વિઠ્ઠલ સ્વામીનાં મંદિરોનું નિર્માણ કરાવ્યું. કૃષ્ણદેવરાયના મૃત્યુ બાદ નિર્બળ શાસકો ગાદી પર આવતાં (ઈ.સ. 1565) બીજાપુર, અહમદનગર, ગોલકુંડા અને બિદર જેવાં બહ્મની રાજ્યોએ એકજૂથ થઈ તાલિકોટા પાસે આવેલ રાક્ષસીતંગડીના યુદ્ધમાં વિજયનગરને ભયંકર પરાજય આપ્યો. આ યુદ્ધ મહાન વિજયનગરના સામ્રાજયના પતન માટે કારણભૂત બન્યું.

## બહમની

વિજયનગરની જેમ જ દક્ષિણ ભારતમાં (ઈ.સ. 1347) બહ્મની રાજ્યનો ઉદય થયો. એક અફઘાન અમીર હસન ઝફરખાઁના વડપણ હેઠળ તેની સ્થાપના થઈ. તેમણે અલાઉદ્દીન બહ્મનશાહ નામ ધારણ કરી બહ્મની રાજ્યની ધૂરા સંભાળી. તેણે સુલતાન બન્યા પછી દોલતાબાદમાં ભીમા નદી પર આવેલ ગુલબર્ગને રાજધાની બનાવી, રાજ્યમાં શાંતિ અને સલામતીની સ્થાપના કરી. તેના પછી મોહમ્મદ શાહ પહેલો ગાદી પર આવ્યો. તેના સમયમાં વિજયનગર સાથે સતત સંઘર્ષ ચાલુ રહ્યા. તેના પછી અલાઉદ્દીન મુઝાઇદશાહ અને મોહમ્મદ બીજો ગાદી પર આવ્યા. બહ્મનીમાં અહમદશાહ પ્રથમ વલી

તરીકે ઓળખાતો અગત્યનો શાસક થયો. તેણે વિજયનગર પર આક્રમણ કરી તેને સંધિ કરવાની ફરજ પાડી. તે સાહિત્ય અને કલાનો શોખીન હતો. બહ્મની અને વિજયનગર વચ્ચે અવારનવાર યુદ્ધો થતાં રહેતાં. પરિણામે બંને રાજ્યો નિર્બળ થતાં રહ્યાં. બહ્મનીમાં મહમૂદ ગાવાઁ સૌથી મહત્ત્વપૂર્ણ ગણાય છે. તે બિડરમાં રહેતો. છેવટે આ બહ્મની રાજ્ય અહમદનગરમાં નિઝામશાહી (ઈ.સ. 1490 થી ઈ.સ. 1637), બીજાપુરમાં આદિલશાહી (ઈ.સ. 1489 થી ઈ.સ. 1686), ગોલકોંડામાં કુતુબશાહી (ઈ.સ. 1518 થી ઈ.સ. 1687), બિડરમાં બરીદશાહી (ઈ.સ. 1526 થી ઈ.સ. 1619) અને વરાડમાં ઇમાદશાહી (ઈ.સ. 1484 થી ઈ.સ. 1574) જેવા પાંચ ભાગોમાં વહેંચાઈ ગયું. આ પાંચેય જગ્યાએ જુદા-જુદા વંશોના શાસકે રાજ્ય કરતા હતા. બહ્મનીના આ સુલતાનોએ લગભગ 179 વર્ષ સુધી શાસન કર્યું.


બીજાપુરનો ગોળગુંબજ

**સલ્તનતકાલીન વહીવટીતંત્ર - શાસનવ્યવસ્થા**

સલ્તનયુગની સ્થાપના પહેલાં સિંધ અને પંજાબના થોડાક ભાગ ઉપર અરબોનું શાસન હતું. તેની ભારતીય સમાજ ઉપર નહિવત્ અસર થઈ હતી, પરંતુ તેના પરિણામ રૂપે ભારતમાં ઇસ્લામી સંસ્કૃતિનો પ્રચાર અને પશ્ચિમ એશિયા સાથેના વેપાર માટે દરવાજા ખૂલ્યા. બીજો તબક્કો તુર્કોના શાસનનો હતો. તેમાં મામલૂકવંશ, ખલજીવંશ અને તુઘલકવંશનો સમાવેશ થાય છે. તે પછી સૈયદો અને લોદી અફઘાનોએ રાજ્ય કર્યું.

સલ્તનત શાસનવ્યવસ્થામાં સુલતાન, મૃત્યુ અગાઉ પોતાના ઉત્તરાધિકારીની નિમણૂક કરતો. સુલતાનનું પદ વંશપરંપરાગત હોવાનો સિદ્ધાંત ન હતો. સુલતાન થવાનો હક્ક દરેક મુસલમાનને માટે સર્વસામાન્ય હતો. તુર્કવંશના શરૂઆતના સુલતાનોમાં ઉત્તરાધિકારીની નિમણૂક અંગે જન્મ, શક્તિ, પુરોગામી સુલતાનોએ કરેલી નિયુક્તિ અને અમીરોની મદદ એ મોટે ભાગે મહત્ત્વની બાબતો ગણાતી. સુલતાનપદ વ્યવહારમાં પરદેશથી ભારતમાં આવેલા તુર્કો પૂરતું મર્યાદિત રહ્યું. એ પદ શાસિત કુટુંબ પરંતુ જ મર્યાદિત હતું.

શાસનવ્યવસ્થાનું સ્વરૂપ સરમુખત્યાર જેવું હતું. તેમાં સુલતાનની ઇચ્છા એ જ કાયદો હતો. શાસન સુઘડ કે ખરાબ હોવાનો આધાર સુલતાનના સ્વભાવ ઉપર જ રહેતો.

સુલતાનના કુટુંબ અંગેનું એક ખાતું ઘણું મહત્ત્વનું હતું. તેનો વડો વકીલ દર (ચાવીઓનો રખેવાળ, વિશ્વાસુ અમલદાર) હતો. એ ખાતામાં અનેક કારખાનાં હતાં. તેમાં દરબાર માટેનાં સાધન-સામગ્રી અને પોશાક તથા લડાયક શસ્ત્રો તૈયાર થતાં. એક હોદો મલેક નાયબ (કે નાઇબ-ઉલ-મમાલિક)નો હતો. નબળા સુલતાનો મલેક નાયબના હાથના રમકડા સમાન હતા. આમ, સત્તાનો આધાર સુલતાનની કાબેલિયત ઉપર હતો. સુલતાનની ગેરહાજરી દરમિયાન તે રાજવહીવટ સંભાળતો.

મુલકી રાજ્યવહીવટનો વડો વજીર હતો. તેની સત્તા ખાસ કરીને નાણાં ખાતા ઉપર હતી. તેનો હોદો ઘણી પ્રતિષ્ઠાનો હતો. તેનો પગાર મોટો હતો. પ્રજાની જરૂરિયાત અંગે તે સુલતાનને વાકેફ રાખતો હતો અને શાસનતંત્રમાં તેને સલાહ આપતો હતો. ખર્ચ તથા કરવેરા અંગેની વ્યવસ્થા તે કરતો હતો. વિદ્વાનોને આશ્રય અને ગરીબોને દાન આપવાની વ્યવસ્થા તે જ કરતો હતો. ટૂંકમાં, જાહેર વહીવટની દરેક શાખાની સામાન્ય નોકરી જેવી નજીવી બાબતથી માંડી હાકેમ સુધીના સંબંધોને લગતું દરેક કામ તેણે સંભાળવાનું હતું.

વજીરને નાયબ વજીરની મદદ મળતી. મહેસૂલ એકઠું કરવાના તંત્ર ઉપર નાઝીર દેખરેખ રાખતો. દીવાને કઝા ન્યાયખાતાનો વડો હતો. તેણે શરિયતી કાનૂનોના પાલન બાબતે કાળજી રાખવાની હતી. મજહબ અંગેની બાબતો, પવિત્ર સંસ્થાઓ અને શિક્ષણખાતું તેની સત્તા હેઠળ હતાં. તેનો વડો સુદ્રસસુદૂર (ન્યાય ખાતાનો મુખ્ય ન્યાયાધીશ) કહેવાતો. શાહી પત્રવ્યવહાર દીવાન-એ-ઇન્શા નામનું ખાતું કરતું. એ ઉપર વિશ્વાસુ માણસને જ અમલદાર તરીકે નીમવામાં આવતો. નાણા ખાતામાં જ હિસાબખાતું, ખેતીવાડીખાતું, બાંધકામખાતું વગેરેનો સમાવેશ થતો.

ઊંચા હોદા માત્ર મધ્ય એશિયા અને ઈરાનમાંથી આવેલા મુસલમાનો જ ભોગવતા. ભારતીય મુસલમાનો અને હિંદુઓ ઊતરતી કક્ષાનાં સ્થાનો ઉપર જ નિમાતા.

સલ્તનતયુગમાં જે શાસનપદ્ધતિ અને રાજકીય સંસ્થાઓ વિકાસ પામ્યા હતા, તે સર્વમાં ઈરાનીપદ્ધતિ અને પરંપરાની સ્પષ્ટ નકલ હતી. દરબારનો શિષ્ટાચાર જાળવવા એક કર્મચારી મંડળ રાખવામાં આવતું. સુલતાન સામે ભૂમિચુંબન કરવાનો રિવાજ હતો.

ફારસી તે વખતની દરબારી ભાષા હતી. વિભિન્ન સંસ્થાઓ, ખાતાંઓ અને હોદ્દાઓનાં જે અરબી-ફારસી નામો એ સમયે વપરાતાં તે લાંબો સમય પ્રચલિત રહ્યાં.

સુલતાનોએ રસ્તા બંધાવી તેની બંને બાજુએ વૃક્ષો રોપાવ્યાં. મુસાફરોની સગવડ માટે ઠેર-ઠેર સરાઈ કે મુસાફરખાનાં સ્થાપ્યાં. તેમણે ટપાલની પદ્ધતિ દાખલ કરી તથા દુષ્કાળ-નિવારણ માટેની યોજના ઘડી. તેમણે ખેતીને ઉત્તેજન આપવા નહેરો બંધાવી તથા મહેસૂલની વ્યવસ્થિત પદ્ધતિ વિકસાવી.

દુનિયામાં ખિલાફતનું માત્ર એક જ ઈસ્લામિક શાસન હોવાનું મનાતું. તેનો વડો ખલીફા કહેવાતો. તેની જાહોજલાલીના જમાનામાં જે કોઈ મુસલમાન પ્રદેશો જીતી ત્યાંનો પોતે શાસક બનતો ત્યારે ખલીફા પાસેથી તે અંગેની સનદ (માન્યતા) મેળવતો. તેના પ્રદેશમાં તેની સત્તા ખલીફાના જેવી જ હતી. તે ત્યાં ખલીફાનો નાયબ લેખાતો. તે તેના પોતાના પ્રદેશમાં પડાતા સિક્કાઓ ઉપર તેના સમયના ખલીફાનું નામ કોતરાવતો અને મસ્જિદોમાં પઢાતા ખુતબાઓમાં તેનું નામ સામેલ કરતો. હલાકુખાને બગદાદ જીતી ખલીફાની કતલ કરી ત્યાં સુધી એ પરંપરા ચાલુ રહી.

સલ્તનત શાસનનો આધાર સૈનિકવર્ગ ઉપર હતો અને તેઓ મોટે ભાગે દીનના અનુયાયી હતા. ઉલેમાઓ તેમને ઈસ્લામના પવિત્ર ઝંડા નીચે રહી ધન-પ્રાપ્તિની આશા સાથે બલિદાન આપવા તૈયાર કરતા. મૂર્તિપૂજાનો વિનાશ કરવો અને કાફિરો (તેમના અર્થમાં હિંદુઓ)નું ધર્માંતરણ કરવું એ તેમની સલ્તનતનાં મુખ્ય કાર્યો લેખાતાં.

ભારતના સુલતાન અલાઉદ્દીન ખલજીએ જ શાસનતંત્રમાં ઉલમાઓના હસ્તક્ષેપનો પ્રથમવાર વિરોધ કર્યો હતો. તેણે પોતે અલ્લાહનો પૃથ્વી ઉપર પ્રતિનિધિ હોવાનો દાવો કર્યો. સુલતાન મોહમ્મદ તુઘલક્ના બુદ્ધિવાદે ઉલમાઓને તેના વિરોધી બનાવ્યા હતા અને તેઓ તેને ઈસ્લામની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડનાર તરીકે માનતા. તેઓએ તેની કોઈપણ યોજનાને આ જ કારણથી સફળ થવા દીધી ન હતી. સુલતાન મોહમ્મદ તુઘલક્ના નબળા ઉત્તરાધિકારીઓના શાસનકાળમાં ઉલમાઓનું જોર ફરીથી વધી ગયું. કર ઘટાડી 'કુરાને શરીફ' તેમજ શરિયતના સિદ્ધાંતો અનુસાર રાખવામાં આવ્યા. હિંદુઓ ઉપર જુલમ કરવા માટે અમલદારોને હથિયાર આપવામાં આવ્યાં. સુલતાન સિકંદર લોદીના શાસનકાળમાં હિંદુઓ ઉપર ભારે દમન થકી ધર્માંતરણ કરવામાં આવ્યું અને તેઓ ઉપર અનેક પ્રકારના પ્રતિબંધો મૂકવામાં આવ્યા.

અનેક સુલતાનોએ નવાં મંદિરો બાંધવાં દીધાં ન હતાં અને જૂનાં મંદિરોની મરામત પણ કરવા દીધી ન હતી. સુલતાન અલાઉદ્દીન ખલજી અને સુલતાન સિકંદર લોદીએ તો અનેક મંદિરોનો નાશ કરાવ્યો. જાહેરમાં ધાર્મિક ક્રિયા કરવા માટે સામાન્ય રીતે હિંદુઓ ઉપર પ્રતિબંધ હતા. સલ્તનતમાં હિંદુ ધર્મના લોકોની બહુમતી હતી છતાં તેમની મહત્તા ન હતી. તુર્ક શાસકોમાં પદ્ધતિસર રાજ્યવ્યવસ્થાનો પ્રથમ આરંભ કરનાર સુલતાન ગિયાસુદ્દીન બલબન હતો. પોતાની સલ્તનતને મોંગોલોના ઉપદ્રવ સામે સુરક્ષિત રાખવાનાં બંડખોર અમલદારો (ઈક્તાદારો)ને કચડી નાખવાના અને હિંદુઓને કાબૂમાં રાખવાનાં એમ ત્રણ મુખ્ય કાર્યો તેણે કર્યાં હતાં.

તે પછી સુલતાન અલાઉદ્દીન ખલજીની રાજ્યવ્યવસ્થા ઉલ્લેખપાત્ર છે. તેણે સૈનિકોને જાગીરને બદલે પગાર તરીકે રોકડ રકમ આપવાનો રિવાજ શરૂ કર્યો. તેણે બજારભાવ ઉપર નિયમન કર્યું અને શરાબ જેવી માદક ચીજોના ખરીદ-વેચાણ ઉપર પ્રતિબંધ મૂક્યો. એમ કરવામાં કંઈ પણ અંગત સ્વાર્થનું તેનું ધ્યેય હોય, પરંતુ રાજ્ય-વહીવટની દૃષ્ટિએ એ એક પ્રગતિશીલ પગલું હતું એ હકીકતમાં શંકા નથી.

શાસનતંત્રમાં ગિયાસુદ્દીન તુઘલકે કોઈ નવો સુધારો કર્યો ન હતો, પરંતુ તેના ટૂંકા ગાળાના શાસન દરમિયાન સલ્તનતને હાનિ પહોંચે એવું કોઈપણ કાર્ય તેણે કર્યું ન હતું. મહેસૂલ ઉઘરાવવા બાબતમાં તે ન્યાયીપણે વર્તતો હતો. તેણે ટપાલ તેમજ ન્યાયખાતાની સુંદર વ્યવસ્થા કરી. સુલતાન મુહમ્મદ તુઘલક તેની પ્રતીક મૂલ્યની નીતિમાં અને રાજધાનીના સ્થળાંતરની બાબતમાં નિષ્ફળ ગયો, છતાં તેની કેટલીક ઉદારવૃત્તિ પરત્વે દુર્લક્ષ કરી શકાય તેમ નથી. લોકોને સાતસો માઈલ જેટલું અંતર

કાપીને દિલ્હીથી દોલતાબાદ પહોંચતાં માર્ગમાં આરામ તથા ખાવા-પીવા માટે તેણે કરાવેલી પૂરતી સગવડ, દુકાળમાં લોકોને આપેલી રાહત, સતી થવાના રિવાજ ઉપરનો પ્રતિબંધ વગેરે કાર્યો દ્વારા તેની શુભનિષ્ઠાની પ્રતીતિ થાય છે.

સુલતાન ફિરોઝશાહે નહેરોની વ્યવસ્થા કરી, જેથી દેશમાં જરૂરી અનાજ ઉત્પન્ન થતું. સિકંદર લોદીએ રાજ્યવ્યવસ્થાનું કેન્દ્રીકરણ વધુ પ્રમાણમાં કર્યું. તે સરકારી આવક-ખર્ચ તરફ ઘણું ધ્યાન આપતો અને વેપારીઓ તથા ખેડૂતોને રાહત આપવામાં કાળજી રાખતો. આનંદ-ઉત્સવના દિવસોમાં કેદીઓને મુક્ત કરવાની પ્રથા તેણે ચાલુ કરી. તેના સમયમાં સ્થપાયેલી રાજ્યવ્યવસ્થા બાબરની ચડાઈ સુધી ચાલુ રહી.

### લશ્કર

દિલ્હી સલ્તનત લશ્કરી તંત્રના પાયા ઉપર જ રચાયેલી હતી. તેને રૈયતની સંમતિ કે અસંમતિ સાથે કોઈ સંબંધ ન હતો. સલ્તનતના પ્રદેશોમાં અનેક સ્થળોએ લશ્કરોનાં થાણાં હતાં. પરદેશી હકુમત હોવાથી સલ્તનતનું સંરક્ષણ કરવાની અને મહેસૂલ ઉઘરાવવામાં મદદ કરવાની એ બે લશ્કરની મુખ્ય ફરજો હતી.

પાયદળ (જેમાં તીરંદાજો રહેતા), હયદળ અને ગજદળ એ લશ્કરનાં મુખ્ય અંગો હતાં. તેમાં તુર્કો, ઈરાનીઓ, અફઘાનો, મોંગલો અને હિંદીઓની ભરતી કરવામાં આવતી હતી. સરે ખૈલ સૌથી નીચી કક્ષાનો લશ્કરી અમલદાર હતો. તેના હાથ નીચે દસ ઘોડેસવાર રહેતા હતા. સિપાહ-સાલારના હાથ નીચે દસ સરે ખૈલ રહેતા હતા. દસ સિપાહ-સાલાર ઉપર એક અમીરનો, દસ અમીર ઉપર એક મલેકનો અને દસ મલેક ઉપર એક ખાન રહેતો.

### ગીત-સંગીત

સંગીત ક્ષેત્રે અમીર ખુસરો સૌથી મહત્ત્વપૂર્ણ ગણાય છે. તેમણે કવ્વાલી નામની નવીન ગાયનપદ્ધતિ વિકસાવી હતી. ભારતીય વીણામાં સુધારાવધારા કરીને તેમણે સિતારનું સર્જન કર્યું હતું. તેમના સમકાલીન સંગીતકારોમાં હમીદરાજા અને મોહમ્મદ શાહ તથા બહરોજ હતા. મુહમ્મદ તુઘલક પણ સંગીતનો શોખીન હતો.

### ચિત્રકલા

ચિત્રકલાને ઇસ્લામમાં સ્થાન ન હતું, તેમ છતાં મુસ્લિમ શાસકો તેની તરફ આકર્ષાયા હતા. આ કલાના કેટલાક નમૂના અહમદનગર, બીજાપુર અને ગોલકોંડામાં જોવા મળે છે. તેમના સમયમાં ફૂલવેલનાં ચિત્રો તૈયાર થયાં છે.

**તત્કાલીન હિંદનું સાંસ્કૃતિક સમન્વય અને સહઅસ્તિત્વ એટલે ભક્તિ-સૂફી આંદોલન.**

### 'ભક્તિ' આંદોલન

ભારતના ઇતિહાસમાં ભક્તિ અને સૂફી આંદોલનનો ઉદ્ભવ અને વિકાસ એક મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક સહઅસ્તિત્વ અને સમન્વયની ઘટના ગણાય છે. દક્ષિણ ભારતમાં શરૂ થયેલી ભક્તિઆંદોલનની આ પરંપરા 10મી સદી બાદ અત્યંત વિકસી અને ભારતના વિભિન્ન પ્રદેશોમાં જુદા-જુદા સ્વરૂપે પ્રગટ થઈ. તેણે રૂઢિવાદી હિંદુ ધર્મ અને પરંપરાઓ પર આકરો પ્રહાર કર્યો.

ઇતિહાસકારો ભક્તિઆંદોલનનાં ઉદય માટે કેટલાંક પરિબળો જણાવે છે. જેમકે, (i) ઇસ્લામનું આગમન અને સૂફી પરંપરાનો વિકાસ : (ii) સામંતવાદી સમાજરચના (iii) મધ્યયુગીન સમાજમાં નવીન સામાજિક-આર્થિક પરિવર્તનો.

ભક્તિઆંદોલનની વિચારધારા તત્કાલીન ભક્તિ સંતોના સાહિત્યમાંથી પ્રગટ થાય છે. શરૂઆતમાં આ આંદોલન હિંદુ ધર્મમાં સુધારા અને પરિવર્તન માટે શરૂ થયું અને ક્રમશઃ એક વિચારધારામાં પલટાતું ગયું.

ભક્તિઆંદોલનની શરૂઆત રામાનુજાચાર્યથી થાય છે. દક્ષિણ ભારતના આ સંતે ભક્તિનો માર્ગ અખત્યાર કરી ઈશ્વરની પ્રાપ્તિનો સંદેશો આપ્યો.

ઉત્તર ભારતમાં રામાનંદ જેવા મહાન સંતે ભક્તિ આંદોલનના શ્રીગણેશ કર્યા. આ આંદોલનમાં જુદી-જુદી વિચારસરણીનુસાર તેને સમજીએ.

### એકેશ્વરવાદી ભક્તિ

એકેશ્વરવાદ પરંપરામાં કબીર સૌથી મહત્ત્વપૂર્ણ સંત હતા. તેઓ વ્યવસાયે વણકર હતા. બનારસના આ સંતની કવિતાઓ શીખોના પવિત્રગંથ 'ગુરુ ગ્રંથ સાહિબ'માં પણ જોવા મળે છે. બીજક તેમનો કવિતાસંગ્રહ છે. કબીરમાંથી પ્રેરણા લઈ પ્રખ્યાત બનેલા અન્ય એક મહાન સંત રૈદાસ હતા.

પંજાબના ગુરુનાનક ખત્રીવર્ગમાંથી આવતા હતા અને ધન્ના જાટ હતા.

આ તમામ સંતોએ એકેશ્વરવાદી દર્શનનું શિક્ષણ આપ્યું. તેઓ

(i) સામાજિક સમાનતાનાં પક્ષકાર હતા.

(ii) તમામ ધર્મો અને સંપ્રદાયોની એકતામાં વિશ્વાસ ધરાવતા હતા.

(iii) તેઓ નિર્ગુણ ભક્તિ પરંપરામાં માનતા. તેમના મતે ઈશ્વર નિર્ગુણ, નિરાકાર, સર્વવ્યાપી અને અવર્ણનીય છે.

(iv) તેઓ મૂર્તિપૂજા અને ક્રિયાકાંડના વિરોધી હતા.

(v) તેમણે તત્કાલીન લોકોની ભાષામાં પોતાના સાહિત્યની રચના કરી પોતાના વિચારો લોકો સુધી પહોંચાડ્યા.

**વૈષ્ણવ ભક્તિપરંપરા**

14મી - 15મી સદીમાં રામાનંદે તેની શરૂઆત કરી. આ દક્ષિણ ભારતીય સંત બનારસમાં રહેતા. તેઓ ઉત્તર અને દક્ષિણ ભારતના ભક્તિઆંદોલનની એક મહત્ત્વપૂર્ણ કડી હતા. તેઓ રામની ઉપાસનાના પથદર્શક હતા. તેમના શિષ્યો રામાનંદી કહેવાતા. તેઓ જાતિપ્રથાના વિરોધી હતા.

વૈષ્ણવ ભક્તિઆંદોલનના મહત્ત્વપૂર્ણ સંત તુલસીદાસ હતા. તેમણે રામભક્તિનો મહિમા પ્રસરાવવા 'રામચરિતમાનસ'ની રચના કરી હતી.

વલ્લભાચાર્યે 16મી સદીમાં કૃષ્ણભક્તિનો મહિમા ગાયો. સુરદાસ, મીરાંબાઈ અને નરસિંહ મહેતા કૃષ્ણભક્તિ સાથે સંકળાયેલ મહાન ભક્તો હતાં.

બંગાળમાં જયદેવ અને ચૈતન્ય કૃષ્ણભક્તિના ખ્યાત ઉપાસકો અને ભક્તિસંતો થઈ ગયા. જેમની ભારતીય જનમાનસ પર આજે પણ અસર જોઈ શકાય છે. કૃષ્ણભક્તિ સાથે સંકળાયેલા સંતોએ કીર્તન, પવિત્ર નૃત્ય અને સમૂહ ભક્તિગીતોના ગાનમાં મહત્ત્વપૂર્ણ પરંપરા વિકસાવી.

મહારાષ્ટ્રમાં ભાગવત અને શૈવધર્મ સાથે ભક્તિઆંદોલન જોડાયેલું છે. તેમાં સૌથી અગ્રીમ સંત જ્ઞાનેશ્વર હતા. તેમણે 'ભગવદ્ગીતા' પર જ્ઞાનેશ્વરી ગીતા નામની ટીકા રચી. આ સિવાય સંત નામદેવ, ચોકા, સોનાર, સંત તુકારામ અને સંત એકનાથ મહત્ત્વપૂર્ણ ભક્તિસંતો હતા. તુકારામનું દર્શન તેમના દોહામાં સંગૃહીત છે, જેને 'ગાથા' કહેવામાં આવે છે.

**શીખ ધર્મ**

ગુરુનાનક ભારતના દર્શનને વિશિષ્ટ રીતે પ્રગટાવનાર હતા. ગુરુનાનકના દર્શનમાં ચમત્કારી નેતૃત્વ (ગુરુ), વિચારધારા (શબદ) તથા સંગઠન (સંગત)નો સમાવેશ થાય છે. તેમણે તત્કાલીન ધાર્મિક વિશ્વાસોનું વિશ્લેષણ કરી નવીન ધર્મનો પાયો નાંખ્યો. તેમણે મૂર્તિપૂજા, અવતારવાદ અને તીર્થયાત્રાનો વિરોધ કર્યો અને કર્મકાંડોની નિંદા કરી. મોક્ષપ્રાપ્તિ માટે સાચા ગુરુના શરણે જવું જોઈએ, તે તેમનો મુખ્ય ઉપદેશ છે. તેમણે સત્ય, હલાલ (ઇમાનદારીથી કમાણી કરવી), ખૈર (લોકોની સલામતી માટે પ્રાર્થના કરવી), નિયત (નિષ્ઠા અને યોગ્ય ભાવના) તથા ઈશ્વરની સેવાનો ઉપદેશ આપ્યો. તેઓ જાતિવાદના વિરોધી હોવાથી તેમણે લંગર (સામૂહિક ભોજન)ની સ્થાપના કરી.

ગુરુનાનકના અવસાન બાદ શીખધર્મમાં ગુરુ પરંપરાની શરૂઆત થઈ. આ પરંપરામાં મૂળ દસ ગુરુઓનો સમાવેશ થાય છે. અંતિમ અને દસમા ગુરુ ગોવિંદસિંહ હતા. તેમના અવસાન બાદ ગુરુ પરંપરાનો અંત આવ્યો અને ગુરુ 'ગ્રંથ સાહિબ' જ હવે શીખધર્મના માર્ગદર્શક તરીકે રહેશે, તે પરંપરા સ્વીકૃત બની.

**'સૂફી' આંદોલન**

ભારતના મધ્યકાલીન સાંસ્કૃતિક ઘટનાક્રમની એક મહત્ત્વપૂર્ણ ઘટનામાં ભક્તિ અને સૂફી ચળવળનો સમાવેશ થાય છે. તુર્ક અને મુઘલ શાસન દરમિયાન થયેલા આ ધાર્મિક-સામાજિક આંદોલને હિંદુ-મુસ્લિમ સાંસ્કૃતિક સમન્વયને જન્મ આપ્યો અને એક નવા જ યુગની શરૂઆત કરી.

પ્રાચીનકાળથી જ ભારત વિભિન્ન સંસ્કૃતિઓનું મિલન સ્થળ રહ્યું છે. વિવિધ સંસ્કૃતિએ ભારતીય સંસ્કૃતિ સાથે મળીને નવી જ દાર્શનિક તથા ધાર્મિક પરંપરાઓ, વિચારસરણીઓ અને નવીન સાંસ્કૃતિક સ્વરૂપો અને શૈલીઓને જન્મ આપ્યો. આ પૈકીની ભક્તિ અને સૂફીચળવળ સાંસ્કૃતિક સમન્વયમાં અગ્રસ્થાને છે.

## સૂફીવાદ

સૂફી શબ્દ ઇસ્લામના રહસ્યમય ધાર્મિક વિચારોને વ્યક્ત કરે છે. 11મી સદી સુધીમાં તેનું વ્યાપક પ્રચલન થયું. તેનો ઉદય મધ્યએશિયામાં 8મી સદીમાં થયો. રાબિયા, અલજૂનૈદ અને બાયજિદ જેવા સંતોએ તેને પ્રસરાવ્યો. સૂફીવાદનો મુખ્ય મત ઈશ્વર અને મનુષ્ય વચ્ચે પ્રેમનો સંબંધ સ્થાપિત કરવાનો છે. તે માને છે કે, મનુષ્યનો ઉદય રૂહ (આત્મા), કુરબત (દૈવી નિકટતા) તથા હલૂલ (દૈવી તત્ત્વ સાથે મેળાપ)ના સિદ્ધાંતો દ્વારા થયો છે, તથા મનુષ્ય અને ખુદા (ઈશ્વર)ના સંબંધો થઈ પ્રેમ (પવિત્ર પ્રેમી) તથા ફના (સમર્પણ) અસ્તિત્વમાં આવ્યાં. આમ, સૂફી એવા લોકો માટે પ્રયોજાતો શબ્દ છે, જેમનું હૃદય પવિત્ર છે અને જે ઈશ્વરને પ્રાપ્ત કરવા પ્રેમના સિદ્ધાંત દ્વારા શરણાગતિ સ્વીકારે છે. શરણાગતિ માટે વિભિન્ન તબક્કાઓમાંથી પસાર થવાનું રહેતું. ભારતમાં 11મી સદીમાં સૂફીમતનો પ્રારંભ થયો. ભારતના સૌથી જૂના સૂફીસંત તરીકે અલ-હૂજવીરી (લાહોરના) પ્રખ્યાત છે. ભારતમાં સૂફીમત પ્રસરાવનાર મુખ્ય ચાર પરંપરાઓ (સિલસીલા) હતી, તેમાં (i) ચિશ્તિ (ii) સૂહરાવર્દી (iii) કાદરી અને (iv) નકશબંદી સમાવિષ્ટ છે.

સલ્તનતકાળમાં ચિશ્તિ અને સૂહરાવર્દી ખૂબ જ લોકપ્રિય બન્યા. આ બંને પરંપરાઓ દિલ્લી, રાજસ્થાન તથા ગંગાનદીના પશ્ચિમી ભાગોમાં પ્રસરી હતી. મુઘલયુગ દરમિયાન તે બિહાર, બંગાળ અને દક્ષિણ સુધી પ્રચલન પામ્યા. આ સંતોએ ઇસ્લામ ધર્મના સિદ્ધાંત વહાદુત-ઉલ-વજૂદ (જીવનની એકતા)નો પ્રચાર-પ્રસાર કર્યો. તેમણે ઝિયારત (દરગાહ ઉપર નિયમિત દર્શને જવાની ક્રિયા) જેવી આદતો-ટેવો વિકસાવી.

### ચિશ્તિ-પરંપરા

અજમેરખાતે મોઈનુદ્દીન ચિશ્તિએ આ પરંપરા સ્થાપી (ઈ.સ. 1206). તેમનું મૃત્યુ થયા બાદ એક સૂફી સંત તરીકે તેઓ ખ્યાતિ પામ્યા. માળવાના સુલતાન મહમૂદ ખલજીએ અહીં મસ્જિદ અને ગુંબજ બનાવ્યા અને અજમેર શરીફની પરંપરાનો આરંભ થયો. અકબરે પણ તેને સંરક્ષણ આપ્યું હતું.

મોઈનુદ્દીન ચિશ્તિ સિવાય કુતુબુદ્દીન બખ્તિયાર, બાબા ફરીદુદ્દીન-ગંજ-એ-શકર, નિઝામુદ્દીન ઓલિયા મુખ્ય હતા. દક્ષિણ ભારતમાં શેખ બુરહાનુદ્દીન ગરીબ તથા મુહમ્મદ બંદાનવાજ લોકપ્રિય ચિશ્તિ સંતો હતા.

ચિશ્તિ પરંપરાના સંતો માનતા હતા કે, પ્રેમ જ ઈશ્વર અને મનુષ્યને જોડતી કડી છે. તમામ ધર્મો વચ્ચે સમાનતા સ્થાપવી જોઈએ અને તમામનું કલ્યાણ કરવાનો માર્ગ અપનાવવો જોઈએ. હિંદુઓ અને જૈન યોગીઓના સંપર્કમાં રહી તેઓ સ્થાનિક-ભારતીય ધાર્મિક પરંપરાઓનો અભ્યાસ કરતા. તેમની ખાનકાહ (આશ્રમ)માં યોગને પણ સ્થાન હતું. તેઓ લોકોની ભાષામાં વાત કરતા. ચિશ્તિ સંતો માનતા કે, જીવન સાદું, સરળ, નમ્ર હોય તો ઈશ્વરની શરણાગતિ પામી શકાય છે. તેઓ ગરીબોની સેવાને સૌથી વધુ મહત્તા આપતા અને રાજ્ય સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ધરાવતા નહિ.



આંતરદુર્ગ (સિટાડેલ) ચાંપાનેર

### સુહરાવર્દી પરંપરા

બગદાદના શિયાબુદ્દીન સુહરાવર્દીએ તેની સ્થાપના કરી હતી. ભારતમાં આ મત લાવવાનું કાર્ય બહાઉદ્દીન ઝકારિયાએ કર્યું. ચિશ્તિ પરંપરાથી વિરુદ્ધ આ પરંપરા રાજ્ય સાથે સંબંધ ધરાવતી રાજ્યાશ્રિત હતી. તેઓ જ્ઞાનપ્રાપ્તિ માટે અને ગરીબોની સેવા કરવા માટે રાજ્ય પાસેથી ભેટ લેવી જોઈએ તેમ માનતા. તેઓ ઈલ્મ (બુદ્ધિ) તથા ધાર્મિક રહસ્યવાદના સમન્વયના તરફદાર હતા. પંજાબ અને સિંધમાં તે ઘણા ખ્યાત હતા.

### નકશબંદી પરંપરા

ખ્વાજા નકશબંદીએ ભારતમાં આ પરંપરા શરૂ કરી હતી. આ સંતો શરિયતના પાલન પર ખૂબ મક્કમ હતા. આ પરંપરાના સંત બરકી બિલ્લાહ અને શેખ એહમદ સરહિંદી મહત્ત્વપૂર્ણ હતા. તેઓ હિંદુ અને શિયા મુસ્લિમોના વિરોધી હતા.

### કાદરી પરંપરા

પંજાબમાં શેખ અબ્દુલ કાદરીએ આ પરંપરાની શરૂઆત કરી. આ પંથમાં મીયાં મીર તથા શાહ બદખ્શ નામના મહત્ત્વપૂર્ણ સંતો થઈ ગયા. તેઓ ચિશ્તિ પરંપરાની નિકટ હતા. તેઓ માનતા કે, જેણે સત્યનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે આસ્તિક છે. ગુજરાતમાં પાટણ અને અમદાવાદ સૂફીવાદનાં મુખ્ય કેન્દ્ર હતાં. આમ, સૂફી સંતોએ ભારતમાં હિંદુ-મુસ્લિમ એકતા પર ભાર મૂકી બંને ધર્મોને નજીક લાવવા પ્રયત્ન કર્યો, ત્યારથી ભારતીય પ્રજા તેમની સાદગી અને સેવાભાવનાને લીધે તેમના પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતી આવી છે.

#### સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) દિલ્હી સલ્તનતનો ઇતિહાસ જાણવાનાં સાધનો સ્પષ્ટ કરો.

(2) અલાઉદ્દીન ખલજીના સુધારા જણાવો.

(3) મુહમ્મદ તુઘલકની યોજનાઓ સમજાવો.

(4) સલ્તનતના વહીવટીતંત્ર વિશે માહિતી આપો.

(5) સલ્તનત કાલીન અર્થવ્યવસ્થાનો ખ્યાલ આપો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) કુતુબુદ્દીન ઐબકના સ્થાપત્ય વિશે નોંધ લખો.

(2) અમીર ખુશરો વિશે માહિતી આપો.

(3) સલ્તનત કાલીન મહેસૂલી વ્યવસ્થા સ્પષ્ટ કરો.

(4) સલ્તનતના પતન બાદનાં મહત્ત્વપૂર્ણ રાજ્યો ક્યાં હતા ?

(5) વિજયનગર સામ્રાજ્ય વિશે માહિતી આપો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) ઈ.સ. 1000 થી 1026 દરમિયાન ભારત પર કોણે આક્રમણો કર્યાં હતા ?

(A) મુહમ્મદ-બિન-કાસીમ (B) હજ્જાઝ (C) મહમૂદ ગઝનવી (D) શિહાબુદ્દિન મુહમ્મદ ઘોરી

(2) ‘દાગ’ અને ‘હૂલીયા’ વ્યવસ્થાના સ્થાપક કોણ હતા ?

(A) અલાઉદ્દીન ખલજી (B) મુહમ્મદ તુઘલક (C) ફિરોજ તુઘલક (D) સિકંદર લોદી

(3) કવ્વાલી અને સિતાર સાથે કોણ સંકળાયેલ છે ?

(A) અમીર ખુશરો (B) અલાઉદ્દીન ખલજી (C) હસન નિઝામી (D) બદાયુ

(4) તરંગી યોજનાઓ માટે ક્યો સુલતાન કુખ્યાત છે ?

(A) અલાઉદ્દીન ખલજી (B) મુહમ્મદ તુઘલક (C) ફિરોજ તુઘલક (D) સિકંદર લોદી

(5) પાણીપતનું પ્રથમ યુદ્ધ ક્યારે થયું ?

(A) ઈ.સ. 1526 (B) ઈ.સ. 1546 (C) ઈ.સ. 1761 (D) ઈ.સ. 1556

•

| 15 | # મુઘલ યુગ |
|---|---|

મધ્યયુગીન ભારતીય ઇતિહાસમાં દિલ્હી સલ્તનત પછી મુઘલ શાસનની શરૂઆત (ઈ.સ. 1526) થઈ. બાબરે ઇબ્રાહિમ લોદીને પાણીપતના મેદાનમાં હરાવીને ભારતમાં મુઘલ શાસન સ્થાપ્યું. મુઘલ શાસનમાં હુમાયુ, અકબર, જહાઁગીર, શાહજહાઁ, ઔરંગઝેબ જેવા શાસકો થયા. તેમના સમયમાં ભારતના રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં વિકાસ થયેલો જોવા મળે છે. મુઘલ યુગે કલા-સ્થાપત્યને ક્ષેત્રે ભારતને સ્મારકોની અમૂલ્ય ભેટ આપી છે. મુઘલયુગમાં હિંદુ- મુસ્લિમ સમન્વય પણ થયેલો જોવા મળે છે. જેનો અભ્યાસ આપણે આ એકમમાં કરીશું.

**ભારતમાં મુઘલ સત્તાની સ્થાપના**

દિલ્હી સલ્તનતના પતન બાદ ભારતમાં મુઘલ યુગની શરૂઆત થઈ. પ્રથમ શાસક બાબર પછી ઘણા મુઘલ બાદશાહો આવ્યા, જેમણે મુઘલ યુગની સત્તાને વિસ્તારી અનેક પ્રકારની સિદ્ધિઓ હાંસલ કરી.

**બાબર (ઈ.સ. 1526 - 1530)**

બાબરનો જન્મ ઈ.સ. 1483માં થયો. તેનું મૂળ નામ ઝહીરૂદ્દીન મુહમ્મદ બાબર હતું. તેના પિતાનું નામ ઉમર શેખ મિર્ઝા અને માતાનું કુતલુગ નિગારખાન બેગમ હતું. બાબર પિતૃ પક્ષે તિમૂર અને માતૃ પક્ષે ચંગેઝખાનનો વંશજ હતો. કાબુલમાં સત્તા પ્રાપ્ત કર્યા બાદ બાબરે (ઈ.સ. 1518 - 19) ભારત પર ચડાઈ કરીને, સિયાલકોટ, દિપાલપુર પર અધિકાર પ્રાપ્ત કર્યો. અહીંથી બાબરને દોલતખાન (પંજાબના હાકીમ) અને આલમખાઁ (ઇબ્રાહીમના કાકા) એ ભારત પર હુમલો કરવાનું આમંત્રણ આપ્યું. દિલ્હી સલ્તનતના શાસક ઇબ્રાહીમ લોદી સાથે પાણીપતના પ્રથમ યુદ્ધમાં લોદીને પરાજય આપી બાબરે ભારતમાં મુઘલ શાસનની શરૂઆત કરી.



બાબર

બાબર સાથેનાં યુદ્ધમાં (ઈ.સ. 1527) રાજપૂતોના સંઘનું નેતૃત્વ રાણાસાંગાએ કર્યું હતું તેથી બાબરે ખાનવા મુકામે યુદ્ધ કરી રાણા સાંગાને હરાવ્યા.

ખાનવાના યુદ્ધ બાદ બાબરે ચંદેરી તરફ નજર કરી. ચંદેરીમાં મેદનીરાયનું શાસન હતું. આ બંને વચ્ચે યુદ્ધ થયું, જેમાં બાબરનો વિજય થયો. અહમદશાહને ચંદેરીનો કબજો સોંપીને બાબર આગ્રા પરત ફર્યો. હજુ સુધી કેટલાક અફઘાન રાજાઓ, સરદારોને નમાવવાના બાકી હતા. આ સમયે અફઘાનોએ બિહારમાં પોતાની સત્તા જમાવી. તેણે લખનૌ, શમ્સબાદ અને કનોજનો કબજો લીધો. બાબરે ગોગ્રાના યુદ્ધથી રાજપૂતો પર સંપૂર્ણ અંકુશ મેળવ્યો. ત્યારબાદ તેનો રાજ્યવિસ્તાર પશ્ચિમે કાબુલથી પૂર્વે ઘામસ નદી અને ઉત્તરે હિમાલયથી દક્ષિણે ગ્વાલિયર સુધી ફેલાયો.

બાબરે પોતાના સમયમાં અનેક સંઘર્ષો કરીને ભારતમાં મુઘલ સત્તાને ટકાવી પોતાના સામ્રાજ્યનો વિકાસ કર્યો. પરંતુ બાબર આ સામ્રાજ્યનું સુખ લાંબું ભોગવી શક્યો નહિ. પારાવાર મુશ્કેલીઓ, સળંગ યુદ્ધો, રખડપટ્ટી, વ્યસનો વગેરેને લીધે તે બીમાર પડ્યો. અંતે (26 ડિસેમ્બર, ઈ.સ. 1530) તેનું અવસાન થયું. બાબર એક સફળ સેનાપતિ, લેખક, કવિ તથા વિવેચક હતો. તેણે પોતાની આત્મકથા 'તુઝકે બાબરી' લખી, જેનો ફારસી અનુવાદ 'બાબરનામા' કહેવાય છે.

## હુમાયુ (ઈ.સ. 1530 - 1540)

નાસિરૂદ્દીન મહંમદ હુમાયુનો જન્મ (માર્ચ, ઈ.સ. 1508) કાબૂલ મુકામે થયો. 'હુમાયુ' શબ્દનો અર્થ 'ભાગ્યશાળી' થાય છે. પરંતુ તે કમનસીબ બાદશાહ હતો. તે તુર્કી અને ફારસી ભાષાનો સારો જાણકાર હતો. તે ખગોળ, ભૂગોળ, જ્યોતિષ, તત્ત્વજ્ઞાન વગેરેનું સારું જ્ઞાન ધરાવતો હતો. તેના પિતા બાબરની સાથે ભારત પરના આક્રમણ સમયે તે સાથે જ હતો. બાબરનું અવસાન થવાથી તે મુઘલ સત્તાની ગાદીએ બેઠો.


હુમાયુ

હુમાયુએ કાલિંજર પર આક્રમણ કર્યું. ત્યાંના રાજા પ્રતાપરૂદ્રદેવને હરાવ્યો. તે પછી દૌરાહ કે દોહરિયાનું યુદ્ધ થયું, જેમાં હુમાયુનો વિજય થયો. તેની યાદમાં હુમાયુએ દિલ્હી પાસે દીનપનાહ નગર વસાવ્યું. ત્યાર બાદ ચુનાર પર હુમલો કર્યો, જેમાં શેરશાહ હાર્યો અને પોતાના પુત્ર કુતલુગખાંને હુમાયુની સેવામાં મોકલ્યો. બિહારમાં મિર્ઝા અને મુહમ્મદ સુલતાનોનો વિદ્રોહ થયો, જેને હુમાયુએ સફળતાપૂર્વક દબાવી દીધો. હુમાયુનો ગુજરાતના બહાદુરશાહ સાથે સંઘર્ષ થયો, જેમાં માળવા અને ગુજરાત પર અધિકાર મેળવવામાં તે સફળ થયો. બંગાળના વિજય બાદ તે ગૌડમાં રહ્યો. શેરખાન અને હુમાયુ વચ્ચે ચૌસાનુ યુદ્ધ થયું, જેમાં હુમાયુનો પરાજય થયો. હુમાયુ ફરી વાર આ પરાજયનો બદલો લેવા કનોજ તરફ આગળ વધ્યો. બિલગ્રામમાં (કનોજની પાસે) શેરશાહ સાથે યુદ્ધ થયું, જેમાં સંપૂર્ણપણે હાર થઈ. ભારત છોડી ભારતની બહાર રહ્યો. ત્યાં તેણે ઈરાનના શાહની મદદ લઈ પોતાનો ગુમાવેલો વિસ્તાર પાછો મેળવવા ફરી વિજયકૂચ આદરી. તેથી સિકંદર સૂર (શેરશાહના વંશજ) અને હુમાયુ વચ્ચે યુદ્ધ થયું. તેમાં હુમાયુનો વિજય થતાં તેણે દિલ્હી અને આગ્રામાં મુઘલ શાસનની સ્થાપના કરી.

પોતાનો આ વિજય તે લાંબો સમય જોઈ શક્યો નહિ. સાંજની પ્રાર્થનાનો સમય થતા તે ગ્રંથાલયનાં પગથિયાં પરથી પડી જતાં મૃત્યુ પામ્યો (24 જાન્યુઆરી, 1556). હુમાયુએ પોતાના શાસનકાળ દરમિયાન અનેક સંઘર્ષો કરી દિલ્હી પર પોતાની સત્તા ટકાવી રાખી. તે એક આનંદી, ઉદાર, નમ્ર અને શૂરવીર હતો. તેની બહેન ગુલબદન બેગમે 'હુમાયુનામા' ની રચના કરી હતી. તેણે સૂર શાસનની જગ્યાએ ફરી દિલ્હી પર મુઘલ શાસનની સ્થાપના કરી હતી, જે એક મહત્ત્વની સિધ્ધિ ગણાવી શકાય.

## શેરશાહ સૂરી (અફઘાન શાસક) (ઈ.સ. 1540 - 1545)


શેરશાહ સૂરી (અફઘાન શાસક)

શેરશાહનું મૂળ નામ ફરીદખાઁ હતું. તેના પિતા હસનખાઁ હતા. પિતા-પુત્ર વચ્ચે કોઈ અણબનાવને લીધે ઝઘડો ચાલ્યા કરતો હતો. તે વિદ્યાભ્યાસમાં અરબી અને ફારસી ભાષા શીખ્યો હતો. હસનખાઁએ ફરીદખાઁને તેનો વહીવટ સોંપ્યો. તેણે મહેસૂલી સુધારાઓ કર્યા તેથી તે ખૂબ જ લોકપ્રિય બન્યો. પરંતુ આગળ જતાં તેણે પોતાની જાગીરનો ત્યાગ કરી બિહારખાઁ લોહાનીની સેવામાં રહ્યો. તેણે શિકાર દરમિયાન વાઘ (શેર)ને તલવારના એક ઝાટકે મારી લોહાનીનો જીવ બચાવતાં તેણે તેને 'શેરખાઁન' નો ઇલકાબ આપ્યો. હુમાયુ અને શેરશાહ વચ્ચે ચૌસાનું યુદ્ધ થયું, જેમાં તેનો વિજય થયો. આ વિજય બાદ શેરખાઁએ પોતાને સ્વતંત્ર રાજા જાહેર કરી, શેરશાહ નામ ધારણ કર્યું. બીજી બાજુ હુમાયુ પોતાની હારનો બદલો લેવા તૈયારી કરતો હતો. કનોજમાં શેરશાહ અને હુમાયુ વચ્ચે યુદ્ધ થયું, તેમાં શેરશાહનો વિજય થયો. આ વિજય બાદ શેરશાહ દિલ્હીનો બાદશાહ બન્યો.

એ દરમિયાન બંગાળના સૂબેદાર ખિઝરખાઁએ વિદ્રોહ કર્યો. પરિણામે શેરશાહે બંગાળને જુદા-જુદા 16 સરકારો (જિલ્લા)માં વિભાજિત કરી દીધું. તેણે રાયસીનના રાજા પુરણમલને હરાવ્યો, ત્યારે શેરશાહે કહ્યું હતું કે, ''હું મુઠ્ઠીભર બાજરા માટે લગભગ હિંદુસ્તાન ખોઈ બેસત''. શેહશાહનું છેલ્લું યુદ્ધ એ કાલિંજર (બુંદેલખંડ)ના કીર્તિસિંહ ચંદેલ સાથે થયું હતું. આ યુદ્ધના સમય દરમિયાન શેરશાહનું અવસાન થયું. તેનો મકબરો સસારામ (બિહાર)માં આવેલ છે.

### શેરશાહ સૂરીના સુધારા

શેરશાહ એક શૂરવીર અને સફળ સૈનિક તથા વિજેતા ઉપરાંત એક કુશળ અને કાર્યક્ષમ વહીવટકર્તા અને સુધારક હતો. વહીવટી મહેસૂલી તથા લશ્કરીક્ષેત્રે દીર્ઘકાલીન સુધારાઓ કર્યા. તેણે સિક્કાઓ પણ બહાર પાડ્યા. તેના વિજયો કરતાં તેના સુધારાઓ વધુ મહાન હતા. ડૉ. આર. સી. મજુમદાર લખે છે કે, ''પ્રાચીન અને અર્વાચીન ભારત વચ્ચે શેરશાહ એક કડી સમાન હતો''. તેના સુધારા અને નીતિમાં અકબરની મહાનતાનો પાયો નંખાયો. પ્રજાનાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ તથા સંતોષ પર રાજ્યની ઉન્નતિનો આધાર રહેલો છે તે બાબત શેરશાહ સારી રીતે જાણતો હતો. શેરશાહે પોતાના રાજ્યકાળ દરમિયાન મહત્ત્વપૂર્ણ સુધારાઓ કર્યા. તેણે ટોડરમલ નામના હિંદુ અધિકારીની મદદથી જમીન-મહેસૂલ પદ્ધતિ અને ખેડૂતોની સ્થિતિમાં ધરમૂળથી ફેરફારો કર્યા. તેણે જમીન-મહેસૂલ ઉઘરાવવાનો કોઠો તૈયાર કરીને તે મુજબ જમીન મહેસૂલ ઉઘરાવવાનું નક્કી કર્યું. વેપાર-વાણિજ્યના વિકાસ અને વ્યવસ્થાની જાળવણી માટે શેરશાહે રાજ્યમાં સર્વત્ર કાયદો જાળવવા ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો. રસ્તાઓને સુરક્ષિત બનાવ્યા. સૈન્યમાં કડક શિસ્ત દાખલ કરી, સૈનિકોને રોકડ પગાર આપવાની શરૂઆત કરી. પોલીસતંત્રની સ્થાપના કરી. પ્રજા સંસ્કારી અને ચારિત્ર્યશીલ બને તે માટે શાળા, પાઠશાળાઓ, ગ્રંથાલયોની યોજના અમલમાં મૂકી. શેરશાહે આ બધા જ સુધારા પોતાની લડાઈઓમાં વ્યસ્ત હોવા છતાં માત્ર પાંચ જ વર્ષમાં કર્યા હોવાથી ભારતના ઇતિહાસમાં તેણે અગ્રીમ સ્થાન મેળવ્યું.

### અકબર (ઈ.સ. 1556 - 1605)



અકબર

સમ્રાટ અકબરનો જન્મ (15 ઑક્ટોબર, 1542) અમરકોટના કિલ્લામાં થયો. તેનું પૂરું નામ જલાલુદ્દીન મહંમદ અકબર હતું. તેના પિતા નાસિરૂદ્દીન હુમાયુ અને માતા હમીદા બેગમ હતાં. તેના પિતાએ અકબરના જન્મ વખતે કસ્તુરી વહેંચીને કહ્યું હતું કે, કસ્તુરીની સુવાસની જેમ અકબરની સુવાસ પણ પ્રસરશે અને તેનાથી આખું જગત મહેંકી ઊઠશે. હુમાયુની નાસભાગને લીધે અકબરનું પ્રારંભિક જીવન ખૂબ જ મુશ્કેલીઓમાં વિત્યું. હુમાયુનું અવસાન થતાં, નાની વયે તેનો રાજ્યાભિષેક (ઈ.સ. 1556) કરવામાં આવ્યો. આ સમયે હેમુએ અકબરને અને તેના વાલી બહેરામખાઁને લલકાર્યા, તેથી (ઈ.સ. 1556) પાણીપતના બીજા યુદ્ધમાં અકબર અને હેમુ વચ્ચે યુદ્ધ થયું. તેમાં અકબરનો વિજય થયો. અકબરને બહેરામખાઁ જેવા અનુભવી અને શક્તિશાળી સેનાપતિ અને કુશળ વહીવટકર્તા મળ્યો. તેણે સતત યુદ્ધો કરી સમગ્ર ઉત્તર ભારત અને મધ્ય ભારતમાં પોતાની સત્તાનો વિકાસ કર્યો. તેણે સફળ નીતિ દ્વારા હિંદમાં શક્તિશાળી અને વિશાળ સામ્રાજ્ય સ્થાપ્યું.

### અકબરના વિજયો અને કેટલાંક નાનાં રાજ્યોનું જોડાણ

સગીર વયે અકબરે રાજગાદી સંભાળી, ત્યારે તેની માતા હમીદાબેગમ અને ધાત્રીમાતા માહમ આનગાએ રાજ્ય ચલાવ્યું. અકબરની વય વધવાની સાથે જ અકબરની વૈચારિક શક્તિ જાગૃત થઈ ચૂકી હતી, તેથી બહેરામખાનને હજયાત્રા કરવા મોકલી તેણે રાજ્યની સત્તા સંભાળી લીધી. પોતાની રાજ્યસત્તાનો વિકાસ કરવા શરૂઆતમાં તેણે માળવાના બાજ બહાદુર પર આક્રમણ કરતાં તેણે ચિત્તોડ જઈને આશરો લીધો. અકબરે આમેરના રાજા ભારમલની પુત્રી હરખાબાઈ સાથે લગ્ન કરી, ભારમલના પુત્ર માનસિંહને પોતાના દરબારમાં રાખ્યો. આમેરનો રાજા હવે રાણા ઉદયસિંહને બદલે અકબરની આધીનતામાં આવી ગયો. અકબરે મેડતાનો કિલ્લો જીતી લેતાં, ઉત્તર મારવાડ પણ અકબરને આધીન થયું. અકબરે બુંદેલખંડ અને ગોંડવાના જીતી લીધું. રાણી દુર્ગાવતી યુદ્ધમાં લડતાં-લડતાં વીરગતીને પામી. તે પછી રાજા કલ્યાણસિંહે અકબરની

સર્વોપરિતા સ્વીકારી, ઉઝબેક ઉમરાઓએ જૌનપુરમાં કરેલો બળવો અકબરે સખત રીતે દાબી દીધો. અકબરે કાબુલથી ઓરિસ્સા સુધી સામ્રાજ્ય સર્જીને શાંતિ અને પ્રગતિ માટે સક્રિય પગલાં ભર્યાં.



અકબરના સમયનું ભારત

અકબરે પોતાના સામ્રાજ્યના વિકાસમાં અડચણરૂપ ઊભેલા મેવાડ રાજ્યની સામે ભારે લશ્કરી તૈયારી સાથે આક્રમણ કર્યું. મેવાડના સેનાપતિએ પોતાનો નિશ્ચિત પરાજય થશે તેમ માનવા છતાં, મહારાણા પ્રતાપને પહાડોમાં મોકલી આપી, જયમલ રાઠોડને પોતાનો મુખ્ય અધિકારી બનાવી પોતાના બીજા નેતા તરીકે રણમલ પટ્ટા સિસોદિયાને પોતાના લશ્કરનું સુકાન સોંપ્યું. ધમાસાણ યુદ્ધ પછી અકબરે ચિત્તોડગઢ પર પોતાનો અધિકાર જમાવી દીધો. ખુદ બાદશાહ અકબર પણ શૂરવીર જયમલ અને પટ્ટાના શૌર્યથી પ્રભાવિત થઈ આગ્રાની બહાર તેણે બંનેની હાથીઓ પર સવાર કરેલી મૂર્તિઓ બનાવડાવી સ્મારકરૂપે સ્થાપિત કરી. ચિત્તોડ પછી રણથંભોર પણ અકબરના હાથમાં આવી ગયું. બુંદેલખંડ (રિવાના રાજાનું કાલિંજર ગઢ) પણ જીતી લેવામાં આવ્યું. આ જ સમયે ફતેહપુરસિક્રીમાં અકબરને એક પુત્ર થયો જેનું નામ સલીમ (જહાંગીર) રાખવામાં આવ્યું. તેથી તે સ્થળ શુભ માનીને ત્યાં તેણે પોતાની રાજધાની દિલ્હીને બદલે ફતેહપુરસિક્રી બનાવી. ગુજરાતના પાટનગર અમદાવાદ પર લશ્કરના સેનાપતિ મિર્ઝા અઝીઝ કોકા અને અકબરે આક્રમણ (ઈ.સ. 1572) કરી અમદાવાદ જીતી લીધું. અમદાવાદનો સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજો ભાગીને જામનગરના શાસકને શરણે ગયો. મુઘલ સૈન્યે ધ્રોળ પાસે પ્રખ્યાત ભૂચરમોરીની લડાઈમાં જાડેજાઓ સાથે યુદ્ધ કર્યું. તેમાં મિર્ઝા અઝીઝ કોકાનો વિજય થયો. એ જ સમયે લશ્કરે ખંભાત અને સુરત કબજે લઈ મુઘલ શાસન સ્થાપ્યું. બંગાળ અને મેવાડના શાસકોનાં અવસાન થવાથી તથા કૂચબિહારના રાજા નરનારાયણની સહાયથી અકબરે બંગાળ જીતી લીધું.

વાયવ્ય સરહદ પર અકબરે ધ્યાન કેન્દ્રિત કરી યુસુફઝાઈ ટોળીઓ, રોશનિયા જાતિ, ઉઝબેગોને નમાવી સ્વાત, બજોરે અને બુનેરનો કબજો લીધો. અકબરે રાજા ભગવાનદાસ અને કાસીમખાનને કાશ્મીર જીતવા મોકલ્યા. કાશ્મીરના સુલતાન યુસુફશાહનો અને તેના પુત્ર યાકુબનો પણ પરાજય થતાં, કાશ્મીરનું પણ મુઘલ સામ્રાજ્ય સાથે જોડાણ કરવામાં આવ્યું. કાબુલ પર અકબરના ભાઈ મિર્ઝા મહમ્મદ હાકેમનું શાસન હતું. તે અવારનવાર પંજાબ પર આક્રમણ કરતો. તેથી અકબરે કાબુલ પર આક્રમણ કર્યું. તેનો ભાઈ નાસી જતાં અકબરે કાબુલમાં પ્રવેશ કર્યો. અંતે (ઈ.સ. 1585) કાબુલનું મુઘલ સામ્રાજ્યમાં વિલિનીકરણ કરવામાં આવ્યું.

અકબરે સિંધ અને બલૂચિસ્તાન જીતી લીધાં અને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધાં. અકબરના સેનાનાયક શાહબેગે કંદહાર જીતી લીધું. આમ, કાબુલ-કંદહારથી લઈને દક્ષિણમાં નર્મદા અને પૂર્વમાં બ્રહ્મપુત્રા નદી સુધીનો વિસ્તાર અકબરના સામ્રાજ્યમાં સમાયો.

અકબરે દક્ષિણ ભારતનીતિ અંતર્ગત સમગ્ર ભારતમાં પોતાની રાજસત્તા સ્થાપી. દક્ષિણમાં તે ફિરંગીઓને અંકુશમાં રાખવા ઇચ્છતો હતો. આ સમયે દક્ષિણમાં મુસ્લિમ રાજ્યો જેવાં કે અહમદનગર, બીજાપુર, ગોલકોંડા, ખાનદેશ અને વિજયનગર અંદરોઅંદર લડાઈઓ કરીને નબળાં પડ્યાં હતાં. તેનો લાભ અકબરે લીધો. બીજાપુર રાજ્યના અહમદનગરનો તેણે ઘેરો ઘાલ્યો. સુલતાના ચાંદબીબીએ મુઘલ સૈન્યનો વીરતાથી મુકાબલો કર્યો, છતાં અકબરનો વિજય થયો. ત્યારબાદ તેણે ખાનદેશ જીત્યું. આમ, 50 વર્ષના શાસન દરમિયાન અકબરે ભારતના મોટાભાગ પર એકચક્રી શાસન સ્થાપ્યું.

અકબરે ઉક્ત વિજયો બાદ પોતાના સામ્રાજ્યમાં સત્તા ટકાવી રાખવા માટે પોતાની કુનેહ અને શક્તિનો ઉપયોગ કર્યો. આ માટે તેણે રાજપૂતનીતિ, ધાર્મિકનીતિ, શિક્ષકો અને સંરક્ષકો પ્રત્યનો આદરભાવ વગેરે અપનાવ્યાં. તેણે ફતેહપુરસિક્રીમાં ઈબાદતખાનાનું મકાન બંધાવી તેમાં બધા જ ધર્મના નેતાઓ સાથે ચર્ચા કરીને સર્વ ધર્મનાં વિશિષ્ટ તત્ત્વો તથા મૂળભૂત સિદ્ધાંતો તારવીને દીનેઈલાહી ધર્મની સ્થાપના કરી (ઈ.સ. 1583). આ ઉપરાંત તેણે સામાજિક, વહીવટીક્ષેત્રે અને મહેસૂલી તથા આર્થિકક્ષેત્રે ઘણા સુધારાઓ કર્યા હતા. તેના સમયમાં અકબરે ઈલાહી સંવતની શરૂઆત પણ કરી. તેણે મેળવેલા વિજયો

અને તેણે કરેલા સુધારાઓએ તેની પ્રગતિમાં ખૂબ મહત્ત્વનું પ્રદાન કર્યું છે. આ સમયે હિંદુ-મુસ્લિમ એકતા સાધનાર સૌપ્રથમ બાદશાહ હતો. અકબર પોતે અશિક્ષિત હોવા છતાં શિક્ષણ, સાહિત્ય અને કલાને પ્રોત્સાહન આપ્યું હતું. જમાબંધી પ્રકારની મહેસૂલપદ્ધતિના ઘડવૈયા ટોડરમલ, મુઘલ લશ્કરના સેનાપતિ રાજા માનસિંહ, 'આઇ-ને-અકબરી' અને 'અકબરનામા'ના ઇતિહાસલેખક અબુલફઝલ, કુશળ કવિ અને સંસ્કૃત સાહિત્યના વિદ્વાન ફૈઝી, રામાયણ અને મહાભારતનું ફારસીમાં ભાષાંતર કરનાર મુન્નાબખબુ, 'તવારીખ'ના કર્તા બદાયુની, શાસ્ત્રીય સંગીતમાં મહાન ગાયક તાનસેન, કુશાગ્ર બુદ્ધિ ધરાવનાર વિનોદી મુલ્લા દોપ્યાજા, પ્રખર બુદ્ધિચાતુર્ય ધરાવનાર વીર બિરબલ, યુનાની ઔષધના નામાંકિત હકીમ હુમામએ અકબરના દરબારનાં નવ રત્નો હતાં. અકબરનું અવસાન અતિસાર રોગના કારણે થયું. તેને આગ્રાથી 10 કિમી દૂર સિંકદરામાં દફનાવવામાં આવ્યો.

### જહાઁગીર (ઈ.સ. 1605-1627)


નૂરજહાઁ


જહાઁગીર

જહાઁગીરનો જન્મ ફતેહપુરસિક્રીમાં થયો. તેનું મૂળ નામ સલીમ હતું. તેના પિતા અકબર અને માતા હરખાબાઈ હતાં, જે ભારમલની પુત્રી હતી. સલીમના જન્મ પછી અકબરે પગપાળા ચાલીને અજમેર ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તિની દરગાહની યાત્રા કરી. અકબરના અવસાન બાદ (24 ઑક્ટોબર, 1605) આગ્રાના કિલ્લામાં જહાઁગીરનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. એણે નુરુદ્દીન મુહમ્મદ જહાઁગીર બાદશાહ ગાઝીની પદવી ધારણ કરી રાજસત્તા હાથ ધરી.

જહાઁગીરે કાબુલ પર આક્રમણ કર્યું. જહાઁગીરે આમેરના રાજા ભગવાનદાસની પુત્રી માનબાઈ સાથે લગ્ન કર્યાં. એનાં બીજાં લગ્ન ઉદયસિંહની પુત્રી જગતગોસાઈ (જોધાબાઈ) સાથે થયાં. સલીમે પ્રયાગમાં શાહની ઉપાધી ધારણ કરી. જહાઁગીર કાંગડા પર વિજય પ્રાપ્ત કરનાર પ્રથમ મુઘલ શાસક હતો. તેણે બંગાળ, મેવાડ, વિજય, દખ્ખણ, કાંગડામાં વિજયો મેળવ્યા હતા. તેના સમયમાં અનેક વિદ્રોહો થયા છતાં તેને દબાવી પોતાની સત્તાને ટકાવી રાખવાના પ્રયાસો કર્યા.

જહાઁગીરનાં લગ્ન મેહરૂન્નિસા (નૂરજહાઁ) સાથે થયાં. જહાઁગીરે તેને નૂરજહાઁની ઉપાધિ આપી હતી. તેને ચિત્રકલામાં વિશેષ રુચિ હતી. તેણે લાહોરમાં બાગ અને અકબરનું સ્મારક બનાવ્યું. ભારતીય રાજકારણમાં (ઈ.સ. 1611 થી ઈ.સ. 1627) મુઘલશાસન પર નૂરજહાઁની પકડ રહી. 11 વર્ષ સુધી તેણે કુશળતાથી વહીવટમાં અગત્યનો ભાગ ભજવ્યો. તેના શાસનકાળ(ઈ.સ. 1608)માં દરિયાઈમાર્ગે અંગ્રેજ સાહસિક-વ્યાપારી જ્હોન હોકિન્સનું સુરત થઈ ભારતમાં આગમન થયું. તેના અવિરત પ્રયાસોથી, અંતે (ઈ.સ. 1613) સુરત મુકામે પ્રથમ અંગ્રેજી કોઠી (વ્યાપારી મથક) સ્થાપવાનો પરવાનો આપવામાં આવ્યો. ત્યારબાદ (ઈ.સ. 1615) બ્રિટિશ તાજનો પ્રથમ રાજપુરુષ-એલચી થોમસ (ટોમસ) રો પણ ભારત આવ્યો. તેના સમયે જ શીખગુરુ અર્જુનસિંહને મૃત્યુદંડ આપવામાં આવ્યો.

### શાહજહાઁ (ઈ.સ. 1627-1657)


શાહજહાઁ

જહાઁગીરના અવસાન બાદ તેનો પુત્ર શાહજહાઁ સત્તા પર આવ્યો. તેનો જન્મ લાહોરમાં થયો. તેનું મૂળ નામ ખુર્રમ (આનંદી) હતું. તેની માતાનું નામ જગતગોસાઈ હતું. તેનાં લગ્ન આસફખાનની પુત્રી અર્જુમંદબાનુ બેગમ (મુમતાઝ મહલ) સાથે થયાં હતાં. જહાઁગીરનાં અવસાન બાદ શાહજહાઁનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. ભારતીય ઇતિહાસમાં શાહજહાઁના સમયને સુવર્ણયુગ તરીકે ઓળખવામાં આવે છે. તેણે ભારત પર કુલ 30 વર્ષ સુધી શાસન કર્યું. રાજ્યની આબાદીનો પાયો ખેતી હોવાનું તે પણ અકબરની જેમ જ માનતો હતો. તેથી તેણે તેના દાદા (અકબર)ની મહેસૂલી પદ્ધતિ ચાલુ રાખી. શાહજહાઁએ સિંચાઈ માટે નહેરો બંધાવી. તેણે વ્યાપાર-વાણિજ્યક્ષેત્રે અધિકારીઓને નિમ્યા હતા.


શાહજહાઁના પુત્ર ઔરંગઝેબે-મુઘલ સામ્રાજ્યની આસપાસના વિસ્તારો પર તથા પોતાના વિદ્રોહીઓ પર અંકુશ મેળવ્યો. આ સમયે તેણે બુંદેલખંડનો વિદ્રોહ (ઈ.સ. 1628- 1634) પણ દબાવ્યો હતો. શાહજહાઁએ તેના સમયમાં જે સ્થાપત્યો રચાવ્યાં તેમાં તાજમહાલ (આગ્રા),

શાહજહાઁનાબાદનો લાલકિલ્લો દિલ્હી, જામા મસ્જિદ (આગ્રા), મોતી મસ્જિદ (આગ્રા), દીવાને આમ, દીવાને ખાસ વગેરે સ્થાપત્યની દૃષ્ટીએ ઉત્તમ નમૂનારૂપ બાંધકામ થયેલાં જોવા મળે છે. તેની પ્રિય બેગમ મુમતાઝની યાદમાં તેણે તાજમહાલ બનાવ્યો. પોતાની ઉત્તમ સ્થાપત્યકલાના સૌંદર્યને લીધે તે વિશ્વની અજાયબીઓમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યો. વિવેચકો તેને બેગમ મુમતાઝ મહલના પ્રેમમાં કંડારેલ પ્રેમકાવ્ય કહે છે. આ અદ્વિતીય ઇમારત સંસારમાં દામ્પત્યપ્રેમ અને અનુરાગનું એક મહાન સ્મારક છે. આ ઉપરાંત તેણે અમદાવાદ, આગ્રા, અજમેર, કાશ્મીર, કાબુલ, કંદહાર, લાહોર વગેરે શહેરોમાં અનેક ઇમારતો બંધાવી.

શાહજહાઁના સમયમાં (ઈ.સ. 1579) પોર્ટુગીઝો દ્વારા બંગાળના ચટગાઁવ પર અધિકાર કરવામાં આવ્યો. તેમજ શીખોના છઠ્ઠા ગુરુ હરગોવિંદસિંહનો મુઘલો સાથે સંઘર્ષ થયો, જેમાં ગુરુ હરગોવિંદસિંહની હાર થઈ. તેના સમયમાં ઉપનિષદોનો ફારસીમાં અનુવાદ કરવામાં આવ્યો. શાહજહાઁના પુત્ર ઔરંગઝેબે તેને જેલમાં પૂરી નજરકેદ રાખ્યો, જ્યાં તેનું (ઈ.સ. 1666) મૃત્યુ થયું.

## ઔરંગઝેબ (ઈ.સ. 1657-1707)

ઔરંગઝેબનો જન્મ (24 ઓક્ટોબર, 1618) ગુજરાતમાં દાહોદ ખાતે થયો. પિતા શાહજહાઁ અને માતા મુમતાઝનું તે છઠ્ઠું સંતાન હતો. તેનું પૂરું નામ મોહિયુદ્દીન મહંમદ ઔરંગઝેબ હતું. તેણે ઉત્તરાધિકારી માટે પોતાનો હક્કદાવો રજૂ કરીને પોતાના ત્રણ ભાઈઓને આગ્રામાં કેદ કરી અને તેના પિતા શાહજહાઁને પણ કેદ કરી, (ઈ.સ. 1658) આગ્રાનો કબજો લીધો. તેનો અરબી, ફારસી અને હિન્દુસ્તાની ભાષા ઉપર ઘણો સારો કાબૂ હતો. કુરાને શરીફનો તે ઊંડો અભ્યાસી હતો. સાદાઈ અને સ્વાવલંબન તેનાં મુખ્ય ગુણો હતા. તે મહાન સામ્રાજ્યનો સ્વામી હોવા છતાં પોતાનો અંગત ખર્ચ ટોપીઓ બનાવીને તેમજ કુરાનની નકલો કરીને કાઢતો. તેનું સમગ્ર જીવન ખૂબ જ સાદું હતું. શરાબને તો સમગ્ર જીવનમાં અડ્યો પણ ન હતો, પરંતુ તે સત્તાલોભી અને ધર્માંધ હતો. સત્તાપ્રાપ્તિ માટે જ તે પિતાને કેદ કરી બાદશાહનું સ્થાન પામ્યો હતો.


ઔરંગઝેબ

## ઔરંગઝેબના વિજયો

ઔરંગઝેબે સામ્રાજ્યનો વિકાસ કરવા માટે વિજયોની હારમાળા સર્જી. જેમાં પ્રથમ તેણે આસામનો વિજય પ્રાપ્ત કર્યો. ઔરંગઝેબનો બીજો મહત્ત્વનો વિજય એ ગોલકોંડા હતો. દક્ષિણમાં મરાઠાશક્તિ સામે પણ તેણે વારે વારે લડવું પડ્યું હતું. તેના પ્રબળ દુશ્મન શિવાજી સામે મુઘલ સૈન્યએ ઘણીવાર લડાઈ કરવી પડી. તે બળવાઓને દાબી દઈને પોતાનો અંકુશ સ્થાપિત કર્યો.

## ઔરંગઝેબના સમયમાં શીખો, સતનામી પ્રજાનો પ્રતિકાર

ઔરંગઝેબની સામ્રાજ્યની નીતિ સામે પ્રથમ પ્રતિકાર એ મથુરા જિલ્લાના ખેડૂતોએ કર્યો. ત્યાંની જાટ પ્રજાનો આ બળવો દબાવી દીધો. નરમાળ અને મેવાત પ્રદેશના સતનામીઓએ બંડ પોકારતાં ઔરંગઝેબે તેમને હરાવી ક્રૂર કત્લ ચલાવી. ઔરંગઝેબના સમયમાં તેની નીતિનો ભોગ શીખોના નવમા ધર્મગુરુ તેગબહાદુર પણ બન્યા. ઔરંગઝેબે તેમનો વધ કર્યો. દસમા શીખ ધર્મગુરુ ગોવિંદસિંહે આ સંદર્ભે જ મુઘલો સામે રીતસરનો વિદ્રોહ કર્યો.

છત્રપતિ શિવાજીના નેતૃત્વ હેઠળ મરાઠાઓએ દખ્ખણમાં છાપામાર યુદ્ધ પદ્ધતિ અપનાવી. તેમણે મુઘલોને આંખે અંધારા લાવી દીધાં. તેમના ઓચિંતા હુમલાઓથી શાઈસ્તાખાઁ અને અફઝલખાઁન ત્રાસી ગયા હતા.

## ઔરંગઝેબની રાજપૂતનીતિ

એક સમયના મુઘલ સામ્રાજ્યના સાચા મિત્રો રાજપૂતો હતા, પરંતુ ઔરંગઝેબના સમયમાં ઔરંગઝેબે કેટલીક બાબતોમાં રાજપૂતોની મુશ્કેલીઓ વધારતા રાજપૂતો ઔરંગઝેબના મિત્ર મટીને દુશ્મન બન્યા. જોધપુરના રાજા જસવંતસિંહનું મૃત્યુ થતાં તેના પુત્ર અજીતસિંહને ઔરંગઝેબ મુસલમાન બનાવવા ઇચ્છતો હતો. આવો વહેમ વીર દુર્ગાદાસને આવતાં રાજપૂત-એક્તા માટેનો ઝંડો ફરકાવ્યો. તેમણે મુઘલોનો ભારે વિરોધ કર્યો. દુર્ગાદાસનો વિરોધ કચડી નાંખવા ઔરંગઝેબે જોધપુર ખાલસા કર્યું. આથી રાજપૂતોએ અરવલ્લીના ડુંગરોમાં વિખરાઈને ત્યાંથી ઔરંગઝેબની સામે લડત ચાલુ રાખી. મેવાડના રાજપૂતોએ ઔરંગઝેબની લશ્કરી છાવણીઓ પર ઓચિંતા હુમલાઓની પરંપરા સર્જી. ઔરંગઝેબનું લશ્કર છિન્ન-

ભિન્ન થવા લાગ્યું. તેથી ના છૂટકે તેને રાજપૂતો સાથે સંધી કરવી પડી. અંતે વીર દુર્ગાદાસે અજીતસિંહને જોધપુરની ગાદીએ બેસાડ્યો.

### ઔરંગઝેબની ધાર્મિકનીતિ

ઔરંગઝેબની ધાર્મિકનીતિ વિશે ડૉ. મજુમદાર લખે છે કે, ''સમગ્ર રીતે જોતાં ઔરંગઝેબ એક પવિત્ર અને મહત્ત્વાકાંક્ષી છતાં ચુસ્ત સુન્ની મુસ્લિમ હતો. તેની ધાર્મિકનીતિમાં કોઈપણ સ્વાર્થના ફાયદાની તેણે અપેક્ષા રાખી ન હતી. અકબરે અપનાવેલી સહિષ્ણુ ધાર્મિકનીતિમાં ફેરફાર કરી અસહિષ્ણુ નીતિની શરૂઆત કરી. તેણે કેટલાક ધાર્મિક કાનૂનો પસાર કરાવ્યા, જેમાં દારૂ, જુગાર વગેરે બંધ કરાવ્યા. સંગીત, ચિત્રકલા અને નૃત્ય બંધ કરવાનું ફરમાન કરાવ્યું. વેશ્યાઓ, જ્યોતિષિઓ પર પ્રતિબંધ મૂક્યો. હિંદુઓ પરનો જજિયાવેરો પુનઃ શરૂ કર્યો. આથી જ જાટ લોકો, બુંદેલખંડનાં બુંદેલાઓ, સતનામીઓ, મરાઠાઓ અને કેટલાક શિયા પંથીઓએ ઔરંગઝેબની આ ધાર્મિકનીતિનો પ્રતિકાર કર્યો હતો. અંતે મુઘલ સામ્રાજ્યનો અંત થયો.

### ઔરંગઝેબનો અંત

મરાઠાઓને મહાત કરવાનો વિચાર માંડીવાળી તે દિલ્હી જવા નીકળ્યો. રસ્તામાં અહમદનગર પહોંચ્યો અને ત્યાં જ (ઈ.સ. 1707) તેનું અવસાન થયું. તેની કબર ઔરંગાબાદ પાસે ખુલ્દાબાદ મુકામે આવેલી છે.

### મુઘલ સામ્રાજ્યનું પતન

મુઘલ સામ્રાજ્યનું પતન ઔરંગઝેબની નીતિને આભારી હતું. કારણ કે, તેને કોઈના પર વિશ્વાસ ન હતો. એટલે જ તો રાજ્યનાં બધાં જ અગત્યનાં કાર્યો તે જાતે જ કરતો. તેના વહેમીલા અને અવિશ્વાસુ સ્વભાવને કારણે જીવનના અંત ભાગમાં તે એકલો-અટુલો પડી ગયેલો, જીવનનાં અતિકીમતી 25 વર્ષ તેણે દક્ષિણમાં પસાર કરતાં ઉત્તરમાં રાજકીય અવ્યવસ્થા સર્જાઈ. જમીનદારોની દાદાગીરી વધી ગઈ, વ્યાપાર-વાણિજ્ય પર અંકુશ ઘટી ગયો. રાજ્યની તીજોરી લડાઈઓના ખર્ચા પાછળ સાફ થઈ ગઈ. આથી મુઘલ લશ્કર અને કેટલીક જાતિઓમાં અસંતોષ ફેલાયો. ઔરંગઝેબના મૃત્યુ બાદ ગાદી મેળવવા માટે તેના ત્રણ પુત્રો વચ્ચે લડાઈ થઈ. જેમાં બે પુત્રો મરાયા અને શાહજાદો મુઆઝમ બહાદુરશાહ (ઈ.સ. 1707-1712) નામ ધારણ કરી ગાદીએ બેઠો. તેના મૃત્યુ બાદ જહાઁદરશાહ, તેના પછી ફર્રુખશિખર ગાદીએ આવ્યો. આથી શરૂઆતનાં દસ વર્ષમાં ચાર જેટલા શાસકો બદલાયા. તેથી જ મુઘલ સૂબેદારો, રાજપૂતો અને મરાઠાઓની સત્તા પ્રબળ બની. ઈરાનનો નાદીરશાહ દિલ્હી પર લૂંટ ચલાવીને ચાલ્યો ગયો. ભારતનો પ્રખ્યાત 'કોહિનૂર' હીરો અને અઢળક ધનસંપત્તિ ઈરાન લઈ ગયો. બાકી હતું તો અહમદશાહ અબ્દાલ્લીએ ભારતમાં લૂંટ ચલાવી. અંતે (ઈ.સ. 1857) અંગ્રેજો સામેની પ્રતિકારની લડાઈમાં બહાદુરશાહ ઝફર હારી ગયો. તેને કેદ કર્યો અને રંગૂન મોકલી આપ્યો. જ્યાં તેનું મૃત્યુ થયું. આમ, મુઘલ સત્તાનો કાયમી ધોરણે (ઈ.સ. 1857) અંત આવ્યો.

**મુઘલ શાસકો તથા શેરશાહ સૂરીની સમયાવલી**

| ક્રમ | શાસકનું નામ | શાસન-વર્ષ | રાજધાની | સિદ્ધિઓ |
|---|---|---|---|---|
| 1. | બાબર | ઈ.સ. 1526-1530 | દિલ્હી / આગ્રા | ભારતમાં મુઘલ સત્તાની સ્થાપના |
| 2. | હુમાયુ | ઈ.સ. 1530-1540 | દિલ્હી | મહાન અકબરના પિતા |
| 3. | શેરશાહ (અફઘાન) | ઈ.સ. 1540-1545 | દિલ્હી | અફઘાન સત્તાની પુનઃસ્થાપના |
| 4. | અકબર | ઈ.સ. 1556-1605 | આગ્રા / ફતેહપુરસિક્રી | મોટાભાગના ભારત પર વિજય પ્રાપ્ત કરી. ભારતીય એકતા સ્થાપનાર |
| 5. | જહાઁગીર | ઈ.સ. 1605-1627 | આગ્રા | પોતાની સત્તા ટકાવી રાખી |
| 6. | શાહજહાઁ | ઈ.સ. 1627-1657 | આગ્રા / દિલ્હી | સ્થાપત્યનો શોખીન, શાહજહાઁનાબાદનગરનો સ્થાપક |
| 7. | ઔરંગઝેબ | ઈ.સ. 1657-1707 | દિલ્હી / આગ્રા | દક્ષિણનીતિમાં નિષ્ફળતા |

## મુઘલ રાજ્યસત્તા સામેના કેટલાક પ્રતિકારો

### રાજપૂતોનો પ્રતિકાર :

અકબરે સહિષ્ણુ નીતિ અપનાવીને રાજપૂતો અને હિન્દુ પ્રજાનું દિલ જીતી રાજપૂતોની સેવાઓ લઈ, મુઘલ સત્તાનો વિકાસ કર્યો હતો. તેથી મુઘલ સત્તાના પાયા મજબૂત બન્યા હતા. પરંતુ શાહજહાંએ અસહિષ્ણુતાની ધાર્મિકનીતિની પુનઃ શરૂઆત કરી. ઔરંગઝેબે તેને સંપૂર્ણ બનાવી અને ફરી અપનાવી. આ અસહિષ્ણુ નીતિને લીધે જાટ, બુંદેલાઓ, સતનામીઓ, શીખો, રાજપૂતો અને મરાઠાઓએ મુઘલશાસનની સામે ખાસ કરીને ઔરંગબેઝના સમયમાં મોટા પાયા પર પ્રતિકાર કર્યો. રાજપૂતોના અને મુઘલોના સંબંધો સારા હતા. તેથી જ તો રાજા જયસિંહે શિવાજીને નમાવીને મરાઠાઓને અંકુશમાં રાખ્યા. પરંતુ જયસિંહનું મૃત્યુ થતાં મુઘલોએ રાજપૂતોને માન આપવાનું ઓછું કર્યું. ઉપરાંત ફરીથી જજિયાવેરો નાંખ્યો. મારવાડના શાસક જસવંતસિહનું મૃત્યુ થવાથી ઔરંગઝેબે મારવાડમાં પોતાના અમલદારની નિમણૂક કરી. મારવાડ અને જોધપુરના રાજપૂતોએ મુઘલ સૈન્યનો પ્રતિકાર કર્યો. મારવાડના રાજપૂતોને આ પ્રતિકારમાં સફળતા પ્રાપ્ત થઈ અને તેમનું રાજ્ય તેમને પાછું સોંપ્યું.

મેવાડના સિસોદિયા રાજપૂતોએ અકબરના સમયથી જ મુઘલ સૈન્ય અને મુઘલ સત્તાનો વિરોધ કર્યો. મેવાડના રાજપૂતોએ અકબરની પણ શરણાગતિ સ્વીકારી ન હતી. સૌથી પહેલાં મેવાડના સરદારો જયમલ અને પટ્ટા નામના રાજપૂતોએ અકબરના સૈન્યનો સામનો કર્યો. ઉદયસિંહના મૃત્યુ બાદ ગોગુંડાના રાણા પ્રતાપસિંહે અકબરનો તેના જીવનના અંત સુધી પ્રતિકાર કર્યો. હલ્દીઘાટીમાં ભયંકર યુદ્ધ થયું. ડૉ. મજુમદાર લખે છે કે, ''રાજપૂતોમાં મહારાણા પ્રતાપસિંહથી પણ વધુ મહાન સેનાપતિઓ અને રાજપુરુષ થયા છે, પરંતુ પ્રતાપસિંહ જેવો શૂરવીર અને દેશાભિમાની નેતા તો બીજો નહિ જ હોય''. આમ, મેવાડે અંત સુધી પોતાનું સ્વદેશાભિમાન જાળવી રાખ્યું.

### શીખો અને જાટ પ્રજાનો પ્રતિકાર :

મુઘલ શાસનકાળ દરમિયાન કેટલાક બાદશાહોની અમાનવીય નીતિના કારણે કેટલાક સમુદાયોએ આ મુઘલ સત્તા સામે પોતાનો વિરોધ નોંધાવી તેની આવી નીતિઓનો પ્રતિકાર કરી તેનો ઉગ્ર સ્વરૂપે વિરોધ કર્યો. જેમાં સર્વ પ્રથમ મથુરા આસપાસની જાટ પ્રજાએ તેમની સામે બંડ કર્યું. અબ્દુલનબી નામના ફોઝદારે પ્રજા પર અમાનુષી જુલ્મો કર્યાં. તેની સામે જાટ લોકોએ ટીલપટનાં ગોકલના નામની જમીનદારની નેતાગીરી હેઠળ (ઈ.સ. 1669) બંડ કર્યું. તેમણે સદાબાદ પરગણાંને લૂંટીને મથુરાના ફોજદારને મારી નાંખ્યો. પરંતુ મુઘલ સરદાર હસન શીખ અલીખાને ગોકુલને હરાવી મારી નાંખ્યો. છતાં પણ જાટ લોકોએ યુદ્ધ કરવાનું ચાલુ રાખ્યું. રાજારામ નામના બીજા જાટ નેતાએ (ઈ.સ. 1685) ફરી બળવો કર્યો, છેવટે તેને પણ મારી નાખવામાં આવ્યો. ત્યારબાદ તેના ભત્રીજાએ જાટ લોકોનું પ્રતિનિધિત્વ સંભાળ્યું. આમ, મુઘલ રાજ્યના અંત સુધી જાટ લોકોએ આ રાજ્યની સામે પોતાનો પ્રતિકાર કર્યો.

શીખ પ્રજા શરૂઆતમાં શાંતિપ્રિય પ્રજા હતી. પરંતુ જહાઁગીરના સમયમાં તેમના પાંચમા ગુરુ અર્જુનદેવનો ખુશરૂને મદદ કરવા બદલ તેમનો વધ કરવામાં આવ્યો. આથી શીખોએ મુઘલોનો પ્રતિકાર કરવાનું શરૂ કર્યું. ગુરુ હરગોવિંદે તેમને લડાયક પ્રજામાં ફેરવવાની પ્રક્રિયાની શરૂઆત કરી. ધાર્મિક કારણોને લીધે ઔરંગઝેબે તેમના ગુરુ તેગબહાદૂરનો અને તેના શિષ્યોનો પણ વધ કરતાં સમગ્ર શીખપ્રજા ખળભળી ઊઠી અને મુઘલશાસકોની શત્રુ બની બેઠી. આને લીધે જ ગુરુ ગોવિંદસિંહે શીખપ્રજાને શસ્ત્રો ધારણ કરાવ્યાં. ગોવિંદસિંહ સામે લશ્કર મોકલવામાં આવ્યું. મુક્તેશ્વર આગળ ગુરુનો વિજય થયો. શીખોએ આમ મુઘલ સત્તાનો અંત સુધી વિરોધ કર્યો હતો.

### મરાઠાઓનો પ્રતિકાર :

દખ્ખણમાં ઔરંગઝેબના સમયમાં તે વિસ્તારના સુલતાનોની નિર્બળતા અને મુઘલ સામ્રાજ્યવાદીઓનાં લાંબાં યુદ્ધોને પરિણામે મરાઠા-સત્તાએ તેને પ્રતિકાર કર્યો. ભૌગોલિક દૃષ્ટિએ મરાઠી રાજ્ય નર્મદા નદી, વિંધ્યાચળ અને સાતપૂડા પર્વતો તેને માટે વિવિધ સંરક્ષણની રેખા દોરતા તે ઉપરાંત પશ્ચિમઘાટ અથવા સહ્યાદ્રી પર્વતની હારમાળાઓ તેના સમગ્ર પશ્ચિમ કિનારાનું રક્ષણ કરતી. આથી મહારાષ્ટ્ર પ્રદેશના લોકોને વિશિષ્ટ બળ મળ્યું. ડુંગરાળ પ્રદેશ અને પર્વતીય કિલ્લાઓને લીધે મરાઠાઓનું સુંદર રક્ષણ થતું. ખુલ્લા મેદાનમાં લડવા ટેવાયેલા વિશાળ લશ્કરને મુઠ્ઠીભર મરાઠાઓ ગેરીલાયુદ્ધથી મુઘલોના લશ્કરને પરાજ્ય આપતા. તેથી ''તેમની સાથે યુદ્ધ કરવું તે હવા સાથે યુદ્ધ કરવા બરાબર છે'' એમ મનાતું.

આવી પરિસ્થિતિ અને આવા ચારિત્ર્ય-ઘડતરમાં ધાર્મિક જુસ્સાનો ઉમેરો કરાવનાર રામાનંદ, કબીર અને નાનક જેવા સંતોની અસર ત્યાં પહોંચી. સંત તુકારામ, સામર્થગુરુ, રામદાસ, વામન પંડિત અને એકનાથ એમાં ખાસ નોંધપાત્ર છે. તેમાંથી મહારાષ્ટ્રમાં ધાર્મિક રાષ્ટ્રવાદનાં બીજ રોપાયાં. આ પ્રજાનું નેતૃત્વ લેતાં શિવાજીએ પોતાના નાના રાજ્યને મોટા રાજ્યમાં ફેરવવા માટે પ્રથમ તો તેણે બીજાપુર અને અહમદનગરના સુલતાનોને નમાવ્યા. તે પછી અફઝલખાનનો તથા શાઈસ્તાખાનનો વધ કરીને તેમણે મુઘલો સામે પોતાનો પ્રતિકાર શરૂ કર્યો. થાકીને ઔરંગઝેબે શિવાજીને રાજાનો ઇલકાબ તેમજ જાગીર આપી. તેમ છતાં શિવાજીએ (ઈ.સ. 1672 થી 1678 સુધી) ઘણીવાર મુઘલોને હંફાવ્યા. આમ, દક્ષિણમાં મરાઠા સામ્રાજ્ય મુઘલ સામ્રાજ્યના પ્રતિકાર થકી ઊભું થયું હતું.

**બુંદેલાઓનો પ્રતિકાર :**

ઔરંગઝેબની અસહિષ્ણુ નીતિની સામે છત્રસાલ નામના બુંદેલા રાજકુમારના નેતૃત્વ હેઠળ બુંદેલ ખંડમાં બળવો થયો. બુંદેલાઓ અને મુઘલ સત્તા વચ્ચે સંઘર્ષ ચાલ્યા કરતો હતો. તેથી બુંદેલ રાજકુમારે શિવાજીની સિદ્ધિઓમાંથી પ્રેરણા લઈ પોતે સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની શરૂઆત કરી. બુંદેલખંડ અને માળવાની હિંદુ પ્રજાના અસંતોષનો લાભ લઈ તેણે બુંદલખંડની આગેવાની લઈ બળવો કરીને પૂર્વ માળવામાં પોતાનું એક નાનકડું રાજ્ય સ્થાપ્યું.

**સતનામીઓનો પ્રતિકાર :**

ઔરંગઝેબની નીતિઓની સામે ત્રીજો બળવો સતનામીઓનો થયો. સતનામી લોકો શાંતિમય ધાર્મિક જીવન ગાળતા. તેમના પર ત્રાસ ગુજારવામાં આવતા, તે સહન કરી શકતા નહિ અને તેઓ હથિયારો પોતાની પાસે રાખતાં. એક સતનામી અને એક મુઘલ સૈનિકના ઝગડામાંથી સતનામીઓએ બંડ પોકાર્યું. ઔરંગઝેબે આ શાંતિપ્રિય પ્રજા પર પોતાનું દમન ગુજારતાં આ લોકોએ હથિયાર ઉપાડી તેમનો પ્રતિકાર કર્યો.

## મુઘલ યુગમાં ભારતની સામાજિક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિ

**સામાજિક સ્થિતિ :**

મુઘલ શાસન દરમિયાન ભારતીય સમાજ ત્રણ વર્ગોમાં વિભાજિત થયેલ જોવા મળતો હતો. ઉચ્ચ વર્ગમાં સમ્રાટ અને તેનાં કુટુંબીજનો, અમીરો-ઉમરાવો, સરદારો અને અધિકારીઓનો સમાવેશ થાય છે. ઉચ્ચ વર્ગનાં લોકો પ્રજાના પૈસે મોજ-મજા કરતા. કેટલાક સમ્રાટો, સામંતો, ઉમરાવો દાનશીલ અને સાહિત્યકલાના પ્રેમી હતા. તેઓનું જીવન સાદું, સંયમી અને કરકસર ભરેલું હતું. ગામના ચૌધરી, મુકાદમો અને નાના જમીનદારો સન્માનપૂર્વક જીવન જીવતા. નીચલા વર્ગના ખેડૂતો અને પરચૂરણ વ્યાપારીઓ, દૈનિક મજૂરી કરનારાઓ, ગુલામો, સેવકો વગેરેનો સમાવેશ સમાજના નિમ્ન વર્ગમાં થતો.

**ખાન-પાન :**

મુઘલ યુગ સમયે લોકો પોતાના ખોરાકમાં ચોખા, ઘઉં, જવ, દૂધ, દહીં, ઘી, તેલ, માખણ, શાકભાજી, અથાણું વગેરે લેતા. ઉચ્ચ વર્ગના લોકો જમ્યા પછી, ઋતુ અનુસાર મળતાં ફળો, સૂકોમેવો વગેરે પણ લેતા. આ સમયે પાન ખાવાનો રિવાજ હતો. બાદશાહોના ભોજનમાં વિવિધ વાનગીઓનો સમાવેશ થતો હતો. મદ્યપાન (શરાબપીવા)ની પણ પ્રથા હતી.

**વસ્ત્રાલંકારો :**

આ સમયે લોકો સામાન્ય રીતે સુતરાઉ અને હાથવણાંટનાં સાદાં વસ્ત્રો પહેરતાં. આ સમયે ધોતી અને બંડી મુખ્ય પહેરવેશ હતો. મધ્યમ વર્ગના લોકો ધોતી, અંગરખું અને પાઘડી પહેરતા, જ્યારે ઉમરાવો અને શાહી કુટુંબના સભ્યો રેશમી અને જરી ભરેલાં વસ્ત્રો પહેરતાં. હિંદુ સ્ત્રીઓ સાડી, ચણિયો, કબજો (બ્લાઉઝ) પહેરતી, જ્યારે મુસ્લિમ સ્ત્રીઓ કુર્તો અને પાયજામો તથા દુપટ્ટાનો ઉપયોગ કરતી. ભરતકામવાળાં વસ્ત્રોની તે સમયે ફૅશન હતી. અલંકારોમાં માળા, વાળી અને વીંટી પુરુષો પહેરતા, જ્યારે સ્ત્રીઓ ચોકી, ટીકો, દામણી, નથ, કર્ણફૂલ, વાળી, કુંડળ, માળા, કંઠહાર, બાજુબંધ, કડાં, કંકણ, પોંચી, વીંટી, કંદોરો, પાયલ, વીછિયું, અંગૂઠી વગેરે અલંકારો પહેરતી. 'આઈ-ને-અકબરી'માં જણાવ્યા પ્રમાણે કુલ 37 પ્રકારના અલંકારોનો ઉપયોગ થતો હોવાનો તેમાં ઉલ્લેખ છે. આ બધાં જ ઘરેણાં સોના, ચાંદી અને રત્નોનાં બનતાં.

**મનોરંજનનાં સાધનો :**

મુઘલ યુગના લોકોના મનોરંજનનાં સાધનોમાં શતરંજ, ચોપાટ, પત્તા, જાદુના ખેલ, કુસ્તી પોલો, બાજીગર, ઘોડાદોડ, પશુ-પંખીની હરીફાઈ, બળદ-ગાડા હરીફાઈ વગેરે રમતોનો સમાવેશ થતો. પતંગ ચગાવવાનો શોખ ત્યારે પણ જોવા મળતો. શાસકો પણ વિવિધ રમતો અને શિકારના શોખીન હતા. તેમનામાં જુગાર તથા વ્યભિચારનું દુર્વ્યસન વધારે હતું. શાસકોને બગીચા બનાવવાનો અને તેમાં હરવા-ફરવાનો શોખ હતો.

**સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો :**

આ સમયે સ્ત્રીઓની સ્થિતિ સારી હતી. તેઓ સન્માનને પાત્ર હતી. બંગાળ પ્રાંતમાં સ્ત્રીઓની સ્થિતિ થોડી ખરાબ હતી. સમાજમાં સતીપ્રથા, પડદાપ્રથા, ગુલામી, દાસી, દહેજ જેવા કુરિવાજોનો ભોગ આ સ્ત્રીઓ બનતી. દીકરીના જન્મસમયે કુટુંબમાં દુ:ખની લાગણી ફેલાતી. ઘણાં બધાં દૂષણો હોવા છતાં આ સમયમાં કેટલીક વિદૂષી સ્ત્રીઓનાં નામનો ઉલ્લેખ કરી શકાય, જેમાં ગુલબદન બેગમ, નૂરજહાઁ, ચાઁદબીબી, મુમતાઝ, જહાઁઆરા, રોશનઆરા મુખ્ય હતી. સામાન્ય વર્ગની સ્ત્રીઓની સ્થિતિ, સ્થાન અને દરજ્જો ઊતરતી કક્ષાનો હતો. તેઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું. આમ છતાં તેઓ સામાજિક, ધાર્મિક મેળાઓમાં તથા તીર્થયાત્રાઓમાં ભાગ લઈ શકતી.

**આર્થિક સ્થિતિ :**

આ સમય દરમિયાન ફારસી ભાષામાં લખાયેલ પુસ્તકો અને પરદેશી મુસાફરોનાં લખાણો પરથી તત્કાલીન હિંદની આર્થિક સ્થિતિની જાણકારી મળે છે. ગુલબદન બેગમે લખેલ 'હુમાયુનામા' માં આર્થિક સ્થિતિનું સારું એવું વર્ણન છે. અબુલ ફઝલ કૃત 'આઇને અકબરી' જેવાં સમકાલીન લખાણોમાંથી પણ તે સમયની આર્થિક સ્થિતિની વિસ્તૃત જાણકારી મળે છે.

**ખેતી અને પશુપાલન :**

મુઘલ સમયમાં ઘઉં, કઠોળ, શાકભાજી, ફળફળાદી વગેરેની ખેતી થતી હતી. અકબરના સમયમાં ટોડરમલે જમીનની ઉપજ અને ફળદ્રુપતાને આધારે મહેસૂલ નક્કી કરી હતી. તે જહાંગીર અને શાહજહાંના સમય સુધી ચાલુ રહ્યું. સિંચાઈ માટે ખાસ ધ્યાન અપાતું. ખેતી સાથે પશુપાલનનો પણ વ્યવસાય વિકસ્યો હતો. કપાસ, તમાકુ, શેરડી જેવા રોકડિયા પાકો પણ લેવાતા.

**ઉદ્યોગ, ધંધા અને વ્યાપાર-વાણિજ્ય**

આ સમયે ઉદ્યોગોમાં સુતરાઉ કાપડ, રેશમી કાપડ વગેરે વણાટકામના ઉદ્યોગો વધુ વિકસ્યા. ગુજરાતમાં પાટણ, નડિયાદ, અમદાવાદ, બુરહાનપુર (ખાનદેશ), જૌનપુર (ઉત્તરપ્રદેશ), બનારસ, બંગાળ, બિહાર વગેરે સ્થળો પર સુતરાઉ કાપડનો ઉદ્યોગ ખૂબ જ વિકસ્યો. આ સમયે ''પાટણના પટોળા'' ખૂબ જ પ્રખ્યાત હતાં. બંગાળમાં ઉત્તમ પ્રકારનું રેશમ થતું. ઉપરાંત લાહોર, આગ્રા, ગુજરાતનાં કેટલાંક સ્થળોએ પણ રેશમી કાપડ વણવામાં આવતું. રંગાટીકામના ઉદ્યોગો મોટા પ્રમાણમાં વિકસ્યા. સાથે-સાથે છાપકામની કલાઓ, શાલ અને સાદડીવણાટ અને વ્યવસાય, લાકડા તથા હાથીદાંતની વસ્તુઓ બનાવવાનો વ્યવસાય, સોના, ચાંદી, જર-ઝવેરાત, ધાતુ ગાળવાનો વ્યવસાય ખૂબ જ વિકસ્યા. ભારતીય કલા-કારીગરીના નમૂના દેશવિદેશમાં પ્રખ્યાત હતા. રાજ્ય તરફથી ઉત્પાદનને ખૂબ જ પ્રોત્સાહન અપાતું. આ બધા જ ઉદ્યોગો ખાનગી સાહસો દ્વારા ચાલતા. તેને પરિણામે નાના કારીગરો તથા વણકરોનું ખૂબ જ શોષણ થતું. તેમની સ્થિતિ દયાજનક હતી. અમલદારો તેમને સસ્તા ભાવે માલ વેચવાની ફરજ પાડતા. બીજી બાજું ધનિકો અને જમીનદારો તેમને સસ્તા ભાવે માલ વેચવાની ફરજ પાડતા. બીજી બાજું ધનિકો અને જમીનદારો તેમને તથા ખેડૂતોને નાણાંનું ધીરાણ કરતા અને વ્યાજ વસૂલ કરતા. તેમનું ભારે શોષણ થતું. ઔરંગઝેબના મૃત્યુ પછી સર્જાયેલ અરાજકતાને પરિણામે ઉદ્યોગધંધા પડી ભાંગ્યા. નાદીરશાહ અને અહમદશાહે કરેલ લૂંટ પછી દિલ્હી જેવાં નગરોની સ્થિતિ અત્યંત ખરાબ થઈ.

મુઘલ સમય દરમિયાન જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ ખૂબ જ નીચા હતા. પરિણામે લોકો ભરપેટ ભોજન કરી શકતા. શાકભાજી, મસાલા, માંસ, દૂધ સસ્તાં મળતાં. ભારતનો વ્યાપાર યુરોપના અને પશ્ચિમ એશિયાના દેશો સાથે જોડાયેલો હતો. ભારત સુતરાઉ અને રેશમી કાપડ, પીપર, ગળી, મરી-મસાલા (તેજાના), અફીણ, ખાંડ, રેશમ, ધાતુઓ, મીઠું, લાખ, તેમજ વિવિધ ઔષધની નિકાસ જ કરતું હતું. જ્યારે શરાબ, અરબી ઘોડા, હાથીદાંત, અત્તરો, ગુલામો આયાત કરતું. વહાણો

અને હાંથીદાંતમાંથી બનાવેલ વસ્તુઓની નિકાસ કરવામાં આવતી. ઢાકાની મલમલની તો ઇંગ્લૅન્ડ, ફ્રાંસ, પોર્ટુગલ વગેરે દેશોમાં ભારે માંગ રહેતી. કાશ્મીર અને લાહોરમાંથી શાલ અને સાદડીની નિકાસ થતી. ગુજરાતનાં સુરત, ભરૂચ અને ખંભાતનાં બંદરો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતાં હતાં. કાલિકટ, ગોવા, મદ્રાસ, કોલકાતા, કોચીન વગેરે ભારતનાં અન્ય સમૃદ્ધ બંદરો હતાં. સુરત વ્યાપારનું ધમધમતું કેન્દ્ર હતું. આગ્રા અને ફતેહપુર સિક્રી, લંડન કરતાં પણ મોટાં અને વધુ વસ્તીવાળાં શહેરો હતાં. અમદાવાદ પણ વ્યાપાર-ઉદ્યોગની દૃષ્ટ્રિએ તત્કાલીન હિંદનું એક અત્યંત મહત્ત્વનું નગર હતું.

એ સમયે ભારતમાં વ્યાપાર-ઉદ્યોગના વિકાસ માટે અગત્યનાં શહેરો સાથે જોડાયેલા ધોરીમાર્ગો પણ બાંધવામાં આવ્યા. આગ્રાથી ગ્વાલિયર, અમદાવાદથી સુરત અને પેશાવરથી બંગાળ સુધીનો રાજમાર્ગ હતો. રસ્તાઓની બંને બાજુ વૃક્ષો ઉછેરીને તેની હારમાળા કરવામાં આવતી. મુખ્ય વ્યાપારીમથકોની નજીકમાં ધર્મશાળાઓ પણ બાંધવામાં આવતી. આમ, આર્થિક દૃષ્ટિએ આ યુગમાં ભારતની સ્થિતિ ઉચ્ચ કક્ષાની ગણાવી શકાય. યુરોપિયન પ્રવાસી ટ્રેવેનિયરે આ સમયની આર્થિક સ્થિતિની ભારે પ્રસંશા કરી છે.

**ધાર્મિક સ્થિતિ :**

મુઘલયુગ દરમિયાન ઔરંગઝેબને બાદ કરતા બધા જ શાસકોની ધાર્મિકનીતિ સહિષ્ણુ હતી. ભારતમાં મુઘલ શાસનની શરૂઆતમાં બાબર અને હુમાયુએ બંનેનો સમય એ યુદ્ધોમાં જ પસાર થયો હતો. તેથી તેઓ સત્તા સ્થિર કરવામાં જ રહ્યા હોય ધાર્મિકક્ષેત્રે કોઈ ખાસ કાર્ય કરી શક્યા ન હતા. છતાં પણ તેઓની ધાર્મિકનીતિ સહિષ્ણુ હતી. ધાર્મિકનીતિ અને ઉદાર ઇસ્લામી શાસનનો પાયો એ સૂરવંશી શેરશાહે નાંખ્યો, જેનો મુઘલ બાદશાહ અકબરે પૂર્ણપણે વિકાસ કર્યો. તેણે સર્વધર્મ સમભાવને પ્રોત્સાહન આપ્યું. તેણે પોતાના સમયમાં લેવાતો જજિયાવેરો નાબૂદ કરાવ્યો. ઉપરાંત સિક્રીનાં ઈબાદખાનામાં બધા જ ધર્મના આગેવાન પંડિતોને બોલાવી ચર્ચા કરી બધા ધર્મોનો અભ્યાસ કર્યો. પોતાના સમયમાં એક રાજા અને એક ધર્મની વાત કરી, બધા ધર્મોનાં સારાં તત્ત્વો લઈને અકબરે 'દીનેઇલાહી' ધર્મની સ્થાપના કરી.

જહાઁગીરના સમયમાં પણ આવી જ ઉદારનીતિ ચાલુ રહી. આગળ જતાં શાહજહાંના સમયમાં અસહિષ્ણુ ધાર્મિકનીતિની શરૂઆત થઈ. અંતે ઔરંગઝેબના સમયમાં તેની પરાકાષ્ટા થઈ. છતાં પણ સામાન્ય પ્રજામાં અને વ્યવહારમાં હિન્દુ અને મુસ્લિમ ધર્મ તથા સંસ્કૃતિમાં સમન્વય નોંધપાત્ર રીતે પ્રગતિ પામ્યો. ધર્મની બાબતમાં સમ્રાટો કરતાં પણ સંતોની અસર વધુ થઈ હોવાનું જણાય છે.

## મુઘલ યુગની શાસનવ્યવસ્થા

| | |
|---|---|
| કેન્દ્રિય શાસન | (1) વકીલ (2) દીવાન (3) મીરબખ્શી (4) મુહતસીબ (5) ખાન-એ-સામાન (6) સદ્-ઉશ-સદ્ર (7) દારોગા-એ-ડાકચૌકી (8) મીર-એ-આતશ (9) દારોગા |
| પ્રાંતીય શાસન | (1) સુબેદાર (2) દીવાન (3) બખ્શી (4) હોડવાપ (5) સદ્ (6) હાઝી |
| સરકાર (જિલ્લો) | (1) ફૌજદાર (2) આમિલ (3) બિતિક્ચી (4) ફોતેદાર (5) હાઝી |
| પરગણા | (1) શિકદાર (2) કામી (3) આમિલ (4) ફૌતદાર (5) કાનૂનગો (6) પટવારી (7) મુકાદમ |
| ગ્રામીણ | (1) કાનૂનગો (2) ચૌધરી (3) ખુત |

મુઘલયુગનું શાસનતંત્ર આપખુદ રાજાશાહી પ્રમાણે ગોઠવાયેલ હતું. બાદશાહ (સમ્રાટ) રાજ્યનો સર્વોચ્ચ સત્તાધીશ વહીવટીય, લશ્કરી, ધારાકીય, ન્યાયકીય બાબતોનો વડો હતો. તે લશ્કરનો પણ અધિકારી હતો. તેના શબ્દો એ જ કાયદો અને તેનો નિર્ણય એજ હુકમ અને ન્યાય ગણાતા. બાદશાહને મદદ કરવા માટે તેનું પ્રધાનમંડળ જેવું તંત્ર રહેતું. મુઘલ શાસકો અમર્યાદિત અને નિરંકુશ સત્તા ભોગવતા હતા. સામાન્યતઃ 'કુરાને શરીફ' અને હદિસના કાયદાઓને માન આપતા હતા. મુઘલ

બાદશાહોની ન્યાયપ્રિયતા પ્રખ્યાત હતી. તેઓએ પોતાના સામ્રાજ્યનો વહીવટ કરવા માટે વિભાગો પાડ્યા. તેના શાસનતંત્રની આજના ભારતીય શાસનતંત્રમાં પણ અસર જણાય છે. કેન્દ્રનાં ખાતાઓ અને તેના વડાઓનો ઉપરી સમ્રાટ હતો. વઝીર અથવા દીવાન, ખાને સામાન, મીર બક્ષી, સદ્ર-ઉસ-સદુર, કાઝી ઉલ કઝાત, મુહતાસીબ, મીર આતીસ અને દરોગા તોપખાના જેવાં ખાતાં અને અધિકારીઓ કેન્દ્રમાં રહેતા. સામ્રાજ્યમાં 21 જેટલા પ્રાંતો હતા. આ પ્રાંતોના વડાને સૂબેદાર અથવા નાઝીમ તરીકે ઓળખવામાં આવતા. આ નાઝીમ કેન્દ્રની માફક પોતાની સત્તાની નીચે કેટલાક અમલદારો રાખતો હતો. પ્રાંતથી નાનું એકમ સરકાર (જિલ્લા જેવું સ્થાન), તે પછી પરગણા (તાલુકા જેવું સ્થાન) અને અંતે ગ્રામ એ વહીવટનું છેલ્લું એકમ હતું. લશ્કરી શાસનવ્યવસ્થા પણ મહત્ત્વની હતી. જેના પર સમગ્ર રાજ્ય આધારિત રહેતું. અકબરનાં લશ્કરમાં મનસબદારી પ્રથા અપનાવવામાં આવી હતી.

## મુઘલયુગ દરમિયાન સાંસ્કૃતિક વારસો

### શિક્ષણ અને સાહિત્ય :

મુઘલયુગમાં રાજ્ય સંચાલિત શિક્ષણ-સંસ્થાઓ ન હતી, છતાં પણ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ જેવી વ્યવસ્થા હતી. મસ્જિદો અને ધર્મશાળાઓ સંતો અને વિદ્વાનોને મળતી ભેટ સોગાદોમાંથી આવી શિક્ષણની સંસ્થાઓ ચાલતી. મોટે ભાગે દરેક મસ્જિદમાં મદ્રેસા કે નિશાળ રહેતી હતી. હિન્દુઓ માટેની શિક્ષણવ્યવસ્થા બ્રાહ્મણ શિક્ષકો દ્વારા કરવામાં આવતી. બાબરના મંત્રી અકબર અલી જણાવે છે કે, ''જાહેર બાંધકામની ફરજોમાં એક ફરજ કેળવણીની સંસ્થાઓ સ્થાપવાની પણ હતી.'' હુમાયુએ દિલ્હીમાં મદ્રેસાની સ્થાપના કરી હતી. એણે એક પુસ્તકાલય પણ બંધાવ્યું હતું. અકબરના સમયે શિક્ષણની વ્યવસ્થામાં નોંધપાત્ર પ્રગતિ થઈ. જહાઁગીરે તો એવો કાયદો કર્યો હતો કે, બિનવારસ વ્યક્તિ મૃત્યુ પામે તો તેની બધી જ મિલકત શાળા બાંધવામાં વાપરવી. શાહજહાઁએ તો દિલ્હીમાં દારૂલબકા નામની કૉલેજની સ્થાપના કરી. ફતેહપુરસિક્રી, જૌનપુર, આગ્રા, લાહોર, બનારસ, અંબાલા, થાણેશ્વર અને કાશ્મીર આ સમયનાં સંસ્કાર અને શિક્ષણનાં ધામો હતાં. આ વિદ્યાકેન્દ્રોમાં ધર્મ, તત્ત્વજ્ઞાન, ગણિત, ઇતિહાસ, પિંગળ (કાવ્યશાસ્ત્ર) વગેરે વિષયો શીખવવામાં આવતા. મોટાભાગે ઉચ્ચ વર્ગના લોકો અને અમલદાર વર્ગના લોકો જ આવું શિક્ષણ મેળવતા. આ સમયે સ્ત્રીઓ માટે પણ અમુક અંશે શિક્ષણની વ્યવસ્થા હતી. જેમાં રાજકુટુંબ અને ઉમરાવકુટુંબની સ્ત્રીઓનો ખાનગી શિક્ષકો દ્વારા અભ્યાસ કરાવવામાં આવતો. ગુલબદન બેગમ, સલિમા સુલતાના, નૂરજહાઁ, મુમતાઝ મહલ, જહાઁઆરા, રોશનઆરા અને જેબુન્નિસા જેવી સ્ત્રીઓએ આ સમયે ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી હોવાના ઉલ્લેખો મળે છે.

શિક્ષણની જેમ જ મુઘલ શાસકો પણ સાહિત્યના શોખીન હતા. સાહિત્યને આ યુગ દરમિયાન નોંધપાત્ર ઉત્તેજન મળ્યું. ફારસી રાજ્યની ભાષા હોઈ તેને ખાસ ઉત્તેજન મળ્યું. ઉપરાંત હિંદી અને ઉર્દૂનો પણ આ વિકાસયુગ ગણાય છે. મુઘલયુગનો સૌથી નોંધપાત્ર ફાળો ઐતિહાસિક સાહિત્યમાં ગણવામાં આવે છે. હિંદુસ્તાનના સાહિત્યનો આ સુવર્ણયુગ ગણાય તેવો હતો. તત્કાલીન હિંદમાં ઇન્ડો-પર્શિયન ભાષામાં લખનાર એક આખી પેઢી તૈયાર થઈ, જેમાં અબુલ ફઝલ, અબ્દુલહમી લાહોરી, મહંમદ વારીસ, ચંદ્રભાણ, મહંમદ સાલીહ વગેરે મુખ્ય છે. કલીમ નામના કવિને શાહજહાઁએ રાજકવિ તરીકે અપનાવ્યો હતો. સુપ્રસિદ્ધ કવિ ગિલાનીએ જહાઁગીરના દરબારને શોભાવ્યો હતો. ગદ્ય સાહિત્યની શાહફતેહ કાંગડા અને ચારચમન નામના વિદ્વાનોએ પ્રગતિ કરી હતી. વૈદિક, ખગોળ, ગણિત વગેરે શાસ્ત્રોનો પણ વિકાસ થયો હતો. આ સમયમાં જ ઉપનિષદો, ભગવદ્ગીતા, યોગ વશિષ્ઠ, અથર્વવેદ, રામાયણ, મહાભારત, લીલાવતીનું અંકગણિત વગેરે સંસ્કૃત ભાષાના મૂલ્યવાન ગ્રંથોનો ફારસીમાં અનુવાદ થયો. રાજકુમાર દારાશિકોહ પોતે વિદ્વાન અને ફિલસૂફ હતો. વઝીરખાન નાડી તપાસીને સારવાર કરવામાં કુશળ હતો. ચિંતામણિ અને ગ્વાલિયરના સુંદરદાસ જેવા હિંદી ભાષાના મહાન કવિઓ હતા. 'સિંહાસન બત્રીસી', 'સુંદર શૃંગાર', 'છંદવિચાર', 'કાવ્ય-વિવેચક', 'કવિ કુલકલ્તરુ' અને 'કાવ્યપ્રકાશ' જેવાં પુસ્તકો આ સમયમાં રચાયાં. ચિંતામણિ નામના વિખ્યાત કવિએ વ્રજ ભાષાની સુમધુર શૈલી પ્રયોજી હતી.

અબુલ ફઝલે 'આઈને અકબરી' અને 'અકબરનામા' જેવા ઇતિહાસના ગ્રંથો લખ્યા. તેનો ભાઈ ફૈઝી સંસ્કૃત ભાષાનો સારો અભ્યાસી હતો. જ્યારે હિંદી ભાષાના સુપ્રસિદ્ધ કવિ સુરદાસ પણ આ સમયમાં થઈ ગયા. મીરાંબાઈ, નરસિંહ મહેતા, તુલસીદાસ આ સમયગાળામાં થઈ ગયા. ગુજરાતી ભાષાનું ગૌરવ વધારતું સાહિત્ય પણ આ સમયે જ રચાયું.

**કલા-સ્થાપત્યના ક્ષેત્રે સિદ્ધિઓ :**

મુઘલયુગ દરમિયાન કલા અને સ્થાપત્યનો મોટા પાયા પર વિકાસ થયો. મુઘલ શાસકો દ્વારા કલા અને સ્થાપત્યના વિકાસને પ્રોત્સાહન મળ્યું. ઇસ્લામમાં શિલ્પને માટે પ્રતિબંધ હોય તેથી તેની પ્રગતિ થઈ ન હતી. છતાં પણ ચિત્રકલા અને સંગીતકલાની સારી એવી પ્રગતિ થઈ. મુઘલ સમ્રાટોએ ચિત્રકલાને 'રાજ્યાશ્રય' આપેલો, તેથી મુઘલ શૈલીની ચિત્રકલા ખૂબ જ વિકસી. બાબર પોતે જ ચિત્રકલાનો ચાહક હતો. હુમાયુ પોતાની સાથે અબ્દુલ સમદ અને સૈયદ અલી જેવા ઈરાની ચિત્રકારોને લાવ્યો. જે અકબરના દરબારમાં રહેતા. અકબરના દરબારી ચિત્રશાળામાં 13 હિંદુ ચિત્રકારો અને 4 વિદેશી ચિત્રકારો હતા. તેમણે ઝફરનામા, કાલિયા દમન અને રામાયણનાં ચિત્રો તૈયાર કરાવ્યાં હતાં. જહાઁગીર અને શાહજહાઁ પણ ચિત્રકલાના શોખીન હતા. મુઘલ સમયમાં ચિત્રકારોએ જે ચિત્રો દોર્યાં તેમાં પ્રાકૃતિક દ્રશ્ય, પશુ-પંખી, ખજૂરીનાં વૃક્ષો, પુષ્પો, સુંદર સ્ત્રીઓ, વિહાર કરવા જતી સુંદર સ્ત્રીઓ વગેરેનાં ચિત્રોનો મુખ્યત્વે સમાવેશ થતો. શાહજાદા દારાશિકોહ અને મુઆઝમ પણ ઉચ્ચ કોટિના ચિત્રકારો હતા. 'રાજસ્થાની' અને 'કાંગડા' જેવી ચિત્રશૈલી આ સમયે ખૂબ વિકસી.

મુઘલ શાસકોના સમયમાં બાબરને મધુર ગીતો ગાવાનો અને ગીતો રચવાનો ભારે શોખ હતો. હુમાયુ દર સોમવારે અને બુધવારે સંગીતના જલસા ગોઠવતો. હુમાયુના સમયમાં બૈજુબાવરા અને અકબરના સમયમાં તાનસેન જેવા પ્રખર સંગીતકારો થઈ ગયા. અકબરના દરબારમાં 36 જેટલા સંગીતકારોને રાજ્યાશ્રય આપવામાં આવ્યો. જહાંગીરના સમયમાં કવ્વાલી, ઠુમરી, ગઝલ વગેરેનો વિકાસ થયો. શાહજહાઁ ધ્રુપદ રાગનો શોખીન હતો. ઔરંગઝેબે સંગીત પર પ્રતિબંધ મૂકેલો, પરંતુ તેના મૃત્યુ પછી સંગીતના સૂરો શરૂ થઈ ગયા હતા.

**સ્થાપત્ય કલા :**

મુઘલ યુગમાં સ્થાપત્યકલાનો વિકાસ સારા પ્રમાણમાં થયો. સ્થાપત્યકલાના ક્ષેત્રે આ સમયે સુવર્ણકાળ સર્જાયો. ઔરંગઝેબના સમયમાં બાંધકામો પ્રમાણમાં ઓછાં થયાં. અકબર અને શાહજહાં બાંધકામના શોખીન હતા. તેમાં શાહજહાઁ તો ભારતને માટે - 'ઓક્ટેવિયસ સિઝર' હતો એમ કહેવાય છે. આ યુગનાં બાંધકામોનું સ્થાપત્ય જોતાં તે યુગની સમૃદ્ધિ અને જાહોજલાલીની નક્કર સાબિતી મળી રહે છે. આજે પણ જુમ્મા મસ્જિદ (દિલ્હી), આગ્રાનો કિલ્લો અને તાજમહાલ, ફતેહપુરસિક્રીનો બુલંદ દરવાજો જોવા ભારત અને વિદેશોમાંથી લાખો લોકો આવે છે. તત્કાલીન ભારતની સ્થાપત્ય સમૃદ્ધિનાં દર્શન કરતાં તેઓ થાકતા નથી. સર જોન માર્શલના મતાનુસાર કલાસ્થાપત્યમાં અકબરના સમય સુધી ઇરાની અસર વધુ હતી. પરંતુ પછી તેનું સંપૂર્ણપણે ભારતીયકરણ થયું હતું. તેમનો બાહ્ય દેખાવ મુસ્લિમ હોય પરંતુ ઈમારતોની અંદરના ભાગમાં હિંદુ શૈલીની અસર વધુ દેખાય છે. ઇસ્લામ મૂર્તિઓના ઘડતરની વિરુદ્ધ હોઈ તેમાં મૂર્તિવિધાનને બદલે કોતરકામ, વેલો, ફૂલબુટ્ટા અને ભૂમિતિની ડિઝાઇનો જોવા મળે છે.

ભારત જીત્યા બાદ આગ્રામાં પોતાની નવી રાજધાની બાંધવા માટે બાબરે પ્રખ્યાત આલ્બેનિયન સ્થપતિ સીનાનના વિદ્યાર્થીઓને બોલાવ્યા. બાબરે પોતાની ઇમારતોમાં ભારતીય કલાકારોને પણ કામે લગાડ્યા. તેના સમયની માત્ર ત્રણ ઇમારતો પાણીપતમાં આવેલ કાબુલી મસ્જિદ, સંભલમાં આવેલ જુમ્મા મસ્જિદ અને આગ્રામાં આવેલ મસ્જિદ સ્થાપત્યના ઉત્તમ નમૂનારૂપ છે. હુમાયુના સમયે દિનપનાહ નામે કિલ્લો, એક રાજમહેલ, અને એક મસ્જિદ ફતેહાબાદમાં બાંધવામાં આવેલ છે.



આગ્રાનો કિલ્લો



દીવાનેઆમ - આગ્રા



લાલ કિલ્લો - દિલ્હી

જે ઇરાની શૈલીની સુંદર ઇમારતો છે. અકબરના સમયે બાંધવામાં આવેલ હુમાયુનો મકબરો, આગ્રાનો કિલ્લો, ફતેહપુરસિક્રીમાં આવેલ જુમ્મા મસ્જિદ, નગીના મસ્જિદ, શેખ સલીમ ચિશ્તિની કબર, બીરબલ, બીબી મરિયમ અને જોધાબાઈનો મહેલ, બુલંદ દરવાજો જે હિંદમાં સૌથી વધુ મોટો દરવાજો છે, તે સ્થાપત્યની દષ્ટિએ સંપૂર્ણ ગણાય છે. દીવાનેઆમ અને દીવાનેખાસ, પંચમહલ વગેરે અનેક ઇમારતોનું નિર્માણ અકબરે કરાવ્યું. જહાઁગીરને ઇમારતો બાંધવાનો શોખ ન હતો. પરંતુ અકબરનો મકબરો (સિકંદરા) તેણે બંધાવ્યો, જે સંપૂર્ણ રીતે આરસનો બનેલો છે. શાહજહાંના સમયમાં બંધાયેલ ઇમારતોમાં દિલ્હી, આગ્રા, લાહોર, કાબુલ, કંદહાર, કશ્મીર, અમદાવાદ વગેરે શહેરોમાં તેની ઇમારતો આજે પણ હયાત છે. તેણે આગ્રામાં બંધાવેલ બેગમ મુમતાઝ મહલ તરફના પ્રેમના પ્રતીકરૂપ 'તાજમહાલ' વિવેચકમાં "સંગેમરમરમાં કંડારેલ પ્રેમકાવ્ય" ના ઉપનામથી પ્રખ્યાત છે.

ઉસ્તાદ ઇશા નામના કલાકારે તાજમહાલ બાંધ્યો. તે ઉપરાંત શાહજહાઁએ દિલ્હી પાસે 'શાહજહાંનાબાદ' નામના નગરનો પાયો નાખ્યો. તે આજે લાલ કિલ્લા વિસ્તારના નામે ઓળખાય છે. દિલ્હીમાં જુમ્મા મસ્જિદ અને લાલ કિલ્લામાં દીવાનેઆમ અને દીવાનેખાસ બંધાવ્યા. આગ્રામાં મોતી મસ્જિદ ઉપરાંત તેણે 'મયૂરાસન' (તખ્ત-એ-તાઉસ) નામનું સિંહાસન તૈયાર કરાવ્યું. મુઘલકાળની આ ઇમારતો માટે વિદ્વાનો લખે છે કે, "પરીની જેમ શોભતી તેની ઇમારતો, મુઘલોની


તાજમહાલ - આગ્રા


બુલંદ દરવાજો


હુમાયુનો મકબરો

જાહોજલાલી દબદબાની પરાકાષ્ટાનું સૂચન કરે છે." ઔરંગઝેબે બીબીનો મકબરો બંધાવ્યો. મુઘલ બાદશાહો બાંધકામના ભારે શોખીન હતા, તેની પ્રતીતિ આજે પણ થાય છે. હિંદુ, મુસ્લિમ સ્થાપત્યકલા-શૈલીના સુભગ સમન્વય રૂપ આ મુઘલ સ્થાપત્ય એટલે કલાક્ષેત્રે ભારતીય સંસ્કૃતિને મળેલો એક યાદગાર વારસો.

**વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો વિકાસ :**

મુઘલ શાસકોમાંનો હુમાયુ ખગોળ, જ્યોતિષ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસી હતો. દિલ્હીમાં તેણે વેધશાળાની ઇમારત બાંધવાની શરૂઆત કરી. સાતગ્રહોના ગુણધર્મ પ્રમાણે તેણે સાત દીવાનખાનાં બનાવ્યાં હતાં. દિવસના ગ્રહ પ્રમાણે જ તેમની મુલાકાત લેતો. આ સમયે લોઢું, પિત્તળ, કાંસું, ચાંદી ઢાળીને ધાતુની વસ્તુ બનાવવાનો ઉપયોગ થવા લાગ્યો હતો. રૂ (કોટન - કપાસ)માંથી સુતરાઉ કાપડ બનાવવાનું અમદાવાદ જેવાં શહેરોમાં શરૂ થયું. કપડાં પર છાપકામ (ભરતકામ) અને વૈજ્ઞાનિક પદ્ધતિથી કપડાંને રંગવાનું ઉમદા કામ થતું. અકબરના સમયમાં શસ્ત્રોના સંશોધન માટે એક પ્રયોગશાળા સ્થપાઈ હતી. બંદૂકનું ઉત્પાદન અકબરના સમયથી થવા લાગ્યું. માહુન નામની બંદૂક, કાતર, તલવાર અને અન્ય શસ્ત્રોનું ઉત્પાદન પણ ત્યારથી જ થવા લાગ્યું. આમ, મુઘલ સામ્રાજ્ય લશ્કર પર આધારિત હોઈ અને પાશ્ચાત્ય પ્રજાનું પણ ભારતમાં આગમન શરૂ થયેલ હોઈ તત્કાલીન ભારતમાં ઉદ્યોગ-ધંધા, વૈદકીય સારવાર અને શસ્ત્ર-સરંજામનાં ઉત્પાદનક્ષેત્રે વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો પ્રારંભ થયો.

**મુઘલયુગનું મહત્ત્વ અને પ્રદાન (વારસો) :**

ભારતીય ઇતિહાસમાં મુઘલ યુગના શાસકોએ કેટલીક મહત્ત્વની સિદ્ધિઓ હાંસલ કરી. બાબરના આ વારસદારોએ ભારતમાં જ રહીને તથા ભારતની ધનસંપત્તિનો ઉપયોગ કરીને ભારતને સમૃદ્ધ બનાવવાનો પ્રયત્ન કર્યો. બાબર અને બહાદુરશાહ સિવાયના બધા જ બાદશાહોની કબરો ભારતમાં આવેલ છે. અકબર જેવા શાસકે જમીનની માપણી કરાવી,

કેટલીક મોટી નદીઓમાંથી નહેરો કાઢી ખેતીવાડીનાં ઉત્તેજન માટે પગલાં ભર્યાં. ભારતનાં બંદરોનો વિકાસ કરવા માટે પણ તેમણે પગલાં ભર્યાં. ભારતીય શાસનતંત્રની વ્યવસ્થામાં રાજ્યની ધર્મનીતિ અનુસાર ખાતાઓની વહેંચણી કરી. અમલદારોના હોદ્દાઓ, કરવેરાના નિયમો, ગ્રામ્ય અને તાલુકા કક્ષાના હોદ્દેદારોના નામકરણ આજપર્યંત ચાલુ છે. ભાષાસાહિત્ય અને તે દ્વારા ભારતીય સમાજમાં સાહિત્યનો વિકાસ થયો. સૌથી અગત્યનું પ્રદાન ફારસી અને હિંદી જુબાન (હિંદી) બંનેનું મિલન થતાં એક નવી ઉર્દૂ ભાષા-સાહિત્યનો વિકાસ થયો. તાનસેન જેવા સંગીતકારે સંગીતના નવા સૂરો આપ્યા. ખોરાક, પોશાક, અલંકારો, રહેણીકરણી તથા સંસ્કૃતિમાં પણ હિંદુ-મુસ્લિમ પ્રજા દ્વારા સમન્વય સાધવામાં આવ્યો. પરિણામે આર્થિક દૃષ્ટિએ, ભારત ખૂબ જ સુખી અને સમૃદ્ધ બન્યું. તેથી વિદેશી પ્રજાઓએ ભારત પર કઈ રીતે પોતાની સત્તાઓ જમાવવા પ્રયાસો હાથ ધર્યા, તે હવે પછી જોઈશું.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) બાબરની કારકિર્દી જણાવી તેની સિદ્ધિનું મૂલ્યાંકન કરો.

(2) શેરશાહની સિદ્ધિઓ વર્ણવો.

(3) અકબરના વિજયોનું વર્ણન કરો.

(4) શાહજહાઁના સમયે તેણે કરેલાં બાંધકામ જણાવો.

(5) મુઘલયુગની સામાજિક સ્થિતિનું આલેખન કરો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) હુમાયુની નિષ્ફળતાનાં કારણો આપો.

(2) ફરીદખાઁને 'શેરખાનનો' ઇલકાબ કોણે આપ્યો?

(3) અકબરની ધાર્મિકનીતિ ટૂંકમાં જણાવો.

(4) અકબરની રાજનીતિની સફળતાનાં બે કારણો દર્શાવો.

(5) શાહજહાઁનાબાદ કોણે વસાવ્યું? આજે તે ક્યા નામે ઓળખાય છે?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) પાણીપતનું પ્રથમ યુદ્ધ ક્યારે થયું ?

(A) ઈ.સ. 1526 (B) ઈ.સ. 1540 (C) ઈ.સ. 1542 (D) ઈ.સ. 1567

(2) અકબરનો જન્મ ક્યાં થયો હતો ?

(A) અમરકોટ (B) તહેરાન (C) દિલ્હી (D) આગ્રા

(3) જહાઁગીરની બેગમ નૂરજહાઁનું મૂળ નામ શું હતું ?

(A) જેબૂન્નિસા (B) મહેરૂન્નિસા (C) જહાઁઆરા (D) આલમઆરા

(4) શાહજહાઁએ પોતાની બેગમની યાદમાં કઈ ઇમારત બંધાવી ?

(A) જુમ્મા મસ્જિદ (B) લાલ કિલ્લો (C) તાજમહાલ (D) કુતુબમિનાર

(5) ઔરંગઝેબે તેની બેગમનો મકબરો ક્યાં બંધાવ્યો ?

(A) ઔરંગાબાદ (B) જૌનપુર (C) આગ્રા (D) ફતેહપુરસિક્રી

●●●